# સ્વાધીનતા સંગ્રામના

# ૭૫

# શૂરવીરો



JG UNIVERSITY
EXCELLENCE BY CHOICE



# ADMISSION **OPEN**

## UNDERGRADUATE PROGRAMMES
(4 Years - 8 Semesters)

- BBA (Hons) - Business Skills & Innovation
- B. Design (Hons) - Fashion Design
- B. Design (Hons) - Interior Design

## POST GRADUATE PROGRAMME
(2 Years - 4 Semesters)

- M.Com (Hons)

## POST GRADUATE PROGRAMMES
(One Year | Full Time | Offline)

- Cyber Security
- Data Science, AI-ML & Deep Learning
- Fintech & Financial Services
- Full Stack Architecture
- Industrial IoT
- International Business Analytics

**APPLY NOW**

www.jguni.in

+91 7567 7567 58/59

Follow us :

દૂધસાગર

ભારતનું ગૌરવ






# 100% Natural Product

## Healthy Food,Happy People



RAJKAMAL BUILDERS
INFRASTRUCTURE PVT. LTD.







# BUILDING THE MEGA INFRA SINCE DECADES

30+ km
Bridges

100 km
Road

230 km
Pipeline

5.15 MegaW
Hydro Power

1300+
Housing project

1165 MLD STP

250 MLD WTP






LPL

# LINCOLN

PHARMACEUTICALS LTD.

HEALTHCARE FOR ALL

**"Lincoln House",** Science City Road, Sola, Ahmedabad-380 060. Gujarat, India

**Phone :** +91-79-41078000 / 41078064

**E-mail :** info@lincolnpharma.com | **Website :** www.lincolnpharma.com

A.O.P.S.
Association for Promotion
of Prominent Schools

# JOIN THE SCHOOLS MANAGEMENT ASSOCIATION

## MEMBERSHIP FEES

**LIFE MEMBERSHIP FEES**

**₹ 1,00,000/-**

**YEARLY MEMBERSHIP**

**₹ 11,000/-**

A private school can apply for membership in AoPS. You would need to fill up this form and submit it along with the Fees. The applicant would also have to be referred by two existing members of AoPS to be considered for membership.

**SCAN TO DOWNLOAD FORM**

**DONATIONS ACCEPTED UNDER 80G**

**ASSOCIATION FOR PROMOTION OF PROMINENT SCHOOLS**

CIN No. U74999GJ2017NPL098943

Visit us: aops.org.in

# "Swadhinta Sangram na Shoorveero"

# "સ્વાધીનતા સંગ્રામના શૂરવીરો"


## સંપાદકીય મંડળ

CA પ્રદીપ મોદી - અધ્યક્ષ
ઘનશ્યામ વ્યાસ - સચિવ
CA તુલસી ટેકવાણી - કોષાધ્યક્ષ
નિપા શુક્લ - સહ સચિવ
હિતેન્દ્ર જોષી - ઉદ્યોગપતિ
નારાયણ મેઘાણી - માર્ગદર્શક
અર્ચિત ભટ્ટ - ત્રિપદા એજ્યુકેશન
રાજ ભાસ્કર - સાધના સાપ્તાહિક
સુનિલ જૈન - ઉદ્યોગપતિ
શૈલેષ પટેલ - માર્ગદર્શક
અશોક રાવલ - માર્ગદર્શક
અશોક પંડ્યા - પાવાગઢ ટ્રસ્ટ, સચિવ
અજીત શાહ - ઉદ્યોગપતિ
ભાનુ ચૌહાણ - માર્ગદર્શક
ડૉ. ઉજ્જવલ શેઠ - ડેન્ટીસ્ટ

## માર્ગદર્શક મંડળ

ભાગ્યેશ જ્હા IAS Retd (અધ્યક્ષ)
રાજેશ ગાંધી - વાડીલાલ આઈસ્ક્રીમ
હસમુખ પટેલ - રામદેવ મસાલા
એમ.પી. ચંદ્રન - જે.જી. એજ્યુકેશન
ડૉ. મોના દેસાઈ - બાળરોગ નિષ્ણાત
ડૉ. મયુરી પંડ્યા - જી.એલ.એસ (ડાયરેક્ટર)
શ્યામસુંદર સલુજા- લઘુ ઉદ્યોગ ભારતી
જય જોષી - રાષ્ટ્રીય સચિવ, FINS, Airforce
દિવ્યેશ રાડીયા - એ.એમ.એ. (અધ્યક્ષ)
અંબર પટેલ - શિલ્પ ગ્રેવીયર



## લેખક વૃંદ

રાજ ભાસ્કર
અનંત શુક્લ
મધુકાન્ત પ્રજાપતિ



## પ્રકાશક

હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થાન
પ્રેરિત

**INITIATIVE FOR MORAL AND CULTURAL TRAINING FOUNDATION**

૨૩, સૂર્યકુંજ, નૂતન સ્કુલની બાજુમાં, પ્રભાત ચોક,
ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧
કાર્યાલય. મો. ૯૫૧૦૯ ૫૫૬૦૯

079-27491226
hssf.gujarat@gmail.com
www.hssfgujarat.in

પ્રથમ આવૃત્તિ - જુલાઈ-૨૦૨૨
પ્રતઃ ૭૫,૦૦૦
પેજઃ ૧૦૪

મુદ્રકઃ
સત્યમ પ્રિન્ટર્સ,
દૂધેશ્વર,
અમદાવાદ-૩૮૦૦૪.


આપના ડિજીટલ ઉપકરણો પર આ પુસ્તક ડાઉનલોડ કરવા નીચે દર્શાવેલ કુયઆર કોડ (QR Code) સ્કેન કરો તેમજ અન્ય ને મોકલો અથવા તો સંસ્થાની વેબસાઈટ પરથી આ પુસ્તક ડાઉનલોડ કરવા જણાવો.

प्रधान मंत्री
Prime Minister

## સંદેશ

*હિંદુ આધ્યાત્મિક એવમ્ સેવા સંસ્થાન* અંતર્ગત *સ્વાધીનતાનો અમૃત મહોત્સવ* પ્રકલ્પ હેઠળ *સ્વાધીનતાના શુરવીરો* પુસ્તક પ્રકાશિત થઇ રહ્યું છે તે જાણી આનંદ થયો.

આઝાદીનો અમૃત મહોત્સવ એ રાષ્ટ્રનો નવજાગરણ ઉત્સવ છે, દેશના સ્વતંત્રતા સંગ્રામમાં સર્વસ્વ સમર્પિત કરી દેનારા અનેક નામી અનામી દેશભક્તોને યાદ કરવાનો અવસર છે. ઇતિહાસના પ્રકરણમાં આવા મહાપુરુષોના બલિદાનોની અમર જીવનગાથા રાષ્ટ્ર ઉત્થાન માટે તેમજ યુવા પેઢીની પ્રેરણા માટે મુલ્યવાન દસ્તાવેજ સમાન છે.

સ્વાતંત્ર્ય સંગ્રામના સૈનિકોના વિચારો અને આદર્શો પર ચાલીને નયા ભારત બનાવવાની દિશામાં આપણે સૌ દેશવાસીઓ આગળ વધીએ એ જ સાચી શ્રદ્ધાંજલિ હશે.

*સ્વાધીનતાના શુરવીરો* પુસ્તક વાચકો માટે પ્રેરણારૂપ બની રહે એવી અભ્યર્થના.

(નરેન્દ્ર મોદી)

નવી દિલ્હી
૦૩ અષાઢ, શક સંવત ૧૯૪૪
૨૪ જૂન, ૨૦૨૨

**Shri Bhagyesh Jha**
Hindu Spiritual & Service Foundation
23, Surya Kunj, Part -1
Near Nutan English School
Prabhat Chawk, Ghatlodiya
Ahmedabad
Gujarat – 380061

# સંપાદકીય

સપ્રેમ નમસ્તે,

વિદેશી શાસનના અંત અને સ્વતંત્રતાના ઉદયને ૭૫ વર્ષ થયા તે નિમિત્તે સમગ્ર ભારત દેશમાં સ્વાધીનતાનો અમૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. ખાસ કરીને સ્વાધીનતા પ્રાપ્તિ માટે કરેલા સંઘર્ષ અને પડેલી મુશ્કેલીઓ અંગે હાલની પેઢીને પર્યાપ્ત માહિતી ન હોઈ શકે કારણ કે પાઠ્યક્રમમાં જ્યાં ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામને વિપ્લવ/બળવો જેવા વિષય તરીકે સમજાવવામાં આવી રહ્યો છે. સ્વાતંત્ર્ય સંગ્રામની મશાલ દેશના દરેક આયુના નામી-અનામી વીર-વીરાંગનાઓ દ્વારા જાતિભેદ વગર સાદગી તેમજ સાહસિકતાથી પ્રજવલીત કરવામાં આવી હતી તેનો ખ્યાલ વર્તમાન અભ્યાસક્રમમાંથી ભાગ્યે જ પ્રાપ્ત થાય છે.

આથી હિન્દુ આધ્યાત્મિક એવં સેવા સંસ્થાન (HSSF) દ્વારા પ્રેરિત સાંસ્કૃતિક તેમજ નૈતિક પ્રશિક્ષણ પ્રકલ્પ (IMCTF) દ્વારા અગણિત સ્વાતંત્ર્ય સંગ્રામના યોદ્ધામાંથી માત્ર ૭૫ જેટલા પસંદ કરાયેલા સ્વાતંત્ર્ય સેનાનીઓની જીવન ઝરમર આ પુસ્તક દ્વારા પ્રકાશિત કરવાનો નમ્ર પ્રયાસ કરેલ છે. આ પુસ્તકમાં ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામથી ૧૯૪૭ સુધીમાં પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરનાર ૭૫ પ્રતિભાઓને સમાવવાનો પ્રયત્ન કરેલ છે. નામની યાદી ખૂબ લાંબી છે પરંતુ સર્વનો સમાવેશ અથવા નામનો ઉલ્લેખ પણ કરી ન શકીએ તે બદલ દિલગીરી વ્યક્ત કરીએ છીએ. આ પુસ્તકમાં બાળયોદ્ધા તેમજ ગુજરાત પ્રદેશની પ્રતિભાઓને સમાવવાનો પ્રયત્ન કરેલ છે.

આ પુસ્તકના પ્રકાશનમાં અનેક ઔદ્યોગિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, વ્યક્તિ, કાર્યકર્તા, સેવાકીય સંસ્થાઓ દ્વારા સખાવત અને પ્રયોજન નિધિના સ્વરૂપ દ્વારા સહકાર પ્રાપ્ત થયેલ છે, જેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. આ ઉપરાંત અનેક શુભેચ્છક અને કાર્યકર્તા દ્વારા દિવસ-રાત મહેનત કરીને આ ઐતિહાસિક માહિતીને પ્રકાશિત પુસ્તકનું સ્વરૂપ આપવામાં સમય અને નાણાકીય મદદ કરાઈ છે, તેનો પણ આભાર વ્યક્ત કરીએ છીએ. તદ્ ઉપરાંત સમાજના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા પણ આ પ્રકાશન માટે સતત માર્ગદર્શન મળેલ છે, તેવા માર્ગદર્શક મંડળનો પણ આભાર વ્યક્ત કરીએ છીએ.

જય હિંદ
સંપાદક મંડળ
૯ જુલાઈ, ૨૦૨૨



# અનુક્રમણિકા


૦૧ - સરદાર ઉધમસિંહ
૦૨ - સત્યેન્દ્રનાથ બોઝ
૦૩ - રાસબિહારી બોઝ
૦૪ - ભાઈ પરમાનંદ
૦૫ - માસ્ટર સૂર્યસેન
૦૬ - બિરસા મુંડા
૦૭ - નેતાજી સુભાષચંદ્ર બોઝ
૦૮ - મહર્ષિ યોગી અરવિંદ ઘોષ
૦૯ - ક્રાંતિવીર વિનાયક સાવરકર
૧૦ - ભગિની નિવેદિતા
૧૧ - સરદારસિંહ રાણા
૧૨ - શ્યામજી કૃષ્ણ વર્મા
૧૩ - મદનલાલ ધીંગરા
૧૪ - રામપ્રસાદ બિસ્મિલ
૧૫ - પ્રફુલ્લચંદ્ર ચાકી
૧૬ - પ્રીતિલતા વાદેદાર
૧૭ - મેંડમ ભીકાઈજી કામા
૧૮ - રાની ચેન્નમ્મા
૧૯ - હુતાત્મા સુખદેવ
૨૦ - સેનાપતિ તાત્યા ટોપે
૨૧ - હુતાત્મા મંગલ પાંડે
૨૨ - હુતાત્મા હેમુ કાલાણી
૨૩ - વીર યોદ્ધા કુંવરસિંહ
૨૪ - વાસુદેવ બળવંત ફડકે
૨૫ - કેપ્ટન લક્ષ્મી સહેગલ
૨૬ - પૃથ્વીસિંહ આઝાદ
૨૭ - બાળગંગાધર ટિળક
૨૮ - અશફાકઉલ્લા ખાન
૨૯ - બંકીમચંદ્ર ચટોપાધ્યાય
૩૦ - સરોજિની નાયડુ
૩૧ - ઝાંસીની રાણી
૩૨ - માતા મહારાણી તપસ્વિની
૩૩ - ગોંડ રાણી દુર્ગાવતી
૩૪ - રાણી વેલુ નાચિયાર
૩૫ - મોહનદાસ કરમચંદ ગાંધી
૩૬ - બેગમ હઝરત મહાલ
૩૭ - સતી રામરખી
૩૮ - કાલીબાઈ
૩૯ - હુતાત્મા અનંત હરિ મિત્ર
૪૦ - અનંત લક્ષ્મણ કાન્હેરે
૪૧ - કનકલતા બરુઆ
૪૨ - કાલીપદ મુખર્જી
૪૩ - જયંતી ઠાકોર
૪૪ - અલ્લુરી સિતારામ રાજુ
૪૫ - કલ્પના દત્ત
૪૬ - ખુદીરામ બોઝ
૪૭ - માતંગિની હાજરા
૪૮ - સ્વામી દયાનંદ સરસ્વતી
૪૯ - સરદાર પટેલ
૫૦ - રવિશંકર મહારાજ
૫૧ - જોધા અને મૂળુ માણેક
૫૨ - ગોવિંદ ગુરુ
૫૩ - વીર વિનોદ કિનારીવાળા
૫૪ - દાદાભાઈ નવરોજી
૫૫ - ડૉ. કેશવરાવ બલિરામ હેડગેવાર
૫૬ - સરદાર ભગતસિંહ
૫૭ - લાલા લજપતરાય
૫૮ - રાણીમા ગાઈડિન્લ્યુ
૫૯ - દુર્ગાભાભી
૬૦ - લાલા હરદયાળ
૬૧ - ભગવતીચરણ વોહરા
૬૨ - ચંદ્રશેખર આઝાદ
૬૩ - વીરોમાં વીર બુધા ભગત
૬૪ - બટુકેશ્વર દત્ત
૬૫ - કનૈયાલાલ મુનશી
૬૬ - બાબાસાહેબ આંબેડકર
૬૭ - રાજકુમારી ગુપ્તા
૬૮ - વસંત-રજબ
૬૯ - રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી
૭૦ - સ્વામી વિવેકાનંદ
૭૧ - બાલવીર સોમાભાઈ
૭૨ - ડાકોરજીનો શંકર
૭૩ - સુભદ્રાકુમારી ચૌહાણ
૭૪ - રાજકુમારી અમૃત કૌર
૭૫ - સાધુ ટી. એલ. વાસવાણી





# ૦૧ - સરદાર ઉધમસિંહ

જન્મ : ૧૬ ડિસેમ્બર, ૧૮૯૯
વીરગતિ : ૩૧ જુલાઈ, ૧૯૪૦

ઉધમસિંહનું માતા-પિતાએ આપેલું નામ શેરસિંહ હતું. તેઓ પોતાને રામ મહંમદ સિંહ આઝાદ કહેવડાવવાનું પસંદ કરતા હતા. તેમનો જન્મ ૧૬ ડિસેમ્બર, ૧૮૯૯માં પંજાબના સંગરૂર જિલ્લાના સુનામગામમાં થયો હતો. વીર ઉધમસિંહ ૮ વર્ષના હતા ત્યારે તેમનાં માતા - પિતાનું મૃત્યુ થતાં અનાથ બની ગયા. અનાથાશ્રમમાં મોટા થયા. અનાથાશ્રમમાં તેમનું નામ ઉધમસિંહ પડ્યું. ૧૯૧૯ના જલિયાંવાલા બાગમાં થયેલ અમાનુષી નરસંહારના તેઓ પ્રત્યક્ષ સાક્ષી હતા. ત્યાં તેઓ બધાને પાણી આપવાની સેવા કરી રહ્યા હતા. જનરલ ડાયર કે જેના હુકમથી આ નરસંહાર થયો હતો તેને સેવાનિવૃત્તિ પછી લંડનમાં નાગરિક અભિનંદનથી નવાજવામાં આવ્યો અને ૨૦,૦૦૦ પાઉન્ડની રકમ ભેટ આપવામાં આવી. આ વાત ઉધમસિંહને કઠી રહી હતી. ઉધમસિંહે નરસંહાર પછી તરફડતા અને મરતા અહિંસાના દૂતોને જોયા અને ત્યારથી જ તેમણે જનરલ ડાયરને ખતમ કરવાનો સંકલ્પ કર્યો હતો. તેઓ અન્ય ક્રાંતિકારીઓને મળ્યા. ગદર પાર્ટીના સભ્ય બન્યા અને સંકલ્પપૂર્તિ માટે ધન ભેગું કર્યું. કારણ કે હથિયાર પણ જોઈતાં હતાં અને લંડન જવાનું હતું. તેમના આ પ્રયત્નને કારણે ગેરકાનૂની હથિયાર રાખવાના ગુનામાં તેમણે ૮ વર્ષ જેલવાસ પણ ભોગવ્યો હતો. તેમ છતાં તેઓ પોતાના સંકલ્પમાં અડગ રહ્યા. તેમનું લક્ષ્ય હતું લંડન પહોંચી જનરલ ડાયરને ખતમ કરવો. તેઓ ઝિમ્બાબ્વે, આફ્રિકા, બ્રાઝિલ તથા અમેરિકા થઈને ઈંગ્લેન્ડ પહોંચ્યા. ત્યાં કામ કરીને ધન એકત્ર કર્યું અને ૬ ગોળીઓ વાળી રિવૉલ્વર ખરીદી. એક વખત જનરલ ડાયર સામે મળ્યો પણ તેમણે વિચાર્યું કે તેને મારે ભરી સભામાં જ મારવો છે, તેથી જવા દીધો. આખરે ૧૩ માર્ચ, ૧૯૪૦માં એક સભાનું આયોજન થયું. જેનો મુખ્ય અતિથિ ડાયર હતો. એ સભામાં ઉધમસિંહ પહોંચી ગયા. પોતાની રિવૉલ્વર પુસ્તકમાં સંતાડેલી રાખી હતી. તેઓ તકની રાહ જોતા હતા અને તેમને એ અવસર મળી ગયો. ખૂબ જ શાંતિથી તેઓ ડાયરની પાસે પહોંચ્યા. જનરલ ડાયર તેમને એક બે ક્ષણ એમ જ જોઈ રહ્યો અને ઉધમસિંહે ગુસ્સા સાથે રિવૉલ્વરમાંથી ધડાધડ ગોળીઓ વરસાવી દીધી. જનરલ ડાયરનું ઢીમ ઢળી ગયું અને ઉધમસિંહનો સંકલ્પ પૂર્ણ થયો. સામે ચાલીને તેઓ પકડાયા અને આપણા દેશને સંદેશ આપ્યો કે રાષ્ટ્રના અપમાનનો બદલો લેવા હિન્દુસ્તાની ક્રાંતિવીર કોઈ પણ હદે જઈ શકે છે. ડાયરની હત્યા બાદ તેમને પકડી લેવામાં આવ્યા હતા અને ૩૧ જુલાઈ, ૧૯૪૦ના રોજ તેમને ફાંસી આપી દેવામાં આવી. લંડનની ધરતી પર આ મહાન ક્રાંતિવીરે પોતાના આત્માને મા ભારતીના ચરણે ધરી દીધો. ઉલ્લેખનીય છે કે વર્ષો પછી જુલાઈ, ૧૯૭૪ના રોજ તેમનાં અસ્થિ ભારત લાવવામાં સરકારને સફળતા મળી હતી.

SATHIYA TILES
COMPANION FOR LIFE TIME
KERAKOLL
Nexion
ADDRESS :
Sathiya Tiles, Nr. Walnut Furniture,
Gota Cross Road, S.G. Highway,
Gota, Ahmedabad - 382481.
VIPUL PATEL
+91 99252 24827
SANJAY PATEL
+91 98250 46296
PARESH PATEL
+91 99252 24829



# ૦૨ - સત્યેન્દ્રનાથ બોઝ

**જન્મ : ૩૦ જુલાઈ, ૧૮૮૨**
**વીરગતિ : ૨૧ નવેમ્બર, ૧૯૦૮**

સત્યેન્દ્રનાથ બોઝનો જન્મ ૩૦ જુલાઈ, ૧૮૮૨ના રોજ કલકત્તામાં થયો હતો. બંગાળના વતની આ ક્રાંતિકારી ત્યાંની અનુશીલન સમિતિના સભ્ય હતા. અલીપુર બૉમ્બકાંડને કારણે જે ચાલીસથી વધારે ક્રાંતિકારીઓની ધરપકડ કરવામાં આવેલી તેમાં તેઓ પણ હતા. તેમને જે જેલમાં પૂરવામાં આવેલા તેમાં તેમની સાથે ક્રાંતિકારી કનૈયાલાલ દત્ત અને નરેન્દ્ર ગોસ્વામી પણ હતા. પાછળથી નરેન્દ્ર ગોસ્વામીએ ગદ્દારી કરીને પોલીસને ન પકડાયેલા ક્રાંતિકારીઓના નામ સરનામાં આપી દીધેલાં. એક સમયનો ક્રાંતિકારી એટલી હદે ગદ્દારી કરે ? તો પછી ક્રાંતિકારી બન્યો જ કેમ ? સત્યેન્દ્રનાથને અંગ્રેજ સરકાર કરતાં આ ગદ્દાર સાથીદાર વધારે ખટકી રહ્યો હતો. પોતાની સાથે હોત તો તેમણે એને ત્યાં જ પૂરો કરી દીધો હોત. પરંતુ પોલીસે એને સુરક્ષાવાળા યુરોપિયન વૉર્ડમાં ખસેડી દીધો હતો. સત્યેન્દ્રનાથ યેન કેન પ્રકારેણ તેનો બદલો લેવા માગતા હોવાથી બીમાર હોવાનું નાટક કરી તેઓ જેલની હૉસ્પિટલમાં દાખલ થઈ ગયા. તેમના સાથીદાર કનૈયાલાલ દત્ત તો તેમની પહેલાં જ જેલની હોસ્પિટલમાં દાખલ થઈ ગયા હતા. હૉસ્પિટલમાંથી સત્યેન્દ્રનાથે નરેન્દ્રને યુરોપિયન વૉર્ડમાં સમાચાર મોકલાવ્યા કે પોતાનું મન પણ ક્રાંતિકારી ગતિવિધિમાંથી ઊઠી ગયું છે અને પોતે માફી માગવા પણ તૈયાર છે. આ બાબતે તમારી મધ્યસ્થી ઈચ્છે છે. આ સમાચાર મળતાં જ નરેન્દ્ર ગોસ્વામી રાજી થતો તેમને મળવા દોડી આવ્યો. જેલના અધિકારીઓએ તેમની મુલાકાત ખુલ્લા વરંડામાં યોજવાની ફરજ પાડી હતી. તોપણ નરેન્દ્ર ગોસ્વામી ન બચી શક્યો. એ ત્યાં આવ્યો તેની બીજી મિનિટે તેના શરીર પર ગોળી ધરબાઈ ગઈ. બચાવો બચાવો કરતો તે ઘાયલ અવસ્થામાં જ નાઠો. પરંતુ સત્યેન્દ્રનાથ અને કનૈયાલાલે તેનો પીછો કર્યો. નરેન્દ્ર ગોસ્વામીની મદદે અંગ્રેજ અધિકારી આવ્યો. પણ કનૈયાલાલ દત્તે પિસ્તોલની ગોળીથી એ અવરોધ દૂર કરી નાંખ્યો. તેમનો ખરો શિકાર તો નરેન્દ્ર ગોસ્વામી હતો. સત્યેન્દ્રનાથ તેના સુધી પહોંચે એ પહેલાં જ એ પણ કનૈયાલાલની ગોળીથી ભોંય ભેગો થઈ ગયો. નાસી છૂટવાને બદલે બંનેએ સામે ચાલીને ધરપકડ વહોરી લીધી. તેમના પર મુકદ્દમો ચલાવવામાં આવ્યો. જૂરીની બહુમતીએ સત્યેન્દ્રનાથને નિર્દોષ ગણાવ્યા. પરંતુ હાઈકોર્ટે તેમને ફાંસીની સજાને પાત્ર ઠરાવ્યા. ૨૧ નવેમ્બર, ૧૯૦૮ના રોજ અલીપુરની જેલમાં તેમને ફાંસી આપવામાં આવી. સાથીદાર કનૈયાલાલ દત્ત તો તેમનાથી દસ દિવસ પહેલાં આ માર્ગે સિધાવી ગયા હતા. કનૈયાલાલના અંતિમસંસ્કાર વખતે લોકોની મેદની ઊમટી પડેલી એટલે સત્યેન્દ્રનાથની વિધિ જેલની અંદર જ કરી નાંખવામાં આવી. પરિવારનાં સભ્યોની વિનંતી છતાં તેમનું શબ એ લોકોને સોંપવામાં ન આવ્યું.

MEGHMANI
ORGANICS LIMITED



# ૦૩ - રાસબિહારી બોઝ

**જન્મ : ૨૫ મે, ૧૮૮૬**
**મહાપ્રયાણ : ૨૧ જાન્યુઆરી, ૧૯૪૫**

રાસબિહારી બોઝનો જન્મ ૨૫ મે, ૧૮૮૬ના રોજ થયો હતો. રાસબિહારી બોઝ બંગાળના વર્ધમાન જિલ્લાના સુબાલદહ ગ્રામના વતની હતા. નોકરીની શોધમાં તેઓ ઉત્તર ભારતમાં જઈ ચડેલા. શિમલામાં એક છાપખાનામાં નોકરી મળી પણ તેમાં ન ફાવ્યું એટલે દેહરાદુનમાં વનવિભાગમાં જોડાયા. આ નોકરી એમને ગમતી થઈ પડી. કારણ કે બાળપણથી તે દેશભક્તિના રંગે રંગાયેલા હતા અને યુવાન થતાં ક્રાંતિકારી બનવાનો તેમનો વિચાર હતો. અને આ નોકરીના સ્થાને તેની પ્રયોગશાળામાં બૉમ્બ બનાવવાનું શીખી શકાય તેમ હતું. અહીંની પ્રયોગશાળાના અધ્યક્ષ પૂરનસિંહના માધ્યમથી તેઓ પંજાબના ક્રાંતિકારીઓના સંપર્કમાં આવ્યા. વિષ્ણુ ગણેશ પિંગળે સાથે મળી ગદર ચળવળમાં તેમણે સક્રિય ભૂમિકા ભજવી. ૧૯૧૨માં દિલ્હીમાં વાઈસરોય હાર્ડિંગ પરના હુમલામાં અને ૧૯૧૩માં લાહોરના લોરેન્સ ગાર્ડનના બૉમ્બ વિસ્ફોટમાં તેઓ પ્રમુખ સૂત્રધાર રહ્યા. એક સાથીની કમજોરીને કારણે વર્ષ પછી ષડ્યંત્રનો ભાંડો ફૂટયો. સરકારે વિસ્ફોટકારીઓની ધરપકડ કરવા માંડી. રાસબિહારી પોલીસને થાપ આપી બંગાળ તરફ ચાલ્યા ગયા. પાસપોર્ટમાં પ્રિયનાથ ઠાકુર નામ લખાવી ત્યાંથી રવીન્દ્રનાથ ટાગોર સાથે જાપાન પહોંચી ગયા. ૧૯૧૬થી ૧૯૨૩ સુધી જાપાનમાં બનાવટી નામ હાયસી ઈયોરો રાખીને જીવન ગુજાર્યું. આ સાત વર્ષના ગાળામાં તેમણે સત્તર વખત પોતાનું સ્થળ બદલવું પડ્યું. બાદમાં તેમણે જાપાનનું નાગરિકત્વ પ્રાપ્ત કરી લીધું. જાપાની ભાષા શીખીને તેમાં કેટલાંક પુસ્તકો પણ લખ્યાં, જેના દ્વારા જાપાનમાં અંગ્રેજો વિરુદ્ધ વાતાવરણ ઊભું કર્યું. એશિયાઈ યુવક સંઘનું નિર્માણ કરીને એશિયાઈ દેશોને અંગ્રેજો વિરુદ્ધ લડવાનો સંદેશો આપ્યો. આ પછી તેમણે ભારતીય સ્વાધીનતા પરિષદની સ્થાપના કરી. તેની અંતર્ગત યુદ્ધ પરિષદ નામની એક અલગ શાખા અસ્તિત્વમાં આવી, જેના દ્વારા સૈનિકોનું સંગઠન કરીને તેમનામાં અંગ્રેજો વિરુદ્ધ આક્રોશ ઉત્પન્ન કરવાનું અભૂતપૂર્વ કાર્ય કરવામાં આવ્યું. આ યુદ્ધ પરિષદમાંથી પ્રેરણા લઈને સુભાષચંદ્ર બોઝે ૨૧ ઑક્ટોબર, ૧૯૪૩ના દિવસે આઝાદ હિન્દ ફોજની રચના કરી. જાપાન સરકાર પર દબાણ કરીને તેમણે જ સુભાષચંદ્ર બોઝને જર્મનીથી જાપાનમાં બોલાવ્યા હતા. ભારતમાં આ બંને નેતાઓ ક્યારેય મળ્યા જ નહોતા. ૪ જુલાઈ, ૧૯૪૩ના દિવસે સિંગાપુરના કૈથો ભવનમાં એક સમારોહ યોજી આઝાદ હિન્દ આંદોલનની બાગડોર તેમણે સુભાષબાબુને સોંપી દીધી. સતત દોડધામને કારણે તેમનું શરીર કથળ્યું. એમાં પત્ની અને પુત્રના મૃત્યુના કારમા આઘાત ઉપરાઉપરી સહન કરવાના થયા. ભારતમાતાની આઝાદી ઝંખતા આ ક્રાંતિકારી આઝાદીના બે વર્ષ પૂર્વે જાપાનની ધરતી પર ૨૧ જાન્યુઆરી, ૧૯૪૫ના રોજ મહાપ્રયાણ કર્યું.

With Best Wishes from

ENERTECH FUEL SOLUTIONS Private Limited

Ahmedabad based SME Company dealing in Natural Gas Trading and Compressed Bio Gas (CBG)



# ૦૪ - ભાઈ પરમાનંદ

**જન્મ : ૪ નવેમ્બર, ૧૮૭૬**
**મહાપ્રયાણ : ૮ ડિસેમ્બર, ૧૯૪૭**

ભાઈ પરમાનંદનો જન્મ ૪ નવેમ્બર, ૧૮૭૬ના રોજ પંજાબના જેલમ (હાલ પાકિસ્તાનમાં) શહેરમાં થયો હતો. પ્રખર વિદ્વાન ભાઈ પરમાનંદે દેશમાં વૈચારિક ક્રાંતિ આણવાનું કામ કરેલું. 'તવારીખે હિન્દ' પુસ્તક લખવા બદલ તેમને કાળાપાણીની સજા થયેલી. તેમનું વતન હાલના પાકિસ્તાનમાં આવેલું જેલમ જિલ્લાનું કરિયાળા ગામ. તેઓ બાલ્યકાળથી આર્યસમાજી. ઉચ્ચ અભ્યાસ માટે વતનનું ગામ છોડી લાહોર જવાનું થયું. ત્યાંની દયાનંદ ઍંગ્લો વૈદિક કોલેજમાંથી સ્નાતક થઈને એ જ કોલેજમાં પ્રાધ્યાપક બન્યા. ૧૯૦૬માં તેમને આર્યસમાજના પ્રચાર માટે દક્ષિણ આફ્રિકા મોકલવામાં આવ્યા. જ્યાં તેમનો ગાંધીજી સાથે ભેટો થયો. ગાંધીજી તેમનાં પ્રવચનોથી ખૂબ પ્રભાવિત થયા. છ મહિના દક્ષિણ આફ્રિકામાં રહીને તેઓ ઇંગ્લેન્ડ ગયા. એ વખતે લંડનમાં શ્યામજી કૃષ્ણ વર્મા ઇન્ડિયા હાઉસ નામની ક્રાંતિકારી સંસ્થા ચલાવતા હતા. ભાઈ પરમાનંદ આ સંસ્થાના મહેમાન બન્યા. લંડનની બ્રિટિશ મ્યુઝિયમ લાઇબ્રેરીમાં કલાકો સુધી અધ્યયન કરીને તેમણે ભારતમાં બ્રિટિશ રાજ્યનો અભ્યુદય નામનો લઘુ શોધ-નિબંધ લખ્યો. પછીથી તેમણે સ્વતંત્ર અધ્યયનના આધાર પર 'તવારીખે હિંદ' પુસ્તક લખ્યું. આ પુસ્તક માટે તેમણે બ્રિટિશ લાઇબ્રેરીમાંથી મળ્યાં એ તમામ પુસ્તકો વાંચી નાંખ્યાં. 'તવારિખે હિંદ' પુસ્તકમાં તેમણે અંગ્રેજોની કૂટનીતિ પર પ્રકાશ પાડ્યો હતો. ૧૯૦૭માં ભાઈ સ્વદેશ પરત થયા. ભારતમાં એમના પુસ્તક 'તવારીખે હિંદે' ખળભળાટ મચાવ્યો. આ અરસામાં જ ક્રાંતિકારીઓએ લાહોરના લોરેન્સ ગાર્ડનમાં બૉમ્બ વિસ્ફોટ કર્યો. અનેક લોકોની ધરપકડ કરીને તેમના પર લાહોર ષડ્યંત્ર નામથી કેસ ચલાવવામાં આવ્યો. ધરપકડ થનારાઓમાં એક ભાઈ પરમાનંદ પણ હતા. સરકારે તેમના પર આક્ષેપ લગાવ્યો કે તેમનું 'તવારીખે હિંદ' પુસ્તક વાંચીને જ ક્રાંતિકારીઓ આ ષડ્યંત્ર કરવા પ્રેરાયેલા છે. એવો પણ આરોપ મૂકવામાં આવ્યો કે ભાઈ પરમાનંદ અમેરિકા અને કેનેડામાંથી ક્રાંતિકારીઓને બોલાવીને ભારતમાં ગદર પાર્ટી શરૂ કરવા માગે છે. રાજદ્રોહનો આક્ષેપ મૂકી પરમાનંદજીને ફાંસીની સજા સંભળાવવામાં આવી. પછીથી તેને કાળાપાણીની સજામાં ફેરવી નાખીને તેમને આંદોલનકારીઓની જેલમાં મોકલી આપવામાં આવ્યા. આંદામાનની જેલમાં અસહ્ય યાતના વચ્ચે પણ તેમણે લેખન પ્રવૃત્તિ ન છોડી. જેલની યાતના તેમણે પોતાના પુસ્તક 'આપવીતી'માં વ્યક્ત કરી. અંતે ૧૯૨૦માં ગાંધીજીના પ્રયાસને કારણે તેમને આંદામાનની જેલમાંથી મુક્તિ મળી. જેલમાંથી છૂટીને તેઓ અસહકારના આંદોલનમાં જોડાયા. ખિલાફત ચળવળને ગાંધીજીએ અસહકારના આંદોલન સાથે જોડવાથી તેમણે કૉંગ્રેસ છોડી. ત્યાર પછી તેઓ હિન્દુ સંગઠન માટે કામ કરવા માંડ્યા અને સ્વતંત્રતા બાદ ૮ ડિસેમ્બર, ૧૯૪૭ના રોજ તેમનો સ્વર્ગવાસ થયો.





# ૦૫ - માસ્ટર સૂર્યસેન

**જન્મ : ૨૨ માર્ચ, ૧૮૯૪**
**વીરગતિ : ૧૨ જાન્યુઆરી, ૧૯૩૪**

"કરો યા મરો નહીં, કરો અને મરો." આ સૂત્રના રચયિતા માસ્ટર સૂર્યસેનનો જન્મ બંગાળના ચિત્તાગોંગના રાઓઝાન (હાલ બાંગ્લાદેશ)માં ૨૨ માર્ચ, ૧૮૯૪ના રોજ થયો હતો. તેમણે નેશનલ હાઈસ્કૂલમાંથી શિક્ષકની નોકરી છોડીને વિદ્યાર્થીઓને પુસ્તકિયું જ્ઞાન આપવાને બદલે શસ્ત્રોનું જ્ઞાન આપીને ક્રાંતિકારીઓ બનાવવાનું પસંદ કર્યું. દક્ષિણેશ્વરમાં બૉમ્બ બનાવવાનું કારખાનું પણ શરૂ કર્યું. સમય જતાં પોલીસને તેની ગંધ આવી ગઈ. છાપો મારવામાં આવ્યો ત્યારે કેટલાય ક્રાંતિકારીઓ પકડાઈ ગયા. માસ્ટરદા પોલીસને હાથ ન આવ્યા. ૧૯૨૮માં કલકત્તા ખાતે કોંગ્રેસનું અધિવેશન મળ્યું ત્યારે સુભાષચંદ્ર બોઝની આગેવાની હેઠળ સાત હજાર સૈનિકોનું સરઘસ નીકળ્યું. તેમાં માસ્ટરદા પણ હતા. તેમાંથી પ્રેરણા લઈને તેમણે ઇન્ડિયન રિપબ્લિકન આર્મીની સ્થાપના કરી. જોતજોતામાં તેના સભ્યોની સંખ્યા પાંચસોથી વધી ગઈ. સેનાના આદર્શ હતા - સંગઠન, સાહસ અને બલિદાન. ૧૮ એપ્રિલ, ૧૯૩૦ ના રોજ તેમણે અંગ્રેજ સરકાર સામે ઘોષણા કરી કે, 'હું સૂર્યસેન ભારતીય સ્વાતંત્ર્ય સેનાની - ચટગાંવથી જાહેર કરું છું કે હવે અહીં યુનિયન જૅકને બદલે સ્વતંત્રતાનો ધ્વજ ફરકશે. વંદેમાતરમ્ અમારું રાષ્ટ્રગીત રહેશે.' આ સાથે જ તેમની ક્રાંતિકારી સેનાએ ચટગાંવના પહાડી વિસ્તારમાં આવેલા શસ્ત્રાગાર પર હુમલો કર્યો. ભીષણ સંગ્રામ ખેલાયો. ૧૨ ક્રાંતિકારીઓ સામે ૮૩ પોલીસના લોકો મરાયા. શસ્ત્રાગાર લૂંટીને સૌ નાઠા. માસ્ટરદાને શોધવા પોલીસે પોતાની સઘળી તાકાત કામે લગાડી. એક દિવસ પ્રીતિલતા વાદેદારને ત્યાં માસ્ટરદા પોલીસથી ઘેરાયા. સામસામો ગોળીબાર થયો. ક્રાંતિકારીઓ અપૂર્વ સેન અને નિર્મલ સેન મરાયા. માસ્ટરદા અને પ્રીતિલતા નાસી છૂટવામાં સફળ રહ્યાં. ક્રાંતિકારીઓના મોતનો બદલો લેવા થોડા દિવસ પછી પ્રીતિલતાએ યુરોપિયન ક્લબ પર બૉમ્બમારો કર્યો. તેની પાછળ પ્રેરણા માસ્ટરદાની હતી. ૧૬ ફેબ્રુઆરી, ૧૯૩૨ના રોજ માસ્ટરદા ગોઈરાલા ગામે ક્રાંતિકારીઓની ખબર પૂછવા ગયા. ત્યાંના ગદ્દાર જમીનદારે પોલીસ થાણે જાણ કરી દેતાં ક્રાંતિકારીઓનું મકાન પોલીસથી ઘેરાઈ ગયું. માસ્ટરદા આ વખતે છટકી ન શક્યા. ધરપકડ કરીને તેમના પર કેસ ચલાવવામાં આવ્યો. ચુકાદાની એમને ખબર જ હતી કે તે અંગ્રેજો તરફી જ આવવાનો છે. એમ જ થયું. તેમને ફાંસીની સજા થઈ. ફાંસીના માંચડે લઈ જવાતી વખતે તેમણે વંદેમાતરમ્‌ના જયઘોષથી જેલ ગજવી મૂકી. ઢોર માર મારવામાં આવ્યો તોયે એમણે જયઘોષ બંધ ન કર્યો. અંતે ૧૨ જાન્યુઆરી, ૧૯૩૪ના રોજ તેમને ફાંસી અપાઈ. ફાંસી અપાયા પછી એમનું શબ ન તો એમનાં સ્વજનોને આપવામાં આવ્યું કે ન તો તેના જેલમાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા. બ્રિટિશ જહાજમાં લઈ જઈને તેને ખાડીના સમુદ્રમાં ફેંકી દેવામાં આવ્યું. અને આમ એક મહાન ક્રાંતિકારી માતૃભૂમિના ચરણે સમર્પિત થઈ ગયા.





# ૦૬ - બિરસા મુંડા

**જન્મ : ૧૫ નવેમ્બર, ૧૮૭૫**
**વીરગતિ : ૯ જૂન, ૧૯૦૦**

બિરસા મુંડાનો જન્મ ૧૫ નવેમ્બર, ૧૮૭૫ના રોજ બિહારના રાંચી જિલ્લાના ઉલિહાતુમાં થયો હતો. તેમના પિતાનું નામ 'સુગના મુંડા' અને માતાનું નામ 'કરમી' હતું. બિરસાએ પોતાનું શિક્ષણ સાલગા, બુર્હુ અને ચાઈબાસાની અંગ્રેજી માધ્યમની શાળામાં લીધું. પોતાના આદિવાસી સમાજની દુર્દશા બાબત વિચાર્યું અને પોતાનામાં બ્રિટિશ સરકારને ચેતવી દેવાની શક્તિનો અનુભવ કર્યો. તે પછી તેમણે આદિવાસી મુંડા જાતિનું નેતૃત્વ કરી એક એવી જીવનસંહિતા આપી જેના જોરે અન્ય લોકોએ પણ સ્વાતંત્ર્ય અને આત્મગૌરવ માટે અવાજ ઉઠાવ્યો. ઈ.સ. ૧૮૯૪માં વરસાદ ન થવાને કારણે છોટા નાગપુરમાં માહામારી અને ભૂખમરો ફેલાઈ ગયો. બિરસાએ નિષ્ઠાપૂર્વક પોતાના લોકોની સેવા કરી. ઑક્ટોબર ૧, ૧૮૯૪ના રોજ યુવાન બિરસા વનશુલ્ક માફ કરવાની અરજી લઈને મુંડા લોકોને ચાઈબાસા લઈ ગયા. આ ઘટનાથી તેઓ પોતાની જાતિના નેતા તરીકે પહેલી વખત ઊભરી આવ્યા. અંગ્રેજો અને ખાસ કરીને મિશનરીઓ વિરુદ્ધ કાર્યો કરવાના ગુનામાં ૧૮૯૫માં તેમને બે વર્ષની કઠોર કારાવાસની સજા ફટકારી હઝારીબાગ સેન્ટ્રલ જેલ મોકલી દેવામાં આવ્યા. બાદમાં બિરસા અને તેમના અનુયાયીઓએ પોતાને દુષ્કાળગ્રસ્ત અને બીમાર લોકોની સેવાના કામમાં પરોવી દીધા અને સંત બની ગયા. ધીમે ધીમે લોકો તેમને ધરતી સબા (ધરતીના પિતા) તરીકે સંબોધવા લાગ્યા. એટલું જ નહીં, બિરસા ભગવાનના રૂપમાં પૂજાવા લાગ્યા. એ પછી ફરી વાર તેમણે અંગ્રેજો વિરુદ્ધ આંદોલનમાં ઝંપલાવ્યું. તેમણે નારો આપ્યો કે, 'આપણું જ રાજ અને આપણે જ રાજા!' અર્થાત્ અંગ્રેજી રાણીનું રાજ સમાપ્ત થાઓ અને આપણું શરૂ થાઓ. ૧૮૯૭થી ૧૯૪૭ સુધી મુંડા લોકોનો બ્રિટિશ સરકાર સામે વારેઘડીએ સંઘર્ષ થતો રહ્યો. ઓગસ્ટ, ૧૮૯૭માં તીરકમાનથી સજ્જ પોતાના ૪૦૦ માણસો સાથે લઈ બિરસા મુંડાએ ખૂંટી પોલીસ સ્ટેશન પર હુમલો કર્યો. ૧૮૯૮માં મુંડા લોકોએ તાનગા નદીના કિનારે બ્રિટિશ સૈન્યનો સામનો કર્યો અને તેને પરાજિત કર્યું. જાન્યુઆરી ૧૯૦૦માં ડોમબાડી પહાડી ઉપર બિરસાના નેતૃત્વમાં એક નાનકડું યુદ્ધ થયું. તેમાં પણ અનેક મુંડા પુરુષો, મહિલાઓ અને બાળકો વીરગતિ પામ્યાં. બિરસા મુંડાના કેટલાક અનુયાયીઓ પકડાયા પણ ખરા. છેવટે ફેબ્રુઆરી ૩, ૧૯૦૦માં ચક્રધરપુર વનમાં બિરસા મુંડાની પણ અટક થઈ. જેલમાં તેમના પર અનેક અત્યાચારો થયા અને અંતે ૯ જૂન, ૧૯૦૦ના રોજ રાંચીની જેલમાં તેમનું નિધન થયું. જળ, જમીન અને જંગલની રક્ષા માટે તેમણે કરેલો સંઘર્ષ અને અંગ્રેજી મિશનરીઓ વિરુદ્ધ યુદ્ધ છેડીને વહોરેલી વીરગતિ આજેય કોઈ ભૂલ્યું નથી. ઝારખંડથી લઈને પશ્ચિમ બંગાળ સુધીના આદિવાસી સમાજમાં આજેય બિરસા મુંડા ભગવાન તરીકે પૂજાય છે.


- Consultancy for Renewable Energy Power Plant
- Detailed Project Report & Drawings
- Govt. Liaisoning and Approval
- Power Plant Installation & Commissioning
- Assistance In Power Purchase Agreement
- Maintenance of Power Plant

SOLAR On-Grid Solar Roof-Top Solar Water pump Solar Tree
WIND KW To MW Scale Space Efficient
BIOMASS Sustainable Energy Solution From Biodegradable waste
SDC

SKYLARK
DESIGN & CONSULTANT

Helly Joshi Trivedi
+91 94298 23320, 78610 05467
sales@skylark-dc.com

Jay Joshi
+91 98795 67995
sales@skylark-dc.com



# ૦૭ - નેતાજી સુભાષચંદ્ર બોઝ

**જન્મ : ૨૩ જાન્યુઆરી, ૧૮૯૭**

-

૨૩ જાન્યુઆરી, ૧૮૯૭ના રોજ કટકમાં સુભાષચંદ્ર બોઝનો જન્મ થયો હતો. જાનકીનાથ અને પ્રભાદેવીના નવમા સંતાન એટલે સુભાષચંદ્ર. આઝાદ હિંદ ફોજના સ્થાપક સુભાષચંદ્ર બોઝ લંડનમાં ચોથા ક્રમે આઈ.સી.એસ.ની પરીક્ષા પાસ કરનારા વિદ્યાર્થી હતા. આ ડિગ્રી દ્વારા તેમણે ધાર્યું હોત તો દેશમાં અઢળક ધન અને માન કમાઈ શક્યા હોત. પરંતુ આ સ્વમાની વ્યક્તિને અંગ્રેજ સરકારની ગુલામી સ્વીકાર્ય નહોતી. બાળપણમાં એમણે પોતાને "બ્લેક" કહીને સંબોધનારા અંગ્રેજ શિક્ષકને લાફો મારી દીધેલો. સ્વામી વિવેકાનંદથી તેઓ ખૂબ પ્રભાવિત હતા અને તેઓ વીર સાવરકરને પણ મળેલા. તેમના વિચારોએ તેમને સ્વતંત્રતા માટેની ક્રાંતિનો એક અનોખો રાહ ચીંધેલો. સ્થાનિક શિક્ષણ ભારતમાં જ લઈને લંડન ગયેલા સુભાષબાબુએ ત્યાં આઈ.સી. એસની પરીક્ષા પાસ કરી. એ પછી લંડનથી પાછા ફર્યા ત્યારે દેશમાં અસહકારનું આંદોલન ચાલી રહ્યું હતું. તેઓ અસહકારના આંદોલનમાં કૂદી પડ્યા. કૉંગ્રેસના સવિનય કાનૂનભંગમાં ભાગ લેવા બદલ જેલમાં ગયા. છૂટ્યા અને ફરીને પકડાયા. ૧૯૩૨માં ત્રાસવાદીઓના મદદકર્તાનો આરોપ લગાવી તેમને દેશબહાર અલીપોરની જેલમાં મોકલી આપવામાં આવ્યા. ચાર વર્ષે ત્યાંથી છૂટ્યા. તેના બીજે વર્ષે હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં પ્રમુખ બન્યા. આને કારણે ગાંધીજી સાથે મતભેદ વધતાં થોડા દિવસમાં જ કૉંગ્રેસ સાથે છેડો ફાડી નાંખ્યો. ફૉરવર્ડ બ્લૉકની સ્થાપના કરી. ફરી સરકારે તેમની ધરપકડ કરી જેલમાં પૂર્યા, પરંતુ તેઓ વેશ બદલીને જેલમાંથી નીકળી ગયા. પેશાવર થઈ કાબૂલ પહોંચ્યા. ત્યાંથી જર્મની જઈ હિટલરને મળ્યા. હિટલરે તેમનું સ્વાગત કરી 'હિન્દના સરનશીન' તરીકે ઓળખાવ્યા. ત્યાંથી તેઓ સબમરીન દ્વારા જળમાર્ગે જાપાન પહોંચ્યા અને ત્યાં 'આઝાદ હિન્દ ફોજ'ની સ્થાપના કરી. 'તુમ મુજે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા' અને 'દિલ્હી ચલો' ના નારા સાથે હિંદ તરફ કૂચ કરી ઈમ્ફાલને ઘેરો ઘાલ્યો. પણ કુદરતે તેમને સાથ ન આપ્યો. આઝાદ હિંદ ફોજને પીછેહઠ કરવી પડી. સાથીદારોના આગ્રહથી તેઓ વિમાન દ્વારા ટોક્યો જવા રવાના થયા. એક માન્યતા મુજબ ૧૯ ઑગસ્ટ, ૧૯૪૫ના રોજ આ વિમાન દુર્ઘટનામાં તેમનું મૃત્યુ નીપજ્યું. આ સિવાય એમના મૃત્યુ અંગે અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. એવું પણ કહેવાય છે કે સૌપ્રથમ વાર આંદામાન-નિકોબાર પર ભારતનો ઝંડો લહેરાવ્યો હતો એટલે તેમના પ્રપૌત્રનું માનીએ તો તેઓ ભારતના પ્રથમ વડાપ્રધાન પણ હતા. કોઈ કહે છે કે તેઓ સાધુ વેશે હજુ પણ જીવી રહ્યા છે. સત્ય હજુ સામે આવ્યું નથી. પણ ભારત દેશની આઝાદી માટે આ વીર ક્રાંતિકારી યોદ્ધાએ આકાશ-પાતાળ એક કરી દીધા હતા એ નિશ્ચિત છે.

Best wishes

ANAND NIKETAN

Group of Schools



# ૦૮ - મહર્ષિ યોગી અરવિંદ ઘોષ

**જન્મ : ૧૫ ઑગસ્ટ, ૧૮૭૨**
**મહાપ્રયાણ : ૫ ડિસેમ્બર, ૧૯૫૦**

કૃષ્ણધવન બાબુને ત્યાં ૧૫ ઑગસ્ટ, ૧૮૭૨ના રોજ ત્રીજા પુત્ર તરીકે અરવિંદનો જન્મ થયો. આ જ અરવિંદ આગળ જતાં પ્રાધ્યાપક, પ્રાચાર્ય, દેશભક્ત બાબુ અરવિંદ, યોગી અરવિંદ, મહર્ષિ અરવિંદ તરીકે પ્રસિદ્ધ થયા. નાનપણમાં જ હિમાલયની ભવ્યતા અને ગિરિમાળાની નિસર્ગ શોભાએ અરવિંદના મન પર ઊંડી છાપ મૂકી દીધી હતી. કૃષ્ણધવન બાબુ શિક્ષણ માટે આખા પરિવારને જ ઇંગ્લેન્ડ લઈ ગયા. અરવિંદના શિક્ષણની જવાબદારી ડ્રિવેટ દંપતીને સોંપી. અરવિંદની ઉત્તમ સ્મરણશક્તિ અને ગ્રહણશક્તિનો અનુભવ ડ્રિવેટ દંપતીને આવ્યો. મહિનાનો અભ્યાસ અરવિંદ થોડા જ દિવસોમાં પતાવી દેતા. આ ગુણોથી પ્રભાવિત થયેલાં મિસિસ ડ્રિવેટે અરવિંદને ખ્રિસ્તી બનાવવાનું કારસ્તાન કર્યું. પણ એ ઉંમરમાં પણ ધર્મ વગેરેને સારી રીતે સમજતા અરવિંદની તીવ્ર બુદ્ધિને કારણે તે શક્ય ના બન્યું. એ પછી આઈ.સી.એસ. બનાવવાની પિતાની ઈચ્છાને ઠુકરાવીને અરવિંદ ક્રાંતિ તરફ વળ્યા. 'કમળ અને કટાર' નામની ગુપ્ત સંસ્થામાં તેઓ દાખલ થયા. એ પછી તેઓ ઇંગ્લેન્ડથી ભારતમાં પાછા ફર્યા. દેશભક્ત અને લોકસંગ્રાહક એવા વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે તેમની નિમણૂક રાજ્યમાં કરી. અરવિંદને અંગ્રેજ, ફ્રેંચ, જર્મન, સ્પેનિશ ભાષાઓ આવડતી હતી. ભારતમાં આવ્યા બાદ તેમણે બંગાળી, સંસ્કૃત ભાષા ઝડપથી શીખી લીધી. મરાઠી અને ગુજરાતી ભાષા કામ પૂરતી આત્મસાત્ કરી લીધી. નોકરી સાથે તે સક્રિય રાજકારણમાં ભાગ લેવા માંડ્યા. બાદમાં લોકમાન્ય ટિળકની સલાહથી નોકરીમાંથી રાજીનામું આપી દીધું. એ પછી તેમની ક્રાંતિકારી પ્રવૃત્તિઓએ જોર પકડ્યું. 'વંદે માતરમ્'માં લેખ લખી દેશભક્તિના વિચાર ઘર-ઘરમાં પહોંચાડ્યા. બંગાળમાં ઝંઝાવાતી ફેરી કરી સેંકડો ભાષણો દઈ તેમણે સર્વત્ર સ્વાતંત્ર્યના વિચાર પ્રસરાવ્યા. અરવિંદના આ કાર્યથી છંછેડાઈને બ્રિટિશ સરકારે તેમના પર દાવાઓ કર્યા. તેમાંથી છૂટ્યા બાદ પણ અરવિંદ ફરીથી 'ધર્મ' અને 'કર્મયોગિની'માં અંગ્રેજો વિરુદ્ધ લેખો લખવા માંડ્યા. તેમનાં લેખ અને ભાષણોનો લોકો પર ખૂબ પ્રભાવ પડવા લાગ્યો. તેથી તેમની ફરીથી અટક કરવાનું બ્રિટિશ સરકારે નક્કી કર્યું. પણ તે પહેલાં જ તેઓ લાપતા થઈ ગયા. થોડા દિવસ ચંદ્રનગરમાં રહી તેઓ પોંડિચેરી ગયા. ત્યાં પણ દેશભક્તોના વહેણ તેમની તરફ ધસી આવ્યાં. બાદમાં આ બધાથી અલિપ્ત થઈ, અખંડ ભારતની કલ્પના આપીને તેમણે ૫ ડિસેમ્બર, ૧૯૫૦ના રોજ છેલ્લા શ્વાસ લીધા.

Rajarshi Group
www.rajarshi.co.in



# ૦૯ - ક્રાંતિવીર વિનાયક સાવરકર

**જન્મ : ૨૮ મે, ૧૮૮૩**
**મહાપ્રયાણ : ૨૬ ફેબ્રુઆરી, ૧૯૬૬**

વિનાયક દામોદર સાવરકરનો જન્મ નાસિક જિલ્લાના ભગૂર ગામમાં ૨૮ મે, ૧૮૮૩ના રોજ થયો હતો. વિનાયકની બુદ્ધિ નાનપણથી તેજ હતી. શિવાજીના ચરિત્રથી તેઓ નાનપણમાં પ્રભાવિત થયા હતા. તેઓ લોકમાન્ય ટિળકની પ્રેરણાથી ઈંગ્લેન્ડ ઉચ્ચ અભ્યાસ માટે ગયેલા. ગળથૂથીમાં રાષ્ટ્રભક્તિના સંસ્કાર પામેલા સાવરકરે મિત્રમેળો અને અભિનવ ભારત જેવાં ક્રાંતિકારી સંગઠનોનું કિશોર અવસ્થામાં જ નિર્માણ કરેલું. લંડનમાં તેઓ ઈન્ડિયા હાઉસના સક્રિય સભ્ય બન્યા. એ સાથે એમના માટે અભ્યાસ ગૌણ અને રાષ્ટ્રભક્તિ પ્રમુખ બની ગઈ. ત્યાં રહીને તેમણે અંગ્રેજ સરકારના ગુપ્ત દસ્તાવેજો મેળવી 'ભારતનો પ્રથમ સ્વાતંત્ર્ય સમર : ૧૮૫૭' પુસ્તક લખ્યું. પણ એ પ્રકાશિત થાય એ પહેલાં જ તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. કર્ઝન વાયલીની હત્યા પછી મદનલાલ ધીંગરાનો કેસ બહાદુરીપૂર્વક લડ્યા. અંગ્રેજ સરકારને આ ભારતીય હવે આંખના કણાની માફક ખૂંચવા માંડ્યા હતા. ઈન્ડિયા હાઉસ પર દબાણ વધ્યું અને તે બંધ કરવું પડ્યું. સાવરકરની ધરપકડ કરી જળમાર્ગે ભારત રવાના કરી દેવામાં આવ્યા. રસ્તામાં આ ક્રાંતિકારી સ્ટીમરમાંથી દરિયામાં કૂદી પડીને તરતાં તરતાં સામે કાંઠે પહોંચી ગયા. પરંતુ ત્યાંથી ભાગવા માટે ખિસ્સામાં પૈસા નહિ હોવાથી પકડાઈ ગયા. ભારતમાં તેમના પર કેસ ચલાવવામાં આવ્યો. ૫૦ વર્ષની કાળાપાણીની સજા ! આ ભયાનક સજા સાંભળીને ભાંગી ન પડતાં એમણે અંગ્રેજ સરકારને સામો પ્રશ્ન કર્યો કે, 'તમારો ઈરાદો શું હજુ ભારતમાં ૫૦ વર્ષ સુધી શાસન કરવાનો છે ? તમે હવે ૫૦ મહિના સુધી પણ શાસન નથી કરી શકવાના.' આમ તેમને કાળાપાણીની બેવડી જનમટીપની સજા આપીને આંદામાનની જેલમાં મોકલી દેવામાં આવ્યા. ભલભલા કઠણ કાળજાનો માણસ પણ હચમચી જાય એવી યાતનાઓ તેમને આંદામાનની જેલમાં આપવામાં આવી. બળદની જગ્યાએ ઘાણીએ જોતરાઈને રોજનું ૩૦ પાઉન્ડ તેલ કાઢવાનું. તબિયત સારી હોય કે ખરાબ હોય, સોંપેલું કામ કરવાનું એટલે કરવાનું. વચ્ચે પાણી, પેશાબની પણ છૂટ નહિ. પાણી જેવી દાળ અને સિમેન્ટ કાંકરીવાળા રોટલા ! અંતે દેશની જનતાનું અંગ્રેજ સરકાર પર દબાણ થતાં તેમને રાજકીય પ્રવૃત્તિમાં ભાગ નહિ લેવાની શરતે છોડવામાં આવ્યા, જોકે તેઓ નિષ્ક્રિય તો ન જ રહ્યા. તેમણે રત્નાગિરિમાં પતિત પાવન મંદિર બાંધ્યું. હિન્દુ મહાસભાના પ્રમુખ બન્યા. છતાં આ દેશભક્તની કદર કરવાની તો દૂર રહી તેમને ગાંધી હત્યાના ખોટા આરોપમાં જેલમાં પૂરવામાં આવ્યા. પરંતુ કોર્ટે નિર્દોષ ઠેરવ્યા. ૧૦ ફેબ્રુઆરી, ૧૯૪૯માં મુક્તિ થઈ. સતત કાર્યરત રહી સમાજ સુધારણા, હિન્દુ સંગઠન, ભાષાશુદ્ધિનું કામ છેવટ સુધી કર્યું. અને ૨૬ ફેબ્રુઆરી, ૧૯૬૬ના રોજ મુંબઈમાં આમરણ ઉપવાસ કરી તેમણે દેહોત્સર્ગ કર્યો.

Ratnadeep DEVELOPERS



# ૧૦ - ભગિની નિવેદિતા

**જન્મ : ૨૮ ઑક્ટોબર, ૧૮૬૭**
**મહાપ્રયાણ : ૧૩ ઑક્ટોબર, ૧૯૧૧**

ભગિની નિવેદિતાનો જન્મ ૨૮ ઑક્ટોબર, ૧૮૬૭ના રોજ કાઉન્ટી ટાયરોન, આયર્લેન્ડના ડુંગનન શહેરમાં મેરી ઈસાબેલ અને સેમ્યુઅલ રિચમંડ નોબલને ત્યાં થયો હતો. તેણીનું મૂળ નામ માર્ગારેટ એલિઝાબેથ નોબલ. આ નામ તેમનાં દાદીના નામ પરથી રાખવામાં આવ્યું હતું. તેઓ ધ નોબલ્સ સ્કૉટિશ વંશના હતા. આ પરિવાર લગભગ પાંચ સદીઓથી આયર્લેન્ડમાં સ્થાયી થયો હતો. તેમના પિતા પાદરી હતા. તેમણે શીખવ્યું હતું કે માનવજાતની સેવા એ ભગવાનની સાચી સેવા છે. ચાર ભાઈ-બહેનોમાંથી માર્ગારેટ સૌથી મોટાં હતાં. માર્ગારેટના પિતા ૧૮૭૭માં મૃત્યુ પામ્યા ત્યારે તે ૧૪ વર્ષનાં હતાં. માર્ગારેટ તેની માતા અને બે ભાઈ-બહેનો સાથે તેના દાદા હેમિલ્ટનના ઘરે રહેવા માટે આવ્યાં. ૧૮૮૪માં સત્તર વર્ષની ઉંમરે તેમણે કેઝવિકની શાળામાં અભ્યાસ શરૂ કર્યો. ૧૮૮૬માં તેઓ અનાથાશ્રમમાં ભણાવવા માટે રગ્બી ગયા હતા. સિસ્ટર નિવેદિતા પહેલીવાર સ્વામી વિવેકાનંદને ૧૮૯૫માં લંડનમાં મળ્યાં હતાં. ૧૮૯૬માં જ્યારે બીજી વાર સ્વામીજીને મળ્યાં ત્યારે વિવેકાનંદને ગુરુ માની લીધા. દીક્ષા લઈને "ભારત સે પ્યાર કરો, ભારતીયોં કી સેવા કરો." આ મંત્ર લઈને ઈ.સ. ૧૮૯૮માં ભારત આવ્યા. માર્ગારેટ ૨૮ જાન્યુઆરી, ૧૮૯૮ના રોજ જહાજ મારફતે કલકત્તા પહોંચ્યાં. ૨૨ ફેબ્રુઆરીના રોજ તેમણે દક્ષિણેશ્વરની મુલાકાત લીધી. તેમને દીક્ષા આપી ત્યારે નિવેદિતા (જેનો અર્થ 'ભગવાનને સમર્પિત') નામ આપ્યું હતું. ભારત આવ્યા પછી ૧૭ માર્ચ ૧૮૯૮ના રોજ તેઓ રામકૃષ્ણ પરમહંસનાં પત્ની શારદાદેવીને મળ્યાં. એ પછી ધીમે ધીમે તેઓ ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં પણ જોડાયાં. ૧૯૦૪માં બંગભંગ વિરોધી આંદોલનની તેમણે આગેવાની લીધી અને યુનિવર્સિટી હૉલમાં લોર્ડ કર્ઝનના ભાષણ સમયે તેમણે વિરોધ કર્યો. આ ભાષણની અસત્યતા પ્રમાણિત કરવા માટે ૧૩મી ફેબ્રુઆરીના રોજ 'અમૃત બજાર પત્રિકા'માં તેમણે એક લેખ પણ લખેલો. તેમણે આવી અનેક ક્રાંતિકારી પ્રવૃત્તિઓ અને સેવાકાર્યો કરેલાં. અંગ્રેજો સામે બાથ પણ ભીડેલી અને તેમના વિરુદ્ધ લેખો પણ લખ્યા હતા. ભારતમાં સિસ્ટર નિવેદિતા તરીકે પ્રસિદ્ધ થયેલાં આ મહાન નારીના પુસ્તક 'કાલી ધ મધરે' રવીન્દ્રનાથ ટાગોરને પણ પ્રભાવિત કર્યા હતા. આમ વિદેશમાં જન્મ્યાં હોવા છતાં ભારત માતાને પોતાનું જીવન અર્પણ કરીને ૧૩ ઑક્ટોબર, ૧૯૧૧ના રોજ માત્ર ૪૮ વર્ષની વયે રોય વિલા, દાર્જિલિંગમાં તેમણે અંતિમ શ્વાસ લીધા.

Sudarshan GROUP



# ૧૧ - સરદારસિંહ રાણા

**જન્મ : ૧૦ એપ્રિલ, ૧૮૭૦**
**મહાપ્રયાણ : ૨૫ મે, ૧૯૫૭**

માતૃભૂમિની મુક્તિ કાજે તન, મન અને ધન સમર્પિત કરી દેનારા ક્રાંતિકારી સરદારસિંહ રાણા સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી પાસેના કંથારિયા ગામના વતની હતા. તેમનો જન્મ ૧૦મી એપ્રિલ, ૧૮૭૦ ના રોજ થયો હતો. રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં તેઓ ગાંધીજીના સહાધ્યાયી હતા. પછીથી મુંબઈની એલ્ફિન્સ્ટન અને પૂણેની ફર્ગ્યુસન કોલેજમાં અભ્યાસ કરીને લીંબડીના રાજવીની મદદથી બાર એટ લૉ થવા ઈંગ્લેન્ડ ગયા. ઈંગ્લેન્ડ જઈને તેઓ વકીલ થવાને બદલે હીરાના પારખુ બન્યા. હીરા-ઝવેરાતના ધંધામાં તેમણે જમાવટ કરી. શ્યામજી કૃષ્ણ વર્માના સંપર્કમાં આવતાં તેઓ ક્રાંતિના રંગે રંગાયા. ઇન્ડિયા હાઉસની સ્થાપનામાં શ્યામજીની સાથે જ રહ્યા. પછીથી પોલેન્ડ, તુર્કસ્તાન જઈ બૉમ્બ બનાવવાની પદ્ધતિ શીખી આવ્યા. આ પદ્ધતિ તેમણે સેનાપતિ બાપટ અને મિર્ઝા અબ્બાસને શીખવી ભારત મોકલ્યા. તે પછી બ્રિટિશ શાસન વિસ્ફોટથી ધ્રૂજી ઊઠ્યું. લંડનમાં મદનલાલ ધીંગરાએ કર્ઝન વાયલીની હત્યા કરી એ પિસ્તોલ પણ સરદારસિંહ રાણાની હતી. ૧૯૦૭માં જર્મની ખાતે દ્વિતીય આંતરરાષ્ટ્રીય સમાજવાદી કૉંગ્રેસ મળી તેમાં તેમણે મેડમ કામા સાથે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. તેમના આગ્રહથી જ મેડમ કામાએ ભારતીય સ્વતંત્રતાનો ધ્વજ પહેલીવાર વિદેશની ધરતી પર લહેરાવ્યો. તેઓ હવે બ્રિટિશ સરકારની આંખે ચડી ગયા. તેમના નામનું વૉરંટ નીકળ્યું. પરંતુ ફ્રેન્ચ નાગરિકત્વ ધરાવતા હોવાથી પકડી ન શકાયા. પ્રથમ વિશ્વયુદ્ધમાં ફ્રાંસ અને ઈંગ્લેન્ડ મિત્ર બની ગયા.

સરદારસિંહની ધરપકડ થઈ અને પનામા પાસેના માટેનિક ટાપુ પર દેશનિકાલ કરાયા. તેમની મિલકત પણ જપ્ત કરાઈ. જીવનનિર્વાહ કરવા તેમણે ઢોર ચરાવ્યા. પાછા ફ્રાંસ આવીને ઝવેરાતનો ધંધો સંભાળ્યો. બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. નાઝીઓ ફ્રાન્સમાં પ્રવેશ્યા ત્યારે નાઝીઓને મદદ કરવાનો ઈનકાર કરતાં જર્મન કોન્સન્ટ્રેશન કેમ્પમાં કેદ થયા. સુભાષચંદ્ર બોઝ જર્મની આવ્યા ત્યારે એમણે પહેલું કામ સરદારસિંહને છોડાવવાનું કર્યું. ફ્રેન્ચ સરકારે તેમની આ નિષ્ઠાની કદર કરી તેમને ફ્રેન્ચ લિજિયન ઑફ ઓનરનું પ્રતિષ્ઠિત સન્માન આપ્યું. વિદેશમાં આટલી વ્યસ્તતા વચ્ચે પણ તેમનો દેશવાસીઓ સાથે સંપર્ક જીવંત હતો. વર્ષો બાદ સ્વદેશ આવ્યા ત્યારે સુદામા સમા મિત્ર ગાંધીજીને મળવાનું ન ભૂલ્યા. ૧૯૪૭ માં દેશ સ્વતંત્ર થયો. તેના થોડા સમય પછી તેમના પર પક્ષાઘાતનો હુમલો થયો. ૧૯૫૦ થી તેઓ કાયમને માટે સ્વદેશ આવતા રહ્યા. સ્વાસ્થ્ય ન સુધર્યું. વેરાવળના દરિયાકિનારે હવાફેર કરવા ગયા ત્યાં જ તારીખ ૨૫ મે, ૧૯૫૭ ના રોજ તેમનું નિધન થયું.


Veecan ©
LED TV
AIR COOLERS
100% Made in India Products

Contact for Distribution :
RAMESH TV CORPORATION
Odhav, Ahmedabad-382415
Contact : 9925033376
email : rameshtvcorporation@hotmail.com



# ૧૨ - શ્યામજી કૃષ્ણ વર્મા

**જન્મ : ૦૪ ઑક્ટોબર, ૧૮૫૭**
**મહાપ્રયાણ : ૩૦ માર્ચ, ૧૯૩૦**

લંડનમાં ઇન્ડિયા હાઉસની સ્થાપના કરનાર શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છના માંડવીના વતની હતા. તેમનો જન્મ ૪ ઑક્ટોબર, ૧૮૫૭ના રોજ થયો હતો. બાળક શ્યામજીના મોઢેથી સંસ્કૃતના પાઠ સાંભળીને પ્રભાવિત થઈ ગયેલા એક શેઠ તેમને મુંબઈ ઉચ્ચ અભ્યાસ માટે લઈ ગયેલા. ત્યાંની પાઠશાળામાં શ્યામજીએ પાણિનિના વ્યાકરણથી શંકરાચાર્યના ભાષ્ય સુધીનો અભ્યાસ કર્યો. ત્યાં એક દિવસ મહર્ષિ દયાનંદ સરસ્વતી સાથે તેમનો ભેટો થઈ ગયો. દયાનંદ સરસ્વતીએ પણ તેમના સંસ્કૃતના જ્ઞાનથી પ્રભાવિત થઈને કહ્યું. 'બેટા, તું વિદેશમાં જઈને આપણી સંસ્કૃતિનું ત્યાંના લોકોને જ્ઞાન આપ.' શ્યામજીને આ વાત બરાબર ગળે ઊતરી ગઈ. મિત્રો પાસેથી ઉછીના પૈસા લઈને તેઓ લંડન પહોંચી ગયા. ઑક્સફોર્ડ યુનિવર્સિટીના સંસ્કૃતના અધ્યાપક વિલિયમ મોનિયરના સંપર્કમાં આવ્યા. અઠવાડિયાનું સવા પાઉન્ડ વેતન સ્વીકારી તેમના સહાયક બન્યા. સંસ્કૃતની સાથે સાથે કાયદાનો અભ્યાસ કરી શ્યામજી બૅરિસ્ટર થઈ સ્વદેશ પરત થયા. તેમને દીવાનપદની તક મળી. જેમાં થોડા સમય માટે એમણે ઉદેપુર અને જૂનાગઢ રાજ્યનું દીવાનપદ સ્વીકાર્યું. પરંતુ ત્યાંની રાજકીય ખટપટે તેમને આ પદ પર વધારે સમય ન રહેવા દીધા. આ સમયગાળામાં તેમનો ભેટો લોકમાન્ય ટિળક સાથે થયો. લોકમાન્ય ટિળકે તેમને પરદેશ જઈ ત્યાંના લોકોને ભારતની સાચી પરિસ્થિતિનો ખ્યાલ આપવાની સલાહ આપી. પત્ની ભાનુમતી સાથે પુનઃ લંડન ભણી ચાલી નીકળ્યા. ત્યાં ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ અખબાર શરૂ કર્યું. પછીથી તેમણે લંડનમાં ઇન્ડિયા હાઉસની સ્થાપના કરી. વિનાયક સાવરકર, મદનલાલ ધીંગરા જેવા કેટલાય ક્રાંતિકારીઓને શિષ્યવૃત્તિ આપી અભ્યાસ માટે ઇંગ્લેન્ડ બોલાવ્યા. જોતજોતાંમાં ઇન્ડિયા હાઉસ ક્રાંતિકારી પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની ગયું. શ્યામજીએ પોતાની બધી કમાણી આ સંસ્થા પાછળ ખર્ચી નાંખી. આ સંસ્થાના સભ્ય મદનલાલ ધીંગરાએ કર્ઝન વાયલીની હત્યા કરતાં બ્રિટિશ સરકારે ઇન્ડિયા હાઉસ બંધ કરાવી દીધું. શ્યામજી માટે લંડનમાં રહેવું દુષ્કર બની જતાં પૅરિસ પહોંચી ગયા. ત્યાં એમને ક્રાંતિકારી સરદારસિંહ રાણા અને મેડમ કામાનો ભેટો થયો. ત્રણેએ પૅરિસમાં બેઠાં બેઠાં મા ભારતીની સ્વતંત્રતાની જ્યોત જલતી રાખી. દરમિયાન પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં પૅરિસમાં રહેવું પણ જોખમરૂપ બની જતાં શ્યામજી પત્ની સાથે જિનીવા પહોંચ્યા. ત્યાં એમણે અંધારી ઓરડીમાં સાવ એકલતામાં દિવસો વિતાવ્યા. સ્વદેશથી કોઈનો પત્ર પણ તેમના સુધી પહોંચી શકતો નહિ. અધૂરામાં પૂરું શરીરે પણ સાથ ન આપ્યો. આંતરડાની બીમારી ઊભી થઈ. માતૃભૂમિની મુક્તિ માટે, તન, મન અને ધન સમર્પિત કરી દેનાર આ દેશભક્ત વતનથી હજારો માઈલ દૂર જિનીવામાં ૩૦મી માર્ચ, ૧૯૩૦ના રોજ અવસાન પામ્યા. જિનીવાથી ૨૦૦૩માં એમનાં અસ્થિ વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ગુજરાત-ભારતમાં લઈ આવ્યા અને કચ્છના માંડવીમાં સ્મારક બનાવી ક્રાંતિ તીર્થનું નિર્માણ પણ કર્યું.


Vibrant International Academy
for more information call us on
63 51 29 06 52
FOLLOW US
Near J. P. Patel School, Kamrej Gam, Kamrej, Surat-394180. Email: viakamrej@gmail.com Website: www.vibrantkamrej.org



# ૧૩ - મદનલાલ ધીંગરા

**જન્મ : ૧૮ સપ્ટેમ્બર, ૧૮૮૩**
**વીરગતિ : ૧૭ ઑગસ્ટ, ૧૯૦૯**

મદનલાલ ધીંગરાનો જન્મ ૧૮મી સપ્ટેમ્બર - ૧૮૮૩ના રોજ પંજાબના અમૃતસરમાં થયો હતો. તેમના પિતા ડૉ. દીત્તામલજી દેશવાસીઓમાં કાળા અંગ્રેજ તરીકે ઓળખાતા હતા. તેમનો મોટો દીકરો પણ એવો જ હતો. લંડન ગયા પહેલાં તો મદનલાલની વિચારધારા પણ એવી જ હતી. પરંતુ ત્યાં શ્યામજી કૃષ્ણ વર્મા અને સાવરકરના સંપર્કમાં આવતાં મદનલાલમાં ચમત્કારિક પરિવર્તન આવ્યું. તેઓ અંગ્રેજ શાસનના કટ્ટર વિરોધી બની ગયા. માતૃભૂમિ માટે પોતાનું બલિદાન આપવા તલપાપડ થવા માંડ્યા. કેટલાકને તેમનામાં આવેલા આ પરિવર્તનમાં વિશ્વાસ ન બેઠો. કોઈએ એમને કહ્યું પણ ખરું, 'મદન ક્રાંતિકારી બનીને કેવું કષ્ટ વેઠવાનું થાય છે એની ખબર છે?' જવાબમાં મદનલાલે કહ્યું 'એ સહન કરવા હું તૈયાર છું.' કસોટીરૂપે મદનલાલની હથેળી સોંસરવી સોય પસાર કરવામાં આવી. મદનલાલના મોંમાથી ઊંહકારો પણ ન નીકળ્યો. મદનલાલ હવે કસોટીની એરણમાંથી પસાર થઈ ગયેલા ઇન્ડિયા હાઉસના સભ્ય તરીકે ઓળખવા લાગ્યા. સાવરકર હવે તેમને બહુ મોટું કામ સોંપવા માંગતા હતા. એ વખતે લંડનમાં નૅશનલ ઇન્ડિયન એસોસિયેશન નામની એક સંસ્થા અંગ્રેજ સરકાર ચલાવતી હતી. તેમાં લંડન અભ્યાસ માટે આવતા ભારતીય યુવકોને અંગ્રેજોના વફાદાર સેવકો બનાવવાની પ્રેરણા આપવામાં આવતી. આ સંસ્થાનો વડો હતો કર્ઝન વાયલી. થોડાં વરસો પહેલાં તે ભારતમાં ફરજ બજાવતો હતો ત્યારે એણે દેશવાસીઓ ઉપર અત્યાચાર ગુજારવામાં કશું બાકી રાખ્યું નહોતું. ઇન્ડિયા હાઉસ વતી કર્ઝન વાયલીને ઠાર કરવાનું કામ મદનલાલે પોતાને માથે લીધું. કર્ઝન આમ તો મદનલાલના પિતાનો મિત્ર હતો. મદનલાલની ક્રાંતિકારીઓ સાથેની સાંઠગાંઠથી એ સખત નારાજ હતો. તેના પિતાને આ બાબતે તેણે અનેક વખત ફરિયાદ પણ કરી હતી. ૧ જુલાઈ, ૧૯૦૯નો દિવસ. સુંદર સ્યૂટ અને માથે પાઘડી પહેરીને મદનલાલ બરાબર આઠ વાગ્યે જહાંગીર હૉલમાં પહોંચી ગયા. અંગ્રેજ મિત્રો સાથે હળીમળીને વાતો કરવા માંડ્યા. કોઈને ગંધ પણ ક્યાંથી આવે કે મદનલાલના ખિસ્સામાં પિસ્તોલ હશે. રાતના અગિયાર વાગ્યા સુધી સમારોહ ચાલ્યો. કાર્યક્રમ પૂરો થયો કે મદનલાલ કર્ઝન વાયલી પાસે આવ્યા. કર્ઝને માન્યું કે મિત્રનો દીકરો પોતાને મળવા આવ્યો છે. ત્યાં તો ધડાધડ કરતી બે ગોળીઓ તેની છાતીમાં ઘૂસી ગઈ. કર્ઝન ત્યાં જ ઢળી પડ્યો. આટલું થયા પછી પણ મદનલાલ સહેજ પણ ભયભીત ન થયા. ઘડીક તો કોઈ માની ન શક્યું કે ગોળીબાર ખરેખર તેમણે કર્યો છે! ધરપકડ કરીને તેમના પર કેસ ચલાવવામાં આવ્યો. અને આખરે લંડનની ધરતી પર ૧૭મી ઑગસ્ટ - ૧૯૦૯ના રોજ આ મહાન ક્રાંતિકારીને ફાંસીએ લટકાવી દેવામાં આવ્યા.

COUNTRYSIDE
INTERNATIONAL SCHOOL
WISDOM | TRADITION | TECHNOLOGY



# ૧૪ - રામપ્રસાદ બિસ્મિલ

**જન્મ : ૧૧ જૂન, ૧૮૯૭**
**વીરગતિ :૧૯ ડિસેમ્બર, ૧૯૨૭**

કાકોરી રેલધાડના મુખ્ય સૂત્રધાર રામપ્રસાદ બિસ્મિલનું મૂળ નામ રામપ્રસાદ મુરલીધર પંડિત હતું. બિસ્મિલ એટલે વિહ્વળ. પોતે દેશની આઝાદી માટે વિહ્વળ હોવાથી નામની પાછળ પંડિતને બદલે બિસ્મિલનું છોગું લટકાવ્યું હતું. તેમનો જન્મ ઉત્તરપ્રદેશના શાહજહાનપુરમાં ૧૧ મી જૂન ૧૮૯૭ના રોજ થયો હતો. સમય જતાં રામપ્રસાદ આર્યસમાજના સંપર્કમાં આવતાં આપોઆપ તમાકુ-સિગારેટ જેવી કુટેવોથી મુક્ત થઈ ગયા. પછી તો આર્યસમાજના રંગે એવા તો રંગાઈ ગયા કે આખો દિવસ આર્યસમાજ મંદિરે જ રહેતા અને પૂજા તથા લોકસેવા કરતા. તેમના પિતા મુરલીધર પંડિત સનાતન ધર્મી હતા. તેમને આર્યસમાજની વિચારધારા બિલકુલ પસંદ નહોતી અને તેઓ મદનલાલને ઠપકો આપ્યા કરતા. એક વખત લખનઉમાં કૉંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન મળ્યું. શાહજહાનપુરથી લખનઉ બહુ દૂર નહિ. મિત્રો સાથે રામપ્રસાદ લખનઉ જઈ ચડ્યા. ત્યાં એમને અનેક ક્રાંતિકારીઓનો ભેટો થયો. ક્રાંતિકારી નેતા ગેંદાલાલ દીક્ષિતના તેઓ અનુયાયી બની ગયા. પછીથી રામપ્રસાદે બંગાળના પ્રખર ક્રાંતિકારી શચીન્દ્રનાથ સાન્યાલ સાથે મળીને હિન્દુસ્તાન પ્રજાતંત્ર સંઘની સ્થાપના કરી. કેટલાય યુવાનો આ સંગઠનમાં જોડાયા. અશફાકઉલ્લાખાં અને રોશનસિંહ જેવા પોતાના શહેરના મિત્રો પણ આ સંગઠનના સભ્ય બન્યા. જોતજોતામાં સંગઠન દેશવ્યાપી બની ગયું. આ સંગઠને અનેક ક્રાંતિકારીઓ તૈયાર કર્યા. પરંતુ નાણાની ભીડ આ સંગઠનની પ્રવૃત્તિને અવરોધતી રહી. આવડા મોટા સંગઠન માટે આવકનું કોઈ સાધન નહોતું. આર્થિક સમસ્યા હળવી કરવા ક્રાંતિકારીઓ ધાડના માર્ગે વળ્યા. રામપ્રસાદ તો અગાઉ મૈનપુરી ષડ્યંત્રમાં ભાગ લઈ ચૂક્યા હતા. એ જમાનામાં જમીનદારો ગરીબ લોકોનું ભારે શોષણ કરતા. આવા લોકોને લૂંટવા એ પાપ નથી એવું માની ક્રાંતિકારીઓ એમને ત્યાં ધાડ પાડતા. પરંતુ એમાંથી જે રકમ મળતી એટલેથી સંગઠનનું ગાડું ગબડી શકે તેમ નહોતું. રામપ્રસાદે બધાને સરકારી ખજાનો લૂંટવાનો તુક્કો સુઝાડ્યો. તેમની આગેવાની હેઠળ દસ ક્રાંતિકારીઓએ કાકોરી ખાતે ટ્રેન ઊભી રાખી લાખો રૂપિયાની પેટીઓ લૂંટી લીધી. જે રકમ મળી તેમાંથી જર્મનીથી માઉઝર પિસ્તોલ મંગાવી. બધા ઉત્સાહમાં આવી ગયા. પરંતુ એમનો આ ઉત્સાહ લાંબો ન ટક્યો. ક્રાંતિકારીઓની રેલલૂંટથી સમસમી ઊઠેલી સરકારે ધરપકડનો દોર ચાલુ કર્યો. ૪૦ જેટલા ક્રાંતિકારીઓની ધરપકડ કરવામાં આવી. લખનઉની અદાલતમાં કેસ ચાલ્યો. જેમાં રામપ્રસાદને ફાંસીની સજા સંભળાવવામાં આવી. અને આખરે ત્રીસ વર્ષના આ યુવાન ક્રાંતિકારી ૧૯મી ડિસેમ્બર- ૧૯૨૭ના રોજ વંદેમાતરમ્‌નો નારો બોલીને ગોરખપુરની જેલમાં ફાંસીના માંચડે ચડી ગયા.

Tushar R. Bhaskar
90673 32929

T & P Concrete



# ૧૫ - પ્રફુલ્લચંદ્ર ચાકી

**જન્મ : ૧૦ ડિસેમ્બર, ૧૮૮૮**
**વીરગતિ : ૧ મે, ૧૯૦૮**

ક્રાંતિકારી પ્રફુલ્લચંદ્ર ચાકીનો જન્મ ૧૦મી ડિસેમ્બર-૧૮૮૮ના રોજ વર્તમાન બાંગ્લાદેશના બોગરા જિલ્લામાં થયો હતો. તેમનું મૂળ નામ પ્રફુલ્લકુમાર ચક્રવર્તી, પરંતુ ક્રાંતિકારી મિત્રો તેમને ટૂંકમાં પ્રફુલ્લ ચાકી કહીને બોલાવતા. પછીથી લોકોમાં પણ આ જ નામ ચાલ્યું. ૩૦ એપ્રિલ, ૧૯૦૮ના રોજ કિંગ્સ ફોર્ડને ખતમ કરવાના ષડ્યંત્રમાં ખુદીરામ બોઝ સાથે પ્રફુલ્લ ચાકી પણ સામેલ હતા. બૉમ્બ ફેંકીને થોડે સુધી તો ભાગવામાં બેઉ સાથે જ રહેલા. પછીથી કોઈને શંકા ન પડે એ માટે બન્ને જુદા પડી ગયા. ખુદીરામ બેનીગાંવ તરફ ભાગ્યા તો પ્રફુલ્લે સમસ્તીપુરનો રસ્તો પકડ્યો. બીજે દિવસે તેઓ સમસ્તીપુર પહોંચ્યા. નાહીધોઈને ઇન્ટરક્લાસની ટિકિટ લઈને તેઓ હવે મુકામા જવા ઊપડ્યા. દુર્ભાગ્યવશ એ જ ડબ્બામાં પોલીસનો સિપાઈ નંદલાલ બેનરજી પણ બેઠો હતો. તે પોતાની રજા પૂરી કરીને સિંહભૂમિ પોલીસથાણે ફરજ પર હાજર થવા જઈ રહ્યો હતો. કિંગ્સ ફૉર્ડના બંગલે જે બૉમ્બ ફેંકાયો હતો એ ક્રાંતિકારીઓ દ્વારા ફેંકાયેલો પ્રથમ બૉમ્બ હતો. આ અગાઉ દેશભરમાં કોઈએ આવું સાહસ નહોતું કર્યું. અંગ્રેજ સરકાર સ્તબ્ધ થઈ ગઈ હતી. છાપામાં પણ પાનાં ભરીને આ સમાચારો પ્રકાશિત થયા હતા. બૉમ્બ ફેંકનાર શંકાશીલ વ્યક્તિનાં વિવરણ પણ તેમાં આપવામાં આવ્યાં હતાં. આ વિવરણના આધારે સિપાઈ નંદલાલ બેનરજીને સામે બેઠેલા યુવક પર શંકા પડી. છાપામાં બૉમ્બ ફેંકનાર વિશે લખ્યું હતું તેમાનું ઘણું બધું એ યુવકને મળતું આવતું હતું. તેણે હવે એ યુવક સાથે અજાણ્યા થઈ વાતો કરવા માંડી. પ્રફુલ્લ ચાકીને પણ તેના પર શંકા પડી. એટલે પછી જે સ્ટેશન આવ્યું ત્યાંથી તે ડબ્બો બદલીને બીજા ડબ્બામાં બેસી ગયા. આ દરમિયાન સિપાઈએ આ યુવક પર શંકા હોવાનો તાર મુજફ્ફરપુર મોકલ્યો અને ત્યાંનો આદેશ માગ્યો. આગળના સ્ટેશને તેને તાર દ્વારા જ સૂચના મળી કે શંકાશીલ માણસને પકડી લો. સિપાઈ નંદલાલ બેનરજી પાછો પ્રફુલ્લ ચાકી પાસે આવ્યો. શંકા પડતાં પ્રફુલ્લ ચાકી ભાગ્યા. પ્લેટફોર્મ પરથી બીજા સિપાઈઓએ પણ તેમનો પીછો કર્યો. કમનસીબે થોડે આગળ જતાં સામે જ સિપાઈઓની એક ટુકડીનો એમને ભેટો થઈ ગયો. ચારેબાજુથી ઘેરાઈ ગયા. કોઈ ઉપાય ન બચતાં એમણે પિસ્તોલ કાઢીને ગોળી ચલાવી, પરંતુ નિશાન ચૂકી ગયા. આ દરમિયાન પાછળ ઊભેલા એક સિપાઈએ પાછળથી તેમના હાથ પકડી લીધા. છટકવાનો હવે કોઈ વિકલ્પ બચ્યો નહોતો. આથી તેમને જીવતા પકડીને તેમના પર દમન ગુજારી ષડ્યંત્ર અંગેની માહિતી કઢાવવાનું અંગ્રેજ સરકારનું ધ્યેય પાર ન પડે તે માટે તેમણે પોતાના ઉપર જ બે ગોળી છોડી દીધી. એક ગોળી જડબામાં વાગી, બીજી કાંધના હાડકામાં. અને ૧ મે, ૧૯૦૮ના એ કમભાગી દિવસે ઘટનાસ્થળે જ તેમણે વીરગતિ વહોરી.

KANAK BEACON
HOTEL-ASHRAM ROAD
AHMEDABAD



# ૧૬ - પ્રીતિલતા વાદેદાર

**જન્મ : ૫ મે, ૧૯૧૧**
**મહાપ્રયાણ : ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૩૨**

ચટગાંવની યુરોપિયન કલબ પર બૉમ્બ ફેંકનાર જાંબાઝ મહિલા ક્રાંતિકારી પ્રીતિલતા વાદેદાર બંગાળના ચટગાંવના વતની હતાં. તેમનો જન્મ ૫મી મે, ૧૯૧૧ના રોજ થયો હતો. તેઓ એક એવા પરિવારનાં પુત્રી હતાં કે જ્યાં દીકરીને શિક્ષણ આપવું એ સારું ન ગણાતું. આ કારણસર પ્રીતિલતાની શિક્ષણ બાબતે ઉપેક્ષા કરવામાં આવેલી. પરંતુ પ્રીતિલતા એમ હાર સ્વીકારે એમ નહોતાં. ભાઈઓને ભણાવવા ઘરે અધ્યાપક આવતા ત્યારે તેઓ એમને બેઠાં બેઠાં સાંભળ્યા કરતાં. એક દિવસ અધ્યાપકને ખબર પડી કે પ્રીતિલતા તો વગર ભણાવ્યે એના ભાઈઓ કરતાં વધારે હોશિયાર બની ગઈ છે. એમણે પ્રીતિલતાના પિતાને આ વાત કરી. પિતાને હવે દીકરીની કુશાગ્ર બુદ્ધિનું ભાન થયું. પ્રીતિલતાની ભણવાની વ્યવસ્થા કરવામાં આવી. જોતજોતામાં પ્રીતિલતા મેટ્રિક પાસ થઈ ગયાં. મેટ્રિક પાસ કર્યા પછી તેમણે ગ્રેજ્યુએશન કર્યું. પછીથી તેઓ નંદનકાનન હાઈસ્કૂલનાં પ્રધાન પ્રાધ્યાપિકા બની ગયાં. આ સમયગાળામાં જ ક્રાંતિકારીઓએ ચટગાંવમાં શસ્ત્રાગારનો ખાતમો બોલાવ્યો. બદલામાં અંગ્રેજ સરકારે ક્રાંતિકારીઓ અને તેનાં પરિવારજનો પર અત્યાચાર ગુજારવામાં કશું બાકી ના રાખ્યું. આ જોઈને પ્રીતિલતાનું મન અંગ્રેજ સરકાર પ્રત્યે ઘૃણાથી ભરાઈ ગયું. તે ક્રાંતિકારી દળમાં જોડાઈને છૂપી રીતે તેમાં કામ કરવા માંડ્યાં, પછીથી ઘર છોડીને ઇન્ડિયન રિપબ્લિક આર્મીનાં મહિલા સૈનિક બની ગયાં. ૧૪ સપ્ટેમ્બર, ૧૯૩૨ના રોજ કલઘાટમાં પોલીસ સાથેની અથડામણમાં પ્રીતિલતાના બે સાથીદારો નિર્મલ સેન અને અપૂર્વ સેન માર્યા ગયા. પ્રીતિલતા બચી ગયાં. પરંતુ સાથીદારોનાં મોતનું વેર એ ન ભૂલી શક્યાં. આ ઘટનાના દસ દિવસ પછી એક રાતે પ્રીતિલતા બૉમ્બ લઈને ક્રાંતિકારી દળ સાથે યુરોપિયન કલબ તરફ નીકળી પડ્યાં. રાતના સાડાદસ વાગ્યા હતા. કલબના ચાલીસ સભ્યો આનંદ-પ્રમોદમાં મસ્ત હતા. બરોબર આ સમયે કલબની એક ખુલ્લી બારીમાંથી પ્રીતિલતાએ બૉમ્બ ફેંક્યો. કલબની અંદર નાસભાગ મચી ગઈ. તરત જ પ્રીતિલતાએ બીજો બૉમ્બ ફેંક્યો. સાથે સાથે તેમના સાથીદારોએ ગોળીબાર પણ શરૂ કર્યો. વાતાવરણ ચીસો અને બૂમબરાડાથી ગાજી ઊઠ્યું. પરંતુ ક્રાંતિકારીઓને જોઈએ તેટલો સમય અને અનુકૂળતા ન મળી શક્યાં. પોલીસને ખબર પડી એવી ત્યાં આવી પહોંચી. ક્રાંતિકારીઓ નાઠા. ઘાયલ લોકોને તાત્કાલિક દવાખાને પહોંચાડવામાં આવ્યાં. તેમાં એક અંગ્રેજ મૃત્યુ પામ્યો હતો. આજુબાજુ તપાસ કરતાં કલબની બહાર પોલીસને એક મહિલાની લાશ મળી આવી, જેણે સૈનિકનો વેશ પહેર્યો હતો. આ લાશ પ્રીતિલતા વાદેદારની હતી. ષડ્યંત્રમાં મળેલી નિષ્ફળતાને કારણે અંતે તેમણે ૨૪ સપ્ટેમ્બર, ૧૯૩૨ સ્વયં જ પોતાનું જીવન ટૂંકાવી દીધું.

St.Kabir
School
AHMEDABAD



# ૧૭ - મૅડમ ભીકાઈજી કામા

**જન્મ : ૨૪મી સપ્ટેમ્બર, ૧૮૬૧**
**મહાપ્રયાણ : ૧૩મી ઑગસ્ટ, ૧૯૩૬**

જર્મની ખાતે મળેલી બીજી આંતરરાષ્ટ્રીય સમાજવાદી કૉંગ્રેસમાં પ્રથમવાર ભારતીય સ્વતંત્રતાનો ધ્વજ લહેરાવનારાં મહિલા ક્રાંતિકારી મૅડમ કામા મુંબઈનાં વતની હતાં. તેમનો જન્મ ૨૪મી સપ્ટેમ્બર, ૧૮૬૧ના રોજ નવસારીમાં થયો હતો. આ પારસી સન્નારી નાનપણમાં ખૂબ લાડકોડમાં ઊછરેલાં. તેમનો સ્વભાવ એકદમ સ્વતંત્ર હતો. તેઓ સમજણાં થયાં ત્યારથી અંગ્રેજ સરકારને ધિક્કારવા માંડ્યાં હતાં. દીકરી ક્રાંતિના માર્ગે વળી જાય તે પહેલાં પિતા સોરાબજી ફ્રામજી પટેલે એને પરણાવી દેવાનું યોગ્ય માન્યું. મુંબઈના ખ્યાતનામ વકીલ રૂસ્તમ કામા સાથે તેનાં લગ્ન કરાવી દીધાં. મિસ્ટર કામા અંગ્રેજનિષ્ઠ હતા, જ્યારે મૅડમ કામા અંગ્રેજોના ઘોર વિરોધી. આ કારણસર એમના દામ્પત્ય જીવનમાં ચકમક ઝરવા માંડી. આ અરસામાં જ મુંબઈમાં પ્લેગ ફાટી નીકળ્યો. મૅડમ કામા પોતાના જીવની પરવા કર્યા વગર લોકોની સેવા કરવા નીકળી પડ્યાં. બદલામાં ખુદ પ્લેગના રોગનો ભોગ બની ગયાં. આ રોગની એમના પર એવી તો અસર થઈ કે ભારતમાં તેની સારવાર શક્ય ન બનતાં લંડન લઈ જવા પડ્યાં. એ વખતે દાદાભાઈ નવરોજી લંડનમાં રહેતા હતા. મૅડમ કામા તેમનાં અંગત મદદનીશ બન્યાં. અહીં તેઓ અનેક ક્રાંતિકારીઓના પરિચયમાં આવ્યાં. શ્યામજી કૃષ્ણ વર્મા દ્વારા પ્રકાશિત ઇન્ડિયન સોશિયોલોજિસ્ટમાં તેઓ લેખ લખવા માંડ્યાં. પરંતુ લંડનમાં રહીને ક્રાંતિકારી પ્રવૃત્તિ કરવી શક્ય નહોતી. મૅડમ કામા ત્યાંથી પૅરિસ જતા રહ્યાં. પૅરિસમાં એ વખતે પ્રખર ક્રાંતિકારી સરદારસિંહ રાણા રહેતા હતા. પછીથી વીર સાવરકર પણ ત્યાં આવીને વસ્યા. આ અરસામાં જ જર્મનીમાં બીજી આંતરરાષ્ટ્રીય સમાજવાદી કૉંગ્રેસ મળી. મૅડમ કામાએ સરદારસિંહ રાણા અને વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય સાથે મળીને પ્રથમવાર ભારતીય સ્વતંત્રતાનો ઝંડો લહેરાવ્યો. આ પગલાંથી મૅડમ દેશ-વિદેશમાં પ્રસિદ્ધ થઈ ગયાં. ભારતની સ્વતંત્રતા માટે તેઓ હવે અમેરિકા ગયાં. ત્યાં અનેક જગ્યાએ તેમણે પ્રવચન આપ્યાં. ત્યાંથી પાછા લંડન આવ્યાં. ૧૯૦૮માં સાવરકર સાથે મળીને ત્યાં ૧૮૫૭ની અર્ધશતાબ્દી મનાવી. પરંતુ લંડનમાં રહેવું દુષ્કર બનતાં પાછાં પૅરિસમાં આવ્યાં. ત્યાં એમણે 'વંદેમાતરમ્' અખબાર શરૂ કર્યું. પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થતાં ઇંગ્લેન્ડ અને ફ્રાંસ મિત્ર બની ગયા. ઇંગ્લેન્ડના દબાણને કારણે ફ્રાંસની સરકારે તેમને નજરકેદ કર્યાં. આ નજરબંધીને કારણે તેમની તબિયત બગડી. આર્થિક રીતે પણ ભાંગી પડ્યાં. એક નાનકડી ઓરડીમાં દિવસો વિતાવવા માંડ્યાં. એમના માટે વતન પાછા ફરવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન રહ્યો. પાછા ફરતાં તેમની તબિયત વધારે કથળી. આઠ મહિના હૉસ્પિટલમાં રહીને આ ક્રાંતિકારી મહિલાએ ૧૩મી ઑગસ્ટ, ૧૯૩૬ના રોજ પોતાના પ્રાણ છોડી દીધા.



# ૧૮ - રાની ચેન્નમ્મા

**જન્મ : ૧૪ નવેમ્બર, ૧૭૭૮**
**મહાપ્રયાણ : ૨૧ ફેબ્રુઆરી, ૧૮૨૯**

રાણી ચેન્નમ્માનો જન્મ ૧૪મી નવેમ્બર, ઈ.સ.૧૭૭૮ના રોજ કાકતી (બેલગામ)માં થયો હતો. મૈસૂરના નાનકડા શહેર કિત્તુરનો ભૂતકાળ અતિ ભવ્ય છે. પોતાના રાજયના સ્વાતંત્ર્ય માટે વિદેશીઓ સામે લડનાર પ્રથમ ભારતીય નારીના પાટનગર તરીકે એ શહેર ગૌરવ લઈ શકે છે. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈથી વીસ વર્ષ અગાઉ એ વીરાંગના વિદેશી સામ્રાજ્યવાદ સામે લડી હતી. એ સમયે કિત્તુરના રાજા હતા મલ્લ સર્જ. તેમને બે રાણીઓ હતી. પહેલી રાણી રુદ્રમ્મા અને નાની રાણી ચેન્નમ્મા. એમને કોઈ સંતાન નહોતાં. રાણી ચેન્નમ્મા એક ગુણિયલ, સુશિક્ષિત, ગૌરવવંતાં નારી હતાં. મોટી રાણીના પુત્રને પણ એ પોતાના પુત્રરૂપ જ માનતા હતા. ચેન્નમ્માનો ખાસ સલાહકાર અમાત્ય ગુરુસિદ્ધપ્પા હતો. મલ્લ સર્જના અવસાન પછી પહેલી રાણીનો પુત્ર શિવલિંગ સર્જ ગાદીએ બેઠો. શિવલિંગ સર્જ આધેડ વયના થયા હતા છતાં તેમને એકે સંતાન નહોતું. ૧૮૨૪માં એ સખત બીમાર પડ્યા ત્યારે ચેન્નમ્માએ મસ્ત મર્દાઈ કુટુંબના બાલાસાહેબ નામના કિશોરને દત્તક લેવાની તૈયારી શરૂ કરી. થોડા સમય પછી શિવલિંગનું અવસાન થયું. ચેન્નમ્મા અને ગુરુસિદ્ધપ્પાએ બાલાસાહેબ પછી રાજ્યની બાગડોર સંભાળી લીધી. આ બાજુ થેકરે પણ એટલો જ હોશિયાર અંગ્રેજ હતો. અંગ્રેજ રાજ્યના વિસ્તાર માટે એ સદાય મથ્યા કરતો. એણે વિચારેલો નુસખો હતો ખાલસા પદ્ધતિનો. એ મુજબ કોઈ રાજવી વંશવારસ વિના ગુજરી જાય તો તેના રજવાડાને અંગ્રેજો પોતાના પ્રદેશમાં જોડી દેતા. આ જ ખાલસા પદ્ધતિ પાછળથી ડેલહાઉસીએ અપનાવેલી, ખાલસા પદ્ધતિ લાગુ કરવાની પહેલી ઘટના કિત્તુરમાં બની. થેકરે પત્ર લખીને ચેન્નમ્માને જણાવ્યું કે, 'હવે કિત્તુરનો કારભાર તમારો અને અમારો-એમ સંયુક્તપણે એને બે દીવાન મળીને ચલાવશે. વળી, છેલ્લાં છ વર્ષથી તમે ખંડણી આપવામાં અખાડા કરો છો, તે હવે જલદી ચૂકવી દો.' ચેન્નમ્માએ કહ્યું, 'અંગ્રેજો આપણું રાજ હડપ કરી જવા માંગે છે, પણ રાજ એમને નહિ સોંપું.' અંગ્રેજોની ધમકીથી ડરી જાય એવી કાચી પોચી એ નારી નહોતી, એવું થેકરે સમજી ગયો. એણે તરત જ બે હજાર સૈનિકોને કિત્તુર પર હુમલો કરવા રવાના કર્યા. ચેન્નમ્માએ પણ અંગ્રેજ સેના પર વળતો હલ્લો કર્યો. આ રણચંડીના આક્રમણ આગળ અંગ્રેજો પૂંછડી દબાવીને ભાગ્યા.પણ થેકરેને ક્યાંય ચેન પડતું નહોતું. તેણે કૂટનીતિ અપનાવી.ઈ.સ.૧૮૨૮ના દિવસે એણે ફરીથી કિત્તુર ફરતે ઘેરો ઘાલ્યો. એક ખૂંખાર લડાઈ પછી રાણી ચેન્નમ્મા કેદ પકડાયાં. એમના છેલ્લા દિવસો બેગહાંગલાના કિલ્લામાં બંદી હાલતમાં વીત્યા.આખરે ૧૮૨૯ની ૨૧મી ફેબ્રુઆરીની સાંજે એમનું અવસાન થયું.

DCIS
Shankus
DIVINE CHILD
INTERNATIONAL SCHOOL



# ૧૯ - હુતાત્મા સુખદેવ

**જન્મ : ૧૫ મે, ૧૯૦૭**
**વીરગતિ : ૨૩ માર્ચ, ૧૯૩૧**

લાહોરમાં ક્રાંતિકારી સંગઠન દ્વારા ચલાવવામાં આવતી બૉમ્બ બનાવવાની ફૅક્ટરીની જોખમભરી જવાબદારી સંભાળતા સુખદેવ થાપર પંજાબના લુધિયાણા પાસેના નૌધરા ગામના વતની હતા. તેમનો જન્મ ૧૫મી મે, ૧૯૦૭ના રોજ થયો હતો. તેમના ગામમાં થાપર વંશનું ખૂબ વર્ચસ્વ. ત્યાં તેમનો એક કિલ્લો પણ હતો. સુખદેવે ત્રણ વર્ષે પિતાનું છત્ર ગુમાવેલું. કાકા ચિન્તારામના આશ્રયે એ મોટા થયેલા. કાકા ચુસ્ત આર્યસમાજી. કૉંગ્રેસના પણ સક્રિય કાર્યકર. કાકાની આ દેશભક્તિમાંથી પ્રેરણા લઈને જ સુખદેવ સ્વાતંત્ર્યસેનાની બન્યા. પરંતુ એમણે અહિંસાના માર્ગે ન વળતાં સશસ્ત્ર ક્રાંતિનો માર્ગ પસંદ કર્યો. વિધવા માએ દીકરાને પરણાવવા માટે આગ્રહ કર્યો ત્યારે તેમણે જવાબ આપેલો કે, 'મા, મારે ઘોડીએ નહિ, ફાંસીએ ચડવું છે.' આવા વિચાર સાથે જ ઉચ્ચ અભ્યાસ માટે સુખદેવ લાહોર ગયા. ત્યાં એમને જે જોઈતું હતું એ મળી ગયું. ક્રાંતિકારીઓ શિવ વર્મા, ભગવતીચરણ વોરા અને જયદેવ કપૂરનો એમને ભેટો થઈ ગયો. હવે શું બાકી રહે? સુખદેવે હોસ્ટેલ છોડી મકાન ભાડે રાખ્યું. જે ક્રાંતિકારીઓનો અડ્ડો બની ગયું. સાયમન કમિશનના વિરોધ વખતે લાહોરમાં સુખદેવે મહત્ત્વની ભૂમિકા ભજવી. લાલા લજપતરાયના હત્યારા સાંડર્સની હત્યા પછી ભગતસિંહ અને રાજગુરુને લાહોર બહાર સલામત રીતે પહોંચાડવાની પણ એમની ભૂમિકા મહત્ત્વની રહી. આ ઘટનાના બીજા જ વર્ષે ભગતસિંહે ઍસેમ્બલીમાં બૉમ્બ ફેંક્યો. અંગ્રેજ સરકાર હવે ક્રાંતિકારીઓને કોઈ પણ સંજોગમાં છોડવા માગતી નહોતી. આડેધડ ધરપકડ કરવા માંડી. એના સપાટામાં સુખદેવ પણ આવી ગયા. લાહોરમાંની એમની બૉમ્બ બનાવવાની ફૅક્ટરી પર છાપો મારવામાં આવ્યો. જેમાંથી પિસ્તોલ, ગોલ્ડન રિસ્ટવૉચ, કેટલાંક સજીવ બૉમ્બ અને રસાયણો મળી આવ્યાં. એ જ ઘડીએ એમની ધરપકડ કરી લેવામાં આવી. સુખદેવ એકદમ સ્વસ્થ હતા. સજીવ બૉમ્બ ફૂટે નહિ એની કાળજી લેવાની પોલીસને એ મશ્કરીભરી ટકોર કરવાનું ન ચૂક્યા. લાહોરની જેલમાં સુખદેવને ભગતસિંહનો ફરીને ભેટો થયો. ભગતસિંહ ભૂખ હડતાળ પર ઊતર્યા તો એની પાછળ સુખદેવે પણ ઉપવાસ શરૂ કર્યા. તબિયત કથળી. ક્રાંતિકારી યતીન્દ્રનાથ દાસના મૃત્યુ પછી સરકાર થોડી સજાગ બની. બળપૂર્વક સુખદેવના મોંમાં નળી નાખી પાણી પિવડાવવામાં આવ્યું. ભૂખ હડતાળમાંથી તો સુખદેવ બચ્યા, પણ અદાલતે એમને ન બચાવ્યા. ફાંસીની સજા સંભળાવવામાં આવી. ક્રાંતિકારી મિત્રો ભગતસિંહ અને રાજગુરુ સાથે આ ચોવીસ વર્ષના યુવાન ક્રાંતિકારી પણ આખરે 'વંદેમાતરમ્'ના ઘોષ સાથે ૨૩મી માર્ચ, ૧૯૩૧ના દિવસે ફાંસીના માંચડે ચડી ગયા. તેમની યાદમાં આજે પણ આ દિવસ 'શહીદ દિવસ' તરીકે મનાવાય છે.

AAVISHKAR
SCHOOL



# ૨૦ - સેનાપતિ તાત્યા ટોપે

**જન્મ : ૧૬ ફેબ્રુઆરી, ૧૮૧૪**
**વીરગતિ : ૧૮ એપ્રિલ, ૧૮૫૯**

આ રણ ધુરંધર સેનાનીનો જન્મ ૧૬ ફેબ્રુઆરી ૧૮૧૪ના રોજ થયો હતો. તાત્યા ટોપેનું ખાનદાન મૂળ નાસિકના યેવલાનું. તેમના પિતાનું નામ પાંડુરંગ ત્ર્યંબક ભટ્ટ ઉર્ફે યેવલેકર હતું. પાંડુરંગ ભટ્ટના સંસ્કૃત પાંડિત્યથી પ્રભાવિત થઈ પેશવા બાજીરાવે ભર દરબારમાં અતિ મૂલ્યવાન રત્નજડિત ઊંચી ટોપી આપી સત્કાર કર્યો તેથી તેમની અટક ટોપે પડી હતી. પાંડુરંગ રાવના બીજા પુત્ર રામચંદ્ર આગળ જતાં તાત્યા ટોપેના નામથી ઓળખાવા લાગ્યા. નોકરી નિમિત્તે પાંડુરંગરાવ બ્રહ્માવર્ત આવ્યા. ત્યાં રજવાડામાં જ તાત્યાએ નાનાસાહેબ અને લક્ષ્મીબાઈ સાથે યુદ્ધકળા આત્મસાત્ કરી પોતાની કારકિર્દીનો પાયો બાંધ્યો. 'નાનાસાહેબના એ.ડી.સી.' તરીકે અંગ્રેજ ગ્રંથકારોએ તેમનું વર્ણન કર્યું છે. તાત્યાનું વ્યક્તિત્વ રૂઆબદાર હતું. ઊંચાઈ પાંચ ફૂટ છ ઈંચ હતી. નેણ અત્યંત રેખાદાર હતા. તે નિશ્ચયી સ્વરમાં બોલતા. તાત્યાને ઉર્દૂ, મરાઠી અને ગુજરાતી ભાષા આવડતી હતી. તેઓ અંગ્રેજી હસ્તાક્ષર પણ કરી જાણતા હતા. ૧૮૫૭ના અરસામાં ઘટેલી રાજકીય ઘટના વખતે તે નાનાસાહેબના સલાહકાર હતા. ૧૮૫૭ના સ્વાતંત્ર્યના સંગ્રામની ઘટના વિદ્યુતવેગે આગળ વધી ગઈ હતી. તાત્યાની કાબેલિયતને લીધે સેનાપતિ પદ તાત્યા પાસે આવ્યું. કાનપુરનો તાબો ફરીથી અંગ્રેજો પાસે ગયો. આ વખતે તાત્યાની સૈન્ય-રચના અને રણકૌશલ્યના વખાણ અંગ્રેજ ઇતિહાસકારોએ પણ કર્યા.

પરાભૂત થયેલા પંથકોને કાલ્પી નજીક ફરીથી એકઠા કરવાનું તાત્યાએ નિર્ધાર્યું. તે જ યોજના હેઠળ પોણા બે વરસ સુધી ક્રાંતિયુદ્ધ ચાલતું રહ્યું. આ યુદ્ધમાં તાત્યાએ અનેક રાજાઓ પાસે મદદ માગી. પણ તે બધાએ નકારી કાઢી. તે બધા ઉપર હુમલા કરી પેશવાના સેનાપતિ તરીકે ખંડણી અને યુદ્ધ સાહિત્ય એકઠું કરી અંગ્રેજો સાથે યુદ્ધ ચાલુ રાખ્યું. કાલ્પી નજીક આવેલી રાણી લક્ષ્મીબાઈને મદદ કરવા ગ્વાલિયરના સિંધિયાને પોતાની તરફ વાળવાના પ્રયત્નમાં નિષ્ફળતા મળી. હાર-જીતનો સામનો દીર્ઘકાળ સુધી તાત્યાને કરવો પડ્યો. તે દરમ્યાન અંગ્રેજોને સતત હાથતાળી આપતા રહ્યા. આ અલ્પ સમય દરમ્યાન હેવલોક, સર રોઝ, રોબર્ટ નેપિયર, સ્મિથ, મેન હોમ્સ, મિચેલ વગેરે અંગ્રેજ સેનાપતિઓનો રણમેદાનમાં સામનો કર્યો હતો. રણભૂમિ પર પ્રભુત્વ, જલદ હિલચાલ, શત્રુની આંખોમાં ધૂળ ઝોંકવી, સામાન્ય જનતાની સહાનુભૂતિને લીધે તાત્યા અંગ્રેજોના હાથે સપડાતા ન હતા. આખરે રિચર્ડ મિડે ફૂટનીતિ વાપરી. ગ્વાલિયરના નમકહરામ માનસિંહની મદદથી તાત્યાની અટક કરી. તાત્યા ઉપર શિપ્રી ખાતે મુકદ્દમો ચલાવી આ યોદ્ધા સેનાપતિને એપ્રિલ ૧૮, ૧૮૫૯ના રોજ ફાંસી અપાઈ. તે સાથે જ ૧૮૫૭ના સંગ્રામની એક જ્યોતમશાલ ઓલવાઈ ગઈ.

सर्वतोन्मुख विकासः
RANGOLI
INTERNATIONAL SCHOOL
GANDHINAGAR



# ૨૧ - હુતાત્મા મંગલ પાંડે

**જન્મ : ૧૯ જુલાઈ, ૧૮૨૭**
**વીરગતિ : ૦૮ એપ્રિલ, ૧૮૫૭**

મંગલ પાંડે એટલે ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામમાં આહુતિ આપનાર પ્રથમ ક્રાંતિકારી. તેમનો જન્મ ૧૯ જુલાઈ - ૧૮૨૭ના રોજ ઉત્તર પ્રદેશના બલિયા જિલ્લાના નાગવા ગામમાં થયો હતો. 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિથી અંગ્રેજોએ અહીં સામ્રાજ્ય સ્થાપ્યું. બંગાળ એ સમયે શાંત રહ્યું, પરંતુ ૧૮૫૭માં તો એક ક્રાંતિની ચિનગારી પ્રગટી અને તે અગ્નિરૂપ બની ગઈ. સ્વાતંત્ર્યની આ આગમાં પ્રથમ આહુતિ આપનારા ક્રાંતિવીર હતા મંગલ પાંડે. તેઓ સ્વતંત્ર વિચારસરણી ધરાવતા હતા. મેરઠમાં બરાકપુર રેજિમેન્ટના તેઓ એક અદના સૈનિક હતા. એ સમયે સૈનિકોને જે કારતૂસ વાપરવા આપવામાં આવતી હતી તેના પર ગાય અને ડુક્કરની ચરબીનું પડ લગાડેલું રહેતું હતું. એ ચરબીનું પડ મોઢેથી તોડવું પડતું, એટલે હિન્દુઓએ એના માટે સખત વિરોધ કરેલો. મંગલ પાંડે પોતે બ્રાહ્મણ હતા. જ્યાં સુધી તેમને આ ચરબીવાળી ઘટનાની ખબર નહોતી ત્યાં સુધી તો વાંધો નહોતો. પણ જાણ થઈ કે તરત તેમના ભવાં સંકોચાયાં. બીજા લોકો વિરોધ કરતા હતા પણ સાવ ઢીલો. પણ મંગલ પાંડે તો પરશુરામના વંશજ. તેમણે અંગ્રેજોનાં મોઢાં પર ગાયની ચરબીવાળા એ કારતૂસ વાપરવાની ના પાડી. એ રેજિમેન્ટમાં હિન્દુ અને મુસ્લિમો સૈનિકરૂપે હતા. મંગલ પાંડેએ સૌથી પહેલો વિરોધ કર્યો. એમના વિરોધને દાબી દેવા એમના ઉપરી અધિકારીઓ એ રેજિમેન્ટને નિઃશસ્ત્રી બનાવી દીધી.

૨૧ માર્ચ, ૧૮૫૭ના રોજ પરેડના મેદાન ઉપર નિઃશસ્ત્રીકરણનો હુકમ છોડ્યો. બધાય સૈનિકોને હથિયાર હેઠાં મૂકી દેવાના હુકમથી મંગલ પાંડે વધારે ગુસ્સે ભરાયા. ભારતની ભૂમિ પર ભારતના લોકો કે સૈનિકો ઉપર એ હુકમ આપનારને કોણ ગણે ? એ પરેડ ગ્રાઉન્ડ ઉપર મંગલ પાંડેએ સખત વિરોધ કર્યો. સારજંટ મેજર હ્યુસનવર પોતાના હુકમને પાછો લેવા તૈયાર ન થયો એટલે મંગલ પાંડેએ પોતાની બંદૂકમાંથી ગોળી છોડી મેજરની હત્યા કરી. તેઓ બીજી ગોળી લેફ્ટનન્ટ બોવર તલતારી ઉપર છોડવાની તૈયારીમાં જ હતા ત્યાં તેમને જનરલ હિર્સલાએ પકડી લીધા. એમની બંદૂક છીનવી લીધી. પરેડ ગ્રાઉન્ડ ઉપર સન્નાટો છવાઈ ગયો. એ પછી મંગલ પાંડે પર દસ દિવસ 'કોર્ટ માર્શલ'ની કાર્યવાહી ચાલી. પછી જે થતું આવ્યું હતું એ જ થયું. મંગલ પાંડેને ફાંસીની સજા જાહેર થઈ. અને અંતે ૮ એપ્રિલ, ૧૮૫૭ના રોજ બરાકપુરની જેલમાં જ મંગલ પાંડે ફાંસીના માંચડે ચડીને ભારત માતાનાં ચરણોમાં સમર્પિત થયા. અંગ્રેજોને હતું કે મંગલ પાંડેના મોત પછી બધું શાંત થઈ જશે પણ ભારતના આ પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામની પ્રથમ આહુતિ બનનાર મંગલ પાંડેની વીરગતિ બાદ સ્વતંત્રતાની ચિનગારી આખા દેશમાં પ્રગટી ઊટી.



## ૨૨ - હુતાત્મા હેમુ કાલાણી

**જન્મ : ૨૩ માર્ચ, ૧૯૨૩**
**વીરગતિ : ૨૧ જાન્યુઆરી, ૧૯૪૩**

યુવા ક્રાંતિકારી હેમુ કાલાણી સિંધના ઐતિહાસિક નગર સખ્ખરના વતની હતા. તેમનો જન્મ ૨૩મી, માર્ચ ૧૯૨૩ના રોજ થયો હતો. એક દિવસ કુસ્તીમાં તેમણે અંગ્રેજ પહેલવાનને ભોંયભેગો કર્યો. તેમના આ પરાક્રમ બદલ વિદ્યાર્થીઓએ વિજય સરઘસ કાઢ્યું. અંગ્રેજોથી આ સહન ન થયું. સરઘસ ઉપર લાઠી પ્રહાર કર્યો. આ ઘટનાથી હેમુની અંદર અંગ્રેજ વિરોધનાં બીજ રોપાયાં. સ્વરાજ સેનાની સ્થાપના કરી. પોલીસ દમનના વિરોધમાં તેમના દ્વારા ફરી સરઘસ કાઢવામાં આવ્યું. આ વખતે લાઠી પ્રહારને બદલે ગોળીબાર થયો. સ્વરાજ સેનાના કેટલાય સૈનિકો ઘવાયા. હેમુ હિંમત ન હાર્યા. અંગ્રેજ સરકારને ગોળીનો જવાબ બૉમ્બથી આપવા એ બૉમ્બ બનાવવાનું શીખ્યા. એ વખતે ક્રાંતિકારી મંઘારામ કાલાણી જેલમાં હતા. હેમુએ તેમને છોડાવવાનું બીડું ઝડપ્યું. રાત્રે બાર વાગ્યે સાથીદારો સાથે જઈ હેમુએ મંઘારામ કાલાણી જે જેલમાં પુરાયેલા હતા તેના પર બૉમ્બ ફેંક્યો. જેલની દીવાલ પત્તાના મહેલની માફક તૂટી ગઈ. વિસ્ફોટ થતાં જ પોલીસ દોડી આવી. સામસામો ગોળીબાર થયો. ચાલીસ જેટલા પોલીસના માણસો મોતને ભેટ્યા. હેમુના પણ દસ સાથીઓ શહીદ થયા. હેમુને પકડવામાં પોલીસ સફળ ન રહી. આ ઘટનાના થોડા દિવસ પછી દેશમાં 'હિંદ છોડો' ચળવળ ઊપડી. સિંધમાં પણ આ ચળવળે રંગ પકડ્યો હતો. સરકાર તેને દાબી દેવા કોઈ પણ હદે જવા તૈયાર હતી. ત્યાં હેમુ પાસે સમાચાર આવ્યા કે 'હિંદ છોડો' ચળવળના સેનાનીઓને ખતમ કરવા હથિયાર ભરેલી અંગ્રેજ ફોજની એક ટ્રેન કોઈટિયા જવાની છે. હેમુએ મનોમન નિશ્ચય કર્યો કે હથિયાર ભરેલી ટ્રેનને સખ્ખરથી આગળ જવા ન દેવી. એ સાંજે સ્મશાનગૃહના ઓરડામાં ક્રાંતિકારીઓની બેઠક મળી, જેમાં ટ્રેનના પાટા તોડવાની રૂપરેખા ઘડી કાઢવામાં આવી. ચાંદની રાતે આ ક્રાંતિકારીઓ સખ્ખરની બિસ્કિટ ફેક્ટરી પાસેથી રેલના પાટા નીકળતા હતા ત્યાં પહોંચી ગયા. હેમુએ ઓજારો વડે ફિશ પ્લેટ કાઢવાનું શરૂ કર્યું. શાંત વાતાવરણમાં ઓજારનો ઠક ઠક અવાજ બિસ્કિટ ફેક્ટરીના જમાદાર સુધી પહોંચ્યા વગર ન રહી શક્યો. જમાદારે ફેક્ટરી અંદર જઈ પોલીસને ફોન કર્યો. ખબર પડી એવી પોલીસ ત્યાં દોડી આવી. હેમુ ઓજાર સાથે ઝડપાઈ ગયા. તેમના બે સાથીદારો નંદ અને કિશનની પણ ધરપકડ કરવામાં આવી. અદાલતમાં બધો આરોપ હેમુએ પોતાના માથે ઓઢી લીધો. તેમને આજીવન કારાવાસની સજા કરવામાં આવી. પાછળથી જજ કર્નલ રિચર્ડસને તેને ખતરનાક ગણાવી સજા આજીવન કારાવાસમાંથી ફાંસીની કરી નાંખી. અને ૨૦ વર્ષના આ ક્રાંતિકારી ૨૧મી જાન્યુઆરી, ૧૯૪૩ના રોજ હસતાં મોઢે ફાંસીએ ચડી ગયા.


શુભેચ્છા સાથે
(મો) +૯૧-૯૫૮૬૯૪૪૨૨૨
**મુકેશ વ્યાસ**
ખોખરા - મણિનગર - કર્ણાવતી
**શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ** સહ મંત્રી (રાજ્યકક્ષા)



# ૨૩ - વીર યોદ્ધા કુંવરસિંહ

**જન્મ : ૧૩ નવેમ્બર, ૧૭૭૭**
**મહાપ્રયાણ : ૨૬ એપ્રિલ, ૧૮૫૮**

૧૮૫૭ પહેલાં ભારતીય સ્વતંત્રતા ચળવળના મહાન નાયક બાબુ વીર કુંવરસિંહનું કામ આજે પણ લોકોની યાદોમાં છે. ૧૩ નવેમ્બર ૧૭૭૭ ના રોજ ભોજપુર (બિહાર) આરામાં જન્મેલા વીર કુંવરસિંહ ૮૦ વર્ષની ઉંમરે દુશ્મનો સામે લડવા અને જીતવાના ઉત્સાહ માટે ઇતિહાસમાં જાણીતા છે. મંગલ પાંડેએ ૧૮૫૭માં જે ચિનગારી સળગાવી હતી તે આખા દેશમાં સંગ્રામની આગ બનીને ફેલાઈ ગઈ હતી. આવી સ્થિતિમાં વીર કુંવરસિંહ પણ પોતાની જાતને રોકી ન શક્યા અને પોતે કમાન્ડર બનીને ભારતીય સૈનિકો સાથે અંગ્રેજો સામેના યુદ્ધમાં ઊતર્યા. ૨૭ એપ્રિલ ૧૮૫૭ના રોજ દાનાપુરના સૈનિકો અને ભોજપુરના સૈનિકો અને અન્ય સાથીઓ સાથે બાબુ વીર કુંવરસિંહે આરા શહેર પર કબજો કર્યો. અંગ્રેજોના પ્રયત્નો છતાં, ભોજપુર લાંબા સમય સુધી સ્વતંત્ર રહ્યું. વીર કુંવરસિંહે આરા જેલ તોડી કેદીઓને મુક્ત કરાવ્યા અને તિજોરી કબજે કરી. આટલું જ નહીં, તેમણે આઝમગઢ પર પણ કબજો કર્યો. લખનૌથી ભાગી ગયેલા ઘણા ક્રાંતિકારીઓ પણ કુંવરસિંહની સેનામાં જોડાયા હતા.

જગદીશપુરનું રાજ્ય પચાવી પાડવા અંગ્રેજો કૂટનીતિના દાવપેચ અજમાવી રહ્યા હતા.અંગ્રેજોએ આરા પર હુમલો કર્યો અને બીબીગંજ અને દિવ્યાનાં જંગલોમાં ભીષણ યુદ્ધ થયું. બહાદુર સ્વાતંત્ર્ય સેનાનીઓ જગદીશપુર તરફ આગળ વધ્યા અને આરા પર ફરીથી કબજો કર્યા પછી, અંગ્રેજોએ બાબુ વીર કુંવરસિંહના કિલ્લાને ચારે બાજુથી ઘેરી લીધો. કુંવરસિંહ અને અમરસિંહને જન્મભૂમિ છોડવી પડી. અમરસિંહે અંગ્રેજો સામે ગેરીલા લડાઈ લડવાનું ચાલુ રાખ્યું અને વીર કુંવરસિંહે તેમના બહાદુર સૈનિકો સાથે બનારસ, આઝમગઢ, બલિયા, ગાઝીપુર, ગોરખપુરમાં આંદોલનને આગળ ધપાવવાનું ચાલુ રાખ્યું. વીર કુંવરસિંહ લાંબા સમય સુધી તેમની સેના સાથે અંગ્રેજો સાથે લડ્યા. આ સમય દરમિયાન, તેઓ સેના સાથે બલિયા નજીક શિવપુરી ઘાટથી હોડીની મદદથી ગંગા નદી પાર કરી રહ્યા હતા, ત્યારે અંગ્રેજોએ અચાનક તેમના પર હુમલો કર્યો અને આંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો. આ દરમિયાન વીર કુંવર સિંહ ઘાયલ થયા અને તેમના હાથમાં ગોળી વાગી. પછી પણ તે અટક્યા નહીં. તેમણે પોતાની તલવારથી પોતાનો હાથ કાપીને નદીમાં ફેંકી દીધો અને અંગ્રેજી સેનાને હરાવીને ૨૩ એપ્રિલ ૧૮૫૮ના રોજ પોતાના ગામ જગદીશપુરના મહેલમાં પાછા ફર્યા. પછી તેમણે પોતાનો જગદીશપુરનો કિલ્લો જીતી લીધો અને અંગ્રેજોનો ધ્વજ ઉતારીને પોતાનો ધ્વજ ફરકાવ્યો. જગદીશપુર પરત ફર્યાના થોડા સમય બાદ ૨૬ એપ્રિલ ૧૮૫૮ના રોજ તેમનું અવસાન થયું હતું.


**શિક્ષણની એક મુલ્યવાન ભૂમિકા ભારતને આત્મનિર્ભર બનાવવામાં પણ છે.**
માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી

**માઈક્રોસાઈન**
મહેતા ટેરેસ, સત્યનારાયણ રોડ,
ભાવનગર-૩૬૪૦૦૧, ગુજરાત-ઈન્ડીઆ
ફોન : ૦૨૭૮-૨૪૩૬૩૭૨
E-mail: microsign@microsignproducts.com,
nisheeth.mehta@microsignproducts.com
Web: www.microsignproducts.com



# ૨૪ - વાસુદેવ બળવંત ફડકે

જન્મ : ૪ નવેમ્બર, ૧૮૪૫
વીરગતિ : ૧૭ ફેબ્રુઆરી, ૧૮૮૩

વાસુદેવ બળવંત ફડકે કોલાબા જિલ્લાના શિરઢોલ ગામના વતની હતા. તેમનો જન્મ ૪ નવેમ્બર - ૧૮૪૫ના રોજ થયો હતો. મેટ્રિક સુધીનો અભ્યાસ કરીને તેઓ અંગ્રેજ સરકારની મિલિટરીમાં ફાઈનાન્સ વિભાગમાં પૂણે ખાતે નોકરી કરતા હતા. એક દિવસ એમને ખબર મળ્યા કે પોતાની મા બીમાર છે. વાસુદેવે રજા માગી પણ નિષ્ઠુર અંગ્રેજ અધિકારીએ રજા આપવાની ના પાડી દીધી. વાસુદેવ નોકરીમાં રાજીનામું આપીને બીમાર માતા પાસે પહોંચી ગયા. માતાનાં એમને અંતિમદર્શન તો થઈ શક્યાં, પરંતુ એમની સેવા કરવાનો લાભ વાસુદેવને ન મળ્યો. બીજા જ દિવસે મા મરી ગઈ. વાસુદેવનું મન અંગ્રેજ સરકાર પ્રત્યે ઘૃણાથી ભરાઈ ગયું. એમણે નિશ્ચય કર્યો. ભલે હું મારી જન્મદાતા માતાની સેવા ન કરી શક્યો, પરંતુ ભારતમાતાની સેવા જરૂર કરીશ અને અંગ્રેજ સરકારના પંજામાંથી છોડાવીને જ રહીશ. આ નિશ્ચય સાથે વાસુદેવ સહ્યાદ્રિના જંગલમાં ઊતરી પડ્યા. શિવાજીએ જેમ માવલાઓને સંગઠિત કર્યા તેમ વાસુદેવે પહાડોમાં રામાણી નામની પછાત જાતિ સંગઠિત કરવા માંડી. આ ઉપરાંત ગરોડી, માંગ, ધનગર જેવા વનવાસી લોકોને પણ તેમાં સામેલ કર્યા, અખાડા પ્રવૃત્તિ ચલાવી. પ્લેગ અને દુકાળ વખતે નાગપુર, ખંડવા, ઈન્દોર વગેરે સ્થળે પગપાળા ફરીને લોકોને સમજાવવા માંડ્યું કે આપણી કંગાલિયતનું મૂળ અંગ્રેજો છે. સિંહગઢમાંથી વાસુદેવને ગોવિંદરાવ દાવરે અને દોલતરાવ રામોશી નામના બે ખડતલ સૈનિકો મળી આવ્યા. આ બંનેનું વનવાસીઓમાં ખૂબ જ વર્ચસ્વ હતું. બંને સેનાપતિની જવાબદારી સંભાળવા માંડ્યા. જોતજોતામાં મહારાષ્ટ્રમાં વાસુદેવની સેનાની હાક બોલાવા માંડી. અંગ્રેજ સરકારની તિજોરી લૂંટવા એના થાણાં પર વાસુદેવની સેનાએ છાપો મારવા માંડ્યો. સરકારે વાસુદેવના માથા સાટે ચાર હજાર રૂપિયાનું ઈનામ જાહેર કર્યું. સામે વાસુદેવે મુંબઈના ગવર્નર કે પૂણેના કલેકટરના માથા સાટે પાંચ હજાર રૂપિયાનું ઈનામ જાહેર કર્યું. આનાથી સરકાર વધારે ઉશ્કેરાઈ. સરકારે મેજર ડેનિયલ નામના અંગ્રેજ અધિકારીને વાસુદેવની ધરપકડની જવાબદારી સોંપી. કોંકવામાં મહિપાલ ટીલા પાસે વાસુદેવ ઘેરાયા, પરંતુ છટકી ગયા. આ લડાઈમાં તેમના સેનાપતિ દોલતરાય શહીદ થયા. બે અંગ્રેજ અધિકારીઓ પણ માર્યા ગયા. વાસુદેવ બીમાર પડ્યા. સાજા થઈ પાછા મેદાનમાં ઊતર્યા, પરંતુ તબિયત ફરીથી કથળી. દેવાનાવડની ખાતે બેભાન અવસ્થામાં ઝડપાયા. તેમને કાળાપાણીની સજા સંભળાવી એડનની જેલમાં મોકલી આપવામાં આવ્યા. જેલના અધિકારીઓએ એમને પાર વગરની પીડા આપી. ૧૩ ફેબ્રુઆરી, ૧૮૮૩ ના રોજ તેઓ જેલ તોડીને ભાગી ગયા અને પકડાયા પછી આમરણ ઉપવાસ પર ઊતર્યા. અત્યંત ભૂખ અને તરસને કારણે સાડત્રીસ વર્ષના આ ક્રાંતિકારી વિદેશની જેલમાં ૧૭મી ફેબ્રુઆરી - ૧૮૮૩ના રોજ વીરગતિને પામ્યા.





# ૨૫ - કેપ્ટન લક્ષ્મી સહેગલ

**જન્મ : ૨૪ ઑક્ટોબર, ૧૯૧૪**
**મહાપ્રયાણ : ૨૩ જુલાઈ, ૨૦૧૨**

કેપ્ટન લક્ષ્મીનું નામ યાદ કરતાંની સાથે જ સુભાષચંદ્ર બોઝની આઝાદ હિન્દ ફોજ યાદ આવી જાય છે. તેમનો જન્મ ૨૪મી ઑક્ટોબર, ૧૯૧૪ના રોજ થયો હતો. તેમના પિતા સ્વામીનાથન જાણીતા બૅરિસ્ટર હતા અને માતાનું નામ હતું સુબ્રમ્મા. સુબ્રમ્મા કૉંગ્રેસ (મદ્રાસ)ના જાણીતાં કાર્યકર હતાં. કેપ્ટન લક્ષ્મીનું મૂળ નામ હતું લક્ષ્મી એસ. સ્વામીનાથન. સમય હતો બીજા વિશ્વયુદ્ધનો. સુભાષચંદ્ર બોઝે જે જે દેશો બ્રિટનની વિરુદ્ધમાં હતા તેવા દેશોનો સાથ મેળવ્યો અને તેમની સાથે શરત કરેલી કે ભારતની આઝાદી માટે પણ આ યુદ્ધ નિર્ણાયક બનવું જોઈએ. આઝાદ હિન્દ ફોજમાં ભારતના હજારો યુવાનો અને યુવતીઓ જોડાયાં હતાં, જેઓ શિસ્ત અને સંપૂર્ણ દેશભક્તિને વરેલાં હતાં. આ ફોજીઓ આરપારની લડાઈ માટે તૈયાર હતાં. આ ફોજમાં નવયુવતીઓની પણ સેના હતી. એના કેપ્ટન હતાં લક્ષ્મી. લોકો તેમને કેપ્ટન લક્ષ્મીના નામથી જ ઓળખતા હતા. કેપ્ટન લક્ષ્મી સુભાષચંદ્ર બોઝે વિદેશોમાં ઊભી કરેલી ભારતીય સેનાઓના સૈનિકોની મદદ માટે સિંગાપુર પહોંચી ગયાં હતાં. ત્યાં તેમણે સૌ પ્રથમ સૈનિકો માટે હૉસ્પિટલ ઊભી કરી. ઘાયલ સૈનિકોની સેવામાં તેઓ લાગી ગયાં હતાં. સાજા થતા સૈનિકોને તે આઝાદીના મોરચે મોકલવા લાગ્યા. તે સમયમાં નેતાજીએ ભારતીય સ્વાતંત્ર્ય સંઘની સ્થાપના કરી. બહાદુર કેપ્ટન લક્ષ્મી તેમાં પણ જોડાયાં હતાં. એટલું જ નહીં, તેઓ રૂબરૂ નેતાજીને મળ્યાં અને એક મહિલા રેજિમેન્ટ સ્થાપવાની માગણી કરી.

૨૨ ઑક્ટોબર, ૧૯૪૩ના દિવસે તેમણે આવી એક મહિલા ફોજ તૈયાર કરી નાંખી, જેનું નામ આપ્યું 'રાણી ઝાંસી રેજિમેન્ટ'. આ રેજિમેન્ટ પણ મહારાણી ઝાંસીની જેમ દેશની આઝાદી માટે સમર્પિત હતી. ૧૭૫ જેટલી ભારતીય યુવાન મહિલાઓથી શરૂ થયેલી આ ફોજમાં જોતજોતામાં તો બે હજાર મહિલાઓ જોડાઈ ચૂકી હતી. બધાંને પૂરી લશ્કરી તાલીમ આપવામાં આવેલી હતી. બ્રહ્મદેશમાં બ્રિટિશરોના લશ્કર સામે પૂરી તાકાતથી તે લડી. ઈમ્ફાલની પ્રસિદ્ધ લડાઈમાં તો તેમણે બ્રિટિશ લશ્કરને મારી હઠાવ્યું હતું. એક સમયે તો આ શૂરવીર મહિલાઓની ફોજે સુભાષચંદ્ર બોઝને પણ રક્ષણ પૂરું પાડ્યું હતું. બ્રિટનની આખરે જીત થઈ અને બ્રિટિશરોએ આઝાદ હિંદ ફોજને ગેરકાયદેસર ઠરાવી. ફોજનાં ત્રણ કૅપ્ટનો લક્ષ્મી, ધિલોન અને શાહનવાઝ સામે ખટલો ચાલ્યો. દેશની જનતાએ આની સામે આંદોલનો શરૂ કરી દીધાં. આખરે ૧૯૪૬માં આ ત્રણેય કૅપ્ટનોને છોડી મૂકવામાં આવ્યાં. આઝાદી પછી પણ કેપ્ટન લક્ષ્મી દેશસેવામાં લાગેલાં રહ્યાં. અને ૨૩મી જુલાઈ, ૨૦૧૨ના રોજ તેમનું અવસાન થયું.

**એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ-ખાંભી**
**એ ખાંભી પર કોતરશો નવ કોઈ કવિતા લાંબી !**
**લખજો : 'ખાક પડી આંહી કોઈના લાડકવાયાની!'**



# ૨૬ - પૃથ્વીસિંહ આઝાદ

**જન્મ : ૧૫ સપ્ટેમ્બર, ૧૮૯૨**
**મહાપ્રયાણ : ૫ માર્ચ, ૧૯૮૯**

પૃથ્વીસિંહ આઝાદનો જન્મ ૧૫ સપ્ટેમ્બર, ૧૮૯૨ના રોજ પટિયાલામાં લાલચું શહેરમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરીને તેઓ ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા ગયા હતા. તેમણે ગદરપાર્ટીમાં સ્થાપકોના એક હોવાનું ગૌરવ પણ પ્રાપ્ત કર્યું હતું. દેશમાં ગદર ફેલાવાના ઇરાદે ભારત આવ્યા. દરિયાકિનારે પોલીસને થાપ આપી પંજાબ પહોંચી ગયા. પરંતુ ત્યાંથી પડકાઈ ગયા. લાહોરની સેન્ટ્રલ જેલમાં પૂરી તેમના પર કેસ ચલાવવામાં આવ્યો. આજીવન કાળાપાણીની સજા સંભળાવી આંદામાન મોકલી આપવામાં આવ્યા. છ વર્ષ આંદામાનની જેલમાં વિતાવ્યાં. ૧૯૨૧થી તેમને મદ્રાસની રાજામુંદ્રી જેલમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યા. થોડા દિવસ પછી રાજામુંદ્રી જેલમાંથી કલકત્તાની જેલમાં મોકલવાનું નક્કી થયું. કલકત્તા લઈ જવાતી વખતે જાજરૂ જવાના બહાને હાથકડી સાથે ચાલુ ટ્રેનમાંથી કૂદી પડ્યા. પકડાયા. ફરીને એવી રીતે કૂદી પડ્યા. આ વખતે પોલીસને હાથ ન આવ્યા. હાથમાં બેડી હોવા છતાં માઈલો સુધી દોડીને અમરાવતી પહોંચી ગયા. એક મિત્રને ત્યાં થોડા દિવસ રોકાયા. આ પરાક્રમ પછી તેઓ આઝાદનું બિરુદ પામ્યા, ત્યાંથી ગુપ્તવાસ ગાળવા સૌરાષ્ટ્ર તરફ ચાલી નીકળ્યા. ભાવનગરમાં છ વર્ષ સુધી વ્યાયામશાળા ચલાવીને અનેક શિષ્યો તૈયાર કર્યા. પોલીસ હજુ એમને શોધતી ફરતી હતી. આ છ વર્ષના ગાળામાં દેશમાં ઘણી બધી રાજકીય ઘટનાઓ બની ચૂકી હતી. લાહોર ષડ્યંત્રના કેસ હેઠળ મોટા ભાગના ક્રાંતિકારીઓને જેલમાં પૂરી દેવામાં આવ્યા હતા. મંદ પડી ગયેલી ક્રાંતિકારી ચળવળમાં પુનઃ ચેતના લાવવા ભગતસિંહે એક સાથીદારને સૌરાષ્ટ્ર મોકલી પૃથ્વીસિંહને પંજાબ આવીને ક્રાંતિકારી ચળવળનું નેતૃત્વ સંભાળવા કહેવડાવ્યું. પૃથ્વીસિંહ પાછા પંજાબ આવ્યા. અહીં બે આઝાદ-પૃથ્વીસિંહ અને ચંદ્રશેખરનું મિલન થયું. ત્યાંથી મુંબઈ ગયા. દુર્ગાભાભી સાથે મળી મુંબઈના પોલીસથાણા પર ગોળીબાર કર્યો. ધરપકડથી બચવા અફઘાનિસ્તાન ભણી ગયા. વર્ષો સુધી અફઘાનિસ્તાન અને રશિયામાં રહ્યા. ન ખાવાનું ઠેકાણું ન રહેવાનું ઠેકાણું, બીમાર પડ્યે સારવાર કરનારું પણ કોઈ જ નહીં. દરરોજની રઝળપાટથી કંટાળેલા તેઓ વર્ધા ગાંધીજી પાસે જઈ ચડ્યા. ગાંધીજીને અથથી ઈતિ આપવીતી સંભળાવી. એમને ભટકતું જીવન ગાળવા કરતાં પોલીસને હવાલે થઈ જવાની સલાહ આપી. બાપુની આ વાત માનીને એમણે પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરી દીધું. સમર્પણ બાદ તેમને રાવલપીંડીની જેલમાં રાખવામાં આવ્યા. ૧૯૩૯માં તેમને જેલમાંથી મુક્તિ મળી. એ પછી ભારત સ્વતંત્ર થતાં એ પાછા ભાવનગર આવતા રહ્યા. પુનઃ વ્યાયામશાળાની પ્રવૃત્તિ ચાલુ કરી. ભારત સરકારે તેમને પદ્મભૂષણથી સન્માનિત પણ કર્યા. આમ જીવન વ્યતીત કરીને પાંચમી માર્ચ, ૧૯૮૯ના રોજ તેમનું અવસાન થયું. તેમના માનમાં ભાવનગરમાં તેમની તકતી અને બાવલું પણ મૂકવામાં આવ્યાં છે.

**જો દેશવાસી દેશનું ગૌરવ ન કરે તો એ દેશ અને એ સમાજ કદી કલ્યાણ સાધી શકે નહિં.**



# ૨૭ - બાળગંગાધર ટિળક

**જન્મ : ૨૩ જુલાઈ, ૧૮૫૬**
**મહાપ્રયાણ : ૦૧ ઑગસ્ટ, ૧૯૨૦**

'સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે.' એવી બુલંદ સ્વરે ગર્જના કરનારા બાળ ગંગાધર ટિળક મહારાષ્ટ્રના રત્નાગિરિ પાસેના ચિખલ ગામના વતની હતા. તેમનો જન્મ ૨૩મી જુલાઈ - ૧૮૫૬ના રોજ મુંબઈમાં થયો હતો. પૂણેની ડેક્કન કોલેજમાંથી બી.એ. તેમજ મુંબઈની કોલેજમાંથી બૅરિસ્ટરની ડિગ્રી મેળવનાર ટિળકે ધાર્યું હોત તો વકીલાત કરીને અઢળક નાણાં કમાઈ શક્યા હોત. પરંતુ દેશભક્તિને વરેલા આ ક્રાંતિકારી વ્યાવસાયિક ન બનતાં 'મરાઠા' અને 'કેસરી' જેવા રાષ્ટ્રવાદી અખબારના સંપાદક બન્યા. અખબારની તમામ કામગીરી જાતે સંભાળતા. ત્યાં સુધી કે ગ્રાહકોનાં સરનામાં પણ પોતે લખતા. એ વખતે ભાગ્યે જ કોઈ અખબારનો તંત્રી અંગ્રેજ સરકારની અત્યાચારી નીતિ સામે ઊંચો અવાજ કરવાની હિંમત કરતો. ત્યારે ટિળક 'મરાઠા' અને 'કેસરી'માં અંગ્રેજ સરકારની દમનકારી નીતિની ઝાટકણી કરવામાં કશું બાકી ન રાખતા. મહારાષ્ટ્રમાં પ્લેગ ફાટી નીકળ્યો ત્યારે સરકારે જે અમાનવીય વલણ દાખવ્યું તેની 'મરાઠા' અને 'કેસરી'માં નિર્ભિક ટીકા કરી. અંગ્રેજ સરકાર હવે થોડી ટિળકને છોડે ? ટિળક પોતાના અખબારમાં ઉશ્કેરણીજનક લેખો લખીને લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે એવું કહી તેમના વિરુદ્ધ રાજદ્રોહનો આરોપ મૂકી તેમને યરવડાની જેલમાં પૂર્યા. દોઢ વર્ષ જેલમાં ગાળીને છૂટ્યા પછી પણ ટિળક એ જ નિર્ભિકતાથી સરકાર વિરુદ્ધ લખતા રહ્યા. લોકોમાં રાષ્ટ્રભાવના જગાવવા એમણે ગણેશોત્સવ અને શિવાજીજયંતીના તહેવારને સાર્વજનિક બનાવ્યા. મધુપ્રમેહનો રોગ હોવા છતાં રોજના અઢાર કલાક કાર્યરત રહેતા. શ્રીમતી એની બૅસન્ટ સાથે મળીને હોમરૂલ આંદોલનની આગેવાની પણ લીધી. દરમિયાન કેસરીમાં પ્રગટ થયેલા 'દેશનું કમનસીબ' લેખને સરકારે રાજદ્રોહ સમાન ગણાવી તેમના પર ફરી કેસ ચલાવ્યો અને તેમને છ વર્ષની કાળાપાણીની સજા સંભળાવી બર્માની માંડલેની જેલમાં ધકેલી દેવામાં આવ્યા. જેલમાં ટિળકે અનેક પુસ્તકોનો અભ્યાસ કર્યો. 'ગીતારહસ્ય' જેવું અમર પુસ્તક પણ લખ્યું. ત્યાં એક દિવસ પત્નીના દુઃખદ મૃત્યુના સમાચાર આવ્યા. તેઓ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. સંતાનોને પત્ર લખ્યોઃ 'તમારી મા અને હું લગભગ ૫૦ વર્ષ સાથે જીવ્યાં છીએ. આજે તેની અંતિમ પળોમાં હાજર ન રહી શક્યાનું અપાર દુઃખ અનુભવું છું. તેની ઉત્તરક્રિયા સાંગોપાંગ કરજો.' છ વર્ષની કાળાપાણીની સજા પૂરી કરીને ટિળક જેલમાંથી છૂટ્યા ત્યારે દેશમાં ઠેર ઠેર તેમનું સન્માન કરવામાં આવ્યું. 'લોકમાન્ય'ના બિરુદથી નવાજવામાં આવ્યા. પરંતુ સતત પ્રવાસના કારણે તેમની તબિયત કથળતી ગઈ. મા ભારતીની સ્વતંત્રતા ઝંખતા આ દેશભક્ત આખરે ૧ ઑગસ્ટ - ૧૯૨૦ના રોજ ૬૪ વર્ષની ઉંમરે સ્વર્ગે સિધાવી ગયા.

**સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે.**



# ૨૮ - અશફાકઉલ્લા ખાન

જન્મ : ૨૨ ઑક્ટોબર, ૧૯૦૦
વીરગતિ : ૧૯ ડિસેમ્બર, ૧૯૨૭

**'તંગ આકર હમ ભી ઉનકે ઝુલ્મ સે બેદાદ સે ।**
**ચલ દિયે સુએ અદમ ઝિંદાને ફૈઝાબાદ સે ॥'**

આવો શે'ર બોલી ફાસીના તખ્તા ઉપર ચઢનાર અશફાકઉલ્લા ખાનનો જન્મ ૨૨મી ઓક્ટોબર, ૧૯૦૦ના રોજ શાહજહાંપુરમાં થયો હતો. તેમને ત્રણ મોટા ભાઈ અને એક બહેન હતાં. તેમનું કુટુંબ શ્રીમંત અને સુશિક્ષિત હતું. તેમનાં કેટલાંક સગાં મોટા મોટા અધિકારીના પદ ઉપર હતા. અશફાકને અભ્યાસમાં રસ ન હતો. તે ફક્ત આઠમા ધોરણ સુધી જ ભણ્યા હતા. રામપ્રસાદ બિસ્મિલ સાથે તેમને શાળામાંથી જ ગાઢ મિત્રતા બંધાઈ ગઈ હતી. રામપ્રસાદ કટ્ટર આર્યસમાજી તો અશફાક કટ્ટર મુસલમાન હતા. રામપ્રસાદની સંઘટનાના અશફાક સદસ્ય બન્યા. તેમની નિશાનેબાજીની પ્રવીણતાને લીધે રામપ્રસાદે તેમનો ગુપ્ત સંઘટનાના પ્રહાર વિભાગમાં સમાવેશ કર્યો. કાકોરીની પ્રસિદ્ધ લૂંટ બાદ અશફાક ભૂમિગત થયા. તે દિવસ સપ્ટેમ્બર ૨૬, ૧૯૨૫નો હતો. તેઓ હિંદુ વેશમાં જ નેપાળમાં ગયા હતા. ત્યાંથી કાનપુર, બનારસમાં રહ્યા બાદ બિહાર, રાજસ્થાન થઈને મધ્યપ્રદેશમાં આવ્યા. ભોપાલમાં રહેણાંક દરમિયાન ભારત છોડી રશિયા જવાનો સંકલ્પ કર્યો. તે માટે દિલ્હીમાં દાખલ થયા. દિલ્હીમાં ચિતળી કબર નજીક એક ભાડાના ઘરમાં તેઓ રહેતા હતા ત્યારે તેમને એક મિત્ર મળ્યો. તેની મધ્યસ્થીથી તેઓ રશિયા જવાના હતા. પણ તેણે જ અશફાકને પકડાવ્યા. અશફાકની ધરપકડ થતાં બધા રૂઢ સંકેત બાજુએ મૂકી દંડાધિકારી સૈયદ એનુદ્દીન દિલ્હીમાં આવ્યા. દિલ્હીથી લખનૌ. આમ અશફાક સાથેનો પ્રવાસ કરી તેણે મુસલમાન તરીકે માહિતી કઢાવવાનો પ્રયત્ન કર્યો. તે જ પ્રમાણે મધ્યવર્તી અન્વેષણ વિભાગના અધિકારી તસાદુક હુસેન પણ અશફાકને મળ્યો અને તેને ચેતવતાં કહ્યું, 'તું મુસલમાન છે અને રામપ્રસાદ બિસ્મિલ હિંદુ છે. તેનો ઉદ્દેશ્ય તો હિંદુ રાજ્ય સ્થાપવાનો છે. તું મુસલમાન હોવા છતાં કાફિરો સાથે કેમ ફસાયો ? છોડી દે એને!' અશફાકે તેને જડબાતોડ જવાબ આપ્યો. 'રામપ્રસાદ મારા માટે હિંદુ નથી, હિન્દુસ્તાની છે. હિંદુનું સ્વાતંત્ર્ય તેનું ધ્યેય નથી તેનું ધ્યેય તો હિન્દુસ્તાનના સ્વાતંત્ર્યનું છે. હિંદુ રાજ્ય હોત તો પણ હું તેને જ જઈ મળ્યો હોત. કારણ પારકા અંગ્રેજો કરતાં હું હિંદુ રાજ્ય જ માન્ય કરીશ.' એ પછી અશફાકે દેશની સ્વતંત્રતા માટે પોતાની જાત હોમી દીધી. એક વખત અંગ્રેજોએ તેમને કેદ કર્યા. તેમના પર કેસ ચલાવી ફૈઝાબાદ જેલમાં ૧૯મી ડિસેમ્બર, ૧૯૨૭ના રોજ તેમને ફાંસી આપી દેવામાં આવી. અને આ દેશભક્ત દેશભક્તિની શાયરી કહેતા કહેતા વીરગતિ પામ્યા.

**વતન પ્રત્યે પ્રેમ રાખવો એ વફાદારીનો ભાગ છે.**



# ૨૯ - બંકિમચંદ્ર ચટોપાધ્યાય

**જન્મ : ૨૭ જૂન, ૧૮૩૮**
**મહાપ્રયાણ : ૮ એપ્રિલ, ૧૮૯૪**

બંકિમચંદ્ર ચટોપાધ્યાય એટલે 'વંદે માતરમ્' જેવા મહામંત્રના પુરસ્કર્તા. તેમનો જન્મ ૨૭ જૂન, ૧૮૩૮ના રોજ બંગાળના નૈહાટીમાં થયો હતો. બંકિમચંદ્રએ કલકત્તાની હુગલી ફેકલ્ટી અને પ્રેસિડેન્સી ફેકલ્ટીમાં શિક્ષણ મેળવ્યું હતું. તેઓ બંગાળી ભાષાના અત્યંત પ્રતિષ્ઠિત સાહિત્યકાર હતા. તેમણે રચેલું 'વંદે માતરમ્' ગીત ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન ક્રાંતિકારીઓ માટે પ્રેરણાસ્રોત હતું અને આજે પણ રાષ્ટ્રવાદીઓ તેના પર ગર્વ અનુભવે છે. બંકિમબાબુ બાળપણથી જ પુસ્તકોમાં રસ ધરાવતા હતા અને શરૂઆતમાં એંગ્લો ભાષા તરફ આકર્ષાયા હતા. એક વખત તેમના અંગ્રેજ શિક્ષકે તેમને ખરાબ રીતે ઠપકો આપતાં અંગ્રેજીમાં તેમનો રસ સમાપ્ત થઈ ગયો હતો અને માતૃભાષામાં રસ જાગ્રત થયો હતો. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી તેઓ મેજિસ્ટ્રેટ બન્યા હતા. તો બીજી તરફ સાહિત્યકાર તરીકે પણ તેમણે ઉત્તમ નામ કમાવ્યું હતું. તેમણે ૧૮૬૬માં કપાલકુંડલા, ૧૮૬૯માં મૃણાલિની, ૧૮૭૭માં રજની, ૧૮૮૧માં રાજ સિંહ અને ૧૮૮૪માં દેવી ચૌધરાણી સહિત અનેક નવલકથાઓ લખી હતી. બંકિમબાબુને સાહિત્યકાર સાથે સાથે એક મહાન દેશભક્ત તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમણે પોતાની કલમ દ્વારા દ્વારા વિદેશી શાસન સામે મોરચો ખોલ્યો હતો. સમગ્ર ભારતને હચમચાવી દેનાર અને અંગ્રેજોના પેટમાં તેલ રેડનાર તેમનું સર્જન છે - 'વંદે માતરમ્' ગીત. ૧૮૮૨માં તેમણે બંગાળી ભાષામાં આનંદ મઠ નામની નવલકથા લખી. વંદે માતરમ્ ગીત આ જ નવલકથાનો એક ભાગ છે. દુર્ગામાતાની સ્તુતિના આ ગીતમાં ભારતમાતાની ભક્તિનો ભાવ અભિપ્રેત છે. આ ગીત સૌ પ્રથમ વાર ૧૮૯૬માં રાષ્ટ્રીય કોંગ્રેસના કલકત્તાના અધિવેશનમાં જાહેર મંચ પરથી ગવાયું. ગાનારા મહાનુભાવ કવિવર રવીન્દ્રનાથ ટાગોર હતા. આ ગીત ભારતનો મહિમા ગાતું હોવાથી રાષ્ટ્રવિરોધી લોકોને પસંદ ન હતું. આમ બંકિમબાબુએ વંદે માતરમ્ દ્વારા દેશવાસીઓમાં આઝાદીની ભાવના જાગૃત કરી હતી. આ માટે તેમણે ખૂબ સહન પણ કરવું પડ્યું હતું. આને કારણે તેમની નોકરીમાં અંગ્રેજ અધિકારીઓ અડચણ ઊભી કરતા. બંકિમબાબુને તેમની ક્રાંતિકારી પ્રવૃતિઓ અને લખાણના કારણે નોકરીમાં પ્રમોશન પણ મળ્યું નહોતું. તેઓ ૫૩ વર્ષની ઉંમરે નિવૃત્ત થવા માંગતા હતા, પરંતુ અંગ્રેજોએ આવું થવા દીધું નહીં. તેનો ઇરાદો કંઈક બીજો હતો. જોકે, કોઈક રીતે બંકિમચંદ્ર નિવૃત્ત થયા અને લખવાનું ચાલુ રાખ્યું હતું. બાદમાં તેઓ રામકૃષ્ણ પરમહંસને મળ્યા અને પછી તો અંગ્રેજો સામેના તેમના સંઘર્ષને નવી દિશા મળી હતી. તેમણે અંગ્રેજો સામે જોરશોરથી લડવાનું શરૂ કર્યું. તેમની હેરાનગતિ સામે કદી તેઓ ઝૂક્યા નહીં. આખી જિંદગી આ પ્રકારે ક્રાંતિકારી પ્રવૃત્તિ કરતા રહ્યા અને આખરે ૮ એપ્રિલ, ૧૮૯૪ના રોજ કલકત્તામાં તેમનું અવસાન થયું હતું.

**સ્વપ્નાઓથી દેશનું ઘડતર નથી થતું, દેશનું ઘડતર રક્ત અને પોલાદથી થાય છે.**



# ૩૦ - સરોજિની નાયડુ

**જન્મ : ૧૩ ફેબ્રુઆરી, ૧૮૭૯**
**મહાપ્રયાણ : ૨ માર્ચ, ૧૯૪૯**

'સચ બોલના અચ્છા હૈ, કિંતુ સચ જીના ઔર અધિક અચ્છા હૈ...' આ બોધવાક્ય ૧૯૧૯માં મદ્રાસની જનસભામાં બોલનારા કવયિત્રી સ્વતંત્રતા સેનાની તેમજ ભારતના બુલબુલ તરીકે જાણીતાં એવાં સરોજિની નાયડુનો જન્મ ૧૩ ફેબ્રુઆરી ૧૮૭૯ના રોજ હૈદરાબાદના બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમના પિતાનું નામ અઘોરીનાથ ચટ્ટોપાધ્યાય હતું. જેઓ વિદ્વાન, વૈજ્ઞાનિક, તત્ત્વજ્ઞ, સમાજ સુધારક અને કેળવણીકાર હતા. સરોજિનીનાં માતાનું નામ વરદા સુંદરીદેવી હતું. જેઓ કવયિત્રી હતા. સરોજિની નાયડુ ૧૨ વર્ષની ઉંમરે મેટ્રિકની પરીક્ષા પાસ કરીને મદ્રાસમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયાં હતાં. ત્યારબાદ ૧૮૯૫માં ઈંગ્લેન્ડ ગયાં જ્યાં લંડનની કિંગ્સ કૉલેજ અને કેમ્બ્રિજની ગિસ્ટન કૉલેજમાં વિદ્યાભ્યાસ કર્યો. ૧૮૯૮માં ગોવિંદરાજુલુ નાયડુ સાથે તેમણે સિવિલ મેરેજ કર્યા હતા. એમને ચાર સંતાનો હતાં. જયસૂર્ય, પદ્મમ્, રણધીર અને લીલામણિ. સરોજિની નાયડુ ઈ.સ. ૧૯૧૭માં રાજકારણમાં સક્રિય બન્યાં. એ પહેલાં ઈ.સ. ૧૯૦૮માં મદ્રાસમાં મળેલા વિધવા પુનઃ લગ્ન માટેના અધિવેશનમાં તેમણે સ્ત્રીઓને જાગૃત કરવા અથાગ પરિશ્રમ કર્યો હતો. તેમણે પ્લેગના રોગચાળા દરમિયાન આપેલી સેવાઓને ધ્યાનમાં રાખીને હૈદરાબાદમાં 'કેસરે હિંદ'નો સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૯૧૫થી ૧૯૧૮ સુધી તેઓ ભારતના વિવિધ ગામડાં અને શહેરોમાં પૂર્ણ કલ્યાણ, શ્રમનું ગૌરવ, મહિલાઓની મુશ્કેલીઓની મુક્તિ તથા રાષ્ટ્રવાદ જેવા વિષયો પર પ્રવચનો આપતાં હતાં. અંગ્રેજો દ્વારા થોપી બેસાડવામાં આવેલા રોલેટ એક્ટનો તેમણે ખૂબ વિરોધ કર્યો હતો. ૧૯૧૯માં થયેલા જલિયાંવાલા બાગના હત્યાકાંડ તથા અમૃતસરમાં લશ્કરી કાયદા વિરુદ્ધ તેમણે ધારદાર વકતવ્યો આપ્યાં હતાં અને સાહિત્યનું વિતરણ કર્યું હતું. ઈ.સ. ૧૯૨૫માં તેઓ ભારતીય કોંગ્રેસના પ્રમુખ પદે ચૂંટાયા. એમના સાહિત્ય જીવનમાં ડોકિયું કરીએ તો એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'હીરાની ઉંબર' ઈ.સ. ૧૯૦૫માં બહાર પડ્યો. તેમણે ' ધ લેડી ઓફ લેક' શીર્ષક હેઠળ ૧૩૦૦ પંક્તિઓની કવિતા તથા ૨૦૦૦ પંક્તિઓનું નાટક લખ્યું. તેમણે ૧૯૦૫માં 'ધ ગોલ્ડન થ્રેશોલ્ડ', ૧૯૧૨માં 'ધ બર્ડ ઑફ ટાઈમ' અને ૧૯૧૭માં 'ધ બ્રોકન વિંગ' નામના કાવ્યસંગ્રહો પ્રગટ કર્યા. આ રીતે બધાં કાર્યો વચ્ચે પણ પોતાનો સાહિત્યિક રસ જીવતો રાખતા હતા. ૧૯૧૭માં તેમણે 'વુમન્સ ઇન્ડિયન એસોસિયેશન'ની સ્થાપના કરી. ગાંધીજી સાથે ગોળમેજી પરિષદમાં પણ ગયા હતા અને સ્વાતંત્ર્યની પ્રવૃત્તિઓ માટે જેલમાં પણ ગયાં હતાં. અસહકારની ચળવળ, 'ભારત છોડો આંદોલન' વખતે અનેક વાર ધરપકડ થઈ હતી. અંતે ૨ માર્ચ ૧૯૪૯માં તેઓ રાજ્યપાલના હોદ્દા પર હતા તે દરમિયાન તેમનું અવસાન થયું હતું.

**દેશ પર જેને પ્રેમ નથી એને કશાય પર પ્રેમ હોય નહિં.**



# ૩૧ - ઝાંસીની રાણી

**જન્મ : ૧૯ નવેમ્બર, ૧૮૨૮**
**વીરગતિ : ૧૮ જૂન, ૧૮૫૮**

૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામની રણચંડી તેજસ્વી તલવારની ધારે યુદ્ધભૂમિ ઉપર અંગ્રેજોના અને દુશ્મનોના દાંત ખાટા કરનાર ભારતીયતાનું અણનમ પ્રતીક એટલે ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ. તેમનો જન્મ ૧૯ નવેમ્બર, ૧૮૨૮ના રોજ વારાણસીમાં થયો હતો. મૈં મેરી ઝાંસી નહીં દૂંગી ! એવા રણકાર દ્વારા અંગ્રેજોના છક્કા છોડાવનાર લક્ષ્મીબાઈની પ્રશંસા ખુદ અંગ્રેજોએ પણ કરી હતી. તેઓ રાજરાણી હતાં, ધનવૈભવ હતો, નોકર-ચાકરો તહેનાતમાં હતા છતાંય ભારતમાતાની સ્વતંત્રતા માટે તેમણે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું.. ધગધગતી રેતીમાં એણે પોતાની જાતને રોળી નાંખી હતી. ત્યાગની પરમ સીમા તે આનું નામ ! તેમનું મૂળ નામ મનુબાઈ હતું. ઝાંસીના મહારાજ ગંગાધરરાવ સાથે એમનાં લગ્ન થયાં હતાં. લગ્નબાદ તેમનું નામ લક્ષ્મીબાઈ રાખવામાં આવ્યું હતું. ભરયુવાનીમાં ગંગાધરરાવનું અવસાન થયું. લક્ષ્મીબાઈની ઉપર જાણે વજ્રાઘાત થયો. ગંગાધરરાવે અંગ્રેજ અમલદારોની હાજરીમાં જ હિંદુ ધર્મશાસ્ત્ર પ્રમાણે બાળક દામોદરરાવને દત્તક લીધો હતો, પણ કુટિલ નીતિવાળા અંગ્રેજોએ ઝાંસીનું રાજ્ય પચાવી પાડવા જાહેરનામું બહાર પાડી દામોદરરાવને રાજ્યવારસ ન ગણ્યો અને સાડાચાર લાખનું ઝવેરાત અને અઢી લાખ રોકડ સાથે ઝાંસીના રાજ્યને ખાલસા કર્યું અને રાણીને રૂપિયા પાંચ હજારનું માસિક 'પેન્શન' આપવા માંડ્યું. રાણીએ એ 'પેન્શન' લેવાનો અસ્વીકાર કર્યો. તેમણે અંગ્રેજો સામે હુમલો કરીને ૧૮૫૭માં ઝાંસીનું રાજ્ય પાછું મેળવ્યું. બીજા વરસે હ્યુ રોઝે ઝાંસીને ઘેરો ઘાલ્યો. ત્યારે ઓછા સૈનિકો અને મર્યાદિત રણસામગ્રી છતાંય લક્ષ્મીબાઈએ ચાર દિવસ સુધી પ્રચંડ સામનો કર્યો. વીર સૈનિકોને છાજે તેવું ઘમસાણ (યુદ્ધ) કર્યુ. હ્યુ રોઝ પારોઠનાં પગલાં ભરવાની શરૂઆત કરી, ત્યારે હ્યુ રોઝને કોઈએ ગુપ્ત માર્ગ બતાવી દીધો. તેણે ઝાંસી કબજે કર્યું. એ જ સમયે અપૂર્વ સાહસ દાખવી રાણી લક્ષ્મીબાઈ બાળકુંવર સાથે અંગ્રેજ સેનાની વચ્ચે થઈને વીજળીની જેમ નીકળી ગયાં. તેમણે ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આગેવાની લીધી. તેઓ નાનાસાહેબ પેશ્વા અને તાત્યા ટોપેને મળ્યાં. પાછળ પડેલા હ્યુ રોઝને પ્રચંડ લડત આપી. એણે ગ્વાલિયરનો મોરાર કિલ્લો જીતી લીધો. અહીં પણ અંગ્રેજ સેનાથી ઘેરાયેલાં રાણી, પીઠ ઉપર કુંવરને બાંધી બે હાથમાં ખુલ્લી તલવાર અને મોંમાં ઘોડાની લગામ રાખી બહાદુરીપૂર્વક લડ્યાં, પરંતુ આખરે જખમી થઈને સદા માટે ઢળી પડ્યાં. ૨૯ વર્ષની ઉંમરે એક તરવરિયા યુવાનને શરમાવે તેવી રીતે અંગ્રેજો સામે ઝઝૂમી છેલ્લા શ્વાસ સુધી અણનમ રહી ભારતની માટી સંગે નાતો અંતે જોડી દીધો. ૧૮-જૂન-૧૮૫૮ના રોજ તેમનું દુઃખદ અવસાન થયું. આ વીરાંગનાનું મરણ નહોતું, મૃત્યુને એણે મારી નાખ્યું હતું.

**દેશનું ધન વીર પુરુષ છે, સોનું રૂપ કે રેશમ નહીં**



# ૩૨ - માતા મહારાણી તપસ્વિની

**જન્મ : ૧૮૪૨**
**મહાપ્રયાણ : ૧૯૦૭**

માતા તપસ્વિની એ ભારતનાં જાણીતાં સ્વતંત્ર સેનાની હતાં. તેમનો જન્મ ૧૮૪૨માં વારાણસીમાં થયો હતો. તેઓ મહાન ક્રાંતિકારી ઝાંસીની રાણી લક્ષ્મીબાઈના ભત્રીજી અને બેલુરના જમીનદાર નારાયણ રાવનાં પુત્રી હતાં. એમનું બાળપણનું નામ સુનંદા હતું. પરંતુ લગ્ન પછી નામ બદલાઈને ગંગાબાઈ થયું હતું. તેઓ ખૂબ નાની ઉંમરે વિધવા બની ગયાં હતાં. એ પછી તેઓ પિતા નારાયણ રાવને ત્યાં રહેવા લાગ્યા. ત્યાં તેમણે સંસ્કૃત ભાષા તેમજ યુદ્ધકળા પણ શીખવાનું શરૂ કર્યું. નારાયણ રાવના અવસાન પછી જાગીરનો વહીવટ સુનંદાબાઈના હાથમાં આવ્યો. તેમણે નગર ફરતો કોટ તથા નગર વચ્ચે શસ્ત્રોનું કારખાનું બાંધવાનું શરૂ કરાવ્યું હતું. આ કારણે અંગ્રેજ સરકારે એમની ધરપકડ કરીને ત્રિચિનાપલ્લીના કિલ્લામાં કેદ કરી દીધા. ખાસો એવો સમય જેલમાં રહ્યાં બાદ, કેદખાનામાંથી છૂટ્યા બાદ તેમણે સાધ્વી જેવું જીવન ગાળવાનું નક્કી કર્યું. આ માટે નૈમિષારણ્ય તીર્થમાં જઈને ગૌરીશંકર નામના એક યોગી પાસે તેમણે દીક્ષા પણ ગ્રહણ કરી હતી. ત્યારથી એમનું નામ માતાજી મહારાણી તપસ્વિની પડ્યું હતું. આ સાથે સાથે તેમનામાં પ્રખર દેશભક્તિ હતી અને તેઓ કોઈ પણ ભોગે દેશની સ્વતંત્રતા ઇચ્છતાં હતાં. તેથી જ ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેઓ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ સાથે લડાઈમાં જોડાઈ ગયાં હતાં. દરમિયાન બંગાળમાં માતા તપસ્વિની સ્વામી વિવેકાનંદને અને લોકમાન્ય ટિળકને પણ મળ્યાં હતાં. ૧૯૦૧માં એમણે ટિળકને જણાવ્યું કે જો તમારે સશસ્ત્ર પ્રવૃત્તિ ચલાવવી હોય તો નેપાળની મદદ હું મેળવી આપીશ. અલબત્ત પછી ટિળક તો નેપાળ ન જઈ શક્યા, પરંતુ ૧૯૦૨માં પોતાના એક વિશ્વાસુ મિત્ર કે. પી. ખાંડિલકરને મોકલ્યા. ખાંડિલકર નેપાળ જતાં પહેલાં માતાજીને મળવા આવી ગયા અને નેપાળરાજ પર સંદેશો લઈ ગયા. નેપાળમાં ખાંડિલકરે રાજાની મુલાકાત લીધી. રાજાએ સરસેનાપતિ ચંદ્રસમશેર જંગ સાથે વિશેષ વાટાઘાટો કરવાની ગોઠવણી કરી આપી. આથી એ બંનેએ મળીને ટાઇલ્સ બનાવવાના કારખાનાને બહાને મહારાષ્ટ્રમાં શસ્ત્રો બનાવવાનું કારખાનું નાંખવાનું નક્કી કર્યું અને તે માટે જર્મનીના શસ્ત્રનિર્માતા ક્રુપ્સને નિમંત્રણ આપવાનો નિશ્ચય કર્યો. કારખાનાના સ્થળ માટે શોધ ચાલતી હતી. ત્યાં જ ખાંડિલકરના એક દોસ્ત દામુ જોશીએ કોલ્હાપુરના રાજા શાહુ મહારાજને આ વાત કરી દીધી. શાહુ મહારાજને અંગ્રેજો સાથે સારું બનતું. કહે છે કે શાહુ મહારાજે મુંબઈ પ્રેસિડેન્સીની સી.આઈ.ડી.ને આ ગુપ્ત કારખાના વિશે વાત કરી દીધી. આથી કારખાનાનો કાર્યક્રમ પડતો મૂકવો પડ્યો. પછી પણ માતા તપસ્વિનીએ સ્વતંત્રતા માટે અનેક કાર્યો કર્યાં હતાં. અને અંતે ૧૯૦૭માં કલકત્તામાં જ તેમનું અવસાન થયું.

**જ્યાં લગી આ દેશ વીર પુરુષોનું વતન છે ત્યાં લગી એ સ્વતંત્ર માણસનો દેશ રહેશે.**



# ૩૩ - ગોંડ રાણી દુર્ગાવતી

**જન્મ : ૫ ઑક્ટોબર, ૧૫૨૪**
**વીરગતિ : ૨૪ જૂન, ૧૫૬૪**

રાણી દુર્ગાવતીનો જન્મ ૫ ઑક્ટોબર, ૧૫૨૪ના રોજ કાલિંજરના મહોબા કિલ્લામાં થયો હતો. અત્યારે કાલિંજર ઉત્તર પ્રદેશના બાંદા જિલ્લામાં આવેલું છે. તેમનો જન્મ દુર્ગાષ્ટમીના રોજ થયો હોવાથી દુર્ગાવતી નામ રાખવામાં આવ્યું હતું. તે કાલિંજરના ચંદેલ રાજા કીરતરાય (કીર્તિ સિંહ)ની કુંવરી હતાં. નાનપણથી જ અસ્ત્ર-શસ્ત્રની તાલીમ લઈને એ રણભૂમિના કુશળ યોદ્ધા તથા નિષ્ણાત વ્યૂહરચનાકાર બન્યાં હતાં. ૧૫૪૨માં તેમનાં લગ્ન ગોંડ રાજા સંગ્રામ શાહના પુત્ર દલપત શાહ કચ્છવાહા સાથે થયાં હતાં. આ સંગ્રામ શાહ ગોંડવાના ૪૭ મા રાજા હતા. ગોંડ રાજવંશ અને બુંદેલખંડના રાજપૂતોના મેળાપથી દિલ્હીના શેરશાહ સૂરીને ઝટકો લાગ્યો. સૂરીએ ૧૫૮૫માં કાલિંજર પર હુમલો કર્યો. પરંતુ એકાએક દારૂગોળાનો વિસ્ફોટ થતાં એ માર્યો ગયો. આ જ સમયગાળામાં દુર્ગાવતિએ પુત્રને જન્મ આપ્યો. એનું નામ વીરનારાયણ રખાયું. વીર પાંચ વર્ષનો થયો એટલામાં ૧૫૫૦માં દલપત શાહનું મૃત્યુ થયું. આફતની આ કપરી પરિસ્થિતિમાં સગીર વયના વીર નારાયણને રાજગાદી પર બેસાડીને દુર્ગાવતીએ રાજગાદીનો કારભાર સંભાળ્યો. રાણીએ પોતાના શાસનના પ્રારંભિક વર્ષોમાં હોશંગાબાદના મિયાણા અફઘાનોને પરાજિત કરેલા. રાણી દુર્ગાવતીએ રાજધાની સિંગોરગઢથી ખસેડીને ચૌરાગઢ ખાતે સ્થાપી. જે સાતપૂડા પર્વતમાળામાં આવેલો વ્યૂહાત્મક રીતે ઉત્તમ કિલ્લો હતો. રાણીના બે મુખ્ય સલાહકાર આધારસિંહ કાયસ્થ અને માનસિંહ ઠાકુરે રાજ્યનાં ૨૩૦૦૦ ગામમાં ખેતી કરાવીને રાજ્યને સ્વનિર્ભર બનાવ્યું. જબલપુરનું સૌથી મોટું ગણાતું રાણી તળાવ રાણી દુર્ગાવતીએ પોતાના નામ ઉપરથી બનાવડાવ્યું હતું. પોતાની દાસીના નામે ચેરીતળાવ અને દીવાન આધારસિંહના નામે આધાર તળાવનું નિર્માણ કરાવ્યું હતું. રાણીની ખ્યાતિ પ્રસરી રહી હતી એવામાં બાજ બહાદુરે ૧૫૫૬માં રાણી પર હુમલો કર્યો. આ યુદ્ધમાં બાજ બહાદુર હાર્યો અને રાણીનો ભવ્ય વિજય થયો. દુર્ગાવતીના રાજ્યની ઉત્તરે પન્ના નામનું રાજ્ય હતું. અકબરના આદેશથી સેનાપતિ અબ્દુલ માજિદ ખાનના નેતૃત્વમાં મોગલોએ પન્ના જીત્યું. છતાંય દુર્ગાવતી ભયભીત ન થયાં. પછી આસખાને અકબરના કહેવાથી રાણી પર ચડાઈ કરી. રાણીએ સ્વયં પુરુષવેશ ધારણ કરી યુદ્ધનું નેતૃત્વ કર્યું. સાંજ થતાંમાં તો મોગલ સૈન્યને ઘાટીમાંથી તગેડી મૂક્યું. પરાજયથી ક્રોધે ભરાયેલ આસખાને મોટી તોપો સાથે ફરી આક્રમણ કર્યું. છતાં રાણી ખૂબ બહાદુરીથી લડ્યાં. રાણી ચારેબાજુથી ઘેરાઈ ગયાં. દુશ્મનોના હાથમાં ન જવું પડે એટલે ૨૪ જૂન, ૧૫૬૪ના રોજ પોતાના હાથે જ કટાર પોતાના શરીરમાં ઉતારી દઈને વીરગતિ વહોરી લીધી. ઉલ્લેખનીય છે કે પોતાના જીવનકાળ દરમિયાન રાણી દુર્ગાવતીએ ૫૧ જેટલાં યુદ્ધ લડ્યાં હતાં.

**યુધ્ધ એ અનિષ્ટ છે, પણ એ એક કામ અવશ્ય કરે છે.**
**એ ભયને હાંકી કાઢે છે અને શૌર્યને બહાર આણે છે.**



# ૩૪ - રાણી વેલુ નાચિયાર

**જન્મ : ૩ જાન્યુઆરી, ૧૭૩૦**
**મહાપ્રયાણ : ૨૫ ડિસેમ્બર, ૧૭૯૬**

તમિલનાડુમાં વીરામાંગાઈ તરીકે સુવિખ્યાત વેલુ નાચિયારનો જન્મ ત્રીજી જાન્યુઆરી, ૧૭૩૦ના રોજ રામ અનંતપુરમમાં રામનાદ રાજવી કુટુંબમાં થયેલો. તેઓ રાણી સકંથીમુથલ અને રાજા ચેલ્લમુતુ સેતુપતિના પુત્રી હતાં. સોળમી સદીમાં વિજયનગર સામ્રાજ્યના જાગીરદાર તરીકે રામનાદ કુટુંબ હિંદુ તીર્થસ્થાન રામેશ્વરમ્‌નું સંરક્ષક હતું. શિવ ગંગાના રાજકુમાર મુતુ વદુગનાત પેરીયા ઓડાયા થેવર સાથે ૧૭૪૬માં સોળ વર્ષની ઉંમરે વેલુનાં લગ્ન થયા હતાં. ચાર વર્ષ બાદ ૧૭૫૦માં મુલુ વદુગનાત રાજા બન્યા. એ સમયે દખ્ખણમાં ભારે ઊથલપાથલ મચેલી. શિવગંગા નાનકડુ સરહદી રાજ્ય હોવાથી અધિપતિઓ સતત બદલાયા કરતા. ઈ.સ. ૧૭૬૯માં બ્રિટિશરોને પોતાના નિયંત્રણ હેઠળના બેલગામ બનેલા આરકોટના નવાબ જેવા જાગીરદારોને વશમાં કરવાનો મોકો મળ્યો. આરકોટના નવાબે આગલા વર્ષે જ મદ્રાસ કાઉન્સિલને લખેલું કે શિવગંગાના રાજાએ પોતાની મંજૂરી વિના જ રાજ્યારોહણ કર્યું છે અને એક લાખ રૂપિયાની ખંડણી ચૂકવવાનું પણ ટાળ્યું છે. આથી અંગ્રેજોએ શિવગંગા પર આક્રમણ કર્યું. ૨૫ જૂન ૧૭૭૨ના રોજ કર્નલ જોસેફ સ્મિથ અને મેજર અબ્રાહમ બોરેના નેતૃત્વમાં બ્રિટિશરોએ ચડાઈ કરી. રાજા મુતુ વદુગનાતને આ હુમલા વિશે કંઈ અણસાર નહોતો એટલે તેઓ તેમાં હણાયા. એ વખતે તેમના પત્ની વેલુ નાચિયાર પણ કોલ્લમગુડી ગામમાં હતા. વેર વાળવાના હેતુથી વેલુએ દીકરી વેલ્લચી સાથે પાડોશી રાજ્ય મૈસૂરમાં આશ્રય લેવાનો નિર્ણય કર્યો. એક વખત વેલુએ હૈદરઅલી સાથે ઉર્દૂમાં વાત કરી તેમને પ્રભાવિત કરેલાં. આથી હૈદરઅલીએ વેલુને ચારસો સુવર્ણમહોરો આપી અને ડીંડીગુલમાં જ રહેવા કહ્યું. ધીરે ધીરે વેલુએ સ્ત્રીઓને લશ્કરી તાલીમ આપીને એક મોટી સ્ત્રી સેના ઊભી કરી હતી. આમ વેલુ નાચિયાર કુલ આઠ વર્ષ દેશવટે રહ્યાં હતા. જ્યારે હૈદરઅલી અને બ્રિટિશરોના સંબંધો વણસ્યા ત્યારે તક ઝડપીને પોતાના સ્ત્રી સૈન્ય સાથે વેલુએ શિવગંગા ભણી કૂચ આદરી. શિવગંગામાં કિલ્લેબંધી કરવામાં આવેલી એટલે રાજ્યમાં પ્રવેશ કરવા માટે એક યોજના કાઢી. વેલુની સેનામાં જોમ-જુસ્સો પારાવાર હતો. પણ બ્રિટિશ હથિયારો સાથે કોઈ રીતે સ્પર્ધા કરી શકે તેમ નહોતા. આથી બ્રિટિશરોએ દારૂગોળાના જથ્થાનો જ્યાં સંગ્રહ કર્યો હતો તે ઓરડાને જ વેલુએ ઉડાડી દીધો. જથ્થાનો નાશ થતાં જ વેલુની સેનાએ હુમલો કર્યો. અંગ્રેજોમાં નાસભાગ મચી ગઈ અને તેમણે શિવગંગા જીતી લીધું. એ પછી પણ તેમણે દેશની આઝાદી માટે ઘણીવાર અંગ્રેજો સામે બહાદૂરીપૂર્વક બાથ ભીડી હતી. બાદમાં સાઠ વર્ષની વયે હૃદયની બીમારીના કારણે ૧૭૯૦માં દીકરી વેલચીને શાસન સોંપી દીધું. અને ૨૫ ડિસેમ્બર ૧૭૯૬ના રોજ વિરુપાક્ષી પાલાયારના કિલ્લામાં તેમનું નિધન થયું.

**લડવું જ નહિં એના કરતાં લડવું અને હારવું સારું !**



# ૩૫ - મોહનદાસ કરમચંદ ગાંધી

**જન્મ : ૦૨ ઑક્ટોબર, ૧૮૬૯**
**મહાપ્રયાણ : ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮**

મોહનદાસ કરમચંદ ગાંધી એટલે કે આજે આખું વિશ્વ જેને મહાત્મા ગાંધી તરીકે ઓળખે છે તે બાપુ. બાપુ એટલે સ્વાતંત્ર્ય સંગ્રામના અહિંસક લડવૈયા. મૂળ ગુજરાતના પોરબંદરમાં બીજી ઑક્ટોબર, ૧૮૬૯ના રોજ તેમનો જન્મ. પ્રાથમિક શિક્ષણ અહીં પૂર્ણ કરી તેઓ વિદેશ ગયેલા. ૧૮૯૦માં લંડનની મેટ્રિક પરીક્ષા પાસ કરી. ૧૮૯૧ની ૧૦ જૂને બેરિસ્ટર બન્યા. ૭ જુલાઈ ૧૮૯૧માં મુંબઈ પહોંચ્યા. બાદમાં ૧૮૯૩માં એક કેસ માટે એપ્રિલ મહિનામાં સાઉથ આફ્રિકા ગયા. ત્યાં આઠ વર્ષ સત્યાગ્રહની લડત ચલાવી. એ પછી ભારત પરત આવ્યા. ગુજરાત ગાંધીજીની માત્ર જન્મભૂમિ જ નહીં, કર્મભૂમિ પણ હતી. દક્ષિણ આફ્રિકામાં ફિનિક્સ આશ્રમની જેમ ગાંધીજીએ ભારતમાં પણ આશ્રમની સ્થાપના કરીને પોતાની પ્રવૃત્તિઓ આદરી હતી. ગાંધીજીએ સૌપ્રથમ સાબરમતીના તીરે અમદાવાદમાં કોચરબ ખાતે સત્યાગ્રહ આશ્રમ સ્થાપ્યો અને ત્યાં સ્થિર થઈને આઝાદી આંદોલનની વિચારણા કરવા ઉપરાંત સ્વાતંત્ર્ય સૈનિકોનું ઘડતર કર્યું હતું. ગાંધીજીએ ભારતમાં પહેલો સત્યાગ્રહ બિહારના ચંપારણમાં ગળીના કામદારો માટે કર્યો હતો. અંગ્રેજોએ અન્યાયી પદ્ધતિથી લાદેલા રોલેટ એક્ટનો વિરોધ કર્યો. ૧૯૧૬ના ચંપારણ સત્યાગ્રહ પછી બીજો સત્યાગ્રહ ગુજરાતમાં જ ૧૯૧૮માં ખેડામાં કરાયો હતો. બાદમાં ૧૯૨૦માં અસહકાર આંદોલન શરૂ કરી અંગ્રેજ સરકારને થથરાવી મૂકી.ગાંધીજીએ ૧૯૩૦માં દાંડીકૂચ આદરી હતી, જેનાથી દેશના લોકોમાં આઝાદી આંદોલનમાં જોડાવાનો જુસ્સો બેવડાઈ ગયો હતો. દાંડીયાત્રાના પ્રસ્થાન વખતે તેમણે સોગંદ ખાધેલા કે કાગડા-કૂતરાંના મોતે મરીશ, પણ સ્વરાજ લીધા વિના આશ્રમમાં પગ નહીં મૂકું! ૧૯૪૨માં 'અંગ્રેજો પાછા જાઓ.' ચળવળથી અંગ્રેજી સરકારની ભારતમાંની સત્તાનાં વળતાં પાણી કરવામાં મોટો ભાગ ભજવ્યો હતો. ઉપરાંત બાપુએ અંગ્રેજીમાં અપાતા અને પાશ્ચાત્ય મૂલ્યોના શિક્ષણના વિરોધમાં ભારતીય મૂલ્યોની પુનઃસ્થાપના માટે રાષ્ટ્રીય શિક્ષણની અહાલેક જગાડી હતી. ગાંધીજીએ દેશના ઔદ્યોગિક કામદારોના મુદ્દે અમદાવાદમાં આંદોલન કર્યું હતું. ગાંધીજીએ લોકમત કેળવીને પોતાની લડતને મજબૂત બનાવવા માટે અખબારો ચલાવ્યાં હતાં. ટૂંકમાં લોકોને માત્ર અંગ્રેજોની ગુલામીમાંથી જ સ્વતંત્રતા મળે તે માટે નહીં પરંતુ તમામ રીતે દેશ અને દેશવાસીઓ સ્વતંત્ર થાય તે માટે મહાત્મા ગાંધીએ આજીવન કાર્ય કર્યું હતું. પણ દુર્ભાગ્ય કે આઝાદી બાદ દિલ્હીમાં ૩૦મી જાન્યુઆરી - ૧૯૪૮ના રોજ નથુરામ ગોડસેએ ગોળી મારીને બાપુની હત્યા કરી દેવાઈ અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું મહાપ્રણાય થયું.

**હું કાગડા-કૂતરાંના મોતે મરીશ, પણ સ્વરાજ લીધા વિના આશ્રમમાં પગ નહીં મૂકું!**



# ૩૬ - બેગમ હઝરત મહાલ

**જન્મ : ૧૮૨૦**
**મહાપ્રયાણ : ૭ એપ્રિલ, ૧૮૭૯**

અયોધ્યા પ્રાંત ઉત્તર પ્રદેશનો અત્યંત મહત્ત્વનો અને સઘન પ્રાંતનો નવાબ વાજીદ અલી હતો. તેના મૃત્યુ બાદ તેનું રાજ્ય ખાલસા કર્યાનું અંગ્રેજોએ જાહેર કર્યું. વાજીદ અલીની પત્ની હતાં બેગમ હઝરત મહાલ. જેઓ ફૈઝાબાદમાં ૧૮૨૦માં જન્મ્યાં હતાં. તેમણે પુત્રને ગાદી ઉપર બેસાડી રાજ્ય કરવાની શરૂઆત કરી. તેને બિઠૂરના નાનાસાહેબ પેશવાએ ગુપ્તપણે ટેકો આપ્યો. લખનૌમાંથી અંગ્રેજોની હકુમત નાબૂદ કરવાના પ્રયત્નો પરાકાષ્ઠાએ પહોંચ્યા. જેથી અંગ્રેજો ચિડાયા. તેમણે ફરીથી નવેસરથી વ્યૂહરચના બનાવી. આ તરફ નવાબના જવાથી અવધની રાજ્યવ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ ગઈ હતી. રાજ્ય અંગ્રેજોના હાથમાં જતું રહ્યું હતું, પરંતુ બેગમના હાથમાં હજુ ઘણી સંપત્તિ હતી. અંગ્રેજોની બૂરી નજર આ સંપત્તિ પર હતી. ૬ જુલાઈ, ૧૮૫૭માં રોજ બેગમે તેના પુત્ર બિરજીસ કાદરને અવધની ગાદીએ બેસાડ્યો. ડેલહાઉસીએ તેનો વિરોધ કર્યો, પરંતુ તેનું બહુ ઊપજ્યું નહિ. એટલે તે સમય પૂરતું તેણે અવધની બાબતમાં જતું કર્યું. બરાકપુરની છાવણીમાં મંગલ પાંડે નામના એક સૈનિકથી પ્રગટેલી ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામની ચિનગારી હવે મોટું સ્વરૂપ ધારણ કરી રહી હતી. રાજા, મહારાજાઓ, બાદશાહો, વેપારીઓ અને સામાન્ય જનતા પણ અંગ્રેજ સરકાર સામે સંગઠિત થઈ રહી હતી. બેગમ પણ આ જંગમાં સામેલ થયાં. તેમણે પોતાના રાજ્યનો ખજાનો સ્વાધીનતા સંગ્રામના સેનાનીઓ માટે ખુલ્લો મૂકી દીધો. એટલું જ નહિ ખુદ પણ રણે ચડ્યાં. ફેબ્રુઆરી ૧૮૫૭થી ૧૮૫૮ સુધીમાં કેટલાંય સ્થાનો પરથી અંગ્રેજોને મારી ભગાડ્યા. ૨૫ ફેબ્રુઆરી, ૧૯૫૮માં યુદ્ધમાં વિશ્વાસઘાત થતાં તેઓની પીછેહઠ થઈ. અંગ્રેજોના હાથે પકડાઈ જવા કરતાં નેપાળ જવાનું પસંદ કર્યું. જતાં રસ્તામાં બેગમનો રસાલો તૂટતો ગયો. કેટલાય સૈનિકથી ભૂખ સહન ન થતાં તેમને છોડી ગયા. નેપાળના રાણા જંગબહાદુરે બેગમને આશ્રય આપતાં પહેલાં તેમની તમામ જંગમ મિલકતની માગણી કરી. બેગમ પાસે બીજો કોઈ વિકલ્પ ન હોવાથી તેમની પાસે જે કાંઈ ઘરેણાં, હીરા હતાં તે નજરાણાં તરીકે મોકલી આપ્યાં. માત્ર થોડી રકમ એમને વ્યક્તિગત મિલકત તરીકે રાખવાની છૂટ મળી. બેગમે કાઠમંડુમાં એક મકાન ભાડે રાખ્યું. જેમાં તેમની સાથે પુત્ર બિરજીસ કાદર અને પાંચ ચાકર રહ્યા. થોડા દિવસ પછી બેગમે પોતાની પાસે થોડી મિલકત હતી તેમાંથી શહેરથી થોડે દૂર બર્ફબાગ નામનો એક નાનો મહેલ બનાવ્યો. શહેરમાં એક મસ્જિદ પણ બંધાવી. બેગમનું જીવન બેગમ જેવું રહ્યું જ નહોતું.લાચાર જીવને બેગમને સ્વસ્થ ન રહેવા દીધાં. એમનું શરીર ઘસાતું ગયું. અંતે ૭ એપ્રિલ, ૧૮૭૯ માં કાઠમંડુમાં તેમણે બંધાવેલી મસ્જિદમાં તેમનું અવસાન થયું.

**જે લોકો બીજાને સ્વાતંત્રતાથી વંચિત રાખે છે તે સ્વયં સ્વતંત્રતાના અધિકારી નથી. ન્યાયપ્રિય ઇશ્વરના શાસનમાં તેઓ બીજાને બહુ વખત પરતંત્ર નથી રાખી શકતા.**



# ૩૭ - સતી રામરખી

**જન્મ : -**
**વીરગતિ : ૨૯ મે, ૧૯૧૫**

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના એક જાંબાઝ ક્રાંતિકારી ભાઈ મતિદાસના ભાઈ બાલમુકુંદ પણ પ્રખર દેશભક્ત અને ક્રાંતિકારી હતા. ૨૩મી ડિસેમ્બર, ૧૯૧૨ના રોજ તેમણે વાઈસરોય લોર્ડ હોર્ડિંગની શોભાયાત્રા પર બૉમ્બ ફેંકેલો. આ પ્રકરણમાં ભાઈ બાલમુકુંદને જેલની સજા થઈ. ભાઈ બાલમુકુંદનાં પત્ની હતાં લાજવંતી. જે આગળ જતાં સતી રામરખી તરીકે પ્રખ્યાત થયાં. આ ઘટના બની ત્યારે તેમના વિવાહને માત્ર એક જ વર્ષ થયું હતું. તેઓ હજુ સાસરે નહોતા આવ્યાં. પિયરમાં જ હતાં. પતિની જેલના સમાચાર સાંભળીને તેઓ દિલ્હી આવી ગયાં. રામરખીએ જેલમાં પતિની મુલાકાત લીધી. તેમની પૂછપરછ કરી કે તેઓ શું ખાય છે? કેવી રીતે સૂએ છે ? જીવે છે, વગેરે. ભાઈ બાલમુકુંદે પત્નીને પોતે ખાતા હતા તે રોટલી બતાવી. જાડા લોટની રોટલી, એમાં ઘાસ-ફૂસ પણ ભેળવેલું હતું. પોતે સૂતા હતા એ પથ્થરની પથારી બતાવી અને ઓઢતા હતા એ ફાટેલા ધાબળા પણ બતાવ્યા. રામરખી કંઈ જ ના બોલી. માત્ર આંસુ સારતી રહી. પતિની મુલાકાત બાદ એણે ઘરે આવીને પોતાની રહેણી-કરણી જ બદલી નાંખી. જેલમાં પતિ જેવી અભાવો ભરેલી અને મુશ્કેલ જિંદગી જીવતા એવી જ જિંદગી રામરખી પણ જીવવા લાગ્યાં. દિવસે ફક્ત એક જ વખત જમવાનું, એ પણ જાડા લોટની રોટલી અને તેમાં ઘાસ નાંખેલું, ફાટેલા ધાબળા પર પથારીમાં સૂવાનું અને સખત મહેનત કરવાની. તેમના મા-બાપ તેમને આ બધું કરતા રોકતા પણ તેઓએ કોઈની એક પણ વાત માની નહીં. આમ ને મહિનાઓ સુધી તેમણે આવી જિંદગી જીવી. એ પછી બાલમુકુંદને ફાંસીની સજા જાહેર થઈ. રામરખીના પગ તળેથી જમીન સરકી ગઈ. એ છેલ્લી વાર પતિને મળવા માટે જેલમાં આવ્યાં અને એ જ દિવસથી અન્ન-જળનો ત્યાગ કર્યો. બધાએ ખૂબ સમજાવ્યાં પણ ના માન્યાં. આમ ને આમ દિવસો વીતવા લાગ્યા. ૧૭ દિવસ સુધી તેઓ અન્ન - જળ વિના એક જ જગ્યાએ બેસી રહ્યાં. સત્તર દિવસ બાદ ૮મે, ૧૯૧૫ના રોજ બાલમુકુંદને ફાંસી આપી દેવાઈ. તેઓ શહીદ થયા. એ પછી રામરખી સાવ સૂનમૂન થયાં. પોતાની પથારીમાંથી ઊભા જ ના થયાં. પોતાના શ્વાસ ઉપર ખેંચી લીધા. અંતે ૨૯મી, મે ૧૯૧૫નો દિવસ આવ્યો. બાલમુકુંદને યાદ કરતાં રામરખી બોલ્યાં, 'સ્વામી હવે મારાથી તમારો વિરહ સહન થતો નથી. તમે દેશ માટે સમર્પિત થયા એનું ગૌરવ છે, અને હવે હું પણ દેશ માટે, તમારા માટે સમર્પિત થઈ રહી છું. ભારત માતા મને તમારા સાન્નિધ્યમાં સમાવી લો.' આટલું બોલીને રામરખી શાંત થઈ ગયાં. ધીમે ધીમે તેમનો શ્વાસ થંભી ગયો અને પતિની જેમ તેઓ પણ શહીદ થઈ ગયાં. શહીદી અને સતીત્વનો અનોખો સમન્વય હતો. આજે પણ લોકો તેમને સતી રામરખી તરીકે યાદ કરે છે.

**મને સ્વતંત્રતા દો, અગર મૃત્યુ આપો.**



# ૩૮ - કાલીબાઈ

**જન્મ : ૧૯૩૪**
**વીરગતિ : ૧૯ જૂન, ૧૯૪૭**

૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ના દિવસે દેશ આઝાદ થયો. બરાબર તેના બે મહિના પહેલાં એટલે કે જૂન માસની ૧૯ તારીખે એક ઘટના બની. રાસ્તાપાલ એ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાનું એક ગામ. નાના એવા આ ગામમાં શિક્ષણ માટે એક પ્રાથમિક પાઠશાળા. બાળકો પાઠશાળામાં શાંતિપૂર્વક અભ્યાસ કરે. ૧૯ જૂન, ૧૯૪૭ના દિવસે પાઠશાળા પાસે પોલીસની એક જીપ આવીને ઊભી રહી ગઈ. ગામથી થોડેક દૂર ભીલ લોકોની વસતીનો વસવાટ હતો. પેલી જીપમાંથી પોલીસો ઊતર્યા. એક પોલીસવાળો પાઠશાળાના આચાર્ય પાસે પહોંચ્યો અને કહ્યું, માસ્તર સાહેબ, મોટા સાહેબે તમને બહાર બોલાવ્યા છે. આચાર્ય અને શિક્ષકો જીપ પાસે ગયા. ડુંગરપુરના મેજિસ્ટ્રેટ જીપમાંથી નીચે ઊતર્યા અને આદેશ આપ્યો કે, 'તમે લોકો અંગ્રેજો વિરુદ્ધ વિદ્યાર્થીઓને ભડકાવો છો. તેથી આ પાઠશાળાને તરત જ બંધ કરી દેવાનો હુકમ આપવામાં આવે છે.' ત્યારે સેંગાભાઈએ તેનો વિરોધ કરતાં મેજિસ્ટ્રેટના હુકમથી પોલીસોએ તેમને ઢોર માર માર્યો. નાનાભાઈ વચ્ચે પડ્યા તો તેમને પણ માર્યા. નાનાભાઈ લોહીના ખાબોચિયામાં બેહોશ થઈને પડી ગયા. સેંગાભાઈને પોલીસો જીપની પાછળ બાંધવા લાગ્યા. આ દૃશ્ય બાળકો અને શિક્ષકો જોઈ રહ્યાં હતાં, પરંતુ જીપ તરફ જવાની હવે કોઈની હિંમત થતી નહોતી. એ જ સમયે એક ૧૩ વર્ષની બાળકી કાલીબાઈ વર્ગખંડમાંથી દોડી અને જીપની આગળ આવી ઊભી રહી ગઈ. તેણે પોતાના બન્ને હાથ પહોળા કરી જીપનો રસ્તો રોકી દીધો. પોતાના ગુરુજીને આ રીતે બાંધેલા જોઈ તે જાણે કે રણચંડી બની ગઈ. જોરજોરથી તે બોલવા લાગી, 'અમારા શિક્ષકને છોડી દો. હું જીવતી છું ત્યાં સુધી તેમને હું નહીં લઈ જવા દઉં.' એક પોલીસે કાલીબાઈને જોરથી બે થપ્પડો મારી અને ખેંચીને જીપથી દૂર ફેંકી. પોલીસના આ આતંકથી સહેજ પણ નિરાશ થયા વગર તે પાઠશાળા તરફ દોડી. મેદાનમાં રસ્તામાં પડેલું દાતરડું હાથમાં આવ્યું. ઝડપથી તે જીપ તરફ દોડી અને સેંગાભાઈને બાંધ્યા હતા તે દોરડું એક ઝાટકે કાપી નાંખ્યું. ગુરુજી તો મુક્ત થયા પણ મેજિસ્ટ્રેટનો ગુસ્સો આસમાને પહોંચ્યો. અને પોતાની રિવૉલ્વરથી કાલીબાઈ ઉપર ગોળીબાર કર્યો. કાલીબાઈએ ત્યાં જ ધરતી પર પછડાતાં પોતાના પ્રાણ ત્યાગી દીધા. ગોળીઓનો અવાજ સાંભળી પાઠશાળાનાં બાળકો અને શિક્ષકો ત્યાં પહોંચી ગયાં અને ભીલો પણ ઘટનાસ્થળ પર આવી ગયા. ભીલકન્યા કાલીબાઈના મૃતદેહને જોઈને ભીલો ઉત્તેજિત થઈ ગયા. તેમણે જીપને ચારેબાજુથી ઘેરી લીધી. સદ્નસીબે મેજિસ્ટ્રેટ પોતાના પોલીસો સાથે નાસી છૂટવામાં સફળ થયો. ૧૯૩૪મી જન્મેલી કાલીબાઈ માત્ર ૧૩ વર્ષની વયે, ૧૯મી જૂન, ૧૯૪૭ના રોજ વીરગતિ પામ્યાં. સૌએ ભીની આંખે તેનો અગ્નિસંસ્કાર કર્યો.

**ગુરુ કી સચ્ચી પૂજા ઉનકે આદર્શોં પર ચલ દિખલાના,**
**અવસર હો યદિ બલિદાનોં કા હંસકર જીવન પુષ્પ ચઢાના.**



# ૩૯ - હુતાત્મા અનંત હરિ મિત્ર

**જન્મ : ૧૯૦૬**
**વીરગતિ : ૨૮ સપ્ટેમ્બર, ૧૯૨૬**

પંચાનની દેવીની કૂખે પશ્ચિમ બંગાળના નદિયા જિલ્લાના બેગમપુર ગામમાં ૧૯૦૬ની સાલમાં અનંત હરિ મિત્રનો જન્મ થયો હતો. માત્ર ૧૬ વર્ષનો આ હોનહાર કિશોર અનંત હરિ મિત્ર વિવેકાનંદજીના સાહિત્યથી ખૂબ જ પ્રભાવિત હતો અને તેથી દેશ ધર્મ માટે કંઈક કરી છૂટવા માટે તૈયાર હતો. એ સમયે સ્વાતંત્ર્ય માટે નાના-મોટા અનેક કાર્યક્રમો ચાલતા. જેમાં અસહકાર આંદોલન ખૂબ જ જોરશોરથી ચાલુ હતું. અનંતે આ આંદોલનમાં આગળ પડતો ભાગ લીધો. એટલું જ નહીં પણ તેના મિત્રોને પણ તેમાં જોડ્યા. મૂળ ક્રાંતિકારી સ્વભાવના અનંતને આવા મવાળ આંદોલનમાં રસ ન હતો. એમાંય પાછું ચોરાચોરી કાંડના કારણે આંદોલન પાછું ખેંચાયું તેથી અનંત હરિ મિત્ર ખૂબ જ ગુસ્સામાં આવી ગયો હતો. એ પછી ખૂબ વિચારને અંતે તેણે માત્ર ૧૬ વર્ષની ઉંમરે જ સશસ્ત્ર ક્રાંતિનો માર્ગ અપનાવી લીધો. ક્રાંતિકારીઓને પકડવા અંગ્રેજ શાસન એડીચોટીનું જોર લગાવી રહ્યું હતું. કાકોરી ઘટનાના ક્રાંતિકારીઓને પકડવા કલકત્તામાં પોલીસ ઘરે ઘરે તપાસ અભિયાન ચલાવી રહી હતી. દક્ષિણેશ્વરના વાચસ્પતિપારા લેનના એક મકાનની તપાસમાં એક સાથે ઘણા બધા ક્રાંતિકારીઓ પોલીસની પકડમાં આવી ગયા. એમાં અનંત હરિ મિત્ર પણ ખરો જ. પકડાયેલા ક્રાંતિકારીઓ પર કેસ ચાલ્યો અને બધાને ૧૦ વર્ષની કાળાપાણીની સજા થઈ. અનંત હરિ મિત્ર અને બાકીના ક્રાંતિવીરોને અલીપુર સેન્ટ્રલ જેલમાં પૂરી દીધા. તેઓ પાસેથી વધુ ક્રાંતિકારીઓનાં નામ કઢાવવા જાસૂસી તંત્ર કામે લાગ્યું અને તેના વિશેષ અધિકારી હતા ભૂપેન્દ્રનાથ ચેટર્જી. આમ તો બધા ક્રાંતિકારી મજબૂત મનોબળના હતા છતાં એમાં ક્યાંક ચડભડ થતી જેણે અનંત હરિને આશંકિત કરી દીધો. આથી તેણે બધા સાથે મળીને તેના સમાધાન માટે યોજના બનાવી. ક્રાંતિવીરોમાં અંદરોઅંદર ઝેર રેડવાનું કામ ભૂપેન્દ્રનાથ ચેટર્જી કરતો હતો. તે હિન્દુસ્તાની હતો પણ અંગ્રેજોનો પીઠ્ઠુ હતો અને ક્રાંતિકારીઓને વધુ ને વધુ હેરાનગતિ થાય એ માટે પ્રયત્નો કરતો હતો. આવા દાનવોનું મરવું જ યોગ્ય હોય છે. આથી એક દિવસ અનંતે યોજનાને કાર્યાન્વિત કરવા લોખંડના સળિયાથી ભૂપેન્દ્રનાથને કાયમ માટે શાંત કરી દીધો. ફરી કેસ ચાલ્યો. બધાની સજામાં વધારો કરાયો. અનંત હરિ મિત્ર અને તેના મિત્ર પ્રમોદ રંજન ચૌધરીને ફાંસીની સજા થઈ. ફાંસીના આગલા દિવસે બધા ક્રાંતિકારી મિત્રોએ ભેગા થઈ દેશભક્તિનાં ગીતોથી વાતાવરણ ભરી દીધું. રાત્રિ જાગરણ કર્યું. સવારે હસતાં હસતાં બંને મિત્રોએ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૨૬ના રોજ ફાંસીના ફંદાને ચૂમી લીધો. અનંત હરિ મિત્રની એ સમયે ઉંમર હતી માત્ર ૨૦ વર્ષની ! દેશ-ધર્મ માટે જવાની કુરબાન કરી દીધી.

**એક કલાક માટે પણ ગુલામીને ટકાવી રાખવી તે અન્યાય છે.**



# ૪૦ - અનંત લક્ષ્મણ કાન્હેરે

**જન્મ : ૭ જાન્યુઆરી, ૧૮૯૨**
**વીરગતિ : ૧૯ એપ્રિલ, ૧૯૧૦**

૭ જાન્યુઆરી, ૧૮૯૨ના એક ધનભાગી દિવસે ઈન્દોરમાં રહેતા લક્ષ્મણ કાન્હેરેના ઘરે આઝાદીનો દીપક જન્મ્યો. નામ રાખ્યું અનંત. નામ પ્રમાણે ખૂબ જ બુદ્ધિશાળી હતો. પ્રાથમિક શિક્ષણ ઈન્દોરમાં પૂર્ણ કરીને તેઓ ઔરંગાબાદ જતા રહ્યા. બાકીનું શિક્ષણ ઔરંગાબાદમાં પૂર્ણ કર્યું. અભ્યાસકાળમાં તેમના લાગણીશીલ સ્વભાવને કારણે ઘણા મિત્રો થયા પણ કૃષ્ણાજી કર્વે અને વિનાયક નારાયણ દેશપાંડે તેમના ખાસ મિત્રો હતા. એટલી નિકટતા હતી કે એ બે મિત્રો પર એક નવલકથા લખી કાઢી જેનું નામ હતું ‘મિત્ર પ્રેમ.’ એ દિવસોમાં બંગ-ભંગનું આંદોલન ચાલી રહ્યું હતું. ક્રાંતિકારીઓ સક્રિય હતા. ક્રાંતિકારી બનવા માટે અઘરી કસોટીમાંથી પસાર થવું પડતું હતું. એ ક્રાંતિકારીઓની સંસ્થા હતી ‘અભિનવ ભારત.’ અનંત કાન્હેરે એ સંસ્થાનો પરિચય મેળવી તેમાં જોડાવા તત્પર બન્યા. ‘અભિનવ ભારત’ સંસ્થાના સંસ્થાપક હતા વિનાયક દામોદર સાવરકર અને સંચાલક હતા ગણેશ દામોદર સાવરકર. આ સંસ્થામાં ક્રાંતિકારી તરીકે જોડાવા માટે પરીક્ષા લેવામાં આવતી જેમાં ૨ મિનિટ સળગતી મીણબત્તી પર ચહેરા પર કોઈ પણ જાતની દુઃખની લાગણી વગર પોતાની હથેળી રાખવી પડતી. અનંત કાન્હેરે આ પરીક્ષામાં પાસ થઈ સંસ્થાના સદસ્ય બની ગયા અને નાસિકમાં સ્થાયી થયા. તે સમયે નાસિકનો કલેક્ટર જેક્સન અતિ ક્રૂર અમલદાર હતો. ગણેશ સાવરકરે રાષ્ટ્રભક્તિની કવિતા લખી એ તેના ધ્યાનમાં આવતા તેમને આજીવન કાળા પાણીની સજા ફરમાવી દીધી. અનંતને ધ્યાનમાં આવ્યું કે અંગ્રેજ અમલદારો અંગ્રેજ અને ભારતીયોમાં ભેદભાવ રાખે છે. ગણેશ સાવરકરની સજાએ અનંત અને તેને મિત્રમંડળને હચમચાવી મૂક્યું. અનંતે નિર્ણય કર્યો જેક્સનની હત્યાનો. તેને મારવાની યોજના બની. સંપૂર્ણ યોજના અનંતની હતી. સાથે બે મિત્રો પણ જોડાયેલા. તેમને વૈકલ્પિક વ્યવસ્થા માટે રાખેલા. જેક્સનની મુંબઈ બદલી થતાં તેનો વિદાય સમારંભ યોજાયો હતો. અનંતે આ તક ઝડપી લીધી. પોતાની પાસે ઝેરની શીશી પણ રાખી હતી. તેઓ જીવતા અંગ્રેજોના હાથે પકડાવા નહોતા માગતા. જેક્સન જેવો સભાગૃહમાં પ્રવેશ્યો તે ક્ષણે અનંતની રિવૉલ્વરમાંથી એક, બે, ત્રણ, ચાર ગોળીઓ છૂટી. જેક્સન ત્યાં જ ઢળી પડ્યો. અનંતને ઝેર ખાવાનો સમય ન મળ્યો, પકડાઈ ગયા. આ કેસમાં બીજા સાથીદારોને પણ ગુનેગાર બનાવ્યા અને કોર્ટમાં કેસ ચલાવવામાં આવ્યો. આખરે અનંતને ફાંસીની સજા થઈ અને ૧૯ એપ્રિલ, ૧૯૧૦ના રોજ તેઓ હસતાં હસતાં ફાંસીએ ચડી ગયા. તેમના અંતિમ સંસ્કાર પણ જેલમાં થયા અને અસ્થિઓ સમુદ્રમાં ફેંકી દેવાયાં. વિધિની વક્રતા અને અંગ્રેજોની વિકૃતતા એટલી હતી કે અનંતના ઘરના લોકો તેના અંતિમ દર્શન પણ કરી શક્યા નહોતા.

**સ્વતંત્રતા એટલે માત્ર સલામતી નહિં પણ પ્રગતિની તક.**



# ૪૧ - કનકલતા બરુઆ

**જન્મ : ૨૨ ડિસેમ્બર, ૧૯૨૪**
**વીરગતિ : ૨૦ સપ્ટેમ્બર, ૧૯૪૨**

આસામના ગોહપુરના નિવાસી કર્ણેશ્વરી દેવીની કૂખે ૨૨ ડિસેમ્બર, ૧૯૨૪ના રોજ એક દીકરીરત્નનો જન્મ થયો. નામ પાડ્યું 'કનકલતા'. પિતા કૃષ્ણકાંત બરુઆ અને માતા કર્ણેશ્વરી દેવી ધન્ય થઈ ગયા હતા. હજુ તો કનકલતા બે પગે ચાલતાં માંડ શીખી હતી અને પૂરું બાળપણ પણ જીવી નહોતી ત્યાં જ માતા-પિતા ગુમાવવાની અસહ્ય વેદના તેણે સહન કરવાનો સમય આવ્યો. માતા-પિતાના ગુજરી જવાથી તેનાં નાની અને મામાએ તેનું બાળપણમાં પાલનપોષણ કર્યું. આવી સ્થિતિમાં ઉછેર થયો હતો છતાં પણ બાળપણથી જ તેનામાં દેશસેવા, રાષ્ટ્રભક્તિ અને ક્રાંતિના ગુણો ઉપસી આવ્યા હતા. માત્ર ૭ વર્ષની ઉંમરે તે પોતાના મામા સાથે ગમેરી ગામમાં આયોજિત એક જનસભામાં ગઈ. સભાની સઘળી વ્યવસ્થા વિદ્યાર્થીઓએ સંભાળી હતી. આ જનસભામાં મૂળે રાજસ્થાની અને આસામના પ્રસિદ્ધ લેખક એવા જ્યોતિપ્રસાદ અગ્રવાલનું વક્તવ્ય હતું. એમનાં ગીતોએ આસામમાં ક્રાંતિનું બ્યૂગલ ફૂંક્યું હતું. કનકલતાના જીવન પર તેમની કવિતાઓની જબરદસ્ત અસર પડી હતી.

આમ કનકલતાનું જીવન ક્રાંતિપથ પર આગળ વધી રહ્યું હતું. ૧૯૪૨ના 'ભારત છોડો' આંદોલનનો સમય હતો. તે સમયમાં એક ગામમાં ગામલોકોએ પોલીસ થાણા પર ત્રિરંગો લહેરવાની યોજના બનાવી અને તારીખ નક્કી કરી ૨૦ સપ્ટેમ્બર. આ દિવસે કનકલતા ઘરકામમાંથી જલદી પરવારી. ૮૨ માઈલની યાત્રા કરી પેલા ગામ પહોંચી ગઈ. સાથે સાથે આંદોલનમાં જોડાયેલા બધાનું નેતૃત્વ હાથમાં લીધું. એક હાથમાં ત્રિરંગા ધ્વજ સાથે ટોળું આગળ વધતું હતું. સૌથી આગળ કનકલતા હતી. પોલીસ અધિકારીઓએ ટોળાને આગળ વધતું રોકવા પ્રયત્નો કર્યા પણ કનકલતા આગળ ધપ્યે ગઈ. એટલું જ નહીં પણ કનકલતાએ અંગ્રેજો વિરુદ્ધ જબરદસ્ત નારા પણ લગાવ્યા. અંગ્રેજોના સિપાઈઓથી આ બધું સહન ના થયું. થાણેદાર સિપાહી અને બાકીની પોલીસે ધડાધડ ગોળીબાર ચાલુ કરી દીધો. એમાંના એક સિપાહીની ગોળી સૌથી આગળ ચાલતી કનકલતાને વીંધતી પસાર થઈ ગઈ. કનકલતા લથડી, પણ હાથમાંથી ત્રિરંગાને પડવા ન દીધો. તેની પાછળ ઊભેલી વ્યક્તિએ ત્રિરંગો પકડી લીધો. ગોળીબાર સતત ચાલુ રહ્યો અને એક પછી એક બહાદુર સ્ત્રી-પુરુષો આગળ આવતાં ગયાં અને ત્રિરંગાને નીચે ન પડવા દીધો. લગભગ ૬૦ શહીદો ત્રિરંગા માટે શહીદ થયા. જે સિપાહીએ કનકલકતાને ગોળી મારી હતી તેણે પશ્ચાતાપમાં પોતાનો પણ પ્રાણત્યાગ કર્યો. આમ માત્ર ૧૮ વર્ષની વયે કનકલતાએ દેશ માટે વીરગતિ વહોરી અને ત્રિરંગાની આન, બાન અને શાનને સલામ કરીને આ દુનિયા છોડીને ચાલી ગઈ.

**આ દુનિયામાં બીજાની સ્વતંત્રતાનું રક્ષણ કરીને જ**
**તમે તમારી સ્વતંત્રતાનું ક્ષણ કરી શકો છો.**



# ૪૨ - કાલીપદ મુખર્જી

**જન્મ : ૧૬ ફેબ્રુઆરી ૧૯૦૧**
**વીરગતિ : ૦૮ નવેમ્બર, ૧૯૩૨**

અંગ્રેજો 'ભાગલા પાડો અને રાજ કરો'ની પોતાની નીતિમાં મહદંશે સફળ રહ્યા હતા. ક્રાંતિકારીઓના દેશવ્યાપી અલગ અલગ સંગઠનો અંગ્રેજી શાસનને હચમચાવી તેમનામાં ભયંકર ડરનો માહોલ સર્જી રહ્યાં હતાં. દેશવાસીઓમાંના કેટલાક અમીચંદોને કારણે અલગ અલગ સ્થળેથી અનેક ક્રાંતિવીરો પકડાયા હતા અને સજા ભોગવતા હતા, કેટલાકને ફાંસીના ફંદે કુરબાન થવું પડ્યું હતું. એવા જ એક અમીચંદની અહીં વાત છે. નામ હતું વિશેષ મેજિસ્ટ્રેટ કામાખ્યાપ્રસાદ. તેમની નિમણૂક અસહકાર આંદોલનને કચડી નાંખીને આંદોલનકારીઓને પાઠ ભણાવવા કરવામાં આવી હતી. પણ આંદોલનકારીઓને કચડી નાંખવાના મનસૂબા ઘડનારા કામાખ્યાપ્રસાદને ખતમ કરી નાંખવા માટે એક વીર ક્યારનોયે જન્મી ચૂક્યો હતો અને તેનું નામ હતું કાલીપદ મુખર્જી.

વર્તમાન બાંગ્લાદેશના ઢાકા પાસેના વિક્રમપુરમાં ૧૬ ફેબ્રુઆરી, ૧૯૦૧ના રોજ કાલીપદ મુખર્જીનો જન્મ થયો હતો. આ ક્રાંતિકારીએ પ્રતિજ્ઞા કરી હતી કે મારા દેશબાંધવો પર જુલમ ગુજારનાર કામાખ્યા પ્રસાદનું ઢીમ ઢાળી દેવું છે. કામાખ્યા પ્રસાદે આંદોલનકારી માતાઓ અને બહેનો સાથે દુષ્ટ વ્યવહાર કરેલો અને ખૂબ જ અત્યાચાર કરેલા. ક્રાંતિકારીઓએ નક્કી કર્યું કે આ નરાધમને તેની યોગ્ય સજા આપવી. કામાખ્યાને આ યોજનાની ગંધ આવતાં રજા પર ઊતરી જઈ ઢાકા જતો રહ્યો હતો. તેને ક્રાંતિવીરોના દૃઢ નિશ્ચયનો પરિચય ન હતો. બસ ત્યારે જ કાલીપદ મુખર્જી કામાખ્યાનો પીછો કરતા ઢાકા આવી દરજીના મકાનમાં ભાડે રહેવા માંડ્યા. કામાખ્યાની પ્રત્યેક હિલચાલ પર તેમની બારીક નજર હતી. એક રાત્રે કામાખ્યાપ્રસાદ સેન જ્યાં રહેતો હતો તે મકાનની બારીમાંથી કાલીપદ અંદર ઘૂસ્યા. જોયું તો કામાખ્યા સેન ગાઢ નિદ્રામાં હતા. કાલીપદએ તેના પલંગ પાસે જઈ ઊંઘતા કામાખ્યા સેનને તેની પથારીમાં જ પતાવી દીધો અને ત્યાંથી પલાયન થઈ ગયા. લોકો ભેગા થઈ ગયા. પોલીસે તાર વિભાગને આ અંગે કંઈ પણ હલચલ જણાય તો તરત સમાચાર પહોંચાડવાની સૂચના આપી દીધી હતી. એવામાં એક વ્યક્તિ આ ઓપરેશન સફળ થઈ ગયું તેવો તાર કરવા આવી. પોલીસે તેને પકડી લીધી. ડરેલી પેલી વ્યક્તિએ દરજીની દુકાન પર બેઠેલા કાલીપદનો પતો બતાવી દીધો. કાલીપદને પકડી લેવામાં આવ્યા. તેમણે પોલીસને કહ્યું, 'મેં મારી જાતે કોઈની પણ સહાય વગર કામાખ્યાની હત્યા કરી છે. કારણ કે તેણે નિર્દોષ આંદોલનકારીઓ અને માતાઓ-બહેનો સાથે અભદ્ર વ્યવહાર કર્યો હતો, જે મારાથી સહન ન થયું તે મેં તેની હત્યા કરી છે.' આ દેશભક્તિના બદલામાં આ ક્રાંતિવીરને ૮ નવેમ્બર, ૧૯૩૨ના રોજ ફાંસી મળી અને તેઓ વીરગતિ પામ્યા.

**બીજાઓની શિસ્તમાં રહેવાને બદલે પોતે પોતાની શિસ્તમાં રહેવું એનું નામ સ્વતંત્રતા.**



# ૪૩ - જયંતી ઠાકોર

**જન્મ : ૧૯૧૩**
**મહાપ્રયાણ : ૨૦૦૪**

બીજા વિશ્વયુદ્ધ વખતની વાત છે. અમદાવાદમાં રહેતા એક નવયુવાનના મનમાં ભારતના સીમાડા ખૂંદી ફોજને દોરવણી આપી રહેલા નેતાજી સુભાષને મળવાના મનોરથ જાગ્યા. દૃઢ મનોબળવાળો આ ક્રાંતિકારી યુવાન એટલે જયંતી ઠાકોર. તેમનો જન્મ ૧૯૧૩માં અમદાવાદ ખાતે થયો હતો. સુભાષબાબુને મળવા આ યુવાને એક યુક્તિ શોધી કાઢી. બંગાળમાં ચાલતા ભયંકર દુષ્કાળના રાહતકામમાં વેશ બદલીને પહોંચી ગયા. ત્યાં કામ કરતાં તેઓને ખબર પડી કે, અહીંના ખેડૂતોને વહેંચવામાં આવતું બિયારણ લાંચ મળ્યા બાદ જ ગરીબ ખેડૂતો સુધી પહોંચે છે. આ સમાચારથી તેઓનો ક્રાંતિકારી આત્મા જાગી ઊઠ્યો અને એક ગુપ્તી લઈ તેઓ બિયારણ વેચતા સર્કલ ઇન્સ્પેક્ટરની બોટમાં ચડી ગયા અને ઇન્સ્પેક્ટરની રિવૉલ્વર ખેંચી તેણે લીધેલા લાંચના ૧,૩૦૦ રૂ. આંચકી લીધા. જયંતીભાઈની ધરપકડ થઈ, પરંતુ તેઓએ નીડરતાપૂર્વક બધી જ બીના રજૂ કરી દીધી. તરત જ એ લાંચિયા ઇન્સ્પેક્ટરને નોકરીમાંથી દૂર કરાયો. આ પ્રસંગથી જયંતીભાઈ ત્યાંના ખેડૂતોના નાયક બની ગયા, પરંતુ આ અનોખી માટીના ક્રાંતિકારીનું લક્ષ્ય તો સુભાષબાબુને મળવાનું હતું. તેથી તેઓ એક ખૂબ જ ભલા સ્વભાવનાં મહિલા નલિની સેનગુપ્તાને મળ્યા અને વાતવાતમાં સુભાષબાબુને મળવાનો રસ્તો જાણી લીધો, પરંતુ અફસોસ! તેઓ ચિત્તાગોંગ નદી પાર કરી, જેવા 'નો મેન્સ લેન્ડ'માં પહોંચ્યા કે અંગ્રેજોના હાથે પકડાઈ ગયા, પરંતુ પોતાની હાજરજવાબીથી તેઓએ અંગ્રેજોને સમજાવી દીધું કે, તેઓ બંગાળમાં દુષ્કાળગ્રસ્તો માટે રાહત અભિયાનના કાર્યકર્તા છે અને મારગ ભૂલ્યા છે. અંગ્રેજ સૈનિકોએ તેઓને પાછા મોકલી દીધા. આમ તેઓનું સુભાષબાબુને મળવાનું સ્વપ્ન સહેજમાં રોળાયું. જયંતીભાઈની અમદાવાદના શહેરસૂબા તરીકેની કામગીરી પણ આવાં જ અનેક સાહસોથી ભરેલી છે. ૧૯૪૨ની 'કરેંગે યા મરેંગે'ની લોકક્રાંતિ વખતે તેઓએ ભૂગર્ભમાં રહીને બ્રિટિશ સરકારને હેરાન-પરેશાન કરી મૂકી હતી. આ દરમિયાન ૯ ઑગસ્ટને દિવસે અમદાવાદમાં ઉમાકાંત કડિયા નામના યુવાન ગોળીબારમાં શહીદ થયા, બીજા દિવસે વિનોદ કિનારીવાળા નામના યુવાન શહીદ થયા, પોલીસના આ પાશવી દમનથી અમદાવાદમાં આઝાદીની લડત ઠંડી પડી ગઈ હતી; ત્યારે આ લડતને ફરી વેગવંતી બનાવવાનું કામ શહેરસૂબા જયંતી ઠાકોરના શિરે આવ્યું. અમદાવાદમાં જેમ જેમ આંદોલન ઉગ્ર બનતું ગયું તેમ તેમ તેમના પર પોલીસની ભીંસ વધતી ગઈ. તેઓ રાતોની રાતો અમદાવાદના બાગ-બગીચાના બાંકડા પર વિતાવતા. આમ છતાં તેઓ ક્રાંતિના જાહેર કાર્યક્રમો અચૂક પાર પાડતા. આમ, આજીવન તેમણે ભારતમાતાની આઝાદી માટે કાર્ય કર્યાં અને વર્ષ ૨૦૦૪માં તેમનું દુઃખદ અવસાન થયું.

**સારા સંસાર યે જાનતા હમારી જો પહેચાન હૈ,**
**સંસ્કૃત સે સંસ્કૃતિ હમારી, હિંદ સે હિન્દુસ્તાન હૈ.**



# ૪૪ - અલ્લુરી સિતારામ રાજુ

**જન્મ : ૪ જુલાઈ, ૧૮૯૭**
**વીરગતિ : ૦૭ મે, ૧૯૨૪**

રાજુ પહાડી ક્ષેત્રના એક બાહોશ, ખડતર અને નિર્ભિક ક્રાંતિકારી નેતા હતા. સંસ્કૃત, અંગ્રેજી, જ્યોતિષ અને વૈદકના વિદ્વાન હતા. તેમનું આખું નામ અલ્લુરી સિતારામ રાજુ. તેમનો જન્મ ૪ જુલાઈ ૧૮૯૭ના રોજ આંધ્રપ્રદેશના પાંડુરંગી વિશાખાપટ્ટનમ્‌માં થયો હતો. તેઓ ગોદાવરી આસપાસના પહાડીક્ષેત્રના સમાજના હતા. છાપામાર પદ્ધતિમાં તે માહેર હતા. ઘોડેસવારી અને તીરંદાજીમાં તેમનો જોટો જડે તેમ ન હતો. તેમના સમાજના જાણે કે તેઓ ભગવાન હતા. સમાજે તેમને 'માન્યમ વીરુડ' એટલે કે જંગલોના નાયકનું બિરુદ આપ્યું હતું. અંગ્રેજો રાજુને રંપા ફિતુરી (રંપા એટલે ગોદાવરી નદીના આસપાસનું પહાડી ક્ષેત્ર અને ફિતુરી એટલે છાપો મારીને અદશ્ય થઈ જનાર) કહેતા હતા. તેમણે અંગ્રેજોના નાકે દમ લાવી દીધો હતો. તેઓ 'રંપા ક્રાંતિ'ના નાયક હતા. અવારનવાર છાપો મારી અનેક અંગ્રેજોના ઢીમ ઢાળી દેનાર રાજુ અંગ્રેજોની પકડમાં આવતા ન હતા તેથી અંગ્રેજોએ તેમના પર ૧૦,૦૦૦ રૂપિયાનું ઇનામ રાખી અનેક ગુપ્તચરોને તેમની પાછળ લગાડી દીધા હતા. અંગ્રેજોએ તેને પકડવા જમીન આસમાન એક કરી દીધાં. આંધ્રની પોલીસ નિષ્ફળ રહેતાં કેરલની પહાડી ટુકડી અને છેવટે આસામ રાઇફલ્સના સૈન્યને તેમની પાછળ લગાડવામાં આવ્યું. આમ, રાજુ પર ચારેબાજુથી ભીંસ વધારવામાં આવી, પરંતુ ન તો તેઓ રાજુને પકડી શક્યા, ન તો તેનો કોઈ યોગ્ય અને સાચો પતો મેળવી શક્યા. રાજુએ અવારનવાર અંગ્રેજ થાણાઓ પર હુમલા કરી આધુનિક શસ્ત્રો મેળવી લીધાં હતાં તેથી તેઓ સક્ષમ હતા અને તેમની ટુકડીનો એક પણ સાથીદાર પકડાતો કે ડરતો ન હતો. તે વિસ્તારમાં બીજુ એક ક્રાંતિદળ હતું. જેનું નામ હતું બીરૈયા દૌરા. તેના નેતાને અંગ્રેજોએ જેલમાં પૂરી દીધા હતા. રાજુએ અંગ્રેજો સામે તેમને છોડાવી જવાનો પડકાર ફેંક્યો અને જેલમાંથી છોડાવી પણ ગયા. એ જ રીતે બીજા એક મહાન ક્રાંતિકારી પૃથ્વીસિંહ આઝાદ પણ જ્યારે જેલમાં હતા ત્યારે રાજુએ તેમને છોડાવી જવાનો પડકાર પણ ફેંક્યો હતો. અંગ્રેજોએ સઘન બંદોબસ્ત ગોઠવ્યો. રાજુએ નાની ટુકડીઓમાં વિભાજિત થઈ બધાં થાણા પર હુમલા કર્યા, હથિયાર લૂંટ્યાં અને પૃથ્વીસિંહને છોડાવી દીધા. અંતે આ માન્યમ બીરુડને પહાડી રસ્તા પર આસામ પોલીસે ઘેરી લીધા. રાજુએ બહાદુરી પૂર્વક તેમનો સામનો કર્યો. જેમાં તેમના અનેક સાથીઓ માર્યા ગયા. કેટલાક ઘાયલ થયા. આવા અદમ્ય સાહસીને અંગ્રેજોએ ખૂબ ક્રૂરતાપૂર્વક મોત આપ્યું. ૭મી મે, ૧૯૨૪ના રોજ તેમને ઝાડ સાથે બાંધીને ગોળીઓથી તેમના શરીરને ચારણી જેવું કરી દીધું. છતાં આ વીરે જરાય ડર્યા વિના ભારતમાતાની જયના નારા સાથે દેહત્યાગ કર્યો.

**સારા જગ ઘુમ લિયા, મિલા એક હી જ્ઞાન,**
**ઇતના પ્યારા ના દેશ કોઈ જિતના હિન્દુસ્થાન**



# ૪૫ - કલ્પના દત્ત

**જન્મ : ૨૭ જુલાઈ, ૧૯૧૩**
**મહાપ્રયાણ : ૦૮ ફેબ્રુઆરી, ૧૯૯૫**

બહાદુર ક્રાંતિકારી કલ્પના દત્તનો જન્મ ૨૭ જુલાઈ, ૧૯૧૩ના રોજ વર્તમાન **બાંગ્લાદેશના બોઆખલીમાં થયો** હતો. નાનપણથી જ દેશસેવા અને દેશ માટે પ્રાણ આપી દેવાની તેની નેમ. એ વખતે કેટલાક ક્રાંતિકારી વિચાર ધરાવતા લોકો તો અહિંસામાં માનતા ન હતા. આવી ટુકડીઓ ગોરાઓની છાવણી અને તેમનાં ઠેકાણાંઓની છૂપી માહિતી મેળવતી અને તેનો નાશ કરતી. આને કારણે ગોરાઓમાં ભય ફેલાઈ જતો. દેશની આવી પરિસ્થિતિ હતી ત્યારે શાળામાં ભણતી કલ્પનાના શિક્ષક સૂર્યસેને એક સમયે વર્ગમાં કહ્યું, 'અંગ્રેજોનું આ ભણતર આપણને ગુલામ બનાવવા માટેનું છે. સાચું ભણતર તો તેમને દેશમાંથી તગેડી મૂકવા એ છે.' એ વખતે કલ્પનાની ઉંમર ૧૪ વર્ષની હતી. તે વર્ગમાં ઊભી થઈ ગઈ અને બોલી, 'માસ્તરજી, આપની વાત મને ખૂબ ગમી ગઈ છે. અંગ્રેજોને મારી ભગાડવા માટે હું આપની સાથે છું. આપ આદેશ કરો, આ માટે શું કરવાનું છે? હું એ કામ કરીશ માસ્તરજી!' સૂર્યસેન ખૂબ રાજી થયા. અને પછી બધાએ ભેગા થઈને અંગ્રેજો સામે લડવાની તૈયારીઓ શરૂ કરી દીધી. દિલમાં દેશદાઝ સાથે પછી તો કલ્પના પિસ્તોલ ચલાવતાં અને બૉમ્બ ફેંકતાં પણ શીખી અને તલવારબાજીમાં નિપુણ બની ગઈ. તે જાસૂસીમાં પણ અવ્વલ હતી. દિવસે ભણતી અને બાકીના સમયમાં પત્રિકાઓ પહોંચાડવી, સમાચારો એક અડ્ડેથી બીજા અડ્ડે પહોંચાડવા વગેરે કામમાં લાગી જતી. અંગ્રેજ સરકારના દારૂગોળાનો મોટો ભંડાર ૧૯૩૦ના એપ્રિલની ૧૮મી તારીખે કલ્પનાની ટુકડીએ લૂંટી લીધો. સમય વીતતો ગયો. કલ્પના બી.એસ.સી. થઈ. તે સમયે જ એક ક્લબમાં ગોરાઓ ભેગા થવાના હતા અને ક્રાંતિકારીઓ ત્યાં આકરાં પગલાં લેવા માગતા હતા. આ ક્લબ અંગેની બધી માહિતી લાવવાનું કામ કલ્પનાને સોંપાયું. છૂપા વેશે ગયેલી કલ્પના પકડાઈ પણ છટકી ગઈ. બીજી વખતે દારૂગોળા સાથેનો મોરચો લઈ ગઈ. ગોરાઓની ક્લબ પર જોરદાર બૉમ્બ ઝીંક્યા, કેટલાક ગોરા મર્યા, કેટલાક ભાગ્યા પણ ગોરાઓને ખબર પડી ગઈ કે ટુકડીની નેતા છોકરી છે. કલ્પનાએ ત્યાર પછી એવી યોજના કરી કે ચટ્ટગાંવની બધી જ ચોકીઓ, લશ્કરી છાવણીઓ, ગોરાઓનાં મકાનો તથા સરકારી કચેરીઓ પર એકીસાથે હુમલા કરી ઉડાડી મૂકવાં. અને એ યોજનાનો અમલ પણ કર્યો. ચારેબાજુ ધણધણાટી બોલી ગઈ. તે સમયે તેના શિક્ષક સૂર્યસેને તેને ભાગી જવા કહ્યું પણ તે ભાગી નહીં. આખરે બંને પકડાયાં. કેસ ચાલ્યો. માસ્તરદાને ફાંસી અપાઈ અને કલ્પનાને કાળાપાણીની સજા થઈ. ૧૯૩૩માં કાળાપાણીની સજા ફટકારાઈ. ૧૯૩૭માં રવીન્દ્રનાથ ટાગોર અને ગાંધીજીના પ્રયત્નોથી તેને મુક્તિ મળી. ભારત પાછા ફરીને તેણે અભ્યાસ ચાલુ કર્યો પણ સાથે સાથે દેશસેવા ચાલુ રાખી. એ પછી ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૫ના રોજ તેમનું અવસાન થયું.

**માતૃભૂ કી પીર કી કરના પઢાઈ જાનતે થે,**
**રક્ત સે જય માતૃભૂ કી વે લિખાઈ જાનતે થે.**



# ૪૬ - ખુદીરામ બોઝ

**જન્મ : ૩ ડિસેમ્બર, ૧૮૮૯**
**વીરગતિ : ૧૧ ઑગસ્ટ, ૧૯૦૮**

એક લબરમૂછિયો છોકરો. ઉંમર માત્ર ૧૯ વરસ. ભારતની આઝાદી માટે હૃદયમાં ભભૂકતી જ્વાળાઓ. અંગ્રેજોના અમાનુષી અત્યાચારો સામે લડી લેવાની ઉત્તેજના અને એને માટે શહીદ થવાની તમન્ના. આ નવયુવાનનું નામ ખુદીરામ બોઝ. તેમનો જન્મ બંગાળના મહોબાનીમાં ૩ ડિસેમ્બર, ૧૮૮૯ના રોજ થયો હતો. કિંગ્સ ફોર્ડ નામનો એક અંગ્રેજ ઉચ્ચ અધિકારી આ દેશની સ્વતંત્રતા ઝંખતા અનેકાનેક ક્રાંતિવીરો માટે શેતાન બનેલો હતો. સ્વભાવે ખૂબ જ નિર્દયી અને ક્રાંતિકારીઓને કચડી નાંખવાનું જાણે તેણે બીડું ઝડપ્યું હતું. ક્રાંતિકારીઓ ઉપર અત્યાચાર કરવો એ જાણે એનો ધર્મ બની ગયો હતો. ખુદીરામ બોઝે આ મહા અત્યાચારીને સદાયને માટે સુવાડી દેવાનો નિર્ણય કર્યો. ૧૯૦૮ની ૩૦મી એપ્રિલનો એ દિવસ. ખુદીરામ અને તેના ક્રાંતિકારી મિત્ર પ્રફુલ્લ ચાકીએ આ કિંગ્સ ફોર્ડને સદાય માટે રામશરણ કરવાનો નિર્ધાર કર્યો. હુમલો કેમ કરવો એ પણ નક્કી થઈ ગયું હતું અને બોમ્બની પણ વ્યવસ્થા થઈ ગઈ હતી. ૩૦મી એપ્રિલે મુજફ્ફરપુર (બિહાર)માં કિંગ્સ ફોર્ડની ફિટન ગાડી પર બોમ્બ ઝીંકી દીધો. પરંતુ દુર્ભાગ્યવશ ફોર્ડ એ ગાડીમાં ન હતો. તેમાં બે અંગ્રેજ મહિલાઓ બેઠી હતી. તે બંનેનાં મૃત્યુ થયાં. થોડાક સમય પછી ખુદીરામ બોઝને પકડી લેવામાં આવ્યા. અંગ્રેજોની કોર્ટમાં કેસ ચાલ્યો અને ખુદીરામ બોઝ એ વખતે માત્ર ૧૯ વર્ષના. નાનકડા ૧૯ વર્ષના બાળકને ફાંસીની સજા કરવામાં આવી. ફાંસીના દિવસ પહેલાંના દિવસોમાં જેલના ડેપ્યુટી જેલર સાથે ખુદીરામના ખૂબ જ મીઠા સંબંધો થઈ ગયા હતા. ખુદીરામ જેલરને બાબા કહીને બોલાવતા. ૧૧મી ઑગસ્ટે સવારે-૪ વાગે ખુદીરામને ફાંસી આપવાની હતી. ૧૦મી ઑગસ્ટે રાત્રે જેલર સાહેબ ખુદીરામ માટે ચૂસવાની કેરીઓ લઈને આવ્યા અને કહ્યું, બેટા, આ થોડીક કેરીઓ તારા માટે લાવ્યો છું, ખાઈ લેજે. કાલે સવારે તો તને ફાંસી થવાની છે. ખુદીરામે હસીને કેરીઓ લઈ લીધી. ૧૧મી ઑગસ્ટે કેરીઓને ત્યાંની ત્યાં પડેલી જોઈને જેલરે વિચાર્યું કે જેને થોડા સમય પછી ફાંસીએ લટકવાનું છે તેને આ કેરીઓ ખાવાની ઇચ્છા ક્યાંથી થાય ? જેલરે જ્યારે તે કેરીઓ ઉઠાવી તો તે ખાલી છોતરાં હતાં. ખુદીરામ ખડખડાટ હસી પડ્યો અને કહ્યું, કેરીઓ તો મેં ખાઈ લીધી છે. હકીકતમાં કેરીઓ ચૂસી જઈને ખુદીરામે તેનાં છોતરાંમાં મોંથી હવા ભરી દીધી હતી અને એવી રીતે મૂકેલી કે અદ્દલ કેરીઓ પડી હોય તેવું લાગે. જેલર ખુદીરામની ઝિંદાદિલીથી આશ્ચર્યચકિત થઈ ગયો હતો. ૧૧મી ઑગસ્ટ ૧૯૦૮ના દિવસે ભારતમાતાનો આ નાનકડો લાલ દેશની આઝાદી માટે હાથમાં ગીતા રાખી ફાંસીને માંચડે લટકી ગયો. ધન્ય છે આવા ભારત માતાના સપૂતોને.

**ઘુટ્ટી મેં જો રાષ્ટ્રભક્તિ કા પાન કિયા કરતે હૈં,**
**સ્વતંત્રતા અનમોલ સમઝ બલિદાન દિયા કરતે હૈ.**



# ૪૭ - માતંગિની હાજરા

જન્મ : ૧૯ ઑક્ટોબર, ૧૮૭૦
વીરગતિ : ૨૯ સપ્ટેમ્બર, ૧૯૪૨

હિંદમાં ચારેકોર અંગ્રેજો સામે સરઘસો નીકળતાં હતાં. સૂત્ર હતું. 'હિંદ છોડો', સાલ હતી ૧૯૪૨... અને અંગ્રેજોને હિંદમાંથી હાંકી કાઢવા યુવાનો-યુવતીઓ અને વૃદ્ધો પણ સરઘસોમાં કીડિયારાની જેમ ઊભરાતાં હતાં. ગોરાઓએ અનેક નગર-મહાનગરના લોકો પર જોહુકમી કરી હતી, પરંતુ એક નગર એવું હતું જ્યાં તેમનું કંઈ જ ચાલતું નહીં. આ નગર હતું મેદિનીપુર. હિંદનાં બધાં જ નગરોમાં આઝાદીની હવા સત્યાગ્રહ સ્વરૂપે ચાલતી હતી. મેદિનીપુર સ્વતંત્રતાનો ગઢ હતો. અંગ્રેજોએ બહુ જોહુકમી ચલાવી પણ અહીં તેઓએ પીછેહઠ કરવી પડતી હતી. ગોરી સરકારની આંખમાં આ નગર કણાની જેમ ખટકતું હતું. સત્યાગ્રહી વીરોનું જબરજસ્ત સરઘસ નીકળ્યું હતું. ગણ્યાં ગણાય નહીં  નાનાં-મોટાં, યુવક-યુવતીઓ, બાળકો-વૃદ્ધો સહુ કોઈ માભોમની આઝાદી માટે આ સરઘસમાં જોડાયાં હતાં. ગોરી સરકારનો હુકમ હતો. 'કચડી નાંખો આંદોલન' પણ સૈનિકો કોને કચડી નાંખે ? સામે તો મોટા ઘોડાપૂરની જેમ મેદિનીપુરની જનતા સ્વયંભૂ રીતે આગળ વધતી હતી. ન્યાત-જાતના ભેદ સિવાય બધાં એકીસાથે આગળ વધતાં હતાં. કૅપ્ટને હુકમ કર્યો, 'કીડિયારાને રોકી દો' પણ કોઈ રોકાયું નહીં. બધાં આગળ વધતાં હતા. બંદૂકો તકાઈ છતાં જાનની પરવા કર્યા વગર કીડિયારું આગળ વધતું હતું. કૅપ્ટને પૂછ્યું, 'કોણ છે આ સરઘસનો સરદાર ?' 'હું' - સફેદ ખાદીની સાડીમાં સજ્જ, એક હાથમાં શંખ અને બીજા હાથમાં રાષ્ટ્રધ્વજ સાથે ૭૬ વર્ષના એક વૃદ્ધ મહિલા આગળ આવ્યાં. તેમનું નામ હતુ માતંગિની હાજરા. તેમનો જન્મ ૧૯ ઑક્ટોબર, ૧૮૭૦ના રોજ બંગાળના તમલુ નામના સ્થાને થયો હતો. તેમને જોઈને કૅપ્ટનનો ગુસ્સો વકર્યો, ' એય, ડોસી, બધાંને પાછાં વળી જવાનું કહી દે.' માતંગિની હાજરાએ જવાબ આપ્યો, 'પાછા તો તમારે વળવાનું છે, અમે તો આગળ વધતાં રહીશું અને જ્યાં તમારો વાવટો છે. ત્યાં અમારો આ ધ્વજ ફરકાવીશું.' આમ જવાબ આપી તેમણે શંખ ફૂંક્યો અને વીર જવાનોને આગળ વધવા આદેશ આપ્યો. ગોરા કૅપ્ટને હુકમ કર્યો ફાયર અને માતંગીની હાજરા વીંધાઈ ગયાં. એક ખભો લોહીલુહાણ થયો છતાં તેમણે બીજા હાથમાં શંખ લઈને ફૂંક્યો. આગળ વધ્યાં ને બીજી ગોળી આવી. બીજો ખભો ચીરતી નીકળી ગઈ, છતાં તેમણે ધ્વજને ન પડવા દીધો. અંતે ત્રીજી ગોળી માતૃભૂમિના તિલક સમાન તેમના કપાળમાં લાગી. ભારતમાતા કી જયના નારા સાથે બહાદુર મહિલા શહીદ થયાં. તેમના માથા પર રાષ્ટ્રધ્વજ હતો. ૧૯૪૨ના ઑગસ્ટની ૨૯મી તારીખે ૭૨ વર્ષની વયે આજીવન રાષ્ટ્રસેવા કરનાર માતંગિની હાજરાએ માભોમની રક્ષા કાજે વીરગતિ વહોરી લીધી.

**ચઢતા યૌવન, ખીલતા બચપન, કેસરિયા કૈશૌર્ય સમર્પણ,**
**જીવન પાયા જિસ મિટ્ટી મેં ઉસ મિટ્ટી પર જીવન અર્પણ.**



# ૪૮ - સ્વામી દયાનંદ સરસ્વતી

**જન્મ : ૧૨ ફેબ્રુઆરી, ૧૮૨૪**
**મહાપ્રયાણ : ૩૦ ઑક્ટોબર, ૧૮૮૩**

સ્વધર્મ અને સ્વરાજના મંત્રદૃષ્ટા એવા સ્વામી દયાનંદ સરસ્વતી ગુર્જર ભૂમિનું ગૌરવ છે. તેમનો જન્મ ૧૨ ફેબ્રુઆરી, ૧૮૨૪ના રોજ ગુજરાતના ટંકારા ખાતે થયો હતો. તેમના પિતાનું નામ કરશનજી ત્રિવાડી હતું અને તેમનું મૂળ નામ મૂળશંકર રાખવામાં આવ્યું હતું. ઈ. સ. ૧૮૭૩માં ઇંગ્લેન્ડનાં દેવળોના લૉર્ડ બિશપે મુલાકાત લીધી ત્યારે સ્વામી દયાનંદ સરસ્વતીએ રોજિંદા જીવન અંગે જણાવેલું કે, ‘મારા દેશને વિદેશી ધૂંસરી હેઠળથી છોડાવવા માટે હું સવાર-સાંજ પ્રાર્થના કરું છું.’ સ્વામીજીનો આ નિર્ભયતાભર્યો જવાબ સાંભળીને અંગ્રેજો ઠરી ગયેલા અને લંડન ખાતેની ઈન્ડિયા ઑફિસને આ વાતની તાકીદ પણ કરી હતી. ઈ. સ. ૧૮૪૭માં નર્મદાના કિનારે સ્વામીજી એક સાધુમંડળીને મળેલા અને એના આગેવાન સાધુ પૂર્ણાનંદે મૂળશંકરને દીક્ષા આપેલી અને ભારતને સ્વામી દયાનંદ સરસ્વતી પ્રાપ્ત થયા. ૧૮૫૭માં કંપની સરકારનો વહીવટ થતાં રાણી વિક્ટોરિયાએ જાહેરાત કરી કે અમારામાં વિશ્વાસ રાખજો અને ધાર્મિક સ્વતંત્રતા બાબતે રાણીએ આશ્વાસન પણ આપ્યું હતું. તેમના જવાબમાં ભારતીયોને જાગૃત રાખવા સ્વામી દયાનંદે પૂના ખાતે એક ભાષણમાં કહેલું કે, ‘વિદેશી એ વિદેશી. સ્વદેશી રાજ્યની તોલે કોઈ ન આવી શકે. માટે વિશ્વાસના ખેલમાં ના પડશો. ભારત માતાને સ્વતંત્ર કરાવવાના એક જ ધ્યેય સાથે આગળ વધજો.’ પૂનામાં આપણું વૈદિક સાહિત્ય અંગ્રેજોએ બાળી મૂકેલું તે માટે સ્વામીજી પૂના ગયેલા ત્યારે તેમણે આ વાત કહેલી. અને પછી તો અંગ્રેજો તેમના વિરુદ્ધ ઓર ઊકળી ઊઠેલા. આમ સ્વામીજી પ્રારંભથી જ દેશની સ્વતંત્રતા માટે પ્રયત્નો કરતા હતા. પણ સ્વામી દયાનંદ સરસ્વતીનો ૧૮૫૭ થી અજ્ઞાતવાસ ખૂબ મહત્ત્વનો માનવામાં આવે છે. એમણે આ સમયગાળામાં ૧૮૫૭ની ક્રાંતિના યોદ્ધાઓને માર્ગદર્શન, હૂંફ અને પ્રેરણા આપ્યાં હોવાં જોઈએ. સ્વામી દયાનંદે ૧૮૫૭ના નાયકો રંગો બાપુ, તાત્યા ટોપે, નાનાસાહેબ સહિત અનેક ક્રાંતિકારીઓને ગુજરાતમાં ગુપ્તવેશે ઘણી મદદ કરી હતી. આમ સ્વતંત્રતામાં સ્વામીજીનું ખૂબ જ મોટું પ્રદાન છે. સાથે સાથે હિન્દુ ધર્મની ખરી સ્વતંત્રતા માટેય તેમણે ઘણું કામ કર્યું હતું. સ્વામીજીની હિન્દુ ધર્મ જાગૃતિથી ઈસાઈ અને મુસ્લિમ સમાજમાં હડકંપ મચી ગયો હતો, કેટલાક દંભી હિન્દુ ધર્મગુરુઓ પણ સ્વામીજીની ઘોર વિરુદ્ધમાં હતા. છેવટે અંગ્રેજ સરકાર - ચર્ચ અને ઈસ્લામી ચરમપંથીઓએ મળી સ્વામીજીની હત્યા કરવાનું ષડ્યંત્ર રચ્યું હતું. તેમના જ રસોઈયાના હાથે તેમને ઝેર અપાવ્યું, ત્યાર બાદ તેઓ એક મહિના સુધી મોત સામે ઝઝૂમતા રહ્યા અને ૩૧ ઑક્ટોબર, ૧૮૮૩ના રોજ તેમનું અવસાન થયું.

**ખિલ રહા હો ફૂલ જીવન કા ઉસે મા કો ચઢા દો,**
**જબ તિરંગા થામના હો, કામ છોડો કર બઢા દો.**



# ૪૯ - સરદાર પટેલ

**જન્મ : ૩૧ ઑક્ટોબર, ૧૮૭૫**
**મહાપ્રયાણ : ૧૫ ડિસેમ્બર, ૧૯૫૦**

ભારતીય સ્વાધીનતા અને અખંડતાના સ્વપ્નશિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મભૂમિ એટલે ગુજરાત. ૩૧ ઑક્ટોબર, ૧૮૭૫ના રોજ નડિયાદ ખાતે તેમનો જન્મ થયો હતો. બારડોલીના ખેડૂતોની બ્રિટિશ હકૂમત સામેની ન્યાયી લડતના સફળ સુકાની વલ્લભભાઈને 'સરદાર'નું બિરુદ બારડોલી સત્યાગ્રહને કારણે જ ગાંધીજીએ આપેલું. એ જ રીતે ૧૯૩૦ની ઐતિહાસિક દાંડીકૂચ વેળાએ મહાત્મા ગાંધીજીની એ સ્વરાજયાત્રાના કુશળ વ્યૂહરચનાકાર પણ વલ્લભભાઈ જ હતા. ૧૯૩૫માં પ્રાંતિક સ્વરાજ આવ્યું. તે વખતે અનેક પ્રાંતોમાં મર્યાદિત સત્તાઓવાળી કોંગ્રેસના આગેવાનોની બનેલી સરકારો રચાઈ. સરદાર સાહેબે એ વેળાએ એ સરકારોમાં જનસેવા, સાધનશુદ્ધિ, કર્તવ્યનિષ્ઠા અને વહીવટી કુશળતાનો આગ્રહ રાખેલો. સરદાર સાહેબ કારાવાસ દરમ્યાન પણ ગાંધીજીના સચિંત-જાગ્રત રખેવાળ રહ્યા. ગાંધીજીએ નોંધ્યું છે કે, 'જેલવાસ દરમિયાન સરદારમાં મેં માની મમતાની અનુભૂતિ કરી છે! મને જો સરદાર ન મળ્યા હોત તો, મારાં જે જે કાર્યો સફળ થયાં, તેમ થઈ શક્યું ન હોત.' બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ઘરઆંગણે 'હિંદ-છોડો' આંદોલન પણ થયું. તેને પગલે ૧૯૪૭માં આઝાદી પણ આવી મળી. સ્વતંત્ર ભારતની પ્રથમ રાષ્ટ્રીય સરકારમાં સરદારશ્રી દેશના ગૃહમંત્રી અને નાયબ વડાપ્રધાન બન્યા. આ ત્રણ વર્ષ દરમિયાન દેશજનતાએ સરદાર સાહેબના રૂપમાં અત્યંત સક્ષમ પ્રશાસક, મુત્સદ્દી અને રાષ્ટ્રહિતૈષી રાજપુરુષના રૂપમાં સરદારને નિહાળ્યા. અંગ્રેજો માત્ર દેશના ભાગલા જ કરતા નહોતા ગયા; એ વખતના સેંકડો દેશી રજવાડાંઓની સમસ્યાઓ પણ વારસામાં મૂકતા ગયેલા. સરદારશ્રીએ એ તમામ દેશી રાજ્યોના રાજવીઓની દેશભક્તિને સહૃદયી અપીલ કરીને, શેષ ભારતની રાજકીય એકતા અને પ્રાદેશિક અખંડતા સિદ્ધ કરી બતાવી. એ સરદારસાહેબ હતા, જેમણે કાશ્મીરથી કન્યાકુમારી સુધીના અતિવિશાળ વિવિધતાપૂર્ણ આ દેશની રાજકીય એકતા સિદ્ધ કરી આપી. સરદારશ્રીના આ રાષ્ટ્રીય એકતા-અખંડતાના ધ્યેયમાર્ગમાં હૈદ્રાબાદ અને જૂનાગઢના મુસ્લિમ રાજવીઓ જેવા કંટકો પણ હતા. પરંતુ એ કંટકોને બાજુએ હટાવીને રાષ્ટ્રીય એકતા-અખંડતાનો રાજમાર્ગ કંડારવામાં સરદારસાહેબે અર્વાચીન ચાણક્યની ભૂમિકા ભજવી છે! જમ્મુ-કાશ્મીર રાજ્ય ઉપર પાકિસ્તાની આક્રમણ અને તેને પગલે ત્યાંના રાજવીએ તેનું સ્વૈચ્છિક વિલીનીકરણ ભારતીય સંઘમાં કર્યું. તેમાં પણ સરદારશ્રીની સિંહ ભૂમિકા રહેલી છે. જોકે, કવેળાનો યુદ્ધવિરામ અને કાશ્મીર મુદ્દાને યુનોમાં લઈ જવાથી બાજી બગડી હતી. આ સરદાર પટેલ ભારતીય સ્વાતંત્ર્ય-સંગ્રામના અનોખા સુકાની હતા. ૧૫મી ડિસેમ્બર, ૧૯૫૦ના રોજ મુંબઈ ખાતે તેમનું અવસાન થયું.

**કલ્પના ભી આજ ઉસકી હૈ ભલા સંભવ કહીં,**
**યાતના યમ-યાતના સે બઢ શહીદોંને સહી.**



# ૫૦ - રવિશંકર મહારાજ

**જન્મ : ૨૫ ફેબ્રુઆરી, ૧૮૮૪**
**મહાપ્રયાણ : ૧ જુલાઈ, ૧૯૮૪**

ગુજરાતના મૂકસેવક રવિશંકર મહારાજનો જન્મ ૨૫ ફેબ્રુઆરી, ૧૮૮૪ના રોજ મહાશિવરાત્રિએ ખેડા જિલ્લાના રઢુ ગામમાં થયો હતો. તેમનું મૂળ વતન મહેમદાવાદ તાલુકાનું સરસવણી. પિતાંબર શિવરામ વ્યાસે જીવનમાં શિસ્તનું મહત્ત્વ સમજાવ્યું, તો માતાની ધર્મપરાયણ વૃત્તિએ તેમનામાં નાનપણથી જ સમાજસેવાના બીજ રોપ્યાં હતાં. સન ૧૮૯૯-૧૯૦૦માં આખા પ્રાંતમાં પ્લેગ ફાટી નીકળ્યો હતો. તેમાં રવિશંકરનાં માતા-પિતા પણ બચી શક્યાં નહોતાં. તેમણે ૧૯મા વરસે પિતાનું તો ૨૨મા વર્ષે માતાનું છત્ર ગુમાવ્યું. ભણતર કેટલું? માત્ર છ ચોપડી. પણ તેમની પાસે અનુભવનું ભાથું વધારે હતું. તે સમયે ભારતમાં ધોળા અંગ્રેજોનું શાસન હતું. એ દરમિયાન અહીં રવિશંકર વ્યાસની ગાંધીજીની સાથે મુલાકાત થઈ. જેમણે રવિશંકરના જીવનને એક નવી જ દિશા આપી અને રવિશંકર વ્યાસમાંથી રવિશંકર 'મહારાજ' તરફની યાત્રાનો આરંભ થયો.

ઈ.સ. ૧૯૨૦માં ગાંધીજીએ અંગ્રેજો સામે અસહકારનું આંદોલન શરૂ કર્યું. જેની શરૂઆત બારડોલીથી થવાની હતી. તેમાં ભાગ લેવા ૨૦૦૦ સ્વયંસેવકોએ નામ નોંધાવ્યાં હતાં, જેમાં બે નામ સૌથી અગ્રેસર હતાં - મોહનલાલ પંડ્યા અને રવિશંકર મહારાજ. તેમણે બોરસદ સત્યાગ્રહ, દાંડીકૂચ, ભારત છોડો આંદોલનમાં પણ ભાગ લીધો, અનેકવાર જેલમાં પણ ગયા. અત્રે ઉલ્લેખનીય છે કે આઝાદી મેળવ્યા પછી પણ તેઓ સતત સમાજ-સુધારણાનાં કામોમાં કાર્યરત રહ્યા. એવું કહેવાય છે કે વર્ષ ૧૯૨૦ માં તેમનાં પગરખાં ચોરાયાં પછી તેમણે હંમેશાં માટે પગરખાંનો ત્યાગ કર્યો હતો. ૧૯૫૫થી ૧૯૫૮ દરમિયાન તેમણે ૭૧ વર્ષની ઉંમરે ઉઘાડા પગે ભૂદાન માટે ૬૦૦૦ કિલોમિટરની યાત્રા ચાલતાં - ચાલતાં પૂરી કરી હતી. તેમણે તે સમયના બહારવટિયાઓને સુધારવાનું કામ જાનના જોખમે કર્યું હતું. દારૂબંધીથી લઈને દુકાળમાં રાહતકાર્ય કરવા સુધીનાં જનસેવાનાં કાર્યો કરી, તેમણે 'માનવસેવા એ જ પ્રભુસેવા'નો પ્રેરક સંદેશ આપ્યો હતો. આખી જિંદગી તેમણે માત્ર એક ટંક ખાધું અને એ પણ માત્ર ખીચડી. ગુજરાત રાજ્યની સ્થાપના પહેલી મે, ૧૯૬૦ ને દિવસે તેમના જ મંગળ-પ્રવચનથી કરવામાં આવેલી. તે સમયે તેમણે ગુજરાતના રાજકારણીઓને જનસેવક બનવાની અને સાદગી જાળવી, જનતાના હિતમાં શાસન કરવાની સલાહ આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી ઝવેરચંદ મેઘાણીએ માણસાઈના દીવા નામની નવલકથા લખી છે જે રવિશંકર મહારાજનાં કાર્યો અને તેમના મુખેથી સંભળાયેલ વાતોનો સંચય છે. આવા મૂક લોકસેવક અને સ્વતંત્રતાના અનોખા સુકાની એવા રવિશંકર મહારાજનું ૧ જુલાઈ, ૧૯૮૪ના રોજ નિધન થયું. પણ આજેય તેમના સ્વાતંત્ર્ય માટેનાં કાર્યો અને લોકસેવા આપણને સૌને રાહ ચીંધે છે.

**દેશ-ધર્મ પર બલિ હો જાના બચપન સે જો સીખ ચુકે,**
**અત્યાચાર-ક્રૂરતા-પશુતા ઝેલ ગયે પર નહીં ઝૂકે.**



# ૫૧ - જોધા અને મૂળુ માણેક

**જન્મ : ૧૮૩૭**
**મહાપ્રયાણ : ૧૮૬૦**

જોધા અને મૂળુ માણેક એટલે કાઠિયાવાડમાં સ્વાધીનતા સંગ્રામનાં મશાલચી. તેમનું મૂળ વતન દ્વારકા. અંગ્રેજ સરકાર સામે ૧૮૫૭માં થયેલી ક્રાંતિની સૌથી વધારે અસર એ વખતના કાઠિયાવાડમાં થઈ હતી. એ વખતે કાઠિયાવાડમાં ૨૨૨ નાનાં-મોટાં રજવાડાં હતાં ને આ પૈકી ઓખામંડળના વાઘેરોએ ક્રાંતિની આગેવાની લીધી હતી. સ્વાભાવિક રીતે જ અંગ્રેજ સરકારને આ સ્થિતિ ના ગમે તેથી તેણે વાઘેરોને હરાવવા મોટા પ્રમાણમાં સૈન્ય ઉતાર્યું. અંગ્રેજોએ જમીન માર્ગેથી અને દરિયાઈ માર્ગેથી એમ બેવડું આક્રમણ કરી દીધું. અંગ્રેજોના સૈનિકો વધારે હતા તેથી વાઘેરોએ સમયસૂચકતા વાપરીને પીછેહઠ કરી અને બેટ દ્વારકા છોડીને દ્વારકા જતા રહ્યા. દશેરાના દિવસે તેમણે દ્વારકામાં જોધા માણેકનો રાજ્યાભિષેક કર્યો. અંગ્રેજોએ બેટ દ્વારકા કિલ્લાનો નાશ કરી દીધો અને મંદિરોમાંથી ત્રણ લાખ રૂપિયાથી વધુની લૂંટ કરીને ઘણાં મંદિરોનો નાશ કર્યો. અંગ્રેજ લશ્કરે બેફામ કત્લેઆમ કરીને હજારો નિર્દોષ લોકોની હત્યા કરી. એ પછી અંગ્રેજ લશ્કરે ૩૧ ઑક્ટોબર, ૧૮૫૯ના રોજ દ્વારકા પર દરિયાઈ તથા જમીન માર્ગે એમ દ્વિપાંખિયો હુમલો કર્યો. ક્રાંતિવીરોનો આ લડાઈમાં પરાજય થયો અને દ્વારકા પર અંગ્રેજોનો કબજો થયો.અંગ્રેજોએ દ્વારકા કબજે તો કરી લીધું પણ વાઘેરોએ હથિયાર હેઠાં નહોતાં મૂક્યાં ને તેમણે જંગ ચાલુ રાખ્યો. તેમણે આભાપારાની પહાડીઓમાંથી અંગ્રેજ લશ્કર પર ગેરીલા હુમલા શરૂ કર્યા. જોધા તથા મૂળુ માણેકે ઉપરાછાપરી હુમલા કરીને અંગ્રેજોની ઊંઘ હરામ કરી નાંખી. થાકેલા અંગ્રેજોએ કાઠિયાવાડનાં રજવાડાં પાસે બંનેને ઝબ્બે કરવા મદદ માગી. જૂનાગઢ, જામનગર, પોરબંદર તથા ગોંડલ સ્ટેટે મળીને ૨૩૦૦ સૈનિકો મોકલ્યા. આ સૈનિકો સાથે મળીને અંગ્રેજ લશ્કરે આભાપારાનાં જંગલોમાં વાઘેરોને ખતમ કરવા લડાઈ શરૂ કરી. અંગ્રેજોના સૈનિકોની સંખ્યા ઘણી વધારે હતી તેથી વાઘેરો તેમની સામે ઝીંક ઝીલી ના શક્યા અને બચવા માટે નાની નાની ટુકડીઓમાં વહેંચાઈને અલગ અલગ ઠેકાણે જતા રહ્યા. જોધા માણેક સાસણ ગીર જતા રહ્યા ને ૧૮૬૦માં ત્યાં જ મોતને ભેટ્યા. જોકે મૂળુ માણેક અને દેવા માણેક સાથે ગયેલા વાઘેરોએ હાર ના માની અને અંગ્રેજોને પરેશાન કરવાનું ચાલુ રાખ્યું. અંગ્રેજો પર હુમલા કરીને વાઘેરો ગીર અને બરડાની પહાડીઓમાં છુપાઈ જતા. પાંચેક વરસ સુધી મૂળુ માણેકે આ રીતે લડાઈ ચાલુ રાખી અને અંગ્રેજ સરકારની ઊંઘ હરામ કરી નાંખી હતી. મૂળુ માણેકને પકડવા અશક્ય લાગતાં અંગ્રેજોએ છેવટે રમત રમી અને તેમના એક સાથીને ફોડીને તેને ઝડપી લીધો. મૂળુ માણેક સામે કેસ ચાલ્યો અને તેમને ૧૪ વર્ષની સજા થઈ. જોકે મૂળુ માણેક જેલમાંથી ભાગી ગયા અને એ રીતે તેમણે અંગ્રેજ સરકારને ફરી એક વાર માત આપી.

**દેશદ્રોહી દેશ કે દુશ્મન સે ભી ઘાતક અધિક હૈ,**
**રાહ કે કાંટે કુચલતે જો બઢે હમ વો પથિક હૈં.**



# પર - ગોવિંદ ગુરુ

**જન્મ : ૨૦ ડિસેમ્બર, ૧૮૫૮**
**મહાપ્રયાણ : ૩૦ ઑક્ટોબર, ૧૯૩૧**

ભીલોના ગુરુ ગોવિંદનો જન્મ ૨૦ ડિસેમ્બર, ૧૮૫૮ના રોજ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના બસિયા ગામે વણજારા (ભીલ) કુટુંબમાં થયો હતો. તેમની જન્મભૂમિ રાજસ્થાન જ્યારે કર્મભૂમિ ગુજરાત રહી છે. બિલકુલ ભણેલા નહીં. તેઓએ ૨૧ વર્ષની ઉંમરે વૈરાગી જીવન જીવવાનો પ્રારંભ કર્યો હતો. ઈ.સ. ૧૮૯૯-૧૯૦૦ના 'છપ્પનિયા દુકાળે' કાળો કેર વર્તાવી દીધો ત્યારે દુષ્કાળની ભીષણતાથી બચવા પંચમહાલ જિલ્લાના સુંથ (સંતરામપુર) રાજ્યના નટવા ગામે તેઓ સ્થાયી થયા. દુષ્કાળે તેમનાં પત્ની અને ત્રણ બાળકોને ભરખી લીધાં તે આઘાતે તેમના જીવનને એક નવી દિશા ચીંધી. સામાજિક દૂષણોમાં સબડતા ભીલો માટે તેમને સંવેદન જાગ્યું. ૧૯૦૫માં 'સંપ સભા' અને ત્યાર બાદ 'ભગત ચળવળ' શરૂ કરી. ગોવિંદ ગુરુની ભગત ચળવળના કારણે ભીલોમાં આવેલી જાગૃતિ અંગ્રેજો અને દેશી-રજવાડાંઓ માટે ગંભીર ચિંતાનું કારણ બની એટલે તેઓ ભગત ચળવળને કચડી નાખવા મેદાને પડ્યા. બીજી તરફ ગોવિંદ ગુરુએ માનગઢ ખાતે મોટા પ્રમાણમાં ભીલોને એકઠા કરી નવેમ્બર ૧૯૧૩માં ભીલરાજનું રણશિંગું ફૂંકવાનું નક્કી કર્યું. તેના ભાગરૂપે ૧૭ નવેમ્બર, ૧૯૧૩ના રોજ માનગઢ ખાતે મોટા મેળાનું આયોજન કર્યું. માનગઢ પર ભીલોનું વિશાળ સંખ્યામાં ભેગા થવું એ દેશી રજવાડાંઓ માટે ઘેરી ચિંતાનું કારણ બન્યું હતું, તેથી સંતરામપુરના રાજાએ ગોવિંદ ગુરુની ધરપકડ કરી માનગઢ પરથી ભીલોને તાત્કાલિક વિખેરી નાખવા અંગ્રેજોને વિનંતી કરી. ગોવિંદ ગુરુ આક્રમક મિજાજની સાથે મધ્યમમાર્ગી વૃત્તિનો સુમેળ ધરાવતા હતા. ભીલરાજનું રણશિંગું ફૂંકતાં પહેલાં તેમણે બ્રિટિશ સરકાર સાથે પત્રવ્યવહાર કરી દેશી રજવાડાંઓને આદિવાસીઓ પ્રત્યેના વ્યવહારોમાં પરિવર્તન લાવવા વિનંતી કરી હતી, પરંતુ તે બહેરા કાને અથડાઈને પાછી આવી. અંગ્રેજોએ છૂપું કારસ્તાન કર્યું. ૧૭મી નવેમ્બર, ૧૯૧૩ની સવારે નવ વાગે બ્રિટિશ લશ્કર, મેવાડ ભીલ કોર્પ્સ અને સંતરામપુર તથા ડુંગરપુરનાં લશ્કરોએ સામેના ડુંગર પરથી ગધેડાની પીઠ પર તોપો મૂકીને મોટો હુમલો કર્યો. છતાં ભીલો માત્ર તીર-કામઠાં લઈને આખરી દમ સુધી લડ્યા. જલિયાંવાલા બાગને પણ શરમાવે તેવો ભયંકર હત્યાકાંડ થયો હતો. પંદરસો જેટલા આદિવાસીઓ ગોળીઓથી રહેંસાયા હતા. છેલ્લા હુમલામાં અંગ્રેજોએ ગુરુ ગોવિંદને ગિરફતાર કર્યા, રાજ્યનિકાલની સજા કરી, જેલમાં ગોંધી રાખ્યા. ૧૯૧૯માં જેલમાંથી છૂટ્યા પછી તેમની સતત ભીલ સેવા ભારતભરમાં ચાલતી રહી. ૩૦ ઑક્ટોબર, ૧૯૩૧ના રોજ તેઓ કુદરતી રીતે મૃત્યુ પામ્યા તે પછી પંચમહાલના લીમડી પાસે કમ્બોઈ ગામે તેમની સમાધિ બની.

**છોટે છોટે જૌ-તિલ-તણ્ડુલ મિલ આહુતિ બન જલ જાતે હૈં,**
**તો મહાયજ્ઞ મેં ઉપયોગી સહયોગ સફલ કર પાતે હૈં.**



# ૫૩ - વીર વિનોદ કિનારીવાળા

**જન્મ : ૨૦ સપ્ટેમ્બર, ૧૯૨૪**
**વીરગતિ : ૧૦ ઑગસ્ટ, ૧૯૪૨**

ઈ. સ. ૧૯૪૨, ઑગસ્ટ મહિનો. ગાંધીજીએ અંગ્રેજોને 'ભારતમાંથી ટળો' કહી જાકારો આપેલો છે. તે સમયના અમદાવાદની વાત છે. નેતાઓની ધરપકડના વિરોધમાં અમદાવાદે કદી પણ ન જોઈ હોય એવી હડતાળ શરૂ થઈ ગઈ છે. એક દિવસ અગાઉથી નક્કી કર્યા પ્રમાણે અમદાવાદની લૉ કૉલેજના પટાંગણ પાસેથી વિદ્યાર્થીઓનું એક વિશાળ સરઘસ નીકળે છે. સરઘસ ફરતું ફરતું અમદાવાદની મશહૂર ગુજરાત કૉલેજ નજીક આવી પહોંચે છે. 'અંગ્રેજો ટળો !' 'કરેંગે યા મરેંગે !' 'ઇન્કિલાબ ઝિંદાબાદ !', 'વંદે માતરમ્' વગેરે પોકારો થાય છે. વીજળીવેગે ધસમસતી એક પોલીસવાન ગુજરાત કોલેજની પાસે આવી અને બળજબરીથી એ વિદ્યાર્થીઓને વિખેરવા માટે પોલીસે લાઠી ચાર્જ કર્યો. આથી વિદ્યાર્થીઓ એકદમ ઉશ્કેરાયા. એમણે જોરશોરથી નારા લગાવવા માંડ્યા. આથી પોલીસો રોષે ભરાયા. થોડી વાર બાદ એમને ગોળીબાર કરવાનો હુકમ અપાયો. પોલીસોએ સન સન સન કરતી ગોળીઓ વરસાવવા માંડી. આ વખતે એક નવલોહિયો યુવાન એમાંના એક પોલીસ સામે ધસી આવ્યો. એનું નામ હતું, વિનોદ કિનારીવાળા. એના એક હાથમાં ત્રિરંગો ઝંડો હતો. પોલીસની સામે જઈ એ વીરલાએ સહેજ પણ ખચકાયા વિના કહ્યું : 'તારે ગોળીઓ ચલાવવી છેને ? તો ચલાવ મારી આ છાતી પર.' એટલું કહી એ બહાદુર યુવાને પોતાની છાતી ખુલ્લી કરી, પોલીસની બંદૂકની નાળ સામે ધરી. પોલીસમાં આ શૂરાતનની કદર કરવાની તાકાત ક્યાં હતી ? એણે તો આંખો મીંચી ભારે રોષમાં આવી, એની બંદૂકનો ઘોડો દબાવ્યો. ધડીમ્ કરતો અવાજ થયો. એ સાથે જ ગોળી છૂટી. બીજી જ પળે એ ગોળી વીર વિનોદના દેહને વીંધી આરપાર નીકળી ગઈ. એને સુવડાવવામાં આવ્યો. ખૂબ ઘવાયેલો વિનોદ હજુ થોડો ભાનમાં હતો. એણે કહ્યું : 'મને પથારીની કોઈ જરૂર નથી. મને ચોકમાં સુવાડો.' તરત જ એને ચોકમાં સુવડાવવામાં આવ્યો. યુવાનોએ એની પાસે બેસી ગીત ગાવા માંડ્યું : 'રંગ જાય ના જુવાન રંગ જાય ના ! જોજે જોજે જુવાન રંગ જાય ના !' થોડી જ વારમાં ત્યાં ડૉક્ટર આવી પહોંચ્યા. પણ સારવાર કારગત નીવડે તેમ હતું જ નહીં. આથી એ ગીતના શબ્દો મનમાં ઘૂંટતાં ઘૂંટતાં, થોડા વખત બાદ વિનોદ માટી માટે શહીદ થયો. ગુજરાત કૉલેજના પટાંગણની ધારે હજુ આજે પણ વિનોદ કિનારીવાળાની સમાધિ એના ન ફીટે એવા રંગની યાદ આપતી ખડી છે. આવા મહાન યુવા ક્રાંતિકારી વીર વિનોદ કિનારીવાળાનો જન્મ ૨૦મી સપ્ટેમ્બર- ૧૯૨૪ના રોજ થયો હતો. અને માત્ર ૧૮ વર્ષની વયે, ૧૦મી ઑગસ્ટ, ૧૯૪૨ના રોજ માતૃભૂમિ માટે વીરગતિને પામ્યા.

**માતૃભૂ ઘાયલ દિખે તબ ઘાવ અપને કૌન ગિનતા ?**
**યાતનાએં ક્યા ડિગાએં મૃત્યુ તક કી નહીં ચિંતા.**



# ૫૪ - દાદાભાઈ નવરોજી

**જન્મ : ૪ સપ્ટેમ્બર, ૧૮૨૫**
**મહાપ્રયાણ : ૩૦ જૂન, ૧૯૧૭**

સ્વરાજની સૌપ્રથમ કલ્પના આપનાર મહાનુભાવ અને ભારતની ઔદ્યોગિક ક્રાંતિના પિતામહ એટલે દાદાભાઈ નવરોજી. માત્ર ગુજરાતના જ નહીં પરંતુ ભારતના ગૌરવ સમાન દાદાભાઈનું સ્વતંત્રતામાં પ્રદાન અમૂલ્ય છે. તેમનો જન્મ ૪ સપ્ટેમ્બર, ૧૮૨૫ના રોજ ગુજરાતના નવસારી ખાતે થયો હતો. તેઓ એક પારસી પુરોહિતના પુત્ર હતા. બાળપણથી જ તેમનામાં દેશદાઝનો દીવો પ્રગટેલો હતો. માતા-પિતાએ તેમનામાં સદ્‌ગુણોના સિંચન સાથે અપાર દેશભક્તિની ચિનગારી પ્રગટાવી હતી, જે મોટા થતાં થતાં તો આગનો ભડકો બની ગઈ હતી. દાદાભાઈનું પ્રાથમિક શિક્ષણ સ્થાનિક નિવાસસ્થાને જ થયું. તેમણે ખૂબ ઉચ્ચ અભ્યાસ કર્યો અને અભ્યાસ કરીને ૨૭ વર્ષની ઉંમરે તેઓ મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાં પ્રોફેસર બન્યા હતા. ધંધામાં પોતાની કારકિર્દી શરૂ કરવા માટે ૩૦ વર્ષની ઉંમરે તેઓએ ઇંગ્લૅન્ડ ભણી પ્રયાણ કર્યું હતું. ૧૮૫૯માં તેમણે ઇન્ડિયન સિવિલ સર્વિસમાં ભરતી પ્રક્રિયામાં થતા અન્યાય સામે એક આંદોલન શરૂ કર્યું હતું. ભારતીય લોકોમાં બુદ્ધિજીવીઓની ઉન્નતિ માટે પદ્ધતિસર કામ કરનારા તેઓ પ્રથમ મહાનુભાવ હતા. ૧૮૬૨માં તેમણે બ્રિટિશ પ્રજાને ભારતીય બાબતોથી માહિતગાર બનાવવા માટે ઈસ્ટ ઇન્ડિયન ઍસોસિયેશન નામના વગદાર સંગઠનની સ્થાપના કરી હતી. આ સંગઠનનો મુખ્ય ઉદ્દેશ બ્રિટનને ભારતની દુર્દશા અને જરૂરિયાતો વિશે સુપેરે માહિતગાર કરવાનો હતો. અર્થાત્ ભારતમાં અંગ્રેજોના અત્યાચારોની જ વાત કરવાની હતી, અને ભારતને સ્વતંત્ર કરવાનો વિષય મૂકવાનો હતો. ૧૮૭૪માં તેઓ ભારત પાછા ફર્યા હતા. ત્યાર બાદ બરોડા રાજ્યના દીવાન તરીકે તેમની નિમણૂક કરવામાં આવી હતી, પરંતુ તેઓ બ્રિટિશ પાર્લમેન્ટમાં પ્રવેશ મેળવવાના હેતુથી ૧૮૮૬માં ફરીથી ઇંગ્લૅન્ડ પાછા ગયા હતા. ૫ જુલાઈ, ૧૮૯૨ના રોજ તેઓ પાર્લમેન્ટમાં ચૂંટાયા હતા અને આ રીતે બ્રિટિશ પાર્લમેન્ટમાં સ્થાન મેળવનારા પ્રથમ ભારતીય બન્યા હતા. તેઓ ભારતીય રાષ્ટ્રવાદના પિતા તરીકે જાણીતા બન્યા હતા. દાદાભાઈની ગણના ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસના સંસ્થાપક તરીકે થાય છે. તેઓ ત્રણ વખત કૉંગ્રેસ પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. ૧૯૦૬માં કલકત્તાના કૉંગ્રેસ અધિવેશનમાં તેઓએ સ્વરાજના હક્કની વાત કરી હતી. અને ભારતને ગુલામીમાંથી મુક્ત કરીને સ્વાધીન બનાવવાની સર્વ પ્રથમ કલ્પના આપી. એ પછી તેમણે ભારતની સ્વતંત્રતા માટે ઘણાં કાર્યો પણ કર્યા અને નવા નવા વિચારો પણ આપ્યા. તેમના અનેક વિચારો ભારતની સ્વાધીનતાની લડતમાં ઉપયોગી નીવડ્યા હતા. આવા સ્વરાજના વિચારક એવા દાદાભાઈ નવરોજી સાદું અને દેશસેવામય જીવન જીવીને ૩૦ જૂન, ૧૯૧૭ના રોજ અવસાન પામ્યા.

**પ્રાણ છોડે પ્રણ ન તોડે વીર કહલાતે વહી હૈ,**
**કાંચ બિખરે ટૂટ કર, હર ચોટ હીરે ને સહી હૈ.**



# ૫૫ - ડૉ. કેશવરાવ બલિરામ હેડગેવાર

**જન્મ : ૧ એપ્રિલ, ૧૮૮૯**
**મહાપ્રયાણ : ૨૧ જૂન, ૧૯૪૦**

પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રને સમર્પિત કરી દેનારા ડૉ. હેડગેવાર નાગપુરના વતની હતા. તેમનો જન્મ ૧ એપ્રિલ - ૧૮૮૯, ગુડી પડવાના દિવસે થયો હતો. આઠ વર્ષની ઉંમરે તેમણે રાણી વિક્ટોરિયાના રાજ્યારોહણની વર્ષગાંઠ નિમિત્તે સ્કૂલમાં વહેંચાતી મીઠાઈ ખાવાનો બહિષ્કાર કરીને રાષ્ટ્રવાદી માનસના દર્શન કરાવ્યાં. બારમા વર્ષે તેમણે અંગ્રેજ નિરીક્ષકની મુલાકાત વખતે શાળામાં 'વંદેમાતરમ્'ના નારા બોલાવ્યા. તેર વર્ષની ઉંમરે તેમના પર વજ્રાઘાત થયો. મહારાષ્ટ્રમાં ફાટી નીકળેલા પ્લેગના રોગને કારણે એકી સાથે મા-બાપને ગુમાવવાનું થયું. અનાથ કેશવ કાકાના આશ્રિત થયા. ત્યારે કેશવને ક્રાંતિકારી ચળવળમાં ભાગ લેતો જોઈ કાકાએ એને ઘણો સમજાવ્યો કે 'હજુ તું નાનો છે, એ તારું કામ નથી ભણવામાં ધ્યાન આપ.' પરંતુ કાકાની આ સલાહની એમના પર કોઈ અસર ન થઈ. ઊલટાના કલકત્તા ભણવા આવ્યા પછી તેઓ દેશભક્તિના રંગે વધારે રંગાયા. બંગાળની ક્રાંતિકારી સંસ્થા અનુશીલન સમિતિના સભ્ય બન્યા. જહાલપક્ષના નેતા બિપિનચંદ્ર પાલના પણ સતત સંપર્કમાં રહ્યા. કલકત્તાથી એમ.બી.બી.એસ. કરીને નાગપુર પરત થયા ત્યારે કુટુંબીજનોને આશા હતી કે કેશવ પોતાનું દવાખાનું ખોલીને અઢળક પૈસો કમાવી આપશે. પોતાનો સરસ ઘરસંસાર ચલાવશે. પરંતુ સ્વજનોની આ આશા પર તેમણે પાણી ફેરવ્યું. રાષ્ટ્ર કાજે લગ્ન ન કર્યાં. એમ.બી.બી.એસ. જેવી મહત્ત્વની ડિગ્રી હોવા છતાં પ્રેક્ટિસ પણ ન કરી. ક્રાંતિકારી સંગઠનમાં જોડાયા. ભાઉજી કાવરે સાથે મળીને યુવકોને શસ્ત્રોની તાલીમ આપી. તેમના માર્ગદર્શન હેઠળ નાગપુરમાંથી પસાર થતી ગાડીમાંથી સરકારી દારૂગોળાની પેટીઓ લૂંટવામાં આવી. મધ્યપ્રદેશ અને વરાડના ક્રાંતિકારી સંગઠનની જવાબદારી પણ તેમણે સંભાળી. 'સંકલ્પ' હિન્દી સાપ્તાહિક અને 'સ્વાતંત્ર્ય' મરાઠી દૈનિક પણ ચાલુ કર્યાં. ૧૯૨૦માં નાગપુરમાં કૉંગ્રેસનું અધિવેશન મળ્યું તેમાં પ્રાંતીય સમિતિના સભ્ય તરીકે નિમાયા. પછીથી અસહકારના આંદોલનમાં ભાગ લઈને નાગપુરની જેલમાં પણ ગયા. જેલમાં તેમણે દેશની પરાધીનતાના મૂળમાં જઈને બહુ મંથન કર્યું. જેલમાંથી છૂટ્યા પછી શ્રી અરવિંદની જેમ આ ક્રાંતિકારીના વિચારે પણ મોટો વળાંક લીધો. દેશ સ્વતંત્ર થયે દેશવાસીઓની જવાબદારી પૂરી નથી થઈ જવાની. સ્વતંત્રતાને કેમ નિભાવવી તેની પણ અત્યારથી જ ચિંતા થવી જોઈએ. શહાદત કરતાંય દેશ માટે સંગઠનની વધારે જરૂર છે. આપણે સંગઠિત થઈશું તો અંગ્રેજોને આ દેશ છોડાવવાનું કામ સહેજ પણ કઠિન નહિ રહે.' આ વિચારથી પ્રેરાઈને તેમણે ૩૬ વર્ષની ઉંમરે વર્ષ ૧૯૨૫માં વિજયાદશમીના દિવસે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ નામની સંસ્થા સ્થાપી. ૨૧મી જૂન, ૧૯૪૦ના રોજ ફક્ત ૫૧ વર્ષની વયે આ દેશભક્ત સ્વર્ગે સિધાવી ગયા.

**રાષ્ટ્રભક્તિથી મોટું બીજુ કોઈ કાર્ય નથી.**



## ૫૬ - સરદાર ભગતસિંહ

**જન્મ : ૨૮ સપ્ટેમ્બર, ૧૯૦૭**
**વીરગતિ : ૨૩ માર્ચ, ૧૯૩૧**

દેશભક્ત પિતાના આ પુત્રને જમીન પર સળીઓ ખોસતો જોઈને કોઈએ પૂછ્યું કે શું કરે છે ? તો જવાબ મળ્યો કે 'બંદૂક રોપું છું.' જ્યારે બંદૂક બોલતાં પણ આવડતું નહોતું ત્યારે જે બાળકના દિમાગમાં ક્રાંતિકારી વિચારો ઉછાળા મારતા હતા તેવા એ બાળકનું નામ છે વીર ભગતસિંહ. ભારત દેશના મહાન ક્રાંતિકારીઓમાંના એક એવા ભગતસિંહનો આખો પરિવાર દેશભક્તિના રંગે રંગાયેલો હતો. જોકે પિતા કિશનસિંહ નહોતા ઇચ્છતા કે બાળક ભગતસિંહ કાચી વયે ક્રાંતિના માર્ગે વધે. પરંતુ પિતાનું એમાં કાંઈ ન ચાલ્યું. ભગતસિંહ પોતાના નિર્ણય અંગે મક્કમ હતા. એમાં જલિયાંવાલા બાગના હત્યાકાંડે તેમને ક્રાંતિના માર્ગે વાળવામાં બહુ બળ પૂરું પાડ્યું હતું. પછીથી લગ્ન માટે દબાણ થતાં એ ઘર છોડીને કાનપુર જઈ ચડ્યા. શચીન્દ્રનાથ સાન્યાલ દ્વારા સ્થાપિત ક્રાંતિકારી સંસ્થા 'હિન્દુસ્તાન પ્રજાતંત્ર સંઘ'માં જોડાયા. અંગ્રેજ સરકારે તેમને જેલમાં પૂર્યા. સરકારનો ઇરાદો તેમને ડરાવી-ધમકાવીને કાકોરી રેલધાડના ભાગેડુ અંગે તેમની પાસેથી માહિતી મેળવવાનો હતો. પરંતુ તેમાં સરકારને સફળતા ન મળી. ભગતસિંહને નિર્દોષ છોડી દેવા પડ્યા. એવામાં સાયમન કમિશનનો લાહોરમાં વિરોધ કરવા જતાં પોલીસ અફસર સ્ટોક અને સાંડર્સના લાઠીચાર્જનો ભોગ બની પંજાબ કેસરી લાલા લજપતરાય શહીદ થયા. ક્રાંતિકારીઓએ લાલાના મોતનો બદલો લેવાના શપથ ખાધા. ગણતરીના દિવસોમાં ભગતસિંહ, રાજગુરુ અને ચંદ્રશેખર આઝાદે મળીને સાંડર્સને ઠાર કર્યો. ધરપકડથી બચવા ભગતસિંહ કલકત્તા ચાલ્યા ગયા. પરંતુ ત્યાં તેઓ વધારે સમય ન રહી શક્યા. એમને સમાચાર મળ્યા કે કેન્દ્રીય ધારાસભામાં લોકસુરક્ષા બિલ રજૂ થવાનું છે. આ બિલનો ઉદેશ ભારતમાં ચાલી રહેલા યુવક આંદોલનને કચડી નાંખવાનો હતો. ભગતસિંહ એ જ ઘડીએ પ્રતિજ્ઞા લીધી કે આ બિલને ધારાસભામાં પસાર નહિ થવા દેવામાં આવે. ક્રાંતિકારી મિત્ર બટુકેશ્વર દત્તને સાથે લઈ ઍસેમ્બલીમાં બૉમ્બ ધડાકો કર્યો. નાસી જવાને બદલે સામે ચાલીને ધરપકડ વહોરી. બેઉ સિંહ જેલમાં પુરાયા. કેસ ચાલ્યો. બંનેને આજીવન કારાવાસની સજા કરવામાં આવી. જેલમાં રાજકેદીનો દરજ્જો અપાવવા તેઓ ભૂખ હડતાલ પર ઊતર્યા. જેમાં ક્રાંતિકારી યતીન્દ્રનાથ શહીદ થયા અંતે સરકાર ઝૂકી. ત્યાં સાંડર્સ હત્યાકાંડમાં ભગતસિંહનું નામ ખૂલતાં સજા આજીવન કારાવાસમાંથી ફાંસીની કરવામાં આવી. માફી માગો તો સજા હળવી કરવામાં આવે એવું વાઈસરૉય તરફથી કહેવામાં આવ્યું તો તેમના તરફથી વાઈસરૉયને જવાબ મોકલવામાં આવ્યો તેમાં પણ તેમણે ઇન્કાર કરી દીધો અને ૨૩ માર્ચ, ૧૯૩૧ના દિવસે ભગતસિંહે રાજગુરુ અને સુખદેવ સાથે ફાંસીએ ચડી વીરગતિ વહોરી લીધી. આ દિવસને આજે આખો દેશ શહીદ દિન તરીકે મનાવે છે.

**સત્યાગ્રહોં કી વિનય કી ભાષા ન જાને શાંતિ કી,**
**ધૂર્ત દુશ્મન કે લિયે ભાષા ઉચિત બસ ક્રાંતિ કી.**



# ૫૭ - લાલા લજપતરાય

**જન્મ : ૨૮ જાન્યુઆરી, ૧૮૬૫**
**મહાપ્રયાણ : ૧૭ નવેમ્બર, ૧૯૨૮**

'પંજાબ કેસરી' ના નામથી પ્રસિદ્ધ લાલા લજપતરાય લુધિયાણા જિલ્લાના જગરાંવના વતની હતા. તેમનો જન્મ ૨૮મી જાન્યુઆરી, ૧૮૬૫ના રોજ થયો હતો. અંગ્રેજો સામે 'યુદ્ધ દેહી'નું રણશિંગું સર્વપ્રથમ તેમણે ફૂંકેલું. ભલે તેમણે ક્યારેય શસ્ત્ર પકડ્યું ન હોય. પરંતુ સશસ્ત્ર ક્રાંતિકારીઓની મોટી સેના તૈયાર કરતા ગયેલા. ઓગણીસ વર્ષની વયે તેમણે લાહોરમાં દયાનંદ એંગ્લો વૈદિક કૉલેજ સ્થાપી. ગરીબોને આર્થિક મદદ કરવા પંજાબ નેશનલ બેંક શરૂ કરી. આર્ય સમાજના સંપર્કમાં આવતાં રાષ્ટ્રવાદના રંગે રંગાયા. દુષ્કાળ વખતે અંગ્રેજ સરકારે ખેડૂતો પ્રત્યે અમાનવીય વલણ દાખવ્યું તેના વિરુદ્ધમાં દેખાવ કરીને બર્માના માંડલેની જેલમાં ગયા. પણ સરકાર સામે જનતાનો આક્રોશ એટલી હદે ફાટી નીકળ્યો કે તેમને એક જ મહિનામાં છોડી મૂકવા પડ્યા. પછી તેઓ બ્રિટનના લોકોને ભારતીયોની સાચી પરિસ્થિતિ સમજાવવા બ્રિટન ગયા. આ અરસામાં જ પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. સ્વદેશ પાછા ફરવાનાં દ્વાર સરકારે તેમના માટે બંધ કરી દીધાં. વિશ્વયુદ્ધ પૂરું થયું ત્યારે છ વર્ષ બાદ તેઓ સ્વદેશ પરત થયા. એ જ વર્ષે કલકત્તા ખાતે કૉંગ્રેસનું અધિવેશન મળ્યું તેમાં તેમને પ્રમુખનો તાજ પહેરાવવામાં આવ્યો. અસહકારની ચળવળમાં ઝુકાવીને ફરી જેલમાં ગયા. પરંતુ કૉંગ્રેસમાં તેઓ વધારે સમય ન રહી શક્યા. ચૌરીચૌરા હત્યાકાંડના વિરુદ્ધમાં ગાંધીજીએ અસહકારનું આંદોલન પાછું ખેંચી લેતાં તેમણે કૉંગ્રેસ સાથે છેડો ફાડી નાંખ્યો. થોડા સમય મોતીલાલ નહેરુની સ્વરાજ પાર્ટીમાં જોડાયા. ત્યાં પણ એમનો મોહભંગ થયો. હિંદુ સંગઠનનું કામ ઉપાડ્યું. પછી તેઓ હિંદુ મહાસભાના પ્રમુખ બન્યા. શુદ્ધિ ચળવળને પણ પ્રોત્સાહન આપ્યું. જેલવાસ દરમિયાન શિવાજીનું જીવનચરિત્ર લખ્યું. દરમિયાન દેશને આઝાદી આપવી કે નહિ એ નક્કી કરવા અંગ્રેજ સરકારે એક કમિશન રચ્યું. આ મિશનના સાતે સાત સભ્યો અંગ્રેજો હતા. સાયમન તેનો વડો હતો. લાલાજીએ તેનો જોરદાર વિરોધ કર્યો. અમને આઝાદી આપવી કે નહિ એ નક્કી કરનારા વિદેશીઓ કોણ ? તેમની આગેવાની હેઠળ લાહોરના રેલવે સ્ટેશન પર સાયમનના આગમનનો સાયમન Go Back ના નારા સાથે વિરોધ કરવામાં આવ્યો. પરિણામની ખબર હતી, છતાં તેઓ પાછા ન પડ્યા. ધડાધડ લાઠીઓ માથે ઝીંકાઈ. શરીર લોહીલુહાણ થઈ ગયું. આ દમનના વિરોધમાં એ દિવસે સાંજે સભા મળી તેમાં તેમણે કહ્યું, 'મારા શરીર પર જે ઘા પડ્યા છે તે બ્રિટિશ સામ્રાજ્યના કફનનો એક એક ખીલો પુરવાર થશે.' એવું જ થયું. આ ઘટનાના થોડાક દિવસ બાદ જ ક્રાંતિકારીઓએ એમના હત્યારા સાન્ડર્સને ઠાર કરીને મોતનો બદલો લીધો. સ્વતંત્રતાના આ અનોખા મશાલચી ૧૭ નવેમ્બર ૧૯૨૮ના રોજ લાહોરમાં મૃત્યુ પામ્યા.

**સ્વાતંત્ર્ય લક્ષ્મી કે ચરણ કુંકુમ નહીં શોણિત ધુલે હૈ,**
**અનગિનત બલિદાન દેકર માં કે યે બંધન ખુલે હૈં.**



# ૫૮ - રાણીમા ગાઈડિન્લ્યુ

**જન્મ : ૨૬ જાન્યુઆરી, ૧૯૧૫**
**મહાપ્રયાણ : ૧૭ ફેબ્રુઆરી, ૧૯૯૩**

'હેરાકા' આંદોલન દ્વારા અંગ્રેજો સામે જંગે ચડનારાં રાણીમા ગાઈડિન્લ્યુ નાગપ્રદેશ- મણીપુરના વતની હતા. ૨૬મી જાન્યુઆરી, ૧૯૧૫ના રોજ તેમનો જન્મ થયો હતો. ગાઈડિન્લ્યુ બાળપણથી જ પરાક્રમી. ૧૩ વર્ષની ઉંમરે તેમણે મણિપુરમાં અડ્ડો જમાવી બેઠેલા અંગ્રેજો સામે ભાઈ જાદોનાંગ સાથે લડત આપી. અંગ્રેજોએ જાદોનાંગની ધરપકડ કરી. તેમના પર મુકદમો ચલાવી ફાંસી આપી. ભાઈના મોતનો બદલો લેવા ગાઈડિન્લ્યુ તડપવા લાગ્યા. જેમી, વ્યાંગમેથી અને રાંગમેથી નામના નાગ જાતિના કબીલાઓનું સંગઠન કરી 'હેરાકા' આંદોલન ચલાવ્યું. અંગ્રેજો સામે સામી છાતીએ લડી લેવાનું આહ્વાન કર્યું. આ ચળવળ માટે તેમણે નદીનો બરફવાળો વિસ્તાર પસંદ કર્યો. આ તરફ અંગ્રેજસેના પહોંચવાની હિંમત કરતી નહિ. જોતજોતામાં ગાઈડિન્લ્યુના નેતૃત્વ હેઠળ મણિપુરના પશ્ચિમ જિલ્લા, દક્ષિણ નાગભૂમિ અને ઉત્તર કછારનાં પર્વતીય ક્ષેત્રમાં સ્વતંત્રતાની આગ ભડકી ઊઠી. આ ચળવળને દાબી દેવા જે.પી. મિલ્સના નેજા હેઠળ ત્રીજી અને ચોથી અસમ રાઈફલ્સનાં કેટલાય સૈનિકોને કામે લગાડી દેવામાં આવ્યા. મહત્ત્વના વિસ્તારમાં ઠેર ઠેર થાણાં ઊભાં કરી દેવામાં આવ્યાં. સરકારે ગાઈડિન્લ્યુનો પત્તો આપનારને ૫૦૦૦ રૂપિયાનું ઇનામ જાહેર કર્યું. પરંતુ એક પણ નાગજાતિનો માણસ એવડી મોટી રકમથી ન લલચાયો. ગાઈડિન્લ્યુને તેઓ દેવી માનતા હતા. સરકારે હવે નાગપ્રજા પર ત્રાસ ગુજારવા માંડ્યો. તેમનાં ઘર સળગાવી દીધાં. કેટલાયને જેલમાં પૂરીને ઢોર માર મારવામાં આવ્યો. ૧૬ ફેબ્રુઆરી, ૧૯૩૨ના રોજ નાગપ્રજા અને અંગ્રેજસેના વચ્ચે ભીષણ સંગ્રામ ખેલાયો. અદ્યતન શસ્ત્રો ધરાવતી અંગ્રેજસેનાએ અસંખ્ય નાગલોકોની લાશો ઢાળી દીધી. પુંગવેમી ગામે આગ ચાંપી તેમનાં ઝૂંપડાં સળગાવી દીધાં. નાગપ્રદેશમાં હાહાકાર મચી ગયો. આ પાયમાલી પછી અંગ્રેજોના આક્રમણથી બચવા ગાઈડિન્લ્યુએ પોલોમી પાસે એક દુર્ગ બનાવવાનું નક્કી કર્યું. આ દુર્ગનું કામ ચાલુ હતું ત્યાં એક દિવસ અસમ રાઈફલ્સની એક ટુકડીએ નાગલોકો પર ઓચિંતો હુમલો કર્યો. નાગલોકોએ તેનો હિંમતપૂર્વક સામનો કર્યો. અંતે ગાઈડિન્લ્યુ પકડાયાં. તેમના પર કેસ ચલાવી આજીવન કારાવાસની સજા સંભળાવવામાં આવી. અઢાર વર્ષ તેમણે જેલમાં વિતાવ્યાં. દેશ સ્વતંત્ર થયો તે પછી તેમને જેલમાંથી મુક્તિ મળી. વરસો પછી તેઓ મણિપુર પાછાં ફર્યાં. સ્વતંત્ર ભારતમાં તેમણે નાગજાતિના વિકાસ માટે બહુ મોટું યોગદાન આપ્યું. નાગજાતિને હિન્દુ ધર્મનો અંશ ગણાવી તેમણે મિશનરીની ધર્માંતરની પ્રવૃત્તિનો ખૂબ વિરોધ કર્યો. ૧૯૮૨માં તેમને પદ્મભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા. ૧૯૮૩માં તેમને વિવેકાનંદ સેવા પુરસ્કાર પણ મળ્યો. ૧૭ ફેબ્રુઆરી, ૧૯૯૩ના રોજ ૭૮ વર્ષની વયે આ બહાદુર નારીનું અવસાન થયું. તેમની વિદાયથી પૂર્વાંચલમાં હિંદુ પ્રજાને ન પુરાય તેવી ખોટ પડી.

**देश में रहे देश के जो शत्रुओं के मित्र हैं,**
**उन शत्रुओं को दंड देना कर्म पुण्य पवित्र है.**



# ૫૯ - દુર્ગાભાભી

**જન્મ : ૦૭ ઑક્ટોબર, ૧૯૦૭**
**મહાપ્રયાણ : ૧૫ ઑક્ટોબર, ૧૯૯૯**

બધા ક્રાંતિકારીઓ તેમને દુર્ગાભાભી કહેતા. કારણ એટલું જ કે તેઓ ક્રાંતિકારી ભગવતીચરણ વહોરાનાં પત્ની હતાં. ૭મી ઑક્ટોબર, ૧૯૦૭ના રોજ પ્રયાગરાજમાં જન્મેલાં આ મહિલા ક્રાન્તિકારીનું બાળપણ દુ:ખમાં વીતેલું. નવ મહિનાની ઉંમરે માતા ગુમાવ્યાં. થોડા મોટાં થયાં ત્યાં પિતા વૈરાગી બની ગયા. નવ વર્ષની ઉંમરે એકનો એક ભાઈ પણ ગુમાવ્યો. અગિયાર વર્ષની કુમળી વયે તેમને ગુજરાતના ભગવતીચરણ વહોરા સાથે પરણાવી દેવામાં આવ્યાં. પિયરમાં તો ત્રીજા ધોરણથી અભ્યાસ અટકી ગયેલો. સાસરે આવીને એમણે પાછું ભણવા માંડ્યું. ભણ્યાં તે એવું ભણ્યાં કે લાહોરની ડી.એ.વી. કોલેજમાં હિન્દીના અધ્યાપક બની ગયાં. પતિ ભગવતીચરણ વહોરા પ્રખર ક્રાંતિકારી. એમનાં પગલે તેઓ પણ ક્રાંતિના માર્ગે ચડ્યાં. પત્રિકાઓ વહેંચવી, પોસ્ટરો ચોંટાડવાથી માંડીને શસ્ત્રોની હેરાફેરી સુધીનું ક્રાંતિકારી સંગઠનનું કામ તેમણે કર્યું.

સાંડર્સની હત્યા પછી ભગતસિંહને કલકત્તા સુધી હેમખેમ તેમણે જ પહોંચાડ્યા. ત્યારે તેમણે ભગતસિંહની પત્નીનો સ્વાંગ રચેલો. પોતાના ત્રણ વર્ષના શચીને આંગળીએ વળગાડ્યો. ખભે પર્સ લટકાવ્યું. જેમાં એક પિસ્તોલ હતી. જાણે કોઈ કુટુંબ જતું હોય તેવો દેખાવ કરીને તેઓ છેક કલકત્તા સુધી સહીસલામત પહોંચી ગયા. ૧૯૩૦માં પતિ ભગવતીચરણ બૉમ્બ પરીક્ષણ કરતી વેળા શહીદ થયા. પિયરમાં તો કોઈ સ્વજન હતું નહિ.પતિ પણ ગુમાવ્યા છતાં ૨૩ વર્ષની આ વિધવા હિંમત ન હારી. એટલું જ નહિ ક્રાંતિના માર્ગમાંથી પણ ચલિત ન થઈ. ઍસેમ્બલીમાં બૉમ્બ વિસ્ફોટ કરવા બદલ ભગતસિંહને ફાંસીની સજા નિશ્ચિત બની તો એમને સજામાંથી માફી અપાવવા ખુદ ગાંધીજીને મળીને વિનંતી કરી. પરંતુ ગાંધી-ઇરવીન કરારમાં ભગતસિંહને માફી આપવાની વાત જ ન આવી. તેઓ ખરેખરનાં રોષે ભરાયાં. લોર્ડ હેલીની હત્યા કરવાની યોજના ઘડી. એ શક્ય ન બનતાં, ૧૯ ઑક્ટોબર, ૧૯૩૦ના રોજ સર્જન્ટ ટેલરને બંદૂકની ગોળીએથી ઠાર કર્યો. તેમના નામનું વૉરંટ નીકળ્યું. પોલીસ તેમની પાછળ પડી. દહેરાદુનમાં સી.આઈ.ડી.ની નજરથી બચવા રાતના ૬૪ કિ.મિ. સાઈકલ દોડાવી અને દિલ્હી પહોંચ્યાં. પરંતુ ત્યાંથી પકડાઈ ગયાં. ત્રણ વર્ષની કેદની સજા થઈ. બાળક શચીન્દ્રને અચ્યુત પટવર્ધનને સોંપ્યો અને પોતે દેશ માટે જેલમાં ગયાં. પણ તેનો તેમને કોઈ અફસોસ નહોતો. દેશને સ્વતંત્ર જોવાનું તેમનું સપનું પણ પૂર્ણ થયું. ૧૯૪૭માં દેશ સ્વતંત્ર થયો. આઝાદ ભારતમાં પણ આ મહિલા ક્રાંતિકારી ઘણું જીવ્યાં અને ૧૫ ઑક્ટોબર ૧૯૯૯ના દિવસે તેમનું અવસાન થયું.

**રાષ્ટ્રભક્તિ જબ છાત્રશક્તિ કે હૃદયો મેં ફલને લગતી હૈ,**
**પર્વત સી હો વિકટ ચુનૌતી પત્તે સી હિલને લગતી હૈ.**



# ૬૦ - લાલા હરદયાળ

**જન્મ : ૧૪ ઑક્ટોબર, ૧૮૮૪**
**મહાપ્રયાણ : ૦૪ માર્ચ, ૧૯૩૯**

ગદર પાર્ટીના સ્થાપક લાલા હરદયાળ દિલ્હીના વતની હતા. તેમનો જન્મ ૧૪મી ઑક્ટોબર, ૧૮૮૪ના દિવસે થયો હતો. પ્રાથમિક શિક્ષણ દિલ્હીમાં અને ઉચ્ચ શિક્ષણ લાહોરમાંથી લઈ તેઓ ઉચ્ચ અભ્યાસ માટે લંડન ગયેલા. અહીં તેમને ઇન્ડિયા હાઉસના સ્થાપક શ્યામજી કૃષ્ણ વર્માનો ભેટો થયો. શ્યામજીએ એમની અંદર સ્વદેશી ભાવનાની ચિનગારી એવી તો પ્રગટાવી કે અંગ્રેજી ડિગ્રી પરથી તેમનું મન ઊઠી ગયું. સરકારની શિષ્યવૃત્તિ પાછી ઠેલી. અંગ્રેજી મેસમાં જમવાનું પણ બંધ કર્યું. તેઓ જ્યારે લંડનથી પાછા ફર્યા ત્યારે દેશમાં સ્વતંત્રતાના આંદોલનને જોર પકડ્યું હતું. તેઓ પણ તેમાં કૂદી પડ્યા. સરકારે પંજાબ કેસરી લાલા લજપતરાયની ધરપકડ કરી બર્માની જેલમાં ધકેલી દીધા, ધરપકડથી બચવા હરદયાળ પાછા લંડન આવતા રહ્યા. પણ અહીંયે જોખમ ઊભું થતાં, પૅરિસ ગયા. થોડો સમય પૅરિસમાં રહ્યા, પરંતુ અહીંનું ખર્ચાળ જીવન તેમને ન પરવડતાં ત્યાંથી અમેરિકા ગયા. અહીં મજૂરી કરતાં ભારતીઓને સંગઠિત કરી ગદર પાર્ટીની સ્થાપના કરી. પોતે કેલિફોર્નિયાની યુનિવર્સિટીમાં પ્રોફેસર બન્યા. ગદર પત્ર પણ શરૂ કર્યું. પરંતુ હરદયાળને અમેરિકા પણ સંઘરી ના શક્યું. તેમનાં ભાષણમાં રાજદ્રોહની ગંધ આવતા વૉરંટ કાઢ્યું. ધરપકડથી બચવા તેઓ સ્વિટ્ઝર્લૅન્ડ પહોંચ્યા. છૂપાવેશે ત્યાં છ મહિના રહ્યા. ત્યાંથી જર્મનીનો સહકાર મેળવવા જર્મની ગયા. શરૂઆતમાં જર્મનીએ ભારતની બાબતે રસ લીધો. પણ પછી તેનું વલણ નરમ પડ્યું. તેના નેતા સાથે ખટરાગ વધતા હરદયાળે જર્મની પણ છોડવું પડ્યું. હવે ક્યાં જવું ? પછીનાં સાત વર્ષમાં તેમણે કેટલાય દેશો ખૂંદયા. આખરે ત્યાંથી સ્વીડન પહોંચ્યા. દુનિયાભરની રઝળપાટ પછી તેમને વતન જોવાની ઇચ્છા થઈ. નામ બદલી તેઓ સમુદ્રમાર્ગે ભારત આવવા નીકળ્યા. પરંતુ માર્સેલ્સ બંદરેથી પકડાઈ ગયા. પાછા લંડન જવું પડ્યું. હવે વતન જવું શક્ય નથી એમ માની તેમણે બ્રિટનમાં આજીવિકા રળી ગુજરાન ચલાવવા માંડ્યું. આશ્ચર્યની વાત એ છે કે સશસ્ત્ર ક્રાંતિના આ માણસ ભગવાન બુદ્ધના અહિંસાના સિદ્ધાંતથી ખૂબ પ્રભાવિત હતા. ભગવાન બુદ્ધના સિદ્ધાંતો અંગે પુસ્તક લખી પીએચ.ડી. કર્યું. લંડન યુનિવર્સિટીમાં અધ્યાપક બન્યા. ૧૯૩૮માં યુનિવર્સિટી તરફથી અમેરિકામાં મળેલી વિશ્વધર્મ પરિષદમાં ભાગ લેવા તેમને મોકલવામાં આવ્યા. ત્યાં હૃદય બંધ પડી જવાથી ૦૪ માર્ચ, ૧૯૩૯ના રોજ તેમનું મૃત્યુ થયું. દેશમાં સરકારે તેમની પ્રવેશબંધી હટાવી લેવાની જાહેરાત કરી ત્યારે દેશની જનતાને તેમના મૃત્યુના સમાચાર સાંભળવા મળ્યા. એમને ઝેર અપાયાની પણ શંકા સેવાતી રહી. માતૃભૂમિની મુક્તિ ઝંખતા આ ક્રાંતિકારીને માતૃભૂમિમાં છેલ્લા શ્વાસ લેવાનુંય સૌભાગ્ય ન સાંપડ્યું.

**શેષ રહતી હૈ લડાઈ વીર કી અંતિમ ક્ષણો તક,**
**દેશભક્તિ હૈ બસી હોતી સદા જિનકે મનોં તક.**



# ૬૧ - ભગવતીચરણ વોહરા

**જન્મ : ૧૫ નવેમ્બર, ૧૯૦૩**
**મહાપ્રયાણ : ૨૮ મે, ૧૯૩૦**

ક્રાંતિકારી ભગવતી ચરણ વોહરાનો જન્મ ૧૫મી નવેમ્બર, ૧૯૦૩ના રોજ થયો હતો. તેમના પૂર્વજો ગુજરાતના નાગર બ્રાહ્મણ હતા. વરસો પહેલાં તેઓ ગુજરાતથી આગ્રા ગયેલા. પિતા શિવચરણ વોહરા રેલવેમાં નોકરી દરમિયાન લાહોર સ્થાયી થયેલા. સંપન્ન પરિવાર હતો. લાહોરમાં તેમનાં ત્રણ અને પ્રયાગરાજમાં બે મકાનો હતાં. પિતાએ અંગ્રેજ સરકારનો 'રાય બહાદુર' ઍવોર્ડ સ્વીકાર્યો એના વિરોધમાં ભગવતીચરણે ઘર છોડી દીધેલું. ભગવતીચરણ, ભગતસિંહ, સુખદેવ અને યશપાલ લાહોરની નેશનલ કોલેજના વિદ્યાર્થી હતા. ભગવતીચરણ આ બધાથી બે વર્ષ આગળ, ક્રાંતિનો રંગ ઘેરો અહીંથી બન્યો. બધા મિત્રોએ મળીને નૌજવાન ભારત સભા સ્થાપી. ત્યારે તેનો વ્યાપ લાહોર પૂરતો જ હતો. પછીથી તેનો 'હિન્દુસ્તાન પ્રજાતંત્ર સંઘ'માં વિલય થઈ ગયો. ભગવતી ચરણના પગલે પત્ની દુર્ગાદેવી પણ ક્રાંતિકારી બન્યાં. વાઈસરોય ઇરવીનની હત્યા કરી અંગ્રેજ શાસનના મૂળમાં જ ઘા કરવાની ભગવતીચરણે યોજના ઘડી. ગાડીના પાટા નીચે બૉમ્બ મૂકીને વાઇસરૉય ગાડીમાંથી પસાર થાય ત્યારે જ વિસ્ફોટ થાય એવી ગોઠવણ કરવામાં આવી. દુર્ભાગ્યે બૉમ્બ જરા મોડો ફૂટતાં વાઇસરૉય જે ડબામાં બેઠા હતા તેને બદલે ભોજનકક્ષના ડબાનો ખાતમો બોલી ગયો. ગાંધીજીએ ક્રાંતિકારીઓના આ પગલાની બહુ ટીકા કરી. એના જવાબમાં ભગવતીચરણ 'ફિલોસોફી ઑફ ધ બોમ્બ' શીર્ષકથી એક લેખ લખીને તેની પત્રિકા આખા દેશમાં વહેંચી. ઇરવીનની હત્યાના ષડયંત્રમાં નિષ્ફળ રહ્યા પછી ભગવતીચરણ ભગતસિંહને જેલમાંથી છોડાવવાની યોજના ઘડી. લાહોરના બહાવલપુર રોડની એક કોઠીમાં તેમનું બૉમ્બ બનાવવાનું કારખાનું ચાલતું હતું. આ વખતે તેમાં વધુ તીવ્રતાવાળા બૉમ્બ બનાવવામાં આવ્યા હતા. વિસ્ફોટ કરતાં પહેલાં ક્રાંતિકારીઓએ તેનું પરીક્ષણ કરવું યોગ્ય માન્યું. ૨૮ મે, ૧૯૩૦ના રોજ રાતના અગિયાર વાગ્યે ભગવતીચરણ, સુખદેવરાજ અને વિશ્વનાથ બૉમ્બ લઈને સાઇકલ પર રાવિના કિનારે નીકળી પડ્યા. નાવમાં બેસીને સામે કાંઠે ગયા. જંગલમાં એક મોટી ખાડ હતી ત્યાં બધા આવ્યા. 'તમે બધા અહીં જ ઊભા રહો' સાથીદારોને એમ કહી ભગવતીચરણ બંને હાથમાં બૉમ્બ લઈ આગળ દોડી ગયા. થોડીવારે વિસ્ફોટ થયો. સાથીદારોએ માન્યું બૉમ્બનું પરીક્ષણ સફળ થઈ ગયું છે. તેઓ ભગવતીચરણને વધાઈ આપવા તેની પાસે દોડી આવ્યા. ત્યાં આવીને જોયું તો સાથીદારોની આંખો ફાટી ગઈ. વિસ્ફોટ સ્થળે ભગવતીચરણનું લોહીલુહાણ શબ પડ્યું હતું. બૉમ્બ એમના હાથમાં જ ફૂટી ગયો હતો. આમ દેશની સ્વતંત્રતા માટે કામ કરતાં કરતાં તેમણે વીરગતિ વહોરી.

**બલિ દેકર ભી માતૃભૂમિ કા માન બઢાના આતા હૈ,**
**ખેલ મૃત્યુ કે સાથ શત્રુ કો ધૂલ ચટાના આતા હૈ.**



# ૬૨ - ચંદ્રશેખર આઝાદ

**જન્મ : ૨૩ જુલાઈ, ૧૯૦૬**
**વીરગતિ : ૨૭ ફેબ્રુઆરી, ૧૯૩૧**

ચંદ્રશેખર એટલે ભારતના મહાન ક્રાંતિકારીઓમાંના એક. ૨૩મી જુલાઈ, ૧૯૦૬ના રોજ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં તેમનો જન્મ. મૂળ નામ ચંદ્રશેખર સીતારામ તિવારી. અંગ્રેજોનો પીઠ્ઠુ મિ. ખરેઘાટ ન્યાયાધીશ હતો. અસહકારનું આંદોલન દેશભરમાં વ્યાપક બન્યું હતું. શ્રી અરવિંદ, શ્રી તિળકજી, બિપિનચંદ્ર વગેરેએ આનો સૂત્રપાત કર્યો હતો. એ વખતે માંડ ૧૫ વર્ષની ઉંમરના ચંદ્રશેખર પણ તે આંદોલનમાં જોડાઈ ગયા. આંદોલન કચડી નાંખવા પોલીસે લાઠીઓ વીંઝી એમાં એક બાળકના માથા પર દંડાના જોરદાર પ્રહાર થયા. બાળક લોહીલુહાણ થઈ નીચે પડી ગયો.ચંદ્રશેખરથી રહેવાયું નહીં. મોટો પથ્થર હાથમાં લઈ પેલા પોલીસના કપાળમાં મારી દીધો. પછી પોતાના રૂમમાં સંતાઈ ગયા. પોલીસે પકડ્યા અને મિ. ખરેઘાટ (ન્યાયાધીશ) સામે કેસ ચાલ્યો. ખરેઘાટે પૂછ્યું, 'તારું નામ ?'ચંદ્રશેખરે જવાબ આપ્યો, 'આઝાદ'. પિતાનું નામ ? - સ્વાધીન, તારું ઘર? - જેલ. ચંદ્રશેખરના આવા જવાબોને કારણે તેમને ૧૫ કોરડાની સજા થઈ. જેલર ગંડાસિંહ ગણતો રહ્યો. આઝાદ હસતા રહ્યા. ચામડીના લીરા ઊડતા રહ્યા. ભારતમાતાની જયના નારા સાથે સજા સહન કરી લીધી. લોકોને ખબર પડી. ભીડ જમા થઈ અને જેલમાંથી બહાર નીકળતા આઝાદનું સ્વાગત થયું. બસ એ દિવસથી જ તેઓ આઝાદ તરીકે ઓળખાયા. એ પછી તેમની મુલાકાત બિસ્મિલ સાથે થઈ. બિસ્મિલ આઝાદને મન્મથનાથ જેવા વીર ક્રાંતિકારીઓના દળમાં લઈ ગયા. એ વખતે ક્રાંતિવીરોને ૨૫ પૈસા મળતા જેમાંથી ૨૦ પૈસામાં જમવાનું અને પાંચ પૈસામાં સાંજે ચણાસિંગ ખાવાનાં. આ સ્થિતિથી દુઃખી થઈ ધન એકત્ર કરવા કાકોરી ટ્રેનમાં અંગ્રેજોની તિજોરીઓ જતી તે લૂંટી અને એ રૂપિયા ભારતમાતાના ચરણે ધરી દીધા. બિસ્મિલ અને બધા સાથી અશફાક, ઠાકુર રોશનસિંહ, રાજેન્દ્ર લાહીડીને ફાંસીની સજા થયેલી. ૩૦ ઑક્ટોબર, ૧૯૨૭માં સાયમન કમિશનના વિરોધમાં નીકળેલા મા ભારતીના સપૂતો પર લાઠીઓ વીંઝાઈ. ચંદ્રશેખર આઝાદે પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સાંડર્સને પતાવી દેવાનું નક્કી કરી તે કામ પૂરું કર્યું. સમય વીત્યો. ક્રાંતિદળના થોડાક રૂપિયા બચ્યા હતા તે અલાહાબાદના વ્યાપારી વીરભદ્ર તિવારીને આપેલા તે આઝાદે માગ્યા. તિવારીએ આઝાદને બે દિવસ પછી આલ્ફ્રેડ પાર્કમાં મળવા કહ્યું. તિવારી ગદ્દાર નીકળ્યો. ઝાડ નીચે બેઠેલા આઝાદને ચારેબાજુથી પોલીસે ઘેરી લીધા. પણ આઝાદ જેનું નામ ! ૮૦ સૈનિકોના ઘેરાને તોડવા આઝાદે પોતાની માઉઝર પિસ્તોલની ગોળીઓ વરસાવી. જોયું તો એક જ ગોળી બાકી હતી. પણ હિંમતથી તેમણે 'ભારત માતા કી જય'ના નારા સાથે ઘોડો દબાવી દીધો. સામે ગોળીઓની રમઝટ બોલી ગઈ હતી. તેમના શરીરમાં ચાર-ચાર ગોળીઓ ઘૂસી ગઈ હતી અને આખરે ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૩૧ના રોજ આલ્ફ્રેડ પાર્કમાં આઝાદ વીરગતિ પામ્યા.

**જિસ દિન શંકર કા ત્રિશૂલ ભી ચૂક જાયે સંધાનોં સે,**
**ઉસ દિન રુકને કી આશા કરના ભારત કે સંતાનોં સે.**



# ૬૩ - વીરોમાં વીર બુધા ભગત

**જન્મ : ૧૭ ફેબ્રુઆરી, ૧૭૯૨**
**વીરગતિ : ૧૩ ફેબ્રુઆરી, ૧૮૩૨**

ઝારખંડનો ઇતિહાસ વીરોની બહાદુરી અને પરાક્રમોની ગાથાઓથી ભરેલો છે. ઇતિહાસના પાનાઓમાં એવા અનેક વીરોની વાતો સુવર્ણ અક્ષરે લખાઈ છે જેઓએ પોતાની માતૃભૂમિની આન, બાન અને શાન માટે સંઘર્ષ કર્યો અને પોતાના પ્રાણોની આહુતિ આપી હતી. આવું જ એક ગાજતું નામ એટલે વીરોના વીર એવા શહીદ બુધા ભગત. વીર બુધા ભગતનો જન્મ ૧૭ ફેબ્રુઆરી, ૧૭૯૨ના રોજ ઝારખંડના ચાન્હો પ્રખંડના સિલાગાઈ નામના ગામે થયો હતો. બાળપણથી જ જમીનદારો અને અંગ્રેજોની ક્રૂરતા જોતા આવ્યા હોવાને કારણે તેમના કોમળ મનમાં ક્રાંતિ અને સ્વતંત્રતા માટે લડવાની ચિનગારી પ્રગટી ઊઠી હતી. એ વખતે કેટલાંક જમીનદારો અંગ્રેજોની પડખે થઈને નાના લોકો પર અત્યાચારો કરતાં. તેમની ખેતીની આવક અને બધું જ છીનવી લેતા. બુધા ભગતે અંગ્રેજો અને અંગ્રેજ સમર્પિત જમીનદારોના અન્યાય સામે વિદ્રોહ છેડ્યો. આ વિદ્રોહથી જમીનદારો કાંપી ઊઠ્યા હતા. બુધા ભગત ગામે ગામે પ્રવાસ કરતા અને અંગ્રેજોના અન્યાય વિરુદ્ધ ક્રાંતિ માટે લોકોને તૈયાર કરતા હતા. પરિણામે જનજાતિઓએ અંગ્રેજ હકૂમત વિરુદ્ધ ક્રાંતિ છેડી દીધી. હવે અંગ્રેજો સારી રીતે જાણી ગયા હતા કે બુધા ભગતને પકડ્યા વગર જનજાતિ વિદ્રોહને દબાવવો અસંભવ છે. અંગ્રેજોએ બુધા ભગતના માથે મસમોટા ઇનામની જાહેરાત કરી. તેમાં પણ નિષ્ફળતા મળ્યા બાદ અંગ્રેજોએ બુધા ભગત સામે આરપારની લડાઈ લડવાનું નક્કી કર્યું અને સિલગાઈને ચારેય તરફથી ઘેરવાની યોજના બનાવી. બુધા ભગતને આ વાતની જાણ થઈ જતાં તેઓએ જનજાતિઓને તૈયાર રહેવાનો આદેશ આપ્યો. ૧૩ ફેબ્રુઆરી, ૧૮૩૨માં અંગ્રેજોની સેના સિલગાઈને ઘેરવા પહોંચી ત્યારે વીર બુધા ભગતના નેતૃત્વમાં જનજાતિ સૈનિકોએ તીરોનો વરસાદ શરૂ કરી દીધો. તલવાર, ફરસી સહિતનાં પરંપરાગત હથિયારો લઈને તેઓ અંગ્રેજ સૈનિકો પર તૂટી પડ્યા. બન્ને તરફ ઘમસાણ છેડાયું. આ ભીષણ લડાઈમાં હજારોની સંખ્યામાં જનજાતિ સમુદાયના સૈનિકો સહિત બાળકો, મહિલાઓ અને વૃદ્ધો પણ બલિદાની થયા હતા. તેમાં વીર બુધા ભગતના જુવાનજોધ પુત્ર હલધર અને ગિરધર પણ હતા. કહેવાય છે કે બુધા ભગતને પકડવા અંગ્રેજો માટે શક્ય નહોતું. પરંતુ પોતાના પુત્રોના મૃત્યુ બાદ તેઓ અંદરથી તૂટી ગયા હતા. તેમનું મન અંદરથી ખાલી થઈ ગયું હતું. આખરે ૧૩ ફેબ્રુઆરી, ૧૮૩૨માં વિદ્રોહના નાયક વીર બુધા ભગત અંગ્રેજો સામે બહાદુરીથી લડતાં લડતાં વીરગતિ પામ્યા, પરંતુ આ પહેલાં તેઓએ પોતાના અદમ્ય સાહસનો પરિચય કરાવતા અંગ્રેજોમાં હાહાકાર મચાવી દીધો હતો. આજે પણ તેમની એ બહાદુરીની ગાથાઓ સાંભળીને રૂંવાડાં ઊભાં થઈ જાય છે.

**ફરકાવીશું ત્રિરંગો આકાશે, મોઢે શ્રેષ્ઠ ભારત નામ રટીશું,**
**નજર ખોટી કોઈએ ફેરવી તો જીવ લેશું કે જીવ પર ખેલીશું.**



## ૬૪ - બટુકેશ્વર દત્ત

**જન્મ : ૧૮ નવેમ્બર, ૧૯૧૦**
**મહાપ્રયાણ : ૨૦ જુલાઈ, ૧૯૬૫**

બટુકેશ્વર દત્ત કાનપુરના વતની હતા. તેમનો જન્મ ૧૮ નવેમ્બર, ૧૯૧૦ના રોજ થયો હતો. ભગતસિંહ સાથે ૮ એપ્રિલ, ૧૯૨૯ના રોજ ઍસેમ્બલીમાં બૉમ્બ ફેક્યો ત્યારે તેમની ઉંમરથી ૨૦ વર્ષ પણ નહોતી. ઍસેમ્બલીમાં બૉમ્બ ફેંકીને નાસી ન જતાં તેમણે સામે ચાલીને ધરપકડ વહોરી લીધી. પોલીસે તપાસ કરતાં તેમના ખિસ્સામાંથી ક્રાંતિમંડળની કેટલીક પત્રિકાઓ મળી આવી. તેમના વિરુદ્ધ મુકદમો ચલાવ્યો. છેક કાકોરીકાંડ સુધી તેનો સંબંધ જોડ્યો. જેલમાં તેમણે ત્યાંના અધિકારીઓના અત્યાચારના વિરુદ્ધમાં ભગતસિંહે સાથે આમરણ ઉપવાસ શરૂ કર્યાં. ભગતસિંહે ૪૧ દિવસ ભૂખ હડતાલમાં કાઢ્યા તો બટુકેશ્વર દત્તે ૪૫ દિવસ. ડૉક્ટર ચકિત થઈ ગયા. આટલા દિવસ ભૂખ્યો રહીને આ માણસ જીવતો કઈ રીતે રહી શક્યો ? ૭ ઑક્ટોબર, ૧૯૩૦ના રોજ ફેસલો સંભળાવવામાં આવ્યો, તેમાં બટુકેશ્વર દત્ત અને ભગતસિંહને આજીવન કારાવાસની સજા સંભળાવવામાં આવી. પાછળથી ભગતસિંહનું નામ સાંડર્સ હત્યાકાંડમાં નીકળતાં તેમને ફાંસીની સજા કરવામાં આવી. બટુકેશ્વર દત્તને મદ્રાસ પ્રાંતની સેલમ જિલ્લાની સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યા. ભગતસિંહને ફાંસી અપાઈ ત્યારે તેમના મૃતદેહનાં દર્શન કરવાની બટુકેશ્વરની ખૂબ ઇચ્છા હતી. પરંતુ જેલના અધિકારીઓએ એમની એ ઇચ્છા પૂરી ન થવા દીધી. જેલમાંથી તેમણે ભગતસિંહના પિતાને એક પત્ર લખ્યો. જેમાં આ શેર લખ્યો : ‘આજમાઈશ હૈ કડી, લબ પર કોઈ શિકવા ન હો. ફિર મિલેંગે યહીં, દિલમેં કોઈ ખટકા ન હો.’ ૧૯૩૭માં બટુકેશ્વર જેલમાંથી છૂટ્યા. જેલમાંથી છૂટ્યા પછી એક દિવસ તેઓ દિલ્હીની એ જેલનાં દર્શન કરવા નીકળી પડ્યા કે જ્યાં તેમને અને ભગતસિંહને ધરપકડ કરીને રાખવામાં આવેલા. ત્યાં આવીને એમણે જોયું તો તે સ્થળે રમતનું મેદાન બની ગયું હતું. જ્યાં કેટલાંક યુવક-યુવતીઓ બૅડમિન્ટન રમી રહ્યા હતાં. તેઓ એકધારા ક્યાંય સુધી મેદાન સામે જોઈ રહ્યા. જ્યારે પેલા લોકોની રમત પૂરી થઈ ત્યારે એક યુવક તેમની પાસે આવી ચડ્યો. રાજી થતાં એ પૂછી બેઠો. ‘તમે ક્યારનાં અમારી રમત જોઈ રહ્યા છો. શું તમે પણ આ રમતમાં રસ ધરાવો છો?’ જવાબમાં બટુકેશ્વરે કહ્યું, ‘મને એ રમતમાં સહેજે રસ નથી. મેદાન સામે તો હું એટલા માટે જોઈ રહ્યો હતો કે વરસો પહેલાં અહીં જેલ હતી. ઍસેમ્બલી ભવનમાં બૉમ્બ વિસ્ફોટ કર્યા પછી ભગતસિંહ અને બટુકેશ્વર દત્તને અહીં રાખવામાં આવેલા.’ બટુકેશ્વર દત્તની આ વાત સાંભળીને યુવક તરત પૂછી બેઠોઃ ‘આ ભગતસિંહ અને બટુકેશ્વર દત્ત કોણ હતા ?’’ આ સાંભળીને બટુકેશ્વર દત્ત એ જ પળે ત્યાંથી ચાલતા થઈ ગયા. આઝાદી માટે લડનારા આ મહાન ક્રાંતિકારી આવી અનેક પીડા લઈને ૨૦ જુલાઈ ૧૯૬૫ના રોજ અવસાન પામ્યા.

**વતન સહ અસીમ પ્રીતિ હૃદયમાં સમાવી બેઠા છીએ,**
**બલિદાની થઈશું વતન કાજે, શરત મૃત્યુ સાથે લગાવી બેઠા છીએ.**



# ૬૫ - કનૈયાલાલ મુનશી

**જન્મ : ૩૦ ડિસેમ્બર, ૧૮૮૭**
**મહાપ્રયાણ : ૮ ફેબ્રુઆરી ૧૯૭૧**

કનૈયાલાલ માણેકલાલ મુનશી સુપ્રસિદ્ધ લેખક અને શિક્ષણવિદ હોવાની સાથે સાથે સ્વતંત્રતા સેનાની પણ હતા. સાહિત્ય અને લેખનની સાથે સાથે અંગ્રેજો સામેની સ્વાતંત્ર્યની લડાઈમાં પણ તેમનું મહામૂલું યોગદાન રહ્યું છે. તેઓનો જન્મ ૩૦ ડિસેમ્બર, ૧૮૮૭ના રોજ ગુજરાતના ભરૂચમાં થયો હતો. પ્રારંભિક શિક્ષણ ભરૂચમાં થયું. ત્યાર બાદ આગળના શિક્ષણ માટે તેઓ વડોદરા ગયા. બાળપણથી જ પ્રખર રાષ્ટ્રવાદી અને સ્વાભિમાની હોવાની સાથે સાથે તેમને અંગ્રેજી ભાષા પર પણ સારું પ્રભુત્વ હતું. તેઓએ ૧૯૦૭માં અંગ્રેજી ભાષામાં સૌથી વધુ ગુણ મેળવી બૅચલર ઑફ આર્ટ્સની પદવી પ્રાપ્ત કરી. આ સમયમાં ભારતમાં સ્વતંત્રતા આંદોલનના વાયરા ફૂંકાઈ રહ્યા હતા. ભારતીય જનમાનસમાં સ્વતંત્રતા અંગેની લાગણી ધીરે ધીરે આળસ મરડી રહી હતી. ભારતની સ્વતંત્રતા માટે ચળવળ ચલાવતા મહાન ક્રાંતિકારી અને તેમના શિક્ષક શ્રી અરવિંદ ઉપરાંત મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ વગેરેથી તેઓ પ્રભાવિત થયા અને આ દિશામાં તેઓ ધીરે ધીરે ઢળવા લાગ્યા હતા. જોતજોતામાં તેઓ સ્વતંત્રતા આંદોલનનો એક જાણીતો ચહેરો બની ગયા. ૧૯૧૫માં ભારતીય હોમરૂલ આંદોલનમાં સામેલ થઈ તેઓ તેના સચિવ બન્યા. કાયદાના વિદ્યાર્થી હોવાથી અને અંગ્રેજી ભાષા પરના પ્રભુત્વને કારણે તેઓ અંગ્રેજી હકૂમતને તર્કબદ્ધ જવાબ આપી જાણતા હતા. તેવામાં ૧૯૨૦માં અમદાવાદમાં કૉંગ્રેસનું અધિવેશન ભરાયું. તેમાં તેમણે ભાગ લીધો અને તેના અધ્યક્ષ સુરેન્દ્રનાથ બેનર્જીના વિચારોથી પ્રભાવિત થઈ સ્વતંત્રતા ચળવળમાં વધુ સક્રિય બન્યા. ૧૯૩૦માં ગાંધીજીના સવિનય કાનૂન ભંગની ચળવળમાં મહત્ત્વની ભૂમિકા ભજવી. આમ તેમની પ્રવૃત્તિઓએ અંગ્રેજ સરકારના નાકમાં દમ કરી દીધો હતો. જેના કારણે અંગ્રેજ સરકારની આંખમાં તેઓ કણાની માફક ખૂંચવા લાગ્યા હતા. છેવટે અંગ્રેજ સરકાર દ્વારા તેમની ધરપકડ કરી જેલમાં મોકલી દેવામાં આવ્યા. લગભગ પાંચ મહિનાનો જેલવાસ વેઠી તેઓ પુનઃ જોશ અને જુસ્સા સાથે દેશની આઝાદીની ચળવળમાં લાગી ગયા. અંગ્રેજ સરકારે તેમની ફરી ધરપકડ કરી અને બે વર્ષની જેલની સજા કરી. ત્યાર બાદ ૧૯૪૦ માં સત્યાગ્રહ આંદોલનમાં ભાગ લેવાને કારણે પણ તેમની ધરપકડ કરવામાં આવી. આઝાદી બાદ દેશમાં રજવાડાઓનું એકીકરણ થઈ રહ્યું હતું. હૈદરાબાદના નિઝામની આડોડાઈને કારણે હૈદરાબાદનું ભારતમાં વિલિનીકરણ અટવાયું ત્યારે હૈદરાબાદના નિઝામની સાન ઠેકાણે લાવવા માટે સરદાર વલ્લભભાઈ પટેલ સાથે કનૈયાલાલ મુનશીએ પણ રણનીતિ ઘડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. આવા ક્રાંતિકારી ક.મા.મુનશીનું ૮ ફેબ્રુઆરી ૧૯૭૧ના રોજ ૮૩ વર્ષની વયે મુંબઈમાં દેહાવસાન થયું.

**ત્રિરંગામાં વિશ્વાસ અને હૃદયમાં ગુમાન રાખું છું,**
**વતનની શાન કાજે જાન તૈયાર રાખું છું.**



# ૬૬ - બાબાસાહેબ આંબેડકર

**જન્મ : ૧૪ એપ્રિલ, ૧૮૯૧**
**મહાપ્રયાણ : ૬ ડિસેમ્બર, ૧૯૫૬**

ડૉ. ભીમરાવ રામજી આંબેડકરનો જન્મ ૧૪મી એપ્રિલ, ૧૮૯૧ના રોજ મધ્ય પ્રદેશના મહુમાં થયો હતો. તેમનું વતન મહારાષ્ટ્રના રત્નાગીરી જિલ્લાનું આંબાવાડે ગામ હતું. આ ગામ પરથી જ તેમની અટક આંબેડકર પડી હતી. તેમના પિતાનું નામ રામજી માલોજી સકપાલ અને માતાનું નામ ભીમાબાઈ હતું. અનુસૂચિત જાતિના મહાર કુટુંબમાં જન્મ્યા હતા. પ્રાથમિક અભ્યાસ અહીં જ પૂર્ણ કરી તેઓ ઉચ્ચ અભ્યાસ માટે ઇંગ્લેન્ડ ગયા હતા. ૧૯૨૩માં બૅરિસ્ટર બન્યા બાદ તેઓ જર્મની ગયા. પરંતુ ટૂંક સમયમાં ભારત પરત ફર્યા. વતન પરત ફરીને તેમણે અનુસૂચિત જાતિના લોકો માટે ખૂબ કામ કર્યા. અછૂતોને સવર્ણો અને અંગ્રેજો સમાન અધિકારો નહોતા આપતા, કૂવેથી પાણી નહોતા પીવા દેતા, મંદિરમાં પ્રવેશવા દેતા નહોતા. આ બધી બાબતોનો વિરોધ કરીને તેમણે દલિતોના ઉદ્ધાર માટે ખૂબ કામ કર્યો. લોકોને સંદેશ આપ્યો કે સંગઠિત બનો, શિક્ષિત બનો. આમ ધીમે ધીમે તેઓ ખ્યાતનામ થયા અને તા.૧૪ મી ઑગસ્ટ ૧૯૩૧ માં ડૉ. આંબેડકર અને ગાંધીજીની પ્રથમ મુલાકાત થઈ. ૭ મી સપ્ટેમ્બર ૧૯૩૧માં લંડનમાં બીજી ગોળમેજી પરિષદ મળી અને એમાં ડૉ.આંબેડકર અન્ય ભારતીય નેતાઓ સાથે હાજર રહ્યા. તેમણે અછૂતોના ઉદ્ધાર માટે અલગ મતાધિકાર અને અલગ અનામત બેઠકોની માંગણી કરી. થોડા મતભેદો થયા પણ ડૉ. આંબેડકર તેમની માંગણીઓમાં મક્કમ રહ્યા. ૧૯૪૬માં ડૉ. આંબેડકર ભારતની બંધારણસભામાં ચૂંટાયા. ભારતના ભાગલા પછી ભારત-પાકિસ્તાન અલગ દેશો અસ્તિત્વમાં આવ્યા અને ૩ ઑગસ્ટ ૧૯૪૭માં ભારતની વચગાળાની સરકાર રચાઈ. ભારતની વચગાળાની સરકારમાં ડૉ. આંબેડકર ભારતના પ્રથમ કાયદા પ્રધાન બન્યા. ૨૯ ઑગસ્ટે ડૉ. આંબેડકરની ભારતના બંધારણીય ડ્રાફ્ટિંગ કમિટીના પ્રમુખ તરીકે વરણી થઈ. ૪ નવેમ્બેર ૧૯૪૮ના રોજ ડૉ. આંબેડકરે ભારતના બંધારણને બંધારણસભાની બહાલી માટે રજૂ કર્યું. મુખ્યત્વે બંધારણમાં ૩૧૫ કલમો અને ૮ પરિશિષ્ટ હતા. ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ ભારતની બંધારણ સભાએ દેશનું બંધારણ પસાર કર્યું. આ વખતે બંધારણસભાના પ્રતિનિધિઓ તેમજ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે ડૉ. આંબેડકરની સેવા અને કાર્યના મુક્ત કંઠે વખાણ કર્યા. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦થી ભારતનું બંધારણ અમલમાં આવ્યું અને દેશ પ્રજાસતાક બન્યો. આમ દેશ આઝાદ ભારતના બંધારણના ઘડવૈયા તરીકે તેમણે એક ક્રાંતિકારી કાર્ય કર્યુ હતું અને આજે પણ તેઓ આ માટે સમગ્ર દેશમાં આદર અને સન્માન મેળવે છે. સમય જતાં તેમની તબિયત લથડી અને અંતે ૬ ડિસેમ્બર ૧૯૫૬ની વહેલી સવારે દિલ્હીમાં તેમનું અવસાન થયું.

**મેરે ભારત દેશ કી ગાથા બડી મહાન,**
**મહિમા ઇસકી ગા રહા આજ સારા જહાન**



# ૬૭ - રાજકુમારી ગુપ્તા

**જન્મ : ૧૯૦૨**
**મહાપ્રયાણ : ૧૯૪૩**

દેશના સ્વતંત્રતા આંદોલનના ઈતિહાસમાં એવાં અનેક નામો છે જેમણે આ આંદોલનમાં પોતાનું યોગદાન આપ્યું છે પણ તેમનું નામ કોઈ જગ્યાએ નોંધાયેલું નથી. બ્રિટિશ શાસન દરમિયાન દેશપ્રેમ દાખવવા બદલ જેમનું જીવન અનેક કષ્ટો સાથે પસાર થયું એમાંનું એક નામ છે રાજકુમારી ગુપ્તા. વર્ષ ૧૯૦૨માં ઉત્તરપ્રદેશના કાનપુરના બાંદા જિલ્લામાં એક સામાન્ય પરિવારમાં તેમનો જન્મ થયો. માત્ર ૧૩ વર્ષની નાની ઉંમરે તેમનાં લગ્ન મદનમોહન સાથે થયા. મદનમોહન પણ આઝાદીની લડાઈની ગતિવિધિઓ સાથે જોડાયેલા હતા એટલે પત્ની તરીકે રાજકુમારીએ પણ તેમને દરેક કામમાં મદદ કરી. આ દંપતી ગાંધીજીથી અને તેમના અહિંસાવાદી વિચારોથી ખૂબ પ્રભાવિત હતું. આ જ વિચાર સાથે રાજકુમારીએ સ્વતંત્રતાના આંદોલનમાં ભાગ પણ લીધો હતો. ધીમે ધીમે અંગ્રેજોની હિંસા વધતી જતી હતી. તેઓ અંગ્રેજોના અમાનવીય અત્યાચારો જોઈ ખૂબ દુઃખી થયા. તેમને લાગ્યું કે હિંસક અંગ્રેજોનો સામનો અહિંસા સાથે કઈ રીતે થઈ શકશે? આ પ્રશ્નનો જવાબ તેમને ચંદ્રશેખર આઝાદ પાસેથી મળ્યો અને તેઓ ત્યાર પછી ક્રાંતિકારી ચંદ્રશેખર આઝાદ સાથે જોડાઈ ગયાં. ચંદ્રશેખર આઝાદે ગુપ્ત સૂચનાઓ અને વસ્તુઓ અન્ય ક્રાંતિકારીઓ પાસે પહોંચાડવાનું કામ રાજકુમારીને સોંપ્યું હતું. ઉલ્લેખનીય છે કે ત્યારે તેમના આ કાર્યની જાણ તેમના પતિ અને તેમના ઘરવાળાઓને પણ નહોતી. કાકોરી ટ્રેન લૂંટવાની ઘટના સ્વતંત્રતા સંગ્રામની એક મોટી અને જાણીતી ઘટના છે. આ કાકોરી ટ્રેન લૂંટવાનું આયોજન ચંદ્રશેખર આઝાદના હિન્દુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિક એસોસિયેશન દ્વારા થયું હતું. જેમાં રામપ્રસાદ બિસ્મિલ, ચંદ્રશેખર આઝાદ, અશફાકઉલ્લા ખાન જેવા ક્રાંતિકારી જોડાયેલા હતા. આ લૂંટનો ઉદ્દેશ સરકારી ખજાનો લૂંટી તેને ક્રાંતિકારી કાર્યોમાં વાપરવાનો હતો. ઉલ્લેખનીય છે કે આ કાકોરી ટ્રેન લૂંટ કાંડમાં રાજકુમારી ગુપ્તાએ પણ એક જવાબદારી નિભાવી હતી. કાકોરી કાંડમાં ક્રાંતિકારીઓ સુધી ગુપ્ત રીતે હથિયાર અને માહિતી પહોંચાડવાનું કામ રાજકુમારીએ કર્યું હતું. તેમના આ સાહસભર્યા કાર્ય પછી જ તેમના પરિવારને ખબર પડી હતી કે તેઓએ આટલી મોટી ક્રાંતિકારી લડાઈમાં ભાગ લીધો છે. રાજકુમારી હંમેશાં કહેતા કે તેઓ ઉપરથી ગાંધીવાદી અને નીચેથી ક્રાંતિકારી છે. કાકોરી પછી પણ તેમણે અનેક ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો અને દેશ માટે અત્યાચારો પણ સહન કર્યા હતા. સરકાર વિરોધી કાર્ય કરવા બદલ તેમણે અનેકવાર જેલયાત્રા પણ કરી હતી. ૧૯૩૦, ૧૯૩૨ અને ૧૯૪૨માં તેમને જેલની સજા થઈ હતી. આમ રાજકુમારી એક વીરાંગનાની જેમ સતત અંગ્રેજોની સામે લડતા રહ્યા અને લગભગ ૧૯૪૩ની આસપાસ તેમનું અવસાન થયું.

**ભારત મેરા દેશ હૈ, ભારત મેરા ધર્મ,**
**યહી જન્મ લૂં મૈં સદા, ઐસે હો બસ કર્મ.**



# ૬૮ - વસંત-રજબ

જન્મ : વસંત - ૧૬ મે, ૧૯૦૬
રજબ - ૨૭ જુલાઈ, ૧૯૨૬
વીરગતિ : ૧ જુલાઈ, ૧૯૪૬

મહાત્મા ગાંધીજીની ચરણરજ મસ્તકે ધરીને આજીવન સેવાવ્રતી બનનાર દેશભક્ત યુવાનો એટલે વસંત અને રજબ. વસંત હિન્દુ અને રજબ મુસલમાન. વસંતનો જન્મ ૧૬ મે, ૧૯૦૬ના રોજ થયો હતો અને રજબનો જન્મ ૨૭ જુલાઈ, ૧૯૨૬ના રોજ. બંને અમદાવાદના વતની હતા. ૧૯૪૬નું વર્ષ, જુલાઈ માસની પહેલી તારીખ હતી. દેશના વિભાજન પહેલાંની કોમી વિદ્વેષની આગે અમદાવાદને ભરડામાં લીધું હતું. હિન્દુ-મુસ્લિમ વચ્ચે તોફાન અને માર - કાપ મચી હતી. ભદ્ર વિસ્તારમાં રહેતા વસંતરાવ હેગિષ્ટે અને તેમનાથી વીસ વર્ષ નાના પણ જિગરી દોસ્ત રજબઅલી લાખાણીનું હૈયું આ સમાચાર જાણી હચમચી ઊઠ્યું. બંને ગાંધીવાદી રંગે રંગાયેલા દેશભક્તો હતા. બંનેએ હિન્દુ - મુસ્લિમ કોમના ઝનૂની લોકોને સમજાવીને શાંત કરવાનું બીડું ઝડપ્યું. એટલામાં કોઈકે સમાચાર આપ્યા કે, બાલાહનુમાન પાસે એક વૉશિંગ કંપનીનો કચ્ચરઘાણ નીકળી રહ્યો છે. ટોળું આગ લગાડવાની તૈયારીમાં છે. રજબઅલી વાયુવેગે તે સ્થળે પહોંચી ગયા. એમણે ટોળાને આજીજી કરતા કહ્યું, 'અરે ભાઈ ! કોણ હિન્દુ ને કોણ મુસલમાન! માણસ માત્ર રહેમને પાત્ર... એમ તો હુંય મુસલમાન છું! મારવો હોય તો મને પણ મારી નાંખો, પણ કોઈની દુકાન કે ઘરને ન જલાવશો.' બેકાબૂ ભીડની હિંમત તૂટી ગઈ અને ટોળું વિખરાઈ ગયું. ફરી ક્યાંકથી ખબર આવ્યા કે, રીચી રોડ પર એક ડ્રાઈવરને લોકો નિર્દયતાપૂર્વક ઝૂડી રહ્યા છે. વસંતદાદા અને રજબઅલી તેની વહારે ધાયા અને તે બચી ગયો ! એવામાં ફરી ક્યાંકથી આર્તનાદ સંભળાયો, બંને મિત્રો ફરીવાર ત્યાં પહોંચી ગયા. બંને ભાઈઓ હિન્દુ - મુસ્લિમ ભાઈચારાની મિસાલ બનીને લોકોને બચાવી રહ્યા હતા, શાંત પાડી રહ્યા હતા પણ જાણે બધા અંધ થઈ ગયા હતા. હિંસા અટકતી નહોતી. બંને આખો દિવસ જાનના જોખમે કોમી એકતાની આગને ઠારતા રહ્યા. પણ રથાયાત્રાના દિવસે કંઈક જુદું જ બન્યું. એ દિવસે સમી સાંજે વસંતરાવ અને રજબઅલી કૉંગ્રેસ હાઉસ પહોંચ્યા. ખંજરબાજી અને આગના સમાચારોથી ત્યાંના લોકોમાં પણ ઉત્તેજના વ્યાપેલી હતી. જમાલપુરમાં તો કોમી દુશ્મનીએ માઝા મૂકી દીધી હતી. સમાજસેવકો પણ ત્યાં જવાનું નામ લેતાં ડરતા હતા ત્યાં આ બંને વીરોએ લોકોને બચાવ્યા અને શાંતિ માટે અપીલ કરી. પણ ચોતરફથી પથ્થરોનો વરસાદ થયો. ખંજરોની સંહારલીલા થઈ. તેમાં બંને ઘાયલ થયા. ખાદીની કફની અને પાયજામો લોહીથી ખરડાયાં. મસ્તક, હાથ, પીઠ અને પડખામાંથી રક્તની ધારાના ફુવારા છૂટી રહ્યા હતા. છતાં એ બંને વીરો એક ડગલુંય પાછા ના હઠ્યા. ૧ જુલાઈ - ૧૯૪૬ના દિવસનો સૂરજ અસ્ત થયો અને સાથે સાથે વસંતરાવ અને રજબઅલીના જીવનદીપ પણ બુઝાયા !

**ભારત કી પાવન ધરતી સે, લે ધૂલ મેં તિલક લગાઉં,**
**ઈતના પ્યારા દેશ હે મેરા, મૈં નીશ દિન મહિમા ગાઉં.**



# ૬૯ - રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી

**જન્મ : ૨૮ ઑગસ્ટ, ૧૮૯૬**
**મહાપ્રયાણ : ૯ માર્ચ, ૧૯૪૭**

સોરઠની ધરતી ખૂંદીને સૌરાષ્ટ્રના શૌર્યશાળી લોકસાહિત્યને રાષ્ટ્રભરમાં પહોંચાડનારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનો જન્મ ગુજરાત રાજ્યના સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ગામમાં, ૨૮ ઑગસ્ટ ૧૮૯૬ના રોજ થયો હતો. ઝવેરચંદ મેઘાણીનો પ્રાથમિક અને માધ્યમિક સુધીનો અભ્યાસ રાજકોટ, દાઠા, પાળિયાદ, બગસરા, અમરેલીમાં થયો હતો. ૧૯૧૨માં તેમણે મેટ્રિકની પરીક્ષા પાસ કરી, ત્યાર બાદ જૂનાગઢની બહાઉદ્દીન કોલેજ અને ભાવનગરના શામળદાસ મહાવિદ્યાલયમાં જઈને ત્યાંથી અંગ્રેજી અને સંસ્કૃત સાથે બી.એ થયા. એમ. એનો અભ્યાસ કરતાં કરતાં શિક્ષક તરીકે નોકરી પણ કરી અને ત્યાર બાદ પરિવારની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી કલકત્તામાં જીવણલાલ એન્ડ કંપનીની પેઢીમાં નોકરી પણ કરી. પણ તેમને રસ સાહિત્યમાં વધારે હતો. કલકત્તામાં રહેવાથી તેઓ બંગાળી સાહિત્યના પરિચયમાં આવ્યા. જોકે તેમને નોકરીમાં વધારે મન લાગતું નહી એટલે ૧૯૨૧માં કલકત્તાથી પરત ગુજરાત ફર્યા અને અહીં સૌરાષ્ટ્ર અખબારમાં લખવાની શરૂઆત કરી. અહીં તેઓ અખબારના તંત્રી બન્યા અને ૧૯૩૫ સુધી આ જવાબદારી નિભાવી. બાદમાં તેઓ ફૂલછાબ અખબાર સાથે જોડાયા. ઝવેરચંદ મેઘાણીએ સાહિત્યનાં અનેક ક્ષેત્રોમાં ખેડાણ કર્યું છે. આપણે તેમને કવિ, નવલકથાકાર, લેખક, સાહિત્યકાર, વિવેચક, અનુવાદક લોકસાહિત્યના સંશોધક – સંપાદક, વાર્તાકાર તરીકે જાણીએ છીએ. પણ સ્વતંત્રતા સંગ્રામમાં તેમણે એક વિશેષ યોગદાન આપ્યું છે અને એ છે તેમની કવિતાઓ અને ગીતો દ્વારા ક્રાંતિવીરોમાં શૌર્ય જગાડવાનું. તેમનાં ગીતોના આધારે અનેક વીરો આઝાદી માટે લડી શક્યા, લડવા માટે બહાર આવ્યાના અનેક દાખલા છે. તેમણે આઝાદી સમયે ઘણાં કાવ્યો, લેખો લખ્યાં હતાં. તેમની દેશદાઝની ખુમારીની ભાવનાયુક્ત અમર રચનાઓએ આઝાદીની લડતમાં ઉદ્દીપકનું કામ કરી સૌના અંતર મનને કસુંબીનો રંગ લગાડ્યો હતો. તેમનાં સંગ્રામ ગીતોના સંગ્રહ 'સિંધુડો'એ ભારતના યુવાનોને પ્રેરિત કર્યા હતા. આ ગીતો એવાં હતાં કે અંગ્રેજો પણ તેમનાથી ત્રાહિમામ પોકારી ગયા હતા અને તેના કારણે ઈ.સ. ૧૯૩૦ માં ઝવેરચંદ મેઘાણીને બે વર્ષ માટે જેલમાં રહેવું પડ્યું હતું. આ સમય દરમિયાન તેમણે ગાંધીજીની ગોળમેજી પરિષદ માટેની લંડન મુલાકાત ઉપર 'ઝેરનો કટોરો' કાવ્યની રચના કરી હતી. અને ત્યાર બાદ ગાંધીજીએ ઝવેરચંદ મેઘાણીને રાષ્ટ્રીય શાયરના બિરુદથી નવાજ્યા હતા. જીવનના અંતિમ દિવસો તેમણે ગુજરાતના બોટાદમાં પસાર કર્યા. બોટાદમાં તેમના નિવાસસ્થાને ૯ માર્ચ ૧૯૪૭ ના દિવસે ૫૦ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી નિધન થયું હતું.

**રક્ત ટપકતી સો - સો જોળી સમરાંગણથી આવે....**



# ૭૦ - સ્વામી વિવેકાનંદ

**જન્મ : ૧૨ જાન્યુઆરી, ૧૮૬૩**
**મહાપ્રયાણ : ૪ જુલાઈ, ૧૯૦૨**

સ્વામી વિવેકાનંદ એટલે આજના યુવાનોના આદર્શ અને તે સમયના ક્રાંતિવીરોના પ્રેરણાસ્રોત. ૧૨ જાન્યુઆરી ૧૮૬૩માં કલકત્તામાં આવેલ શિમલા પાલ્લીમાં તેમનો જન્મ થયો. બાળપણનું નામ હતું નરેન્દ્રનાથ દત્ત. મોટા થઈને રામકૃષ્ણ પરમહંસના શિષ્ય બન્યા. શિકાગો ખાતે વિશ્વ ધર્મ-પરિષદમાં વર્ષ ૧૮૯૩માં હિન્દુ ધર્મનું પ્રતિનિધિત્વ કર્યું અને 'માય ડિયર બ્રધર્સ એન્ડ સિસ્ટર્સ!' સંબોધન સાથેના તેમના પ્રવચનથી હિન્દુ ધર્મને વિશ્વકક્ષાએ માન્યતા અપાવી. સ્વામીજી દેશભક્ત હતા તેવું તેમના વિચારોમાંથી આપણને જાણવા મળે છે. તેઓ દેશના લોકોને ગુલામીની માનસિકતામાંથી બહાર કાઢવા માંગતા હતા, એટલે જ તેઓ ગુલામીની માનસિકતા પર હંમેશાં પ્રહાર કરતા. તેઓ કહેતા કે, 'જો ભારતના લોકો જાગૃત થઈ જાય તો તેની બધી સમસ્યા દૂર થઈ જાય.' વર્ષ ૧૮૯૨માં ભારત ભ્રમણ દરમિયાન સ્વામી વિવેકાનંદે જોયું કે અંગ્રેજોની શોષક નીતિઓના કારણે આપણા દેશના લોકોની સ્થિતિ ખૂબ દયનીય છે. આ પછી જ્યારે તેઓ પશ્ચિમના દેશોમાં ગયા તો તેમને અનુભવ થયો કે પશ્ચિમ સમૃદ્ધ છે પણ છતાં અહીં આધ્યાત્મિકતાની ઉણપ છે. આ દિશામાં ભારતે જ પશ્ચિમી જગતને માર્ગદર્શન આપવું પડશે. આથી ભારત પરત ફરી સ્વામીજીએ આહ્વાન કરતા નારો આપ્યો હતો કે 'ભારત જાગો, વિશ્વ જગાઓ' પણ સ્વામી વિવેકાનંદ જાણતા હતા કે કોઈ પણ રાષ્ટ્ર અન્ય કોઈ ગુલામ દેશ પાસેથી શિક્ષણ મેળવવાની વાત સ્વીકારશે નહીં. વિશ્વને આધ્યાત્મિકતા તરફ વાળતાં પહેલાં ભારતે સ્વતંત્ર થવું ખૂબ જરૂરી છે. માનવતાના કલ્યાણ માટે સ્વામીજી એક શક્તિશાળી અને જાગૃત ભારતનું નિર્માણ કરવા માગતા હતા અને તેની પહેલી શરત હતી સ્વતંત્રતા. આથી ભારત પરત ફરીને સ્વામી વિવેકાનંદે અંગ્રેજોની ગુલામીમાં નિરાશ થઈને જીવતા ભારતીઓને જાગૃત કરવા બધાં જ સ્તરે કામ કર્યું. ભારતમાતા અને તેના મહાન આદર્શો લોકો સમક્ષ મૂક્યા, ઉપનિષદ અને વેદો થકી તેઓ લોકજાગૃતિ લાવ્યા. તેમણે કહ્યું કે સ્વતંત્રતા, શારીરિક સ્વતંત્રતા, માનસિક સ્વતંત્રતા અને આધ્યાત્મિક સ્વતંત્રતા ઉપનિષદોના સંકેત શબ્દ છે. દેશના લોકોમાં તેમણે દેશપ્રેમ પ્રગટાવ્યો અને દેશપ્રેમની એ જ્વાળા ક્રાંતિકારીઓ માટે સ્વતંત્રતા આંદોલનની પ્રેરણા બની હતી. સ્વામી વિવેકાનંદને ભારતના પ્રથમ રાષ્ટ્ર-નિર્માતાઓ પૈકીના એક ગણવામાં આવે છે. દેશના અનેક ક્રાંતિવીરો માટે સ્વામીજી પ્રેરણાસ્રોત રહ્યા હતા. મહાત્મા ગાંધી, સુભાષચન્દ્ર બૉઝ, અરવિંદ ઘોષ, રાધાકૃષ્ણન્ જેવા અન્ય રાષ્ટ્રીય નેતાઓ તથા વિચારકો પર તેમના તત્ત્વજ્ઞાનનો પ્રભાવ પડ્યો હતો. અંતે માત્ર ૩૯ વર્ષની નાની ઉંમરે ૦૪ જુલાઈ, ૧૯૦૨ના રોજ તેમનું અવસાન થયું.

**હાથ જોડકર નમન જો કરતે, મત સમજો કમજોર હૈં હમ,**
**ઊઠાઓ કથાએँ ઇતિહાસ કી, છાપે હુએ હર ઓર હૈ હમ.**



# ૭૧ - બાલવીર સોમાભાઈ

**જન્મ : ૧૯૨૭**
**વીરગતિ : ૧૮ ઑગસ્ટ, ૧૯૪૨**

ગુજરાતમાં વડોદરા પાસે એક ગામ છે, ગોકુળપુરા. આ ગામમાં રહેતા શ્રી બચ્ચુભાઈ પંચાલનો પરિવાર દેશભક્તિના રંગે રંગાયેલો. તેમને ત્યાં ૧૯૨૭માં એક પુત્રનો જન્મ થયો અને તેનું નામ રાખવામાં આવ્યું સોમો. ત્યારે અંગ્રેજો નાના નાના ગામના લોકોને પણ ખૂબ હેરાન કરતાં અને અત્યાચારો ગુજારતા. બાળક સોમો પણ આવા વાતાવરણમાં 'વંદે માતરમ્' અને 'ભારતમાતાની જય'ના નારાઓ વચ્ચે મોટો થયો. સોમો બહુ નાનો હતા ત્યારે ઘર પર ત્રિરંગો ફરકાવવાના અપરાધમાં પડોશના ઘરમાં પોલીસ ઘૂસી આવી. એ સમયે ઘરમાં કોઈ પુરુષ ન હતો. મહિલાઓ પોતાનાં કામોમાં વ્યસ્ત હતી. ત્યારે ગોરા સિપાહી ઘરમાં ધડાધડ ઘૂસી ગયા અને મારપીટ કરવા લાગ્યા. નાનો સોમા આખો મામલો શું છે તે જાણતો નહોતો, પરંતુ અંગ્રેજો આપણા દુશ્મનો છે અને એ આપણને આપણો ત્રિરંગો ફરકાવવા દેતા નથી એટલી એને ખબર હતી. તે લપાઈને પડોશીના ઘેર પહોંચ્યો અને સિપાહીના કાંડા પર જોરથી બટકું ભર્યું. સિપાહી ચીસ પાડી ઊઠ્યો. એની બંદૂક નીચે પડી ગઈ ત્યારે એ ઘરની વીરાંગના ગૃહિણીએ બંદૂક ઉઠાવી એના પર બંદૂકની મૂઠથી વાર કર્યો. અંગ્રેજ શિયાળ આ સિંહણ સામે ગભરાઈ ગયો અને ભાગી ગયો. બાળક સોમાનું સાહસ આખા ગામમાં પ્રશંસા પામ્યું. સોમો જ્યારે ચોથા ધોરણમાં ભણતો હતો ત્યારે દેશમાં અંગ્રેજોના વિરોધમાં આંદોલનોની ધૂમ મચી હતી. ૧૮ ઑગસ્ટ, ૧૯૪૨ના દિવસે વડોદરામાં એક મોટા સરઘસનું આયોજન કરવામાં આવ્યું. ૧૫ વર્ષનો થઈ ગયેલ સોમાભાઈ પણ ઉત્સાહ સાથે સરઘસમાં આગળ ચાલતો હતો. સ્થાનિક કોઠી પોળ પાસે અંગ્રેજ સેના હાજર હતી. 'અંગ્રેજો ભારત છોડો'નો નારો સાંભળી દિશાઓ કાંપી રહી હતી. પળભર માટે આગળ વધતી મોટી જનમેદની અટકી ગઈ. આગમાં ઘી પડે એમ દેશભક્તિના નારા અંગ્રેજ સૈનિકોના ક્રોધની આગને વધારી રહ્યા હતા. અચાનક એમનો કૅપ્ટન ગર્જ્યો, 'થોભી જાઓ ! આગળ વધ્યા તો ગોળીઓથી વીંધાઈ જશો.' અને જવાબમાં સોમાભાઈએ ઊંચા અવાજે કહ્યું, 'અમે આવી ધમકીઓથી ડરતા નથી. અમે દેશને આઝાદ કરાવવા નીકળ્યા છીએ. પાછા નહીં વળીએ.' કૅપ્ટન તાડૂક્યો, 'પાગલ થયો છે છોકરા ? ભાગ અહીંથી...' પણ સોમાભાઈ પાછા ના હઠ્યા. આખરે અંગ્રેજ કૅપ્ટને ધડાધડ ગોળીઓ છોડવા માંડી. લાશો પડતી રહી. શું બાળકો, શું વૃદ્ધો, શું મહિલાઓ, શું પુરુષો, બધાં છાતી પર ગોળી ખાતાં વંદે માતરમ્ બોલતાં હતાં અને ભારતમાતાને પોતાનાં પ્રાણોના ફૂલ ચડાવતાં હતાં. માતૃભૂમિ માટે અનેક જીવન વિસર્જિત થઈ સાર્થક થઈ ગયા. સંતોષભર્યું મોહક સ્મિત રેલાવતા ૧૫ વર્ષના વીર બાળકે પણ સામી છાતીએ ગોળી ઝીલીને આખરી શ્વાસ લીધા.

**અધખિલે હી ચઢ ગયે જો સુમન અપની માતૃભૂમિ પર,**
**સ્વાતંત્ર્ય ઉપવન કી બહારેં શ્રદ્ધા સહિત ઉન પર નિછાવર.**



# ૭૨ - ડાકોરજીનો શંકર

જન્મ : ૧૯૨૮
વીરગતિ : ૧૯૪૨

બાળક વીર શંકરનો જન્મ ૧૯૨૮માં ગુજરાતના ડાકોરમાં થયો હતો. તેના પિતાનું નામ હતું ડાહ્યાભાઈ. આઝાદીના આંદોલનથી ડાકોર બાકાત નહોતું. ત્યાં પણ સમયાંતરે લોકોને જાગૃત કરવા અને ફિરંગીઓને ભગાડવાની વાતો અને યોજનાઓવાળી સભાઓ થતી રહેતી હતી. ડાહ્યાભાઈ એ સભાઓમાં જતા હતા અને દીકરાને પણ સાથે લઈ જતા. નાનકડો શંકર આઝાદી વિશેની વાતો સાંભળીને ખૂબ જ પ્રભાવિત થયેલો. એક દિવસ તેણે તેના પિતાને કહ્યુ કે, 'બાપુજી, મારે પણ ભારતમાતાને ગુલામીમાંથી આઝાદ કરાવવા માટે લડવું છે. મારે પણ ક્રાંતિકારી બનવું છે.' નાનકડા દીકરાને મોઢે દેશભક્તિની વાત સાંભળી પિતા ખૂબ રાજી થયા અને પછી તો એને દેશભક્તિના ખૂબ પાઠ શીખવ્યા. બાળક શંકર ૧૪મા વર્ષમાં પ્રવેશી ચૂક્યો હતો. ૯મી ઑગસ્ટ, ૧૯૪૨ના રોજ મહાત્મા ગાંધીએ 'અંગ્રેજો ભારત છોડો'નો નારો બુલંદ કરી આખા દેશને 'કરો યા મરો'નો મંત્ર આપ્યો હતો. આંદોલન તો એક પ્રત્યક્ષ માધ્યમ હતું. સ્વતંત્રતા મેળવવાની તીવ્ર ઈચ્છા તો ભારતવાસીઓમાં ૧૮૫૭ થી જ તીવ્ર બની હતી. ડાકોર ગામમાં પણ સરઘસ નીકળ્યું. હાથમાં ત્રિરંગો પકડી શંકર પણ પિતાની સાથે દેશભક્તિના નારા લગાવતો સરઘસમાં જોડાઈ ગયો. પોલીસની સંખ્યા ઓછી હતી અને લોકોનો ઉત્સાહ અપાર હતો. ભીડને રોકવા આવેલી પોલીસ ભીડના હાથે પોતાની બંદૂકો પણ ગુમાવી ચૂકી હતી. કાયમ મારનાર આજે માર ખાઈ રહ્યા હતા. શંકરના હાથમાંના ઝંડાનો ડંડો પણ જોરદાર ચાલ્યો. અહિંસક નીતિના પક્ષ પર એક સ્વયંસેવક છોટાભાઈએ લોકોને રોકી પોલીસને એમની બંદૂકો પાછી અપાવી અને એમને સલામત રીતે ભાગવામાં મદદ કરી. દુષ્ટો પર દયા બતાવવાનું દુષ્પરિણામ તરત જ મળ્યું. થોડી જ વારમાં મોટી પોલીસ ટુકડી ગામવાસીઓને ગોળીથી વીંધી રહી હતી. છોટાભાઈ પણ એ ગોળીઓથી બચી ન શક્યા. આ હત્યાકાંડનો વિરોધ કરવા માટે જિલ્લામથક ખેડામાં દેખાવો થયા. શંકર તો અતિ ઉત્સાહિત હતો જ. માએ રોક્યો, 'બેટા ! ત્યાં ખૂબ પોલીસ હશે. તું નાનો છે.' શંકર બોલ્યો, 'નાનો છું તો શું થયું ? એ દિવસે પોલીસવાળાઓને માર્યા નહોતા ?' આમ કહી તે પિતાની સાથે જવા નીકળી પડ્યો. ખેડાના આ દેખાવમાં સેંકડો પોલીસવાળા બંદૂકો ધરી સામે ઊભા હતા અને હજારો દેશભક્ત 'ભારતમાતાની જય', 'અંગ્રેજો ભારત છોડો,'ના નારા લગાવતા સમુદ્રની તોફાની લહેરોની જેમ આગળ વધતા હતા. હાથમાં ત્રિરંગો લઈ શંકર પણ પહેલી પંક્તિમાં આગળ વધી રહ્યો હતો. ગોળીઓ છૂટતી ગઈ અને એમાંની એક ગોળી ૧૪ વર્ષના બાળ ક્રાંતિકારીની છાતીમાં પણ વાગી ગઈ. શંકર ઢળી પડ્યો અને વંદેમાતરમ્ કહીને ભારતમાતાનાં ચરણોમાં વીરગતિ પામ્યો.

**વીરોં કી ગાથાએઁ સુનકર વીરોચિત માનસ બનતા હૈ,**
**માતૃભૂમિ પર બલિ હોને કા બચ્ચોં મેં સાહસ ઠનતા હૈ.**



# ૭૩ - સુભદ્રાકુમારી ચૌહાણ

**જન્મ : ૧૬ ઑગસ્ટ, ૧૯૦૪**
**મહાપ્રયાણ : ૧૫ ફેબ્રુઆરી, ૧૯૪૮**

કવયિત્રી સુભદ્રા કુમારી ચૌહાણ એટલે અત્યંત પ્રસિદ્ધ કવિતા 'ખૂબ લડી મર્દાની, વહ તો ઝાંસી વાલી રાની થી'ના રચયિતા. સુભદ્રાજી માત્ર કલમનાં જ કસબી જ ન હતાં, પરંતુ તેમણે સ્વતંત્રતા આંદોલનમાં સક્રિય ભાગ લઈ આર્થિક કષ્ટ સહન કરી તેમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું. તેમનો જન્મ સન ૧૬ ઑગસ્ટ, ૧૯૦૪માં પ્રયાગરાજમાં થયો હતો. તેમના લગ્ન નાની વયમાં જ નવલપુરના શ્રી લક્ષ્મણસિંહ ચૌહાણ સાથે થયાં હતા. બંને પતિ-પત્ની પોતાનું શિક્ષણકાર્ય અધૂરું છોડી ૧૯૨૦-૨૧ના અસહકાર આંદોલનમાં સક્રિય રૂપથી સામેલ થઈ ગયાં હતાં. તેમના પતિ પછી જબલપુરમાં એક ક્રાંતિકારી અખબાર સાથે જોડાતાં સુભદ્રાદેવી પણ જબલપુર આવી ગયાં. સુભદ્રાજીએ જબલપુરમાં ઝંડા સત્યાગ્રહ વગેરેમાં ભાગ લઈ ક્રાંતિકારી પ્રવૃતિઓ શરૂ કરી. ૧૯૨૩માં જ્યારે સુભદ્રાજી ત્રિરંગો ઝંડો લઈને જબલપુર છાવણીની તરફ જઈ રહ્યાં હતાં ત્યારે પોલીસે તેમને પકડી લીધાં અને પહેલી વાર તેમને જેલમાં રહેવું પડ્યું. તેઓ આ સત્યાગ્રહમાં પકડાઈ જનારાં જબલપુરના પહેલા મહિલા સત્યાગ્રહી હતાં. જેલમાંથી છૂટ્યા બાદ પણ તેમની ક્રાંતિકારી પ્રવૃતિઓ ચાલુ જ રહી. એ પછી તેમને પોતાના ક્ષેત્રમાંથી પાંચ હજાર સ્વયંસેવક તથા પાંચ હજાર રૂપિયા ભેગા કરવાનો કાર્યભર સોંપવામાં આવ્યો જે તેમણે પોતાનું ધન આપીને પણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો. ૧૪ ઑગસ્ટ, ૧૯૨૯ના રોજ રાષ્ટ્રીય નેતાઓ જબલપુર આવ્યા અને તેમની સાથે પણ તેઓએ અંગ્રેજો વિરુદ્ધ ભારે મોટા દેખાવો કર્યા. ૧૯૩૧-૩૨ના સવિનય ભંગ આંદોલનમાં પણ પતિ-પત્ની સક્રિય રહ્યાં હતા. એ પછી તેમણે 'ઝાંસી વાલી રાની' કવિતા લખી. આ કવિતાની પ્રશંસા નેતાજી સુભાષચંદ્ર બૉઝે પણ કરી અને જ્યારે તેમણે આઝાદ હિંદ ફોજની કમાન સંભાળી ત્યારે તેમાં મહિલાઓની 'રાની લક્ષ્મીબાઈ રેજિમેન્ટ' પણ બનાવી. ૧૯૩૨માં ગાંધીજી પણ તેમની કવિતાઓથી પ્રભાવિત થયા હતા. એ પછી રાષ્ટ્ર માટેના તેમના ત્યાગને સન્માન આપવા માટે ૧૯૩૬ની ચૂંટણીમાં જબલપુરની સુરક્ષિત મહિલા સીટ માટે સરદાર વલ્લભભાઈ પટેલે તેમનું નામ પ્રસ્તાવિત કર્યું અને સુભદ્રાજી બિનહરીફ ચૂંટાઈ આવ્યાં. ૧૯૪૧માં 'વ્યક્તિગત સત્યાગ્રહ'માં પણ તેમણે ભાગ લીધો તથા ટૂંકો કારાવાસ ભોગવ્યો. ૧૯૪૨માં તેમણે અંગ્રેજો વિરુદ્ધ એક મોટી સભાનું આયોજન કર્યું. તેના માટે તેમના પર પોલીસ કાર્યવાહી થઈ. તેઓ ઘાયલ થયાં અને જેલની સજા પણ થઈ. ૧૯૪૩માં ટ્યૂમરની તકલીફના કારણે તેમને છોડી મૂકવામાં આવ્યાં. એ પછી ૧૫ ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ એક મોટર દુર્ઘટનામાં સુભદ્રાજીનો આત્મા આ નશ્વર શરીરને છોડી ગયો.

**દરેક વ્યક્તિને ચાર સ્વતંત્રતા મળવી જોઈએ :**
**વિચારોની સ્વતંત્રતા, ધાર્મિક સ્વતંત્રતા, અભાવોથી સ્વતંત્રતા અને ભયથી સ્વતંત્રતા.**



# ૭૪ - રાજકુમારી અમૃત કૌર

**જન્મ : ૨ ફેબ્રુઆરી, ૧૮૮૯**
**મહાપ્રયાણ : ૬ ફેબ્રુઆરી, ૧૯૬૪**

કપૂરથલાના રાજા હરનામ સિંહની પુત્રી અમૃત કૌરનો જન્મ બીજી ફેબ્રુઆરી, ૧૮૮૯ના રોજ પંજાબમાં થયો હતો. રાજવી પરિવારની હોવાના કારણે તેમને રાજકુમારી અમૃત કૌરના નામથી ઓળખવામાં આવતાં હતાં. તેમનું પ્રાથમિક શિક્ષણ ઘરે જ થયું તથા ઉચ્ચ શિક્ષણ માટે તેમને ઇંગ્લેન્ડ મોકલવામાં આવ્યાં હતાં. શિક્ષણ પ્રાપ્ત કરી ભારત આવ્યા બાદ તેમના ઉપર ગાંધીજીનો પ્રભાવ જાગ્યો અને તેઓ તેમના અંગત વિશ્વાસપાત્ર સહાયક બની ગયાં. આ કાર્ય તેમણે ૧૬ વર્ષ સુધી કર્યું. રાજકુમારી અમૃત કૌરે સ્વતંત્રતા સંગ્રામ સાથે સંબંધિત તમામ પ્રમુખ ઘટનાઓમાં મુખ્ય ભૂમિકા નિભાવી હતી. તેમણે રાષ્ટ્રીય આંદોલનો દરમિયાન થયેલા અનેક કાર્યક્રમો, સત્યાગ્રહો વગેરે ગતિવિધિઓમાં ભાગ લીધો તથા અંગ્રેજ શાસનના ગુસ્સાનો ભોગ બનીને જેલવાસ પણ ભોગવ્યો હતો. ૧૯૩૦માં શરૂ થયેલ 'નમક સત્યાગ્રહ'માં તેઓ જોરશોરથી સક્રિય થયાં હતા અને તેની પ્રતિક્રિયા રૂપે તેમની ધરપકડ કરી જેલ ભેગા કરવામાં આવ્યાં. સન ૧૯૩૭માં તેમણે ઉત્તર-પશ્ચિમ સરહદ પ્રાંતના પ્રતિબંધિત ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. જે કાનૂની દૃષ્ટિથી આપત્તિજનક હતો. આથી તેમને પકડીને અદાલતની સામે રજૂ કરવામાં આવ્યાં. જેમાં પચાસ રૂપિયાનો દંડ અને કેદની સજા સંભળાવવામાં આવી હતી અને ત્યાર બાદ તેમને મુક્ત કરવામાં આવ્યા હતા. ૧૯૪૨માં સંપૂર્ણ દેશમાં 'ભારત છોડો આંદોલન'ની શરૂઆત થવાની સાથે જ રાજકુમારી કૌરની સક્રિયતા પણ અનેકગણી વધી ગઈ તથા તેમના દ્વારા દરરોજ સરઘસોનું નેતૃત્વ કરવામાં આવવા લાગ્યું. આ આંદોલન સાથે સંબંધિત સત્યાગ્રહીઓનાં સરઘસો ઉપર અનેક સ્થાનો ઉપર લાઠીચાર્જ કરવામાં આવ્યા. ૯ ઑગસ્ટથી ૧૬, ઑગસ્ટ સુધીના એક અઠવાડિયામાં જ તેમના નેતૃત્વમાં કાઢવામાં આવેલ સરઘસો ઉપર ૧૫ વાર લાઠીચાર્જ થયો. શિમલામાં તો ખૂબ જ ક્રૂરતાપૂર્વક લાઠીચાર્જ કરવામાં આવ્યો અને અંતે અમૃત કૌરને પકડી અમ્બાલાની જેલમાં મોકલવામાં આવ્યાં. તેઓ જેલમાં બીમાર પડી ગયાં. તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં, પરંતુ ત્યાંની સારવારથી તે વધારે કમજોર થઈ ગયા. આઠ અઠવાડિયા બાદ તેઓને શિમલા મોકલી દેવામાં આવ્યા. જ્યાં ૨૦ મહિના સુધી તેઓ નજરકેદ રહ્યાં. આ જ સમયગાળા દરમિયાન તેમના ભાઈનું અવસાન થઈ ગયું, પરંતુ ક્રૂર તથા નિષ્ઠુર અંગ્રેજોએ તેમને ઘરે જવાની તો વાત દૂર રહી, તેમનાં ભાભીને સંવેદના પત્ર સુધ્ધાં મોકલવાની પરવાનગી ન આપી. આમ આજીવન સ્વતંત્રતા માટે ઝઝૂમનારાં આ નારીને ૧૯૪૭માં સ્વતંત્રતા બાદ કેન્દ્રીય મંત્રીમંડળમાં સ્વાસ્થ્ય મંત્રાલયનો કાર્યભાર સોંપવામાં આવ્યો. ૬ ફેબ્રુઆરી, ૧૯૬૪ના રોજ તેમનું અવસાન થયું.

**ધન્ય વે શિક્ષક, સિખાતે દેશ પર બલિદાન હોના,**
**રાષ્ટ્ર પહલે બાદ મેં હમ, ધ્યેય કે હિત પ્રાણ ખોના.**



# ૭૫ -સાધુ ટી. એલ. વાસવાણી

જન્મ : ૨૫ નવેમ્બર, ૧૮૭૯
મહાપ્રયાણ : ૧૬ જાન્યુઆરી, ૧૯૬૬

સાધુ ટી.એલ. વાસવાણી. ૨૦મી સદીના સ્વપ્નદ્રષ્ટા સંત હતા. તેઓએ શિક્ષણ, મહિલા સશક્તિકરણ વગેરે ક્ષેત્રે પણ કામ કરેલું. આધ્યાત્મિક ઉત્થાન માટેના તેમના અગ્રણી કાર્યો માટે તેઓ સાર્વત્રિક રીતે જાણીતા સર્વોચ્ચ ક્રમના દેશભક્ત હતા. તે એવા અગ્રહરોળનાં મશાલધારકોમાંના એક હતા કે જેઓ શક્તિશાળી સંસ્થાનવાદી બ્રિટિશ શાસન સામે અડીખમ બની ઉભા રહ્યા હતા અને 'ભારતની સ્વતંત્રતા' માટે એક અવાજે બોલ્યા હતા.

સાધુ વાસવાણીએ મહાત્મા ગાંધીજી અને શ્રી રવિન્દ્રનાથ ટાગોર જેવા દિગ્ગજ નેતાઓ સાથે કામ કરતી વખતે સત્યાગ્રહ ચળવળમાં સક્રિયપણે ભાગ લીધો હતો. તેમણે વક્તૃત્વ અને લેખન દીપ્તિની તેમની શ્રેષ્ઠ ક્ષમતાઓનો ઉપયોગ ભારતભરના યુવાનોને સ્વતંત્રતા સંગ્રામ માટે જાગૃત કરવા માટે કર્યો હતો. એક અવાજે તેમણે યુવાનોને 'માતૃભૂમિની સમર્પિત સેવા'માં પોતાને સમર્પિત કરવા આહ્વાન કર્યું હતું. તેમના પુસ્તકો માય મધરલેન્ડ, ઈન્ડિયા અરાઇઝન, અવેક યંગ ઈન્ડિયા, ધ કમિંગ રેનેસાં, યુથ એન્ડ ધ નેશન વગેરે સ્વતંત્રતા માટે જનતાને એક કરવામાં પ્રેરક બળ બન્યા હતા. ગહન શબ્દો સાથેના તેમના ઉત્સાહિત અને પ્રેરણાદાયી ભાષણો જેમ કે, "ભારત આત્માના જીવનની શક્તિથી ફરી ઉભરશે, તેથી હું ભારતના યુવાનોને કહું છુંઃ - પ્રકાશ! વધુ પ્રકાશ! જ્ઞાનનો પ્રકાશ, જે પ્રેમમાં ઊંડો ઉતરે છે. તે પ્રકાશને જીવંત રાખો ! પરોઢના અવાજો તમને અભિવાદન કરવા માટે રાહ જોઈ રહ્યા છે !" મહાત્મા ગાંધી સાધુ વાસવાણીના વિચારો, આદર્શો અને તેમની સાહિત્યિક કૃતિઓથી એટલા બધા પ્રભાવિત હતા કે તેઓએ યંગ ઈન્ડિયાના પહેલા અંકમાં જ સાધુ વાસવાણીનો લેખ "યુદ્ધની ફિલોસોફી" પ્રકાશિત કર્યો હતો. તેમના વિચારપ્રેરક શબ્દો, "સાચા અસહકાર કરનારાઓ આ દિવસોના સંઘર્ષમાંથી આગળ વધે તેવી ભાવના છે, તેમના હૃદયમાં હિંમત રાખીને, દુઃખના મૂલ્યમાં વિશ્વાસ રાખીને, એ જાણીને કે ઉત્સાહ હિંસા નથી અને બલિદાન સ્વીકારી શકે છે, તે પુરુષો અને સ્ત્રીઓ છે, જે આ ભાવનાથી ભરેલા છે, જડ અને બૌદ્ધિક નથી, લોકપ્રિય ચળવળીયા નેતા નથી, અસ્પષ્ટ રાજકારણીઓ નથી - જેઓ આગામી દિવસોમાં આપણા નેતાઓ અને મુક્તિદાતા હશે"થી વાચકોમાં દેશભક્તિની ભાવના પ્રેરિત અને પ્રજ્વલિત થઇ હતી.

સત્યાગ્રહ ચળવળ પહેલા સાધુ વાસવાણીને વર્ષ ૧૯૧૦માં ડબ્લ્યૂઈએલટી કોંગ્રેસ બર્લિનમાં ૩૦ વર્ષની નાની ઉંમરે ભાષણ આપવાનું આમંત્રણ એ ભારતીયો માટે નોંધપાત્ર સિદ્ધિ હતી. કોન્ફરન્સમાં તેમના સંબોધન દ્વારા તેમણે તેમના આત્માને જગાડનારા ભાષણ - 'આત્મજ્ઞાન' દ્વારા પશ્ચિમી વિશ્વને ભારતના મૂળની ઝલક આપી હતી. સાચા અર્થમાં સાધુ વાસવાણી એક દેશભક્ત હતા જેમણે ભારતની સ્વતંત્રતા ચળવળને તેમના હૃદય અને આત્માથી પ્રેરણા આપી હતી.

**સારા જગ ઘુમ લિયા, મિલા એક હી જ્ઞાન,**
**ઇતના પ્યારા ના દેશ કોઈ જીતના હિન્દુસ્તાન**

# હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થાન

# INITIATIVE FOR MORAL AND CULTURAL TRAINING (IMCT)

## સાંસ્કૃતિક તથા નૈતિક પ્રશિક્ષણ પ્રકલ્પ

### પરિચય

યુવાશક્તિને સાંસ્કૃતિક જ્ઞાન અને નૈતિક મૂલ્યો પ્રદાન કરવા માટે, પ્રચીન ભારતીય સંસ્કૃતિ તથા આધ્યાત્મિક્તાથી સંસ્કારિત કરવાના ઉદ્દેશ્યથીં સ્ઝ્ર નું આયોજન થયેલ છે. આજની યુવાપેઢી આ સદભાગ્ય પ્રાપ્ત કરવાના સ્થાને પશ્ચિમી જીવનશૈલીથી પ્રભાવિત થઈને દિગ્ભ્રમિત થઇ રહી છે. આ યુવાશક્તિને રાષ્ટ્રભક્તિ તેમજ જીવનમૂલ્યોનો પરિચય આપીને રાષ્ટ્રીય કાર્યમાં પ્રેરિત કરવાનું કાર્ય IMCT અંતર્ગત કરવામાં આવે છે.

- વર્તમાન સમયમાં ભારત રાષ્ટ્ર વિશ્વના ફલક ઉપર એક ભૂ-રાજનીતિક, આર્થિક તથા સાંસ્કૃતિક શક્તિ તરીકે ઉભરી રહ્યું છે. ત્યારે યુવા ભારતને રાષ્ટ્રીય, વૈશ્વિક જવાબદારીઓનું વહન કરવાની પવિત્ર ભાવના સાથે કાર્ય કરવાની પ્રેરણા પ્રદાન કરવી. વિશ્વમાં ભારતીય પરંપરા, સંસ્કૃતિ, સમાજ, પરિવાર, રાષ્ટ્ર તથા અર્થવ્યવસ્થાને સુરક્ષિત તથા સંરક્ષિત કરવા માટે દિશાદર્શન.
- યુવાનોમાં જીવનના શ્રેષ્ઠ ચારિત્ર્યના મૂલ્યો સાથે પરિવાર, સમાજ તથા રાષ્ટ્રનું નિર્માણ તથા પ્રગતિ કરવા માટેનો વિશ્વાસ જાગૃત કરવા માટે પ્રોત્સાહિત કરવા.
- મન - મસ્તિષ્ક, ચિંતન, વ્યવહાર, ચરિત્ર તથા જીવનશૈલીને સકારાત્મકતા પ્રદાન કરવી.
- અચેતન મનને પ્રભાવિત તથા પ્રેરિત કરીને તેમનામાં પ્રકૃતિ, પાલક, વૃદ્ધો, મહિલાઓ તથા રાષ્ટ્ર પ્રત્યે શ્રદ્ધા અને આદર ભાવ વિકસિત કરવા માટેના પ્રયાસો કરવા.
- વિશિષ્ઠ તથા તદ્દન નવીન માધ્યમ દ્વારા પ્રતીકોના આધારે વૈજ્ઞાનિક પધ્ધતિએ સાંસ્કૃતિક તથા નૈતિક મૂલ્યોનું પ્રશિક્ષણ પ્રદાન કરવું .

# આપણું દર્શન તથા લક્ષ્ય

**આપણી દૃષ્ટિ**

શૈક્ષણિક સંસ્થાઓમાં નૂતન આચાર પ્રશિક્ષણ- પ્રતીક તથા પ્રતીકાત્મકતાના માધ્યમથી કુશળતા પૂર્વક સંસ્કાર તેમજ જીવનમૂલ્યો પ્રદાન કરવા,

★ યુવા શકિતના મન-મસ્તિષ્ક, ચિંતન, વ્યવહાર, ચરિત્ર તથા જીવનશૈલીને સમ્યક દિશા આપવાનો અભિગમ.

★ યુવાવર્ગને પોતાના પ્રકૃતિ, વડીલો, વૃદ્ધો, શિક્ષકો, મહિલાઓ તથા રાષ્ટ્રનું સન્માન અને સંરક્ષણ કરવા તથા આદરપૂર્ણ વ્યવહાર માટે પ્રેરિત તથા ઉત્સાહિત કરવા.

★ આ પ્રાચીન ભારતીય પરંપરા, સંસ્કૃતિ, પરિવાર, સમાજનું સંરક્ષણ કરવાની સાથે વર્તમાન વિશ્વમાં ભારતીય અર્થવ્યવસ્થાને વિકસિત તથા શકિતશાળી બનાવવાના પ્રયાસોમાં સહભાગી થવું.

★ વિશ્વગુરુ પદે પુનઃ સ્થાપિત થઈને ભારતનો ભૂ-રાજનીતિક, આર્થિક તથા સાંસ્કૃતિક શકિત તરીકે ઉદય થઈ રહ્યો છે ત્યારે રાષ્ટ્રીય તથા વૈશ્વિક જવાબદારીઓના વહન માટે યુવા માનસ તથા સુસુપ્ત શકિતને જાગૃત કરવી.

★ કાળની કસોટીમાં ખરી ઉતરેલી કાલાતીત પ્રાચીન ભારતીય સંસ્કૃતિના સમૃદ્ધ આંતરિક મૂલ્યોના આધાર પર વિશ્વમાં વૈચારિક દ્વિધામાં પડેલી માનવતાને દિશાદર્શન કરવું નૈતિક ગુણો તથા જીવન મૂલ્યોથી પરિવાર, સમાજ તથા રાષ્ટ્રનું નિર્માણ થાય છે, એવા વિશ્વાસ સાથે વિશ્વ કલ્યાણ અને બંધુત્વની દિશામાં અગ્રેસર થવાનો પ્રયાસ છે.

# IMCT પ્રેરિત જીવન લક્ષ્ય

★ **ભારતનું વૈશ્વિક શકિત તરીકે નિર્માણ**

એકવીસમી સદીમાં ભારત એક ભૂ-રાજનીતિક વૈશ્વિક શકિત તરીકે ઉભરી રહ્યું છે, જેના પ્રભાવ દ્વારા હિંસા અને આતંકવાદથી ત્રસ્ત વિશ્વને નૈતિક આધાર પ્રદાન કરવા માટે સક્ષમ યુવા ભારતીયોને પ્રશિક્ષિત કરવા.

★ **ભારતને વિશ્વગુરૂના સ્થાને પુનઃપ્રતિષ્ઠિત કરવું**

ભારતને વિશ્વગુરૂ પદે પુનપ્રતિષ્ઠિત કરવાના સ્વામી વિવેકાનંદજીના સ્વપનને સાકાર કરવા માટે વિશ્વની ક્રૂર-કઠોર, હિંસક શકિતઓને હતોત્સાહિત કરવા માટે ભારતને એક નૈતિક,સદાચારી શકિત સ્વરૂપે વિકસિત કરવો.

★ **વિશ્વને વૈકલ્પિક માર્ગ અનન્ય પદ્ધતિ પ્રદાન કરવી**

વિશ્વના દિગ્દમિત યુવાનોને એક વૈકલ્પિક જીવન પદ્ધતિ આપવાના હેતુથી પ્રાચીન ભારતીય જીવન મૂલ્ય, પ્રકૃતિ, વડીલો, શિક્ષકો તથા માતા-પિતા પ્રત્યે સન્માન તથા શ્રદ્ધાને આધાર બનાવી નૂતન સમાજની રચના કરવી.

★ **પર્યાવરણ તથા જીવસૃષ્ટિ સંતુલન (Ecology)**

યુવાનોને પ્રકૃતિ તથા વન્ય જીવોના સંરક્ષણના પ્રાચીન જીવન મૂલ્યો તરફ પુનઃઉન્મુખ કરવા માટે સંપૂર્ણ વિશ્વને પૃથ્વીની રક્ષા તથા પર્યાવરણ સંરક્ષણની વિદ્યામાં પ્રશિક્ષિત કરવા.

★ **માતા-પિતા, શિક્ષકો/ગુરૂજનો પ્રત્યે સન્માન અને આદરની પુનઃસ્થાપના**

યુવાધનને માતા-પિતા તથા ગુરૂજનો પ્રત્યે સન્માનની પ્રાચીન ભારતીય પરંપરામાં દીક્ષિત કરવું, વિશ્વ સમક્ષ એ પ્રદર્શિત કરવું કે પરિવાર તથા સમાજ જ સુરક્ષા તથા સંરક્ષણનો આધાર છે, સરકાર નહીં. ભારતની નવયુવાન પેઢીમાં માનવીય તેમજ પારિવારિક મૂલ્યોનું જતન, કન્યાઓ તથા મહિલાઓ પ્રત્યે આદર અને સન્માનનો ભાવ જાગૃત કરવો. માત્ર કાયદાથી જ નહીં પરંતુ સમાજના વિશ્વાસથી નારી ગરિમાનું રક્ષણ થઈ શકશે એવો માર્ગદર્શક સંદેશ વિશ્વને આપવો.

★ **સંસ્કારોની પુન સ્થાપનાના હેતુ સાથે પ્રતીકોને આત્મસાત્ કરવા**

સંવાદના માધ્યમથી પ્રતીક તથા પ્રતીકાત્મકતાનો સ્વીકાર કરીને આત્મસાત કરવા. યુવા શકિતના અચેતન મન સુધી સંસ્કારોની પહોંચને સંભવિત બનાવવી.

★ **જીવનમૂલ્યોનું નિર્માણ એ જ રાષ્ટ્ર નિર્માણ છે.**

પ્રત્યેક યુવાનને એ અનુભૂતિ કરાવવી કે વ્યક્તિમાં જીવન મૂલ્યોનું નિર્માણ એ માત્ર વૈચારિક વિકાસ નથી પરંતુ તે એક સંપૂર્ણ રાષ્ટ્રની સમૃધ્ધિનો પાયો છે.

★ **વ્યસન મુકિત**

આજની યુવાશકિત કોઈને કોઈ પ્રકારે વ્યસન ગ્રસ્ત થઇ રહી છે. જે વ્યકિતને મૂળભૂત સંસ્કારોથી દૂર લઇ જઈને મન-મસ્તિક અને શારીરિક સ્વાસ્થ્યને હાની પહોંચાડે છે. યુવાનોમાં વ્યસન મુકિત માટેની સભાનતા લાવવી. આ પ્રયાસ દ્વારા નિર્દોષ સર્જનશકિતના નિર્માણનો પ્રયાસ કરીને તેને સામાજીક પરિવર્તનના કાર્યમાં સક્રિય કરવી.


આચાર્ય વંદન


ગૌ વંદન


કન્યા વંદન


માતૃ-પિતૃ વંદન


પરમવીર વંદન


વૃક્ષ વંદન

# મૂલ્ય આધારિત સંસ્કારો દ્વારા લક્ષ્ય પ્રાપ્તિ

IMCT અંતર્ગત પ્રશિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતના સામાજીક તથા સાંસ્કૃતિક વારસાને સાચવીને પ્રભાવી માધ્યમ દ્વારા મૂલ્યો, સંસ્કારો તથા પ્રતીકોનું એક ત્રિભુજ રચવાનો છે . સંસ્કારો મનુષ્યના મન-મસ્તિકને એક વિચાર ધારા સાથે જોડે છે, તે પ્રતીકોના માધ્યમ દ્વારા સરળતાથી આત્મસાત કરાવવાનો સુદ્રઢ પ્રયાસ છે.

| ક્રમ | મૂલ્ય | સંસ્કાર | પ્રતીક |
|---|---|---|---|
| ૧ | વન તથા વન્યજીવ સંરક્ષણ | વૃક્ષ તથા છોડવાઓ તેમજ વન્યજીવો પ્રત્યે આદર | વૃક્ષ - વંદન<br>નાગ - વંદન |
| ૨ | જીવસૃષ્ટિ સંતુલન (Ecology) (પારિસ્થિતિકી સંતુલન) | તમામ પ્રાણી પ્રજાતિ તથા વનસ્પતિ માટે આદર | ગૌ - વંદન<br>ગજ - વંદન<br>તુલસી - વંદન |
| ૩ | પર્યાવરણ સંરક્ષણ | ધરતીમાતા, નદીઓ તથા પ્રકૃતિ પ્રત્યે આદર | ભૂમિ - વંદન<br>ગંગા - વંદન |
| ૪ | પારિવારિક તથા માનવીય મૂલ્યોનું જતન | માતા-પિતા, શિક્ષકો તથા વડીલો પ્રત્યે આદર | માતૃ - પિતૃ વંદન<br>આચાર્ય - વંદન |
| ૫ | નારી સન્માન અને સંરક્ષણ | કન્યા તથા માતૃત્વ પ્રત્યે આદર | કન્યા - વંદન<br>સુવાસિની - વંદન |
| ૬ | રાષ્ટ્રભક્તિ જાગરણ | રાષ્ટ્ર તથા રાષ્ટ્રના વીર યોધ્ધાઓ પ્રત્યે આદર | ભારતમાતા - વંદન<br>પરમવીર - વંદન |


## HINDU SPIRITUAL AND SERVICE FOUNDATION
## હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થાન

૨૩, સૂર્યકુંજ, નૂતન સ્કુલની બાજુમાં, પ્રભાત ચોક,
ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧

Mobile: 9510955609, Ph.: 079 - 27491226
e-mail: hssf.gujarat@gmail.com ; Website : www.hssfgujarat.in


મૂલ્ય નિર્માણથી જ રાષ્ટ્ર નિર્માણ

# સંકલ્પ

હું વનોના પ્રતિક તરીકે વૃક્ષોનો આદર કરીશ.

હું વન્યજીવોના પ્રતિક તરીકે સર્પ સૃષ્ટિનો આદર કરીશ.

હું જીવનસૃષ્ટિના પ્રતિક તરીકે ગાયનો આદર કરીશ.

હું જળના પ્રતિક તરીકે ગંગાનો આદર કરીશ.

હું પ્રકૃતિના પ્રતિક તરીકે ધરતી માતાનો આદર કરીશ.

હું માનવીય મુલ્યોના પ્રતિક તરીકે માતા પિતાનો આદર કરીશ.

હું શીખવાની પ્રવૃતિના પ્રતિક તરીકે શિક્ષકોનો આદર કરીશ.

હું માતૃત્વના પ્રતિક તરીકે નારીઓનો આદર કરીશ.

હું ભારતમાતાના પ્રતિક તરીકે યુદ્ધના સેનાનાયકોનો આદર કરીશ.

## મુલ્ય નિર્માણથી જ રાષ્ટ્ર નિર્માણ

# राष्ट्रगान

जन गण मन अधिनायक जय हे
भारत भाग्य विधाता।

पंजाब सिन्ध गुजरात मराठा
द्रविड़ उत्कल बंग।
विंध्य हिमाचल यमुना गंगा
उच्छल जलधि तरंग।

तव शुभ नामे जागेतव शुभ आशीष मागे।

गाहे तव जयगाथा।
जन गण मंगलदायक,जय हे भारत भाग्य विधाता।

जय हे, जय हे, जय हे
जय जय जय जय हे॥

“ભારત માતા કી જય”

# वन्दे मातरम्

वन्दे मातरम्
सुजलां सुफलां मलयजशीतलाम्
शस्यशामलां मातरम् ।
शुभ्रज्योत्स्नापुलकितयामिनीं
फुल्लकुसुमितद्रुमदलशोभिनीं
सुहासिनीं सुमधुर भाषिणीं
सुखदां वरदां मातरम् ।। १ ।। वन्दे मातरम् ।
कोटि-कोटि-कण्ठ-कल-कल-निनाद-कराले
कोटि-कोटि-भुजैर्धृत-खरकरवाले,
अबला केन मा एत बले ।
बहुबलधारिणीं नमामि तारिणीं
रिपुदलवारिणीं मातरम् ।। २ ।। वन्दे मातरम् ।
तुमि विद्या, तुमि धर्म
तुमि हृदि, तुमि मर्म
त्वं हि प्राणा: शरीरे
बाहुते तुमि मा शक्ति,
हृदये तुमि मा भक्ति,
तोमारई प्रतिमा गडि
मन्दिरे-मन्दिरे मातरम् ।। ३ ।। वन्दे मातरम् ।
त्वं हि दुर्गा दशप्रहरणधारिणी
कमला कमलदलविहारिणी
वाणी विद्यादायिनी, नमामि त्वाम्
नमामि कमलां अमलां अतुलां
सुजलां सुफलां मातरम् ।। ४ ।। वन्दे मातरम् ।
श्यामलां सरलां सुस्मितां भूषितां
धरणीं भरणीं मातरम् ।। ५ ।। वन्दे मातरम् ।।

હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થાન દ્વારા આયોજિત
રાષ્ટ્રભક્તિ જાગરણ હેતુથી વંદેમાતરમ્ ગાન **(Voice of Unity)** કાર્યક્રમ
(૨૩-૧૨-૨૦૧૭) સરક્ષણ મંત્રી, ભારત સરકાર - શ્રીમતી નિર્મલા સીતારમણની
ઉપસ્થિતિમાં એક લાખથી વધુ બાળકો દ્વારા સમૂહ વંદેમાતરમ્ ગાન કર્યું હતું.







હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થાન દ્વારા આયોજિત
રાષ્ટ્રભક્તિ જાગરણ હેતુથી વંદેમાતરમ્ ગાન (Voice of Unity) કાર્યક્રમ
(૨૩-૧૨-૨૦૧૭) સરક્ષણ મંત્રી, ભારત સરકાર - શ્રીમતી નિર્મલા સીતારમણની
ઉપસ્થિતિમાં એક લાખથી વધુ બાળકો દ્વારા સમૂહ વંદેમાતરમ્ ગાન કર્યું હતું.







# છોટા ભીમ મલેરિયાથી બચવા શું કરે છે?



સાચો સુપરહીરો એ
જે મચ્છર કરડવાથી થતા
રોગો સામે પોતાનું રક્ષણ કરે





## મલેરિયા ન થાય તે માટે

- ઘરની આજુબાજુ કુંડા, કૂલર, ખાબોચિયા, જૂના ટાયર વગેરેમાં પાણી જમા ન થવા દો
- પાણીના વાસણો હવાચુસ્ત રીતે ઢાંકેલા રાખો
- પાણીની ટાંકી, ફુલદાની, ફ્રીજની ટ્રે, પક્ષીકુંડ વગેરે અઠવાડીયામાં એક વખત અવશ્ય સાફ કરો
- નિયમિતપણે જંતુનાશક દવાઓનો છંટકાવ કરો

સમયસર ઉપચારથી મલેરિયા સંપૂર્ણપણે મટી શકે છે.

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, ટોલ ફ્રી નંબરઃ ૧૫૫૩૦૩**

BAREJA

# VAIBHAV LAXMI
## PARISAR

**2, 3 & 4 BHK** APRTMENTS & SHOPS

**FIRST HIGHRISE PROJECT IN BAREJA**



**SHRI SUNILKUMAR JAIN**
CMD
VAIBHAVLAXMI
CONSTRUCTION
COMPANY PVT. LTD.



**N.H.-8, BAREJA, AHMEDABAD.**
**M.: 98240 32400 | 99097 32400**

PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/MAA08757/120721 • www.gujrera.gujarat.gov.in

Amul

The Taste of India



બરોડા ડેરી


Rajwadi
BUTTER SCOTCH MATHO
Sugam
MANGO
SHRIKHAND
Sugam
Rajwadi
BUTTER SCOTCH
Sugam
ELAICHI
SHRIKHAND
Sugam
KESAR
SHRIKHAND

# ૫૬ પૈસા

માસિક વ્યાજ*

*શરતોને આધિન

# સોના ધિરાણ

ખેડૂતોને વધારાના લાભ સાથે ધિરાણ

પ્રતિ ગ્રામે મહત્તમ રકમનું ધિરાણ

રૂા. ૫૦ લાખ સુધી ધિરાણની સુવિધા

રૂા.૨ લાખ સુધી રોકડ પેમેન્ટ



6.75% વાર્ષિક વ્યાજ*

કોઈ છુપો ચાર્જ નહીં

૩૦ મિનિટમાં જ ધિરાણ

થાપણમાં ૭.૫૦%

(૩ વર્ષથી વધુ ૫ વર્ષ સુધી)

*મહત્તમ વ્યાજદર

નજીકની શાખાનો સંપર્ક કરો અથવા Mo. 94282 86268 માં મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો

## રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.

(મલ્ટી-સ્ટેટ શેડ્યુલ્ડ બેંક)

**વિનોદ શર્મા**
સી.ઈ.ઓ. - જનરલ મેનેજર

**શૈલેષ ઠાકર**
ચેરમેન

**જીમ્મી દક્ષીણી**
વાઈસ ચેરમેન

મુખ્ય અને રજી. ઓફિસ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦' રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ-૩૬૦૦૦૫,
ફોન : ૨૫૫૫૫૫૫ Email : marketing@rnsbindia.com Website : www.rnsbindia.com

નાના માણસની મોટી બેંક

PROUDLY CO-OPERATIVE



www.satyamscan.com / +91 95370 10103